ॐ

॥ गुरवेनमः ॥

લક્ષ્મી-કાન્ત

ભાગ ૨ જો.

વંદન હો!

આદર્શ દંપતી સમાજને આશિર્વાદ રૂપ છે, એ સમસ્ત દેશ અને દુનિયાનું ભૂષણ છે, મહા મોંઘા મોક્ષમંદિરનાં તેઓ ભાગ્યવાન અધિકારી છે; એવાં દેવદંપતીદ્વારાજ દેશમાં કલ્યાણ-મંગળ પ્રવર્તશે-સંસારમાં સ્વર્ગ-સુખ ઉતરશે! અભેદમાર્ગનાં એ પૂજ્ય-પ્રવાસી-દેવદંપતીને અમારા અનેકઃ-વંદન હો! . . . . .

લેખકઃ
રણછોડલાલ હરિલાલ ભટ્ટ.
ભૂતપૂર્વ વ્યવસ્થાપકઃ કર્મવીર અને બ્રહ્મચારી.
રાયપુર, અમદાવાદ.

મૂલ્યઃ રૂા. ૧-૮-૦
વી. પી. પોસ્ટેજ જૂદું

સંવત્ ૧૯૮૪
સને ૧૯૨૮

આદર્શદંપતી

૧ આદર્શ દંપતી પરસ્ત્રી–પુરૂષના સંકલ્પ માત્રથીજ ભ્રષ્ટ થાય છે.

૨ આદર્શ દંપતીને ત્યાં અતિથિદેવના સત્કાર હોયજ.

૩ આદર્શ દંપતીને એક બીજાથી છુપાવવા જેવું કંઈ છાનું હોયજ નહિ.

૪ આદર્શ દંપતી હમેશાં દુર્ગુણ અને દુર્જનથી દૂર નાસે છે.

૫ આદર્શ દંપતીને નાચ તમાશા, નાટક સીનેમાના હડકવા ન હોય !

૬ આદર્શ દંપતીને કુટુંબસેવામાંથી અવકાશ મળે તોજ સમાજ સેવા કરવી ઘટે.

૭ આદર્શ દંપતી હમેશાં વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધને માન આપેજ.

૮ આદર્શ દંપતી હમેશાં પોતાના ખોરાક અને વસ્ત્રની પોતેજ વ્યવસ્થા કરે છે.

૯ આદર્શ દંપતીને પ્રતિષ્ઠા અને ધન લોભ કરતાં પોતાનો ધર્મ વધારે પ્રિય હોય છે.

૧૦ આદર્શ દંપતીના ગુણગાનનું પારાયણ દેવગણો પણ કરે છે.

૧૧ આદર્શ દંપતીના માત્ર દેહજ જૂદા, મનઃપ્રાણ એક હોય છે.

આર્યપુરૂષનો જય હો ! આર્યસુન્દરીનો જય હો !

ધર્મપ્રાણ આર્યદંપતીનો જય હો !

પ્રકાશકઃ–
મહિપતરાય પ્રભુરાય પંડિત
% વેરાવાસણ, વિજાપુર
(ઉ. ગુ.)

મુદ્રકઃ–
પુરૂષોત્તમ શંકરદાસ
ઉત્કૃષ્ટ મુદ્રણાલય.
રીચીરોડ–અમદાવાદ.

॥ ॐ गुरवेनमः ॥

लक्ष्मी-कान्त भाग २ जो



साधुचरित कै० पूज्य श्री जीवणलाल अमथाराम पंड्या

जन्म संवत १९२४ **अमदावाद.** मृत्यु संवत १९६९

श्रावण वद ०)) पौष शुक्ल ११

ॐ

॥ गुरवे नमः ॥

समर्पण

પરમપૂજ્ય, આદર્શ ગૃહસ્થ, સાધુચરિત્ **સ્વ. જીવણલાલ અમથારામ પંડયા.** જેમના જ્વલંત ત્યાગ, અપૂર્વ ઉદારતા, અચલ સ્વધર્મ-નિષ્ઠાનાં આજ પણ તેમના સંસર્ગમાં આવ-નાર મુક્તકણ્ઠે વખાણ કરે છે, જેમના પવિત્ર -નિર્મળ રૂષિજીવનની યાદ-એ ધન્ય ઘડી આજ પણ અમારા આત્માને શિતળ કરે છે, તે નિષ્કપટ, સહૃદય મહાનુભાવના સ્મૃતિચિહ્ન સ્વરૂપ આ ધર્મ-ભક્તિ-જ્ઞાન વિષયક નવલ-કથા તેમનેજ ચરણે સમર્પણ કરી કૃતાર્થ થઇએ છીએ. ॐ શાન્તિ:

આજ્ઞાંકિત્-ચર્ણરજ:

રણછોડલાલ હરીલાલ ભટ્ટ.

શંકરલાલ હરીલાલ ભટ્ટ.

॥ श्री गुरवे नमः ॥

પ્રસ્તાવના

આજ પૂરાં બાર વર્ષના લાંબા કાળ પછી પણ લક્ષ્મી-કાન્ત નવલકથાનો બીજો ભાગ પ્રકટ કરવાનો જે શુભ યોગ અમને પ્રાપ્ત થાય છે એ પરમ કૃપાળુ જગદિશ્વરના અનુગ્રહનુંજ પરિણામ છે. લક્ષ્મી-કાન્ત પ્રથમ ભાગને ચ્હાનારા ગ્રાહકબંધુઓએ પ્રથમ ભાગ પ્રકટ થયા બાદ તેનો બીજો ભાગ તુર્તમાં પ્રકટ કરવાની અમારી સૂચના ઉપરથી આશા અને વિશ્વાસ રાખેલાં અને તેના ગ્રાહક તરીકે અગાઉથી નામ નોંધાવી અમને ઘટતું પ્રોત્સાહન આપેલું એ બધુંય છતાં લક્ષ્મી-કાન્તનો બીજો ભાગ પ્રકટ ન થયો. લક્ષ્મી-કાન્તને ચ્હાનારા-ગ્રાહક મિત્રોમાંના કેટલાક સજ્જનોએ તો વર્ષો સુધી અમારી સાથે પત્રવ્યવહાર ચાલુ રાખ્યા અને આખર તેમની ધીરજનો અંત આવ્યો! તેઓ ખરેખર અમારાથી કંટાળીને થાકયા. પ્રભુ જાણે અમારા પર કેટલાય રોશે ભરાયા હશે! આવા સંયોગોમાં અમારી લાચારીનો પાર ન હોય, પણ કોણ જાણે આમ કેમ થયું એ નથી સમજાયું-સમજાતું. સાધન અને સંયોગોની સઘળી અનુકૂળતા છતાં અમે તે પ્રકટ નજ કરી શકયા. લખવાને વિલંબ ન્હોતો, પુસ્તક લખેલું તૈયારજ હતું, એ એમને એમ અપ્રસિદ્ધ રહ્યું અને એ પ્રકટ થાય એ અગાઉ અમારા તરફથી કર્મવીર, બ્રહ્મચારી આદિ માસિકપત્ર અને ત્રણચાર પુસ્તકો લખાઇને પ્રકટ પણ થઇ ચૂક્યાં! ગમે તેમ પણ આજ અમે અમારા ગ્રાહક બંધુઓ-વાંચક સમાજના રૂણમાંથી મુક્ત થઈએ છીએ એ અમારે માટે ઓછા

સંતોષાનંદની વાત નથી, અને સાથે સાથે એ જણાવતાં અમને વધારે આનંદ થાય છે કેઃ લક્ષ્મી–કાન્ત પ્રથમ ભાગમાં જે જે ત્રુટિઓ રહેવા પામી હતી–છે તેમાંની કેટલીક બાબતો ઉપર ઓછેવત્તે અંશે ધ્યાન આપવા યત્ન કર્યો છે, એમાં અમે કેટલે અંશે સફળ થયા છીએ એ તપાસવાનું કામ વાંચક સજ્જનોનું છે.

અમારી માન્યતા મુજબ લક્ષ્મી–કાન્ત જેવી સામાજીક નવલ-કથાઓને લાંબી પ્રસ્તાવનાઓની આવશ્યકતા નજ હોય, કારણ એતો સહજમાં વાંચી–વિચારી શકાય એમ હોય છે. માત્ર વસ્તુનિર્દેષ તરીકે પ્રારંભમાં કંઇક સૂચન થવું જોઇએ એને લઇને એટલું ટુંકાણમાં જણાવવાની અગત્ય છે કેઃ લક્ષ્મી–કાન્ત પ્રથમ ભાગમાંનાં એકેએક પાત્રોને બીજા ભાગના અંતપર્યંત તમારી સામે જેવાંને તેવાં જીવતાં અમે રાખેલાં છે, એ સારી રીતે જણાશે. એ સહુના જીવનમાં સમય જતાં ઇચ્છવા યોગ્ય ફેરફાર થાય છે, એ જ્યારે આપ જોશો ત્યારે આપને અવશ્ય સંતોષ થશે. એકેએક પાત્રનું છેવટ સમાજને માટે આદર્શરૂપ અને ધડો લેવા જોગ આવે છે એવી જો વાંચક સમુદાયને સાચી પ્રતિતિ થાય તોજ અમારા આ લાંબા સમયે, લીધેલા શ્રમ અને કરેલા પ્રયાસનું સાફલ્ય લેખાય. આ બીજા ભાગમાં કેટલાંક નવાં પાત્રો ઉમેરી પુસ્તકને વધારે રસમય અને આકર્ષક કરવા પ્રયાસ કર્યો છે અને અમારી ખાત્રી છે કેઃ એ નવાં પાત્રોના જીવનમાંથી પણ કંઇકને કંઈક સરળ ઉપદેશ મળી રહેશે. એ બધું છતાં લક્ષ્મી–કાન્તના વાંચકો જોઈ શકશે કેઃ માનવ–જીવન કેવું પલટાતું જાય છે. આ આખા પુસ્તકમાં સ્થળે સ્થળે ભગવદ્દભક્તિ, સેવાભાવ, સ્વધર્મ-નિષ્ઠા અને દંભ અને પાખંડ વગરના આદર્શ આર્ય–દંપતી જીવનની ઝાંખી થતી રહેશે. સચ્ચરિત્રતા નીતિ–ભક્તિ અને વિવેક વિચારને વળગી

રહેનારજ સંસારમાં હમેશાં સુખી થાય છે એ અનાદિ સનાતન સત્ય વગર આ પુસ્તકમાં બીજુ નવું શું હોય! અને એથી વધારે બીજું શું જોઇએ? હા જુની વાતને સમાજને અનુકુળ એવું નવું રૂપ આપ્યું છે. નિત્યપ્રતિ નવીનતાના ઉપાસકો-રસિકોને તેથીજ આ પુસ્તક પ્રિય થઇ પડશે.

આ પુસ્તકની સાથે અમારા આદર્શને અનુકૂળ એક ઇશ્વર-પરાયણ સાધુચરિત્ પવિત્ર પૂણ્યપુરૂષનું નામ જોડી અમે કૃતાર્થ થઇએ છીએ કે જેની અનહદ દયાથી પુસ્તકના પ્રકાશકો બુકસેલરો અને અર્પણપત્રિકા સ્વીકારનારા મહાનુભાવોના ઓટલા ઘસવાનું અમારા પ્રારબ્ધમાંથી અદ્રષ્ય થાય છે. જોકે પ્રભુકૃપાથી અદ્યાપિ એ અદ્રષ્યજ રહ્યું છે. નથી કલ્પી શકાતું કે: એમનો કેટલો ઉપકાર માનવો! એઓશ્રી આજ આ નશ્વર જગતમાં નથી. એમનો અમર આત્મા જ્યાં હો ત્યાં અખંડાનંદમાં રહો એવું અમે ઇચ્છીએ છીએ. અદ્રષ્ય રહે રહે એમનો દિવ્યાત્મા અમને શુભ કાર્યમાં પ્રેરો! અમારો માર્ગદર્શક હો! અમારા ધર્મ-જીવનમાં અગ્રસર હો! પ્રભુઇચ્છા તો ભવિષ્યમાં તેમનું ઉપદેશપ્રદ-તત્ત્વભર્યું જીવનચરિત્ર અમારા તરફથી પ્રકટ થશે. ઇતિ ૐ

શ્રી ગુરૂપૂર્ણિમા—આષાઢ
શુકલ ૧૫, સંવત્ ૧૯૮૪.
રાયપુર, બાઉઆની પોળ—
અમદાવાદ.

रणछोडलाल हरिलाल भट्ट.

અનુક્રમણિકા.

કર્મવીર કાર્યાલયમાંથી મળતાં પુસ્તકો.

૧. લક્ષ્મી-કાન્ત ભાગ ૧ લો.	લેખક: ર. હ. ભટ્ટ	રૂ.	૧-૮-૦
૨. લક્ષ્મી-કાન્ત ભાગ ૨ જો.	,,	,,	રૂ. ૧-૮-૦
૩. સતી ત્રિવેણી (ઐતિહાસિક)	,,	,,	રૂ. ૧-૮-૦
૪. દંપતી મોક્ષ મંદિર (જ્ઞાનપ્રદ)	,,	,,	રૂ. ૦-૧૨-૦
૫. શ્રીપાગલ ભજનાવળી	સંગ્રાહક	,,	રૂ. ૦-૧-૩
૬. કર્મવીર પ્રથમ વર્ષની ફાઈલ	વ્યવસ્થાપક	,,	રૂ. ૨-૦-૦
૭. કર્મવીર બીજા વર્ષની ફાઇલ		,,	રૂ. ૪-૦-૦
૮. શ્રીઆદ્યશંકરાચાર્યનો ફુલસાઇઝ ફોટો	સુંદર આકર્ષક		રૂ. ૧-૪-૦
૯. ,,	,,	ઑઇલપેઇન્ટ	રૂ. ૨-૪-૦
૧૦. અદ્‌ભુત યોગિની (સામાજીક)	લેખક: સ. સાં. મ્હેતા		રૂ. ૩-૦-૦
૧૧. પ્રશ્નોત્તરમાળા (નીતિ-ધર્મ-જ્ઞાનનાં કાવ્યોનો આ ઉત્તમ સંગ્રહ-વેદાન્તતત્ત્વથી ભરપુર છે.			રૂ. ૧-૮-૦
૧૨. શશિબાળા યાને ભયંકર મઠ.	લેખક: ર. હ. ભટ્ટ.		રૂ. ૦-૧૨-૦

॥ ॐ गुरवे नमः ॥

લક્ષ્મી-કાન્ત

ભાગ ૨ જો.

પ્રથમ પરિચ્છેદ

પ્રભુ જાણે !

बाहुवीर्यं बलं राज्ञो ब्राह्मणो ब्रह्मविद्बलं ।
रुपयौवनचातुर्यं स्त्रीणां बलमनुत्तमम् ॥

રાજા તણું બળ એક બાહુ બળ જગે વખણાય છે,
વળી બ્રહ્મતત્વ વિચાર એ બળ દ્વિજનું કહેવાય છે;
એથી આઠ બળ જ્યાં વસ્યાં તે સ્ત્રી કહો શું ના કરે ?
ચાતુર્ય, રૂપ, જોબન ત્રણે બળ આપીયાં જગદિશ્વરે !

અવકાશની પળે ઇતિહાસનાં પાનાં ઉથલાવનાર ઇતિહાસ પ્રેમી વાંચકોને એ સમજાવવાની જરૂર નથી કે: આ સંસારમાં પુરૂષ અને પુરૂષ વચ્ચેના કલેશ કંકાસના અંત આવતાં કંઇક ઓછી વાર થાય છે, મરદોના ઝઘડાઓમાં અવરનવર એક બીજા ફાવ્યા

સાંભળ્યા છે—જોયા છે: પરન્તુ પુરૂષ અને સ્ત્રીઓના યુદ્ધમાં તો દુનિયાં કહે છે કે: પંચોતેર ટકા એ વિશ્વવિનાશિની રણચંડિઓએ જ વિજય મેળવ્યો છે. ભલભલાઓએ એ મહામાયાઓના ચર્ણમાં મુકૂટ ઉતારી नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमोनमः ઉચ્ચારી મુક્તકણ્ઠે મંત્ર પાઠ કર્યો છે. કોણ નથી જાણતું કે: ભગવાન શંકરાચાર્યને ભગવતી સરસ્વતી—મંડનમિશ્રનાં પત્ની સાથે શાસ્ત્રાર્થ કરવો કેવો ભારે પડ્યો હતો—સર્વજ્ઞ છતાં ભગવાન શંકરે ભાવપૂર્વક શ્રીશારદામ્બાને આરાધ્ય માન્યાં છે. અલ્લાઉદ્દિન અને ભીમસિંહના યુદ્ધમાં પ્રારબ્ધ યોગે ભીમસિંહનો પરાજય થાય છે, તેનો ઉદ્ધાર કરવા સ્વયં પદ્મિની રણભૂમિમાં ઉપસ્થિત થાય છે. ચાહે તેમ કહો પણ ત્યાર પછી જ ભીમસિંહનો ઉદ્ધાર થાય છે. બાબત એ છે કે: એવી એક નહિ તો બીજી અને બીજી નહિ તો ત્રીજી અજમાવીને પોતાનો મનસુબો પાર પાડવા, પોતાની વ્યાજબી વા ગેરવ્યાજબી વાતને યથાર્થ સાબિત કરી આપવા સ્ત્રીઓ કેટલે સુધી કામ કરે છે એ તો જેમને અનુભવ છે તેઓજ જાણે છે. એવા અનેક મહારથિઓએ એવી ત્રિબલધારિણી રૂપ યૌવન અને ચતુરાઇથી ભરેલી સ્ત્રીઓને ચરણે પોતાની લાજ—આબરૂ સોંપી ક્ષમા—પ્રાર્થના કરી છે. नमस्तस्यैના સ્તોત્રપાઠ કર્યા છે—સાષ્ટાંગ કર્યા છે. આયુષ્યભર મેળવેલી પ્રતિષ્ઠા પર પાષાણ હૃદયની પ્રેમદાઓ જો સહજ વાંકી વળી તો પાણી ફેરવી બધું ધૂળધાણી કરી મૂકે છે: અને તેથીજ ડાહ્યા પુરૂષોએ કહ્યું છે કે: "સ્ત્રી અને મદિરાથી સો ગાઉ નાસજો!"

કોઈ પણ પ્રકારે પ્રિતમનો મેળાપ કરાવી આપવા અને તે બદલ કાન્તને તેની ઇચ્છાનુસાર તૃપ્ત કરવા—બદલો વાળી આપવા બંધમાં પવિત્રીએ જે પત્ર કાન્ત ઉપર લખેલો તે મુજબ પવિત્રીની

પાશવિક ઇચ્છાને તાબે ન થતાં ઉલટી તેને શિખામણની બે વાતો સંભળાવી, પરન્તુ આ કોલસાની કોટડીમાંથી ડાઘ લાગ્યા વગર એમને એમ નહિજ છુટકી શકાય, અને પણે ઘર આગળથી શાન્તિપ્રસાદ ઘોડે ચડી ગયો એવું લાગવાથી, એકદમ આવેશમાં આવી જઇ કોટે વળગવા જતી પવિત્રીને તેણે ગુસ્સામાં જે એક ધક્કો લગાવ્યો તેથી પવિત્રી ધડાક દઇને પડી ગઇ એટલુંજ નહિ પણ ખુણામાં ઉભી કરેલી કમકાળોની સાથે માથું અફળાવાથી તેમાંથી લોહી વહેવા માંડયું. તે સાથે તેનો ડાબો પગ પણ ઉતરી ગયો. વરઘોડે જવા તૈયાર થએલી બિચારી પવિત્રીનો આમ ઘેર વરઘોડા થયો! બહુમૂલ્ય વસ્ત્રાલંકારથી સજ્જ થએલી અન્યને પોતાનો વેષ બતાવવા ઉંચી નીચી થએલી પવિત્રી પોતાનાં લોહીથી ખરડાએલાં કિમતી કપડાં જોઇ પોક મૂકીને રડી રહી છે. દોઢસો રૂપિઆની સાડીનો તો મ્હોટો ચીરાડો ઉડી ગયો છે. વાગવા કરતાં રતિકાન્તે પ્રેમદાનમાં એક પ્રસંગે આપેલી એ સાડીને પહેલે દિવસે પહેરતાંજ આવું મંગળાચરણ થવાથી પવિત્રીને ઘણું લાગે છે.

આવા અણીના સમયે કાન્ત કોણ જાણે કયાં ચાલ્યો ગયો છે, એને લીધે જ્યાં ત્યાં તેની શોધાશોધ થઇ રહી છે. તેને ખોળવા માટે તેનો પ્રાણસખા—મિત્ર પ્રિતમ જ્યાં આગળ જતો હતો ત્યાં વચમાંજ તેણે ગજેન્દ્રને પવિત્રીને બોલાવવા જતાં, અને કાન્તને તેના મકાનમાંથી હાંફળો ફાંફળો નિકળતાં જોયો, તેની સાથેજ તેને કંઇક વહેમ કહો કે: એજ સમયથી કાન્તના પાતળા પ્રારબ્ધયોગે પ્રિતમના મગજમાં ભુત ભરાયું; પણ તે સમયે તેણે તે સંબંધમાં કંઇજ પૂછપરછ ન કરી. તેને થયું કે: આવા અણીના વખતે પણે ઘર આગળ ખોળાખોળ થઈ રહી છે, કંઈક માણસો બિચારાં તેને લીધે ખોટી

થાય છે, એ ઉપરાંત એ પોતે જેના ઘરમાંથી નિકળે છે તે તો તેને ઘેર જઇને બેઠાં છે ત્યારે તેને ત્યાં જવાની શી જરૂર પડી હશે? પવિત્રીના મા પણ ત્યાં બેઠી બેઠી "અલ્યા ગજેન્દ્ર! જોને પેલી પવિત્રી અત્યાર સુધી કેમ નથી આવી? ક્યારની ઘરમાં ભરાઇને શી એવી તે ટાપટીપ કરે છે મ્હારી બઇ!" કહી તેણે ગજેન્દ્રને પવિત્રીને તેડવા મોકલ્યો.

આ બધી અટપટી બાજીએ પ્રિતમને મહા મુંઝવણમાં નાંખ્યો. પ્રિતમના નિષ્પાપ-પવિત્ર હૃદયમાં તેવાજ નિર્દોષ-પવિત્ર મિત્ર કાન્તને માટે આજે કોણ જાણે કેવા ચોઘડીએ જબરૂં ભુત ભરાયું! પવિત્રી અને કાન્તના સબંધમાં પ્રિતમે આ પળે મનમાનતી કલ્પનાઓ કરી લીધી. ઘરમાંથી નિકળતાં જ પ્રિતમને જોઇને કાન્ત સહજ હસ્યો. તેને થયું કે: "દોસ્ત! વળી એક બૉર ઇતિહાસ તને કહીશ." પણ પ્રિતમે તો બોઘા જેવું મ્હોં કરીને માત્ર "પણે બધા બોટી થાય છે અને ભાઇ તો જ્યાં ત્યાં ભટક્યા કરે છે!" કહી ચાલવા માંડ્યું. એ પરથી કાન્તે સહજ અનુમાન બાંધ્યું કે: રખેને કદાચ આજની આ પવિત્રીની મ્હોંકાણ કંઈ અવળું વેતરે! અમે પણ કહીએ છીએ કે: પરિણામ પ્રભુ જાણે!

પવિત્રીને બોલાવવા આવેલો ગજેન્દ્ર ઘરમાં પેસતાં જ કાન્તને અથડાયો. કોણ જાણે કેવુંય મ્હોં કરીને એ એની મેળે માળ પર ચડ્યો. તેણે જે જોયું તેથી તેનું કાળજું ફફડી ગયું. પવિત્રીએ ગજેન્દ્રને જોતાંજ રડવાનું બંધ કર્યું અને અવાક્ થઇ ગઈ! ગજેન્દ્રએ બ્હેન! પવિત્રી! કહીને બે ચાર વાર ઘણીએ બુમો મારી પણ પવિત્રીએ જવાબ ન આપ્યો. મ્હારી વ્હાલી નિશ્ચેષ્ટની માફક પડીજ રહી! આથી ગજેન્દ્ર વધારે ગભરાયો. તે તો પવિત્રી પાસેથી ઉતાવળો

ઉતાવળો જતો કે: આંખમાં પાણી સહિત "પવિત્રી મડદાની માફક પડી રહી છે, માથામાંથી લોહી વહે જાય છે બા ચાલોને" કહેતાં તો તેણે ત્યાં બુમાબુમ કરી મુકી. વરઘોડામાં આવેલાં સેંકડો માણસો "આ અણધાર્યું વિઘ્ન શું?" એ સંબંધમાં મનમાનતી ધારણાઓ બાંધતાં હતાં. આનું ખરૂં કારણ કાન્ત અને પવિત્રી વગર કોઇ ક્યાંથી જાણે? બીજો જાણે છે પ્રિતમ તે વળી કંઇક ઑર જાણે છે. ગજેન્દ્રની આ બુમાબુમથી વળી કાન્ત ઉપરનો તેનો વ્હેમ મજબુત થયો. તેની આંખો રાતીચોળ થઈ ગઇ છે. તેના ગુસ્સાનો પાર નથી. તે મનથી બબડ્યો "દુષ્ટ! વિશ્વાસઘાતી! ત્હારે માટે નર્કમાં પણ સ્થાન નથી. પવિત્રતાનો ડોળ કરીને પરિણામે ત્હેં ત્હારૂં પોત પ્રકાસ્યું કે? અભાગીઆ! મિત્ર પત્ની પર બળાત્કાર..." નહિ તો તે વગર આ લોહીલોહાણ અને એ વાત શી! તે ગમે તેવી હતી–છે તો પણ ત્હારો ધર્મ–ત્હારાં કર્મનું તને ભાન ન રહ્યું કે? જા, દુષ્ટ! તું જાણે અને ત્હારો **પ્રભુ જાણે**! મ્હારે મન આજથી તું મરી ગયો છે. ઇશ્વર સાક્ષિએ હવે હું ત્હારૂં પાપિ નામ નહિ લઉં! ઉફ! ફરી ફરીને કહું છું કે: જા, હરામી! તું જાણે અને ત્હારો **પ્રભુ જાણે!** વાંચક! તમે શું કહેશો? "**પ્રભુ જાણે!**" કે અન્ય કંઇ? અમે તો કહીશું કે: એતો "ચાતૂર્ય, રૂપ, યૌવન ત્રણે બળ આપીયાં જગદિશ્વરે" એ શું ન કરે?

પ્રિતમે આ પળે ચોક્કસ નિશ્ચય કર્યો કે: હવે પવિત્રીને વ્હીલી મૂકવામાં સાર નથી.

પવિત્રીની માતા મદનગૌરી સાથે કેટલાંક સ્ત્રી–પુરૂષો–સગાં વ્હાલાં અને બીજાં કેટલાંક રંગ જોવાની લાલસાવાળાં નર–નારી એજ ક્ષણે ત્યાંથી ઉડીને પવિત્રીની સમિપ જઇ પહોંચ્યાં. પવિત્રીને જોતાં જ મદનગૌરીના હોશકોશ ઉડી ગયા, તેણે છાતી–માથાં કૂટવા માંડ્યાં;

કારણ અનેક જણે પવિત્રીને બબ્બે ચાર ચાર વાર બોલાવવા યત્ન કર્યાં પણ તેણે જવાબ ન આપ્યો! કેટલાંક ઑલિયા સ્વભાવનાં હબકી ગયાં! કેટલાંક ઉસ્તાદે તો પવિત્રીના મ્હોં પરથી ચોક્કસ માની લીધું કે: આ બધા ખાલી ઢોંગ જ છે. એક સ્પષ્ટવક્તા પાસે ઉભેલી સ્ત્રીએ કહ્યું: "જાઓ મ્હારી બાઈ! ભાન નથી ત્યારે આ ઘડી પહેલાં હાથ ઉંચો કરીને માંખ ક્યાંથી ઉડાડી? આ એને વાગ્યું છે એનું કંઈક કરોને, પાટો બાંધો, ધોઈ નાંખી, લૂગડાં બદલાવી સારી પથારીમાં સૂવાડો, નકામી બુમાબૂમ શી? અમણે માણસનો પાર નહિ રહે ને ઉલટી હેરાન થશે." એ જ વખતે પ્રિતમના મ્હોટાભાઇ પાર્વતિશંકર, તેની સ્ત્રી વગેરે સાસરીયાં ત્યાં આવી પહોંચ્યાં. લોકની લાજે તેમણે ત્યાં આવી બે શબ્દો કહીને ચાલવા માંડ્યું. એક ખુણે વૈરીની માફક રોતો પેલો ગજેન્દ્ર જેને તેને કહેતો રહ્યો કે: "હું ઘરમાં પવિત્રીને બોલાવા આવ્યો, કાન્ત મને નિસરણીમાં અથડાયો અને મેં આવીને મ્હેં આ દશા જોઇ!"

ગજેન્દ્રના આ ઢંઢેરાએ લોકોના મનમાં કંઇક કંઇક કલ્પનાઓ ઉભી કરી. એ હડકાયા કુતરાને–ભાનવગરનાને બોલતો કોણ બંધ કરે?

સહુ વેરાઇ ગયાં. એક મદનગૌરી વગર સહુ વરઘોડામાં ચાલ્યાં ગયાં.

સહુના વેરાયા પછી પાંચ દસ મિનિટે પવિત્રીએ હળવે રહીને આંખ ઉઘાડી મદનગૌરીના સ્હામે નજર ફેરવી. હવે મદનગૌરીના જીવમાં જીવ આવ્યો. તેણે તેને માથે હાથ ફેરવતાં પ્રશ્ન કર્યો: "બ્હેન! બા! હવે કેમ છે? આમ શાથી થયું?"

પવિત્રીએ આંખમાં પાણી આણીને અચકાતાં અચકાતાં માત્ર "પેલો કાન્ત..." એટલું કહી આંખો બંધ કરી દીધી.

કાન્ત એ શબ્દ કાને પડતાં જ મદનગૌરીનો પિત્તો ઉકળી ગયો. વચમાં જ પવિત્રીના પિતા આવ્યા. તેમણે પૂછ્યું: "હવે બ્હેનને કેમ છે? પણ આનું કંઈ કારણ?"

અગન વરસાવતી આંખોએ મદનગૌરીએ કહ્યું: "પેલો તમારો સણીજો કાન્ત–"

"ગમે તેમ કહે પણ કાન્ત હોય જ નહિ." તેમણે ફરી મહા આશ્ચર્ય પ્રકટ કરતાં કહ્યું: "અલી એ! પણ તું આ શું કહે છે, એ વાત ખરી છે?"

"જાઓ! ખોટી હોય તો તમે તમારે ભરાઓ જઇને એને ઘેર, નકામી લમણાજીક મૂકોને" કહી મદનગૌરી મ્હોં ફેરવીને પવિત્રીને પવન નાંખવા લાગી.

પ્રમોદરાયે હળવે રહીને કહ્યું: ભલે, હોય તો, હવે એનો કંઇ ઉપાય? એની જોડે કંઈ સરકાર દરબાર ચડવું છે? એનાં કર્યાં એ ભોગવશે. બીજું શું? એ જાણે અને એનો **પ્રભુ જાણે!**

વાંચક! પરોપકારનાં પરિણામ જોયાં કે? એક વિષયાંધ કામિની કેટલી હદે કામ કરે છે? સ્ત્રીઓને જોઇને નીચું જોતા–શરમાતાઓને એવી અનેક યમુના જેવી નિર્મળ જણાતી જમના જેવી ભયંકર કામાંધ કુલટાઓએ નશરમા બનાવી, મનફાવે તેમ નચાવ્યા કોણે નજરે નથી જોયા–સાંભળ્યા? કેવળ નીતિનો માર્ગ ગ્રહણ કરી નિજકર્તવ્ય–મિત્રધર્મ બજાવતાં નિર્દોષ કાન્ત જેવો સત્યભાષી–સાધુપુરૂષ પણ સપડાય તો પછી સામાન્ય વિષયી જીવોની તો વાત જ ક્યાં કરીએ! માટેજ કલ્યાણસાધનની–સફલ જીવન પૂર્વક પ્રતિષ્ઠા પામવાની વાંચ્છના હોય તો "નારી જાતને તો નવગજના કરી–દૂરના દૂર નિર્લેપ રહેવામાંજ કલ્યાણ–મંગળ છે! કારણ નીતિશાસ્ત્ર કહે છે કે: "બ્રાહ્મણ

ક્ષત્રિય આદિકમાં એક જ પ્રકારનું બળ હોય છે ત્યારે સ્ત્રીના બળની-એ ત્રિગુણી માયાની તો અવધીજ છે!

દ્વિતીય પરિચ્છેદ

વિયોગિનીલક્ષ્મી
વા
મંગળાની મંગળ વધામણી.

પ્રેમીજનોના પ્રેમનો પ્રતાપ, સ્નેહીજનોના વિશુદ્ધ સ્નેહની સત્તા, ભગવદ્ ઉપાસક મસ્ત ભક્તોના ભક્તિ-ભાવ-બળની તો બલીહારીજ!

રાધા-કૃષ્ણ, સીતા-રામ, મદાલસા-ૠતુધ્વજ, લયલાં-મજનું, શારીં--ફરહાદ વગેરે પ્રેમોન્મત્ત-વિજયી પ્રેમિઓ વાહ વાહ! કેવી રીતે પ્રેમની પરાકાષ્ટાએ પહોંચ્યાં છે! તેમના સાચા નૈષ્ઠિક પ્રેમની આખું જગત આજ કેવા વાહવાહ! ગાઇ રહ્યું છે! શું રાધા, સીતા, મદાલસા, લયલાં, શારીં જેવી પ્રેમની પૂતળીઓ ભગવાન વિરંચિએ ભૂમંડળમાં-ત્રિલોકમાં નહિ સૃજી હોય કે? જે જે પ્રેમયોગિઓએ જે કંઇ સહ્યું તે કેવળ એક સ્ત્રીની ખાતર કે?

ના, એ બધું પ્રેમ-ધર્મની ખાતર, સ્નેહ-ધર્મની ખાતર, ઇશ્વરી આદેશની ખાતર! એક પ્રેમીએ એવાજ બીજા પ્રેમીની ખાતર શું કરવું જોઇએ, એ તેમણે જાણ્યું-વિચાર્યું તેથીજ એ પ્રેમ-ધર્મી દિવ્ય આત્માઓએ સ્વાનુભવ પરથી સમજાવ્યું છે, તેમણે સાબીત કરી

આપ્યું છે કે, એક પ્રેમીએ એવાજ બીજા પ્રેમીની ખાતર સર્વથા આત્મ સમર્પણ કરવું એજ પ્રેમના પુરાણનો કહો કેઃ સ્નેહશાસ્ત્રનો સનાતન સિદ્ધાંત છે.

પરમ પવિત્ર એવા પ્રેમ–ધર્મના ભક્તો–ઉપાસકો આ મહા ભયંકર ભવાટવિમાં પણ સંતૃષ્ટ ચિત્તે દઢતા–શાન્તિપૂર્વક પૂર્ણ આનંદથી નિજ જીવન નૌકા હંકારી અન્તે, જે પરમોચ્ચ સ્થાનની પ્રાપ્તિને અર્થે અનંત કાળ પર્યંત, મહા કષ્ટ સહીને સમર્થ યોગી જનો દેહને દમે છે, એ કલ્યાણધામ–મુક્તિધામના સહજમાં અધિકારી થાય છે. એ શાન્તિનિકેતનના અધિકારી થયા પહેલાં વચ્ચે સમય સમય પર અશાન્તિનાં અનેક ભયંકર વાદળ કહો કેઃ કાળમેઘ ભિષણ ગર્જના કરતા ચડી આવી "મેરૂ ચળે પણ ન ચળે ચિત્ત" એવું કહેનારાઓનાં કાળજાં પણ કમ્પાવી મૂકે છે! એ ભિષણતર ઘનગર્જન–લોકમર્યાદા અને મૂશળધાર વૃષ્ટિ–લોકવાયકાના પ્રલયકારી પ્રચંડ પ્રવાહ વચ્ચે પસાર થતાં જીવસટ્ટાના જાદૂઈ ખેલ જોવા પડે છે, એ જાણીતો અનાદિ નિયમ પ્રારબ્ધ વાંકું હોય તો એ ઘડીએ વિસરી જવાય છે કેઃ એ તો–

सुखस्यानंतरम् दुःखं दुःखस्यानंतरम् सुखम् ।
न नित्यं लभते सुखम् न नित्यं लभते दुःखम् ॥

અરે! પણ પવિત્ર સ્નેહ, પ્રેમ, પ્રીતિમાં વળી આવાં કષ્ટ તે કરનારે શું વિચારીને કર્યાં હશે! એવાં તે કેવાં કષ્ટ ભગવાન કમલાકાન્તે એમાં ભર્યાં હશે? સદ્‌ગત કવિશ્રી નથુરામ શુક્લએ એક સ્થળે બિચારાએ અંતરના ઉભરા કહાડ્યા છે કેઃ—

જહાં પ્રિત તહાં વિયોગ તણું દુઃખ ભારે!
શું વિચારી ઉરમાં કર્યું હશે કરનારે?
નહિ અનર્થ આવો કરે બની સુખદાતા;
પણ પ્રીતરીતથી હશે અજાણ વિધાતા.

વિધાતા અજાણ હોય કે જાણકાર-વિધાતાનું વિધાન ગ્હાય તેવું હોય, પણ ઇશ્વરી કાયદો જુદો છે. એ દયામયના નેક ઇન્સાફનો નિવૃત્તિની પળે સહૃદય-સંસ્કારી આત્માઓએ વિચાર કરવો ઘટે છે: ત્યારેજ માનવપ્રાણીને ભગવાનની સૃષ્ટિસંકલનાનું ઓછુંવત્તું ભાન થાય એમ છે. એ જગદિશ્વરે મહા વિચારપૂર્વક સમસ્ત જડ-ચેતનને પરિવર્તન-રૂપાંતરનો નિયમ લાગુ કરેલો છે. તેના નિયમ પ્રમાણે પ્રત્યેક સજીવ કે નિર્જીવ જણાતી વસ્તુનું સમયે-કાળે કરીને કંઇને કંઇ રૂપાંતર થયાજ કરે છે. તેના નિયમ પ્રમાણે એવી કોઇ પણ ચીજ નથી કે: જે હમેશને માટે એકજ અવસ્થામાં રહેવા સૃજાએલી હોય! ધન્ય પ્રભુ!

વાંચક! એ ઇશ્વરી નિયમ જડને નથી છોડતો તો ચેતનને કેમ ભૂલે? પ્રિયતમાને પિયર-મંદિર પહોંચતી કરે આજ ચાર ચાર માસનાં વ્હાણાં વહી ગયાં છે. જાણે ચાર યુગ ન ગયા હોય! આદર્શ દંપતીનાં જીવન જેમણે ઉકેલ્યાં છે તેઓ એ વાત સારી રીતે સમજી શકે એમ છે. લક્ષ્મીના દૈવી સ્નેહબંધને બંધાએલો કાન્ત આ ચાર માસમાં એક પણ વખત માત-પિતાની મર્યાદાને લઇને લક્ષ્મીને મળી શક્યો નથી. ભલા માણસે કદાચ એકને બદલે બીજાના હાથમાં જાય તો? એ ભયે-લોકલાજે વિશ્વાસિનીવલ્લભાને આ લાંબા કાળમાં એક પત્ર સરખો લખ્યો નથી! આથીજ કાન્ત પોતાના અંતરની વ્યથા માત્ર

પોતે મૂગે મોઢે સહન કરતાં, આશાને પારણે ઝૂલતાં દિવસ પર દિવસ વિતાવે છે.

એક તરફ ઉપર કહ્યું તેમ છે. બીજી તરફ લક્ષ્મીની પણ દયાજનક દશા થઇ રહી છે. માનવપ્રાણી હમેશાં મનફાવે તેવા સંકલ્પ કરે-ફાવે તેટલી આશાઓ બાંધે પણ તેથી શું વળ્યું? નથી કહ્યું કેઃ-

રહે દૂર નિર્ધાર્યું, ધાર્યું ધરણીધરનું થાય, ભૂલે ભલભલા ભૂલેરે...
ભાવિનો ભરમ કોથી નવ ખૂલે.

લક્ષ્મી-કાન્તને અચળ વિશ્વાસ હતો કેઃ અવસ્ય પુત્ર-પ્રાપ્તિ થશે. લક્ષ્મીએ દશમા માસના પ્રારંભમાંજ કન્યારત્નને જન્મ આપ્યો. અને તેથી તે હમેશાં મનમાં બળ્યાજ કરતી. તેમાં કાન્તનો એક પણ પત્ર કે આવવાનું કહેલું છતાં એક પણ વખત નઆવવાથી તે અનેક પ્રકારના તર્ક વિતર્ક અને પાર વગરની ચિન્તા કરતી અતિશય દુર્બળ બની ગઇ છે. રખેને પુત્રી પ્રાપ્ત થવાથી કાન્તના આત્માને ખેદ થયો હોય અને તેથીતો પત્ર નહિ લખતા હોય, પણ તેમાં હું શું કરૂં- એકયાં કોઇના હાથની વાત છે! ના,ના. એમના મનમાં એવા વિચાર કોટિ કલ્પે ન આવે. એમણેજ મને એક વખત સમજાવ્યું હતું કેઃ-

ભલે પુત્ર કે પુત્રી કહાવે, પણ જે માતની કુખ દિપાવે;
-તેને ધન્ય જગતમાં...

તો પછી એનું કંઈ કારણ? તેમની તન્દુરસ્તીના સમાચાર તો હું સાંભળું છું. એટલી તો પ્રભુની દયા છે. આ પ્રમાણે અંતરવ્યથા અનુભવતી હતી એજ ક્ષણે કાન્તની મિત્રપત્ની "લક્ષ્મી બેન છો કે" કરતી કે આવી પહોંચી-બચુ બેન શું કરે છે, કરતી છેક લક્ષ્મી પાસે

પહોંચી. મંગળાને જોતાંજ લક્ષ્મીના ચિત્તને શાન્તિ વળી. ઉંઘતી બચુને ઉતાવળી જતી કેઃ મંગળા ઉપાડી આવી અને "કેવી રૂપાળી કાચની પૂતળી જેવી છોકરી છે અને માને ગમતી નથી" કહેતી કેઃ ઉપરાઉપરી બેચાર બચીઓ કરતી બે હાથમાં લઇ કૂદાવવા લાગી. બચુ આંખો ઉઘાડીને મંગળાના મ્હોંથી સીસોટી વાગતી સાંભળી સહજ હસી. મૃદુપુષ્પ જેવાં સુન્દર નિર્દોષ બાળકોનું હાસ્ય કોણ અભાગીને ન ગમે? ઘડી પહેલાંની ચિન્તાને ભૂલી જઇ લક્ષ્મીએ પ્રફુલ્લચિત્તે મંગળાને પૂછ્યું: "બ્હેન! કેમ કંઈ આજ ઓચિન્તાં આવી ચઢ્યાં! આજ તો ઉતાવળ નથી ને? કે પછી આ હેંડી?"

"ના, ના, આજતો કામકાજ પરવારીને બેઠી હતી ત્યાં વિચાર થઇ આવ્યો કેઃ હવે તો લક્ષ્મીબેન બચુબાને લઇને ઘેર આવ્યાં હશે માટે ચાલને જરી મળી આવું અને બચુબાને રમાડી આવું એમ સમજીને હું તો તમારે ત્યાં ગઈ ત્યાં તો ભગવતીબા કહે કેઃ "લે, વહુ તું ભલે આવી. કાલ ત્હારી બેનપણીને બોલાવવી છે તે કહેવા જઇશને? મધ્યાન્તિકા તેને પિયર છે એટલે બીજું કોણ કહેવા જાય? કહેજો કેઃ સહવારના અગીઆર વાગ્યાની અંદર આવી જાય એટલે થયું." કહો, "લક્ષ્મીબેન કેવા સમાચાર લાવી?"

"બ્હેન! મંગળા તો મંગળ સમાચારજ લાવેને?"

લક્ષ્મીબેન! આજ તો હું તમારે ત્યાં બહુજ બેઠી, તમારાં સાસુએ કંઈ કંઈ વાતો કાઢી. નહિ, પેલા તોફાનની વાત તમે મને કરી હતી તે તો જુઓને સાળા નાદાન લોકો શું શું કરે છે?

"કયું તોફાન, અને શું છે?"

"આ નહિ કાન્તભાઇને અને પવિત્રીને..."

"હા, પણ તેનું કેમ? ફરી પાછું શું છે?"

"અરે! મુવો ગજેન્દ્ર મહિના એક ઉપર તમારે ત્યાં ગયો હશે. તમારાં સાસુ–સસરા અને એને કેટલી બોલચાલ થઈ. કાન્તભાઈએ બે દિવસ સુધી ખાધું નહિ, ને તમારાં સાસુ કહે છે કેઃ બા જ્યાં જઈએ ત્યાં લોકો એજ વાત પૂછે! કરીએ એ શું? ભગવાન જાણે એમાં આપણેએ શું જાણીએ? હું તો ત્રણીએ ના કહેતી હતી કેઃ એ રાંડના કામમાં વચ્ચે ન પડીશ, તેની સાથે બોલવામાં સાર નથી પણ તેણે ત ક્યાં આપણું કાંઈ કહાડો માન્યું છે? નસિબ એમનાં! "લક્ષ્મીબેન મને તો લાગે છે કેઃ તમારાં સાસુ–સસરાના દિલમાં પણ કંઈક ભરાયું છે ખરું. અમણે કાન્તભાઈ ગયે રવિવારે મ્હારે ત્યાં આવ્યા હતા. તેમનું શરીર જોયું હોય તો જાણે સુકાઈને સાલ થઈ ગયા છે! રાંડની આ બધી ચિન્તાઓ ઓછી છે? એમાં વળી પાછાં તમેએ બે વાતો શાન્તિની કહો તે આઘાં રહ્યાં!"

"મંગળા! આ બધું ઠંડુ થઈ ગયું હતું ને વળી પાછું ક્યાંથી ઉપડયું? મુવાને આબરૂ બહાલી છે? એમાં ત શું જોઈને જેને તેને મ્હોડે ભશ ભશ કરતો હશે! બ્હેનનાં લક્ષણ જાણે દુનિયાંથી અજાણ્યાં હશે તે ગાંયઝો–કામ ધંધા વગરનાને બીજું શું ઉકલે? એ અભાગિઆ ગજેન્દ્રનું તો વચ્ચેથી મ્હોં બાળોને!

અધુરામાંપુરૂં વળી આ ઇતિહાસ સાંભળી લક્ષ્મીના મનમાં ભારે ઉથલપાથલ થવા લાગી. અભાગણી પવિત્રીએ પાથરેલી આ પ્રપંચ જાળને સાચી માની સાસુ-સસરાએ પણ એ ગધેડા ગજેન્દ્રના કહેવાને વજન આપ્યું! એ તે શું જોઈને? લાગલગટ બે અપવાસ કર્યા હશે એથી કાન્તના આત્માને એવો તે કેવો કલેષ થયો હશે, એવે અવસરે તેમને પાસે બેસાડીને આશ્વાસન પણ કોણ આપે? આ બધા વિચારે લક્ષ્મીના

કોમળ અંતઃકરણમાં ભારે ઉપદ્રવ મચાવ્યો.

"કાલ તો અમારે બધાંને પણ તમારે ત્યાં જમવાનું છે એટલે વળી પાછાં મળીશું માટે હવે તો જઉં છું" કહી મંગળા બચુને લક્ષ્મીના હાથમાં આપતી કે ઉભી થઇ. કાલ સાસરે જવાનું એટલે લક્ષ્મીને પણ કંઇ હા ના કરવાનું એટલે તેણે વધારે આગ્રહ ન કરતાં "ઠીક ત્યારે કાલ જરૂર આવજો" કહીને પોતે મંગળાને ઓટલા સુધી વળાવી આવી.

ઘરમાં આવીને લક્ષ્મીએ બચુને પારણામાં નાંખી મહા પ્હેરાણે ઉંઘીને ઉઠેલીને ફરી હાલવાલ કરીને ઉંઘાડી દીધી અને એ એની મેળે પોતાના કામમાં ગુંથાણી. તાત્કાલિક ત્યાં જઇને પોતાને પહેરવાનાં કપડાં, બચુનાં ઝભલાં, ઘરેણું, રમકડાં વગેરે તૈયાર કરીને તેની એક ન્હાની બચકી બાંધી લીધી. એમ કામમાં ને કામમાં સાંજ પડી એટલે વાળુ વગેરે કરીને નિવૃત્તિથી સહુ ઘરનાં ભેગાં મળીને બેઠાં.

લક્ષ્મીનાં માત–પિતાના મનમાં તો ઘણું કે: અમણે લક્ષ્મી બે મહિના શરીર ઠીક નથી તે રહે તો ઠીક પણ લક્ષ્મીનો જક્કી સ્વભાવ ને વળી વચ્ચે કહેવા જતાં પાછી હા ના કરશે અને ચીડાશે એમ સમજી તેના પિતાના આગ્રહથી એ સબંધમાં તેની માતાએ સહજ દાણો ચાંપી જોયો કે: "બ્હેન! ત્યારે પાંચમે જવાનું રાખે તો કેમ? જોને ત્હારૂં શરીર તો જરીક ઠીક થવા દે!"

લક્ષ્મી આજની સુશિક્ષિત અલાઓના જેવી ન્હોતી કે, મર્યાદા વળાવીને માત–પિતાને જવાબ આપે!

માત્ર જવાબરૂપે દીર્ઘકાળની પતિ–**વિયોગિનીલક્ષ્મી**ની આંખમાંથી ઘણું રોકવા છતાં બે અશ્રુબિન્દુ ખરી પડયાં. એ નજરે પડતાંજ માતાએ "ગાંડી! જજેને!" કહી તેના માથે હાથ ફેરવી પતિમંદિરે જવાની પરવાનગી આપી.

તૃતીય પરિચ્છેદ

વચન પાળ્યું !

આ લોકનાં નાશવંત સુખને માટે પામર આત્માઓ લક્ષ્મીના લઢકવામાં સારાસાર વિવેકને વળાવી અનેક પ્રકારનાં પાપકર્મ કરી માનવ જીવનરૂપી પ્રારબ્ધયોગે હાથમાં આવેલા પારસમણિનો દુરૂપયોગ કરી પરિણામે રૌ રૌ નર્કનાં અધિકારી થાય છે. અજ્ઞાન આત્માઓની તે ક્યાં વાત કરીએ! "લક્ષ્મી એ તો કેવળ જડ છે, એ માત્ર આ લોકમાંજ સુખ આપનાર છે, એ છે કેવળ અનેક પ્રકારના અનર્થ કરાવનારી અને ચપળ! "એ જાણવા અને માનવા છતાં જ્ઞાનીમાં ખપવાનો દાવો કરનારાં વિચિક્ષણ બુદ્ધિમાન મનુષ્યો પણ એના મહામોહમાંથી નથી છૂટી શકતાં! સમજે છે કે: લક્ષ્મીથી સત્ય સુખની પ્રાપ્તિ નથી થતી. જુવે છે કે: લક્ષ્મીવાન છતાં આ સંસારમાં અનેક સ્ત્રી-પુરુષો અનેક પ્રકારની યંત્રણા ભોગવે છે. કપાળે હાથ મૂકી નિસાસા મૂકે છે, પણ સુખ ક્યાં? તોપણ એની હાય નથી છૂટતી!

પતિને સન્માર્ગે લાવી પતિ પ્રેમ મેળવવાની ખાતર, પવિત્ર પતિસુખ પ્રાપ્ત કરવાની લાલસાએ લખ્ખોપતિની એકની એક પુત્રી રતિકાન્તાએ રતિકાન્તનો પડતો બોલ ઉપાડી લઈ તેને પ્રસન્ન કરવા પોતાથી બને તેટલું કરવા માંડ્યું. રાતના સાડા આઠે સાસરે આવી સહવાર થતામાં પિયર પહોંચી જનારી શ્રીમંત તનયા જાતે રસોઈ કરી પતિને જમાડી બે ઘડી વિશ્રાન્તિ લઈ, પતિની રજા લઈ બપોરના બાર વાગે પિયર જાય કે ન જાય અને જાય તો સાંજના પાંચ

સાડા પાંચ થતામાં તો આવીને પતિસેવામાં હાજર થાય! એટલુંજ નહિ પણ સાંજરે આવીને રતિકાન્તને રસોઇ કરીને પણ પોતેજ જમાડે! પોળ મહોલ્લાની નવરી બેઠી નખ્ખોદ વાળનારી સ્ત્રીઓની સાથે રાતના દસદસ વાગ્યા સુધી બેસીને લોકોનાં ઘર ભગાવતી અમે એને કદિએ નથી જોઇ! એ એની મેળે એના ગૃહકાર્યથી નિવૃત્ત થઇ જતી કે: સુખના કોડમાં આનંદ વિનોદ કરતી પતિની સોડમાં ભરાતી! એને ખાત્રી થઇ ચૂકી હતી કે: પતિએ પવિત્રી સાથેનો સબંધ છોડી દીધો છે, અને હું જો તેમને પ્રસન્ન કરવામાં લેશ પણ કચાશ રાખીશ તો મ્હારા સંસારસુખનું સત્યાનાશ વળી જશે. તેથીજ બિચારી શાસ્ત્રની આજ્ઞાનુસાર અત્યંત સ્નેહ અને વિનયપૂર્વક પતિનો પડતો બોલ ઉપાડી લે છે. જો કે: કામ-ભોગનો હડકાયો વિષયી રતિકાન્ત કેવળ વિષય વાસનાની તૃપ્તિનું એક સાધન કહો કે: રમવાનું રમકડું માનીને ઉપરથી એટલા પૂરતોજ સ્નેહ બતાવે છે, તોપણ રતિકાન્તા તો પોતાના મનથી કૃતકૃત્ય માની પતિને વધુને વધુ સંતોષ-આનંદ આપવા મથે છે. અસહાય આર્ય રમણીને ઇચ્છાએ કે અનિચ્છાએ પતિ ઇચ્છાને આધીન થયા વગર છૂટકોજ નથી, પછી શો રસ્તો? તેમાં વળી કોણ જાણે કયાંથી રતિકાન્તે એક બે લીટી ગોખી રાખેલી કે: જ્યારે જ્યારે તેની પાશવિક વૃત્તિનો પાર ન આવે અને ચાલુ જમાનાની નિર્માલ્ય અશક્ત યૌવના નિરૂપાયવશ થઇ આખરે "નાથ! આમ મને પાર વગરની પજવી હોય........." કહીને આંખમાંથી બોર બોર જેવડાં આંસુ કાડે હોય એ વિષયી વાનરને જંપ ન વળે! ઉલટો કહે કે: જુઓ! સુન્દરી! નથી કહ્યું કે:

રાત્રી કેરો સમય પતિને જો ન વિતે સુખેથી;
પત્ની તેની ગણવી કૂલટા ભાગ્યહિણા પતિની.

કવિની પવિત્ર વાણીનો આવો જ ઉપયોગ થશે એવું બિચારા કવિની કલ્પનામાં પણ નહિ હોય

દુર્મુખ રતિકાન્તે પોતે પવિત્રીને ઍરિંગ આપવાના આપેલા વચન ઉપર પાણી ફરવાથી, કેટલાક દિવસથી પવિત્રીએ રતિકાન્તના સ્હામે નજર સરખી કરવાનું પણ મુકી દીધું છે. પવિત્રીને એવી શી પડી છે કેઃ રતિકાન્ત ઍરિંગ આણી આપે એવી સ્થિતિમાં છે કે કેમ ? જો એવી સ્થિતિમાં હોય તો રતિકાન્ત પણ પવિત્રીને હરેક પ્રકારે તૃપ્ત કરવામાં જરીકે ક્યાશ રાખે એમ નથી, પણ કંઇ રસ્તો ? આ ઉપરથી જો સાર લેવા ધારે તો તો તૂર્ત સમજાય કેઃ અપવિત્ર નીતિને વળાવી બેઠેલી ભ્રષ્ટ સ્ત્રીઓ હમેશાં પૈસાની-સ્વાર્થ-નીજ સગી હોય છે, એમનામાં સાચો સ્નેહ હોતો જ નથી પણ એને એની કયાંથી ગમ પડે ? આ પ્રમાણે પવિત્રી સાથેનો સબંધ લગભગ તૂટયા જેવો થવાથી રતિસુન્દરીએ માની લીધું કેઃ પતિરાજ પવિત્રીની મોહજાળમાંથી મુક્ત થયા છે, અને તેથી જ તે પુનઃ એ રસ્તે ન વળે તેની ખાતર સઘળાં સુખ-દુઃખ સહન કરી રહી છે. તેને શી ખબર કેઃ પવિત્રી અને રતિકાન્તની સ્નેહ ગાંઠ ઢીલી થવાનું ખરૂં કારણ શું છે ? શું પવિત્રી મને વચનભંગ-બેવચની માનતી હશે ? શું પવિત્રી મ્હારી કંગાલ હાલતથી વાકેફ થઇ હશે ? અથવા તો શું રતિસુન્દરી સાથે આ ઉપરનો સામાન્ય વ્યવહાર રાખું છું તે તેની આંખમાં ખૂંચતો હશે ? વગેરે અનેક પ્રકારના તર્કવિતર્ક તે હમેશાં કર્યાજ કરે છે. આખરે તે એક નિશ્ચય ઉપર આવ્યો. તક સાધીને રતિસુન્દરીને તેણે કહ્યુંઃ " સુન્દરી ! તમે કંઇ નહિ."

" કેમ નાથ ! "

"જુવોને, તમારા કાનમાં."

"કેમ, શું છે?"

"ઍરિંગમાં છે કંઇ! થોડોજ મેલ ભરાયો છે હો!"

"જાઓ, જાઓ, આમ બનાવતા શુ હશો? અમણે જરીક ક્યાં નવરાશ મળે છે?"

"બરાબર છે. મ્હને કહેવા જેટલીએ તમને નવરાશ નથી મળતી?"

"શું ત્યારે તમે ધોવરાવી લાવશો?"

"કેમ, ધોવરાવી લાવશો, એમ કેમ? કંઈ દયા–દાન?"

"ના ના, લ્યો ત્યારે નિરાંત થઇ, હું કાલે મ્હારે ત્યાં જતી વખતે કબાટમાં મૂકતી જઇશ. તો તો ઠીક થયું."

"હા! ઠીક થયું." કહીને રતિકાન્તે કૃત્રિમ હાવભાવ સહિત સુન્દરીને એક ચૂમ્બન કર્યું.

"વ્હાલા! પણ કોઈ દિવસ નહિને આજ આ શું?

"સુન્દરીનું ઉપરનું વાક્ય સાંભળીને રતિકાન્ત જરીક ગુંચવાયો, પણ એ અષ્ટાવધાનીએ તરતજ જવાબ આપ્યો: "આ કળિયુગનું માહાત્મ્યજ એવું છે. માત્ર ઠસ્સો મારવો એટલુંજ આજની તમારા જેવી ફેશનેબલ બાનુઓ સમજી છે. ન મળે ચિન્તા વરની કે ઘરની, પછી અવરની તો વાતજ શી? પણ તમને તો તમારી પણ નથી પડી! તમારી ચિન્તા પણ અમને! ભગવાને સ્ત્રી જાતજ નફકરી ઘડી છે."

પતિનું ભાષણ સાંભળીને રતિકાન્તા ઠંડીગાર થઇ ગઈ. એક પતિસુખની ભૂખી–ભલી અજ્ઞાન યૌવના આ ઉઠાઉગીર પતિને ક્યાંથી જવાબ આપે? તેણે કહ્યું: "નાથ અબળા બુદ્ધિ ન્હાનીએ.' એ કંઇ અમથી કહ્યું હશે?"

પોતાનો વિજય થયો માની રતિકાન્ત ફુલાવા લાગ્યો, અને વળી એકવાર કહી નાંખ્યું: "જો જો પાછાં મૂકતાં જજો નહિ ણ

એમને એમ પિયર ચાલતાં થશો તો પછી રહેશે. મ્હારે પણ મ્હારાં બટણ અને રીસ્ટવૉચનો ચેઇન સાફ કરાવવો છે.”

પોતાની ઇચ્છાનુસાર ગોઠવેલી બાજીમાં સફળ થવાથી રતિકાન્તને પૂરો સંતોષ થયો. વગર કહે પતિએ હાથે કરીને ઍરિંગ ધોવરાવી આપવાનું માથે રાખવાથી, પતિને પોતાને માટે કેટલી કાળજી છે એ વિચારથી રતિકાન્તાના આત્માને મહા આનંદ થયો. આ પ્રમાણે અન્યોન્યના આત્માને ટાઢક વળવાથી ઉભય પતિ–પત્ની નિદ્રાદેવીને શરણ થયાં.

પ્રાતઃકાળ થયો. રતિકાન્તની માતાએ તો ક્યહારનાંએ સ્નાન–પૂજા કરી સ્ટવ ચેતાવ્યો હતો. એક તરફ ચ્હા થતી હતી અને બીજી બાજુ ડોસી બિચારાં હાથમાં માળા ઝાલીને “શ્રીરાધાકૃષ્ણ” “શ્રીરાધાકૃષ્ણ” કરતાં હતાં. એટલામાં તો રોજના કરતાં ઉઠવામાં સહજ મોડું થયું સમજી પતિની રજા લઈ રતિકાન્તાએ પણ માળ-પરથી નીચે આવીને દાતણપાણી કરી ઝાડેઝપટે જઇ આવી નાહી લીધું, અને “બા! આજ જરીક મોડું થયું ખરૂં?” કહેતી કે: સાસુની પાસે આવીને બેઠી. “કંઇ નહિ બેટા!” કહીને સાસુએ સમાધાન કર્યું, ત્યાં રતિકાન્ત પણ દાતણ પાણી કરી આવીને ચ્હાદેવીને ચરણે ઉપ-સ્થિત થયો. ચ્હાપાણી થયા બાદ વૃદ્ધ ડોસી ઘરમાંથી દેવદર્શન કરવા ચાલ્યાં ગયાં અને રતિકાન્તાએ રસોઇપાણી કરવા માંડ્યાં.

જમી પરવારી એંઠવાડ અબોટ કરીને રતિસુન્દરી દીવાનખાનામાં આવી પિયર જવાને તૈયાર થવા લાગી. રતિકાન્ત આરામચેરપર પડે પડે કંઇક પુસ્તકનાં પાનાં ઉથલાવતો હતો. એના જીવને થતું હતું કે: પિયર જાય એનું કંઇ નહિ પણ ઍરિંગ કાઢી આપતી જાય એટલે પત્યું: નહિ તો પછી આપણે માગવાં પડશે. આ પ્રમાણે ઘાટ

ઘડતો હતો ત્યાં રતિસુન્દરીએ એની પોતાની મેળેજ "લ્યો ત્યારે વ્હાલા! ઍરિંગ કાડી આપુંને?" કહી પતિ સ્હામે જોઇને કાડી આપ્યાં અને "જઉં છું" કહીને પિયરમંદિરનો રસ્તો લીધો.

રતિકાન્ત એટલીજ રાહ જોઇ રહ્યો હતો. રતિસુન્દરી ગઇ એટલે પોતે પણ કપડાં પહેરીને રોજના નિયમ પ્રમાણે શૅરહૉલની ખબર લેવા ચાલતી પકડી. વચમાં રસ્તે જતાં એવાજ એક ઉઠાઉગીર કાડીઆવાડી સોનીની પાસે કલાક બેસીને ઍરિંગ વગેરે જેવાં જોઇએ એવાં કરાવી લીધાં અને એજ નમુના પ્રમાણે એવી એક નકલી જોડ બનાવી આપવાનો ઑર્ડર આપ્યો. ઉઠતાં ઉઠતાં ભાર દઇને કહ્યું કે: "રૂપિઓ વધારે થાય તો ફીકર નહિ પણ તેનું વજન, સાઇઝ, ઘાટ વગેરેમાં જરી પણ ફેર ન પડે." સોનીએ પણ "વાંધો ન મળે" કહીને પાછું ઉંધું ઘાલ્યું.

રતિકાન્તના નસિબે કે કમનસિબે સોનીની દુકાન વટાવીને બે ડગલાં આગળ જતાંજ સ્હામેથી પવિત્રી આવતી નજરે ચડી. રતિકાન્ત એક સ્થળે ઉભો રહ્યો, અને પાકીટ ઉઘાડી અંદરથી ઍરિંગ કાડી આગળ ધર્યાં. તડકામાં તાજાં ચળકતાં ઍરિંગ પવિત્રીની દ્રષ્ટિએ ચડ્યાં. પછી શું પૂછવું? નથી કહ્યું કે: सर्वेगुणा काञ्चनमाश्रयन्ते એ સર્વ અનર્થકારિણી લક્ષ્મી, કહો કે: માયા જોઇને પવિત્રીનું મ્હોં મલકાઈ ગયું. સમજો કે: જગતને અંધ ગણતાં આ કામાંધ માનવપશુઓએ રાજમાર્ગમાં ખરે બપોરે આપ-લે કરી કૃતાર્થતા અનુભવી.

એંઠીચાટના ભૂખ્યાએ પત્નિનાં ઍરિંગ પવિત્રીને આપી **વચન પાળ્યું**, પણ નિર્ભાગી ન સમજ્યો કે: આ જમાનામાં ઘરની ન ગાંઠે તો પરનીના શા આશરા? ગમે તેમ પણ વચન પાળ્યું એ કંઈ જેવી તેવી વાત છે?

ચતુર્થ પરિચ્છેદ

પ્રિતમનું પ્રયાણ.

સંસારમાં સંતોષ માનીને બેસી રહેનાર માણસોથી આ સંસારમાં પોતાનું કે સંસારનું કંઇજ ઇષ્ટ સધાયું નથી. પોતાના અભ્યૂદયની આકાંક્ષાવાળાં મનુષ્યોએ નપુંસકતાની બ્હેન સંતોષવૃત્તિને વળાવી પોતાના કલ્યાણ–સાધનને માટે કટિબદ્ધ થઇ પોતાનું લક્ષ્ય સાધવા પાછળ તન, મન અને ધનની માટી બનાવી મૂકવી જોઇએ. અર્થાત્ તેને સંભાળનારાં માણસો જગત્માં આગળ નથી વધ્યાં, એમ ઇતિહાસ કહે છે. તેથીજ કહ્યું છે કે: તન, મન અને ધનના બલિદાનને અંતેજ અભિષ્ટસિદ્ધિ રહેલી છે. સંતોષીને તો કંઈ કરવા કારવવાપણું રહેતુંજ નથી. તે તો પ્રભુઇચ્છા ને પ્રારબ્ધનેજ માનનારા, જે મીઠું ને રોટલો મળ્યો કે મળે તેથીજ તૃપ્ત થનારા છે, પરન્તુ વસ્તુ-સ્થિતિ જોતાં એવાં મનુષ્યોને માટે આ જમાનામાં સ્થાન છે કે કેમ? એવી સંતોષવૃત્તિ સંસારી–ગૃહસ્થાશ્રમી જનોને શોભે એમ છે કે કેમ? એથી સ્વ–પરનું કંઇ દળદર ફીટી શકે છે કે કેમ? એ વિચારવા જેવો પ્રશ્ન થઈ પડે છે. ગમે તેમ પણ પ્રાણીમાત્રના કલ્યાણનુંજ નિરંતર ચિન્તન કરનાર મહાત્માઓ તો કહી ગયા છે કે:–

ગો ધન ગજ ધન વાજી ધન ઔર રતન ધન ખાન;
જબ મીલે સંતોષ–ધન સબ ધન ધૂલ સમાન.

ઘડીભર માની લ્યો કે, એ સંતોષધન તો મહાત્માઓનુંજ છે, બાકી સંસારિઓ એ ધન ઉપર દૃષ્ટિ રાખીને બેસી રહે, તો સંસાર

વ્યવહાર ચલાવવાના મહા સાંસા પડી જાય, બૈરાં છોકરાંને અનાથાશ્રમમાં કે પછી સિદ્ધપુરના બ્રહ્મચર્યાશ્રમમાં વળાવવાં પડે, એથીજ એ સંતોષ ધનના જેઓ અધિકારી હોય તેમને એ ધન સોંપી ઉત્કર્ષની અભિલાષાવાળાં મનુષ્યોએ સઘળી વાત કોરાણે મુકીને કર્મ–માર્ગમાં અગ્રસર થવું જોઇએ. પરિણામે લાભ કે હાનિ એ પ્રભુના હાથની વાત છે, પણ એતો स्वकार्यं साधयेत् धीमान्।

પિતાના મરી ગયા બાદ પાર્વતિશંકરે પિતાનું બેચાર હજારનું દેવું પતાવ્યું, જ્ઞાતિના રિવાજ પ્રમાણે બ્રહ્મભોજન, પુણ્યદાન વગેરેમાં સારૂં ખર્ચ કર્યું, બાદ એક બ્હેનને પરણાવી તેમાં પણ હજાર પંદર-સોનું આધણ મૂકયું, તે ઉપરાંત સુખેદુઃખે ઓછીવત્તી કરકસર કરીને પ્રિતમને તેની પોતાની ઇચ્છાનુસાર B. A. સુધી અભ્યાસ કરાવ્યો અને પ્રિતમની ઇચ્છાએ કે અનિચ્છાએ તેનાં લગ્ન કર્યા એ તો જૂદું.

પાર્વતિશંકરના પિતા અમદાવાદના એક શ્રીમંત કુટુંબમાં ન્હાનપણથી મુનમગીરી કરતા હતા. તેમનુ અવસાન થયા બાદ પાર્વતિ-શંકર નોકરી કરી શકે એવા ઉમરલાયક હોવાથી સહૃદય શેઠાણીએ એ નવયુવાન પાર્વતિશંકરને તેના બાપની જગ્યાએ રાખવાને શેઠને ભલામણ કરી, અને પાર્વતિશંકરે પોતાના પિતાની જગ્યા સંભાળી લીધી, અને માલિકની મહેરબાનીથી પાંચસાત વરસ જેટલા ટૂંક સમયમાં ઉપર કહ્યું તે મુજબ દેવાદાર સ્થિતિમાંથી મૂક્ત થઇ, ન્યાતજાતમાં, પોળપાડામાં પોતાના કુટુંબની પ્રતિષ્ટા વધારી. તેની સૌમ્ય અને શાન્ત પ્રકૃતિ, તેનાં શિલ અને સંતોષવૃત્તિની તો બલીહારીજ !

પાર્વતિશંકરની ઇચ્છા હતી કેઃ B. A. પાસ કરાવીને પ્રિતમને પોતાના શેઠની એક મીલમાં સેક્રેટરી કે મેનેજરનું કામ શીખવા મૂકી-દેવો, અને એ સબંધમાં એણે અગાઉથીજ ઘટતી વ્યવસ્થા કરી હતી,

અને તક મળે શેઠને કાને વાત નાખી હતી, ને સાથે શેઠે પણ "એને માટે જરીકે ફીકર ન કરીશ" કહી આશ્વાસન આપ્યું હતું, પરન્તુ B.A. પાસ થયા બાદ પ્રિતમની મહત્વાકાંક્ષા પણ વધી, અને પાર્વતિશંકરે ઘણું કહ્યું છતાં તેણે મુંબાઇમાં રહી સોલિસિટરનો અભ્યાસ કરવાનો પોતાનો અડગ નિશ્ચય જાહેર કર્યો. પાર્વતિશંકરે મુંબાઇનો ખર્ચ અને તેમાંય પોતાની સામાન્ય સ્થિતિનો કંઇક ખ્યાલ આપી, છેવટે મુંબાઇના પાણીની બાબત આગળ લાવીને તેને ઘણું સમજાવ્યું; પણ પ્રિતમ એકનો બે ન થયો. તેણે તો ઉલટું કહી નાંખ્યું કેઃ "મોટાભાઇ ! આમે તમે દુઃખ વેઠ્યું છે તો થોડું વધારે વેઠી લ્યો; પરન્તુ મ્હને મ્હારા સંકલ્પથી ચળવાનું ન કહો, એ વગર આપણો ઉદ્ધાર નથી. જો તમને એમજ હોયતો મ્હારૂં ત્યાંનું ખર્ચ હું મ્હારી મેળે ગમેતેમ કરીને કાઢીશ, તમને જરીકે ભારે નહિ પડું."

એકજ ઇંદ્રિયના જ્ઞાન વાળા, જક્કી સ્વભાવના પ્રિતમને સમજાવવાનુ માંડી વાળી પાર્વતિશંકરે પ્રિતમને મુંબાઇ જવાની અનુમતી આપી, રોજના કરતાં વ્હેલાવ્હેલા જમી પરવારી પાર્વતિશંકર કામગીરી ઉપર ચાલ્યા ગયા. જઇને પાર્વતિશંકરે પ્રથમ તો સમય સાધીને પોતાની સ્થિતિ અને પ્રિતમનો સંકલ્પ બન્ને શેઠાણીને જણાવી દીધાં. શેઠાણીએ એ સબંધમાં નચિન્ત રહેવાનું કહી પ્રિતમને બેલાશક મુંબાઇ મોકલવાને અનુમતિ આપી, તેને અભ્યાસ કરતાં જે કંઇ ખર્ચ આવે તે શેઠાણીએ શેઠને કહીને અપાવવાનું અને શેઠ આનાકાની કરે તો પોતે આપવાનું માથે રાખ્યું.

શેઠને આવવાનો સમય થયો જાણી પાર્વતિશંકર બેઠા હતા ત્યાંથી રજા લઈ ઉભા થવા જતા હતા, ત્યાં શેઠ એ સ્થાનમાં આવી પહોંચ્યા. શેઠે પાઘડી અને ખેસ ઉતારતાં પ્રશ્ન કર્યોઃ "કેમ, પાર્વતિ-

શંકર શા સમાચાર છે?" પાર્વતિશંકર જવાબ આપે એ પહેલાં શેઠાણીએ બધી વાત કહી નાંખી. શેઠે લેશપણ આનાકાની વગર શેઠાણીની ઇચ્છાને માન આપ્યું, અને વધારામાં, પોતાની મુંબાઈ ખાતેની પેઢીએ તેને સારીરીતે રહેવા ખાવાનુ પણ જણાવી દીધુ. પાર્વતિશંકર માથું નમાવી ઉપકાર માનતા પ્રણામ કરીને, રજા લઉં છું કહી ત્યાંથી નીકળી પોતાના કામ પર લાગ્યા.

સાંજ પડી અને પાર્વતિશંકર ઘેર આવ્યા. ઘેર આવીને પ્રિતમને બધી હકિકત સમજાવી. પ્રિતમ પ્રસન્ન થયો અને આ પળથીજ એ મુંબાઇ જવાની સઘળી તૈયારીઓ કરવા લાગ્યો.

ઠરાવેલો દિવસ આવી પહોંચ્યો. પ્રિતમ આજ સ્હવારથી જરીકે પગવાળીને બેઠો નથી. બપોરના બાર વાગ્યા સુધી સ્નેહી–સબંધીને મળવાનો પાર ન આવ્યો. એક વાગે ઘેર આવીને પ્રિતમે રધવાયાની માફક જમી લીધું અને બેડીંગ, પુસ્તકો, કપડાં વગેરેની ઘટતી વ્યવસ્થા કરી લીધી. જોતજોતામાં ચાર વાગ્યા એટલે પ્રિતમ સીટી ઑફીસે ટીકીટ લેવા પહોંચી ગયો. રસ્તે જતાં વચમાં કાન્તનો ભેટો થયો. મનમાં ઘણુંય થયું કે: મ્હારા એક વખતના પરમ સ્નેહીને ચાલ બોલાવું, પણ બીજી જ પળે તેના વિચાર પલટાયા તેનો ચ્હેરો બદલાઈ ગયો, તેણે કાન્ત સ્હામેથી દ્રષ્ટિ ફેરવી દીધી અને કોણ જાણે શું કે: જોયું ન જોયું કરીને ચાલવાજ માંડયું. પ્રિતમના અંતઃકરણમાં જે ભૂત ભરાયું છે તે કાન્તની જાણ બ્હાર નથી અને તેથીજ તેણે પોતે પણ સમયને માન આપી વ્યર્થ બોલાવી અપમાન સહન કરવા કરતાં તેને દૂરથી કુશળ જોઇનેજ સંતોષ માનવાનું સ્વીકાર્યું છે. તેને પણ પ્રિતમના આજના મુંબાઈ જવાના સમાચાર મળી ગયા છે.

બરાબર પાંચનો સમય થતાં શેઠની મોટર સહિત પાર્વતિશંકર

આવી પહોંચ્યા. પ્રિતમ તૈયારજ હતો. ભાગ્યવતીભાભીએ પ્રિતમને ચાંલ્લો કરી હાથમાં શ્રીફળ આપ્યું. ભાભીના સદ્ભાવથી પ્રિતમનું હૃદય ભરાઈ આવ્યું એટલે નજર ફેરવી "ભાભી ચાલો હવે વખત થઇ ગયો છે," કહીને ચાલવા માંડયું. ઘરમાંથી નિકળતાંજ સાસરેથી ભાઇને સ્ટેશનપર વળાવા આવતી પ્રિતમની ન્હાની બ્હેન સુન્દર સ્હામે મળી, તેનાંજ શુકન લઇને, બ્હેનના હાથમાં બે રૂપિઆ આપીને પ્રિતમે ચાલવા માંડયું. પોળના નાકે આવીને મોટરમાં બેસી ગયો. પડોશી, સગાંવ્હાલાં પોળ સુધી આવીને "ભાઈ આવજો, હોંશિઆર રહેજો" કહેતાં રહ્યાં ને મોટર સ્ટેશન ભણી વળી.

ગાડી ઉપડવાને ફક્ત દસજ મિનિટની વાર હતી. ટીકીટ પણ કરાવેલીજ હતી. પાર્વતિશંકર પણ ઉતાવળા ઉતાવળા જતા કેઃ બેચાર પ્લેટફૉર્મ પાસ કરાવી લાવ્યા. સહુ અંદર દાખલ થયાં. પ્રિતમના બે ચાર મિત્રોએ અગાઉથી આવીને જગ્યા રોકી રાખી હતી. પ્રિતમે "ઠીક થયું ભાઈ" કહી મિત્રોને પ્રણામ કરીને ડબામાં જઈ સઘળો સામાન વ્યવસ્થિત ગોઠવી દીધો. સગાં સમ્બંધી ઈષ્ટમિત્રોએ પ્રિતમની ફતેહ અને આરોગ્ય ઈચ્છયાં. પ્રિતમે સહુનો આભાર માન્યો ને વિસલ થઈ. ગાડીમાં સ્થાન લઇ, પ્રિતમ બ્હારીમાંથી ડોકું બ્હાર કાડી સહુને હાસ્યભરિતવદને માથું હલાવતો, બોલાવતો, સ્ટેશનપર વળાવા આવનાર સહુ તરફ કૃતજ્ઞતા પ્રકટ કરતો રહ્યો. ટ્રેઇન ચાલવા માંડી. આવજો, પત્ર લખજો, કહેતાં સહુ ગાડીથી છેટે ઉભાં રહ્યાં, ત્યાં વચમાંજ પુષ્પ-માળ સહિત કાન્ત આવી પહોંચ્યો. સ્વમાનની સ્પૃહા ન રાખતાં કાન્તે આવીને ચાલતી ગાડીએ અંતઃકરણની સુભેચ્છાપૂર્વક પ્રિતમના ગળામાં હાર પેરાવી દીધો. છતાં પ્રિતમે તેના સ્હામે પણ ન જોયું! એ જોઇ સહુ આશ્ચર્ય પામી ગયાં, અને પાર્વતિશંકરથી વાહ વાહ! કહેવાઇ ગયું.

ગાડી ધીમેધીમે અદ્રષ્ય થતી ગઇ અને સહુ ઘર તરફ વળ્યાં. ગમે તેમ પણ નિજકર્તવ્યપાલનથી કાન્તના આત્માને શાન્તિ-સંતોષ વળ્યો પણ પ્રિતમે તો તેના સ્હામું પણ ન જોયું તેનું કેમ ?

પંચમ પરિચ્છેદ

પતિમંદિરે.

अनालोच्य व्ययं कर्ता निर्दोषः कलहाप्रियः ।

आतुरः सर्वक्षेत्रेषु नरं शीघ्रं विनश्यति ॥

જોયા વગર નિજ ઉપજ, જે કરનાર છે વ્યય આકરો,
સૌ જાતિની સ્ત્રી સાથ છે, રતિભોગ કરવા બ્હાવરો:
જે જગતમાં નિર્દોષ ને, વળી ક્લેશ અતિ દેનાર છે,
નિ:શંક એવા નર તણો, તત્કાળ નાશ થનાર છે.

આજ અણપૂછ્યું મુહૂર્ત સંસારિઓ જેને કહે છે એવી વસંત-પંચમીનું મંગળ પ્રભાત છે. આજ રમણીકુળઆદર્શ સૌભાગ્યવતી લક્ષ્મીનો આત્મા આનંદસાગરમાં નૃત્ય કરે છે. આજતો સ્હવારના ચાર વાગ્યાની ઉઠીને કંઇક ગડભાંજ કરી રહી છે. પોતે નાહી ધોઇ, પૂરા બે માસ પણ માનો કે નથી થયા એવડી કાચની પૂતળી જેવી પુત્રીને પણ ન્હવરાવી સારી રીતે કપડાં લત્તાં પહેરાવી શણગારી દીધી છે. પોતે પણ પવિત્ર સાત્વિક ભાવનાવાળી સ્ત્રીઓને છાજે એવાં વસ્ત્રાભૂષણ પહેરી સાસરે સંચરવાની શુભ ઘડીની રાહ જોઇ રહી છે. જોતજોતામાં બરાબર આઠ સાડાઆઠનો અમલ

થયો અને લક્ષ્મીની દેરાણી આવી પહોંચી. બચુબ્હેન ક્યાં? કહેતી કે મદયન્તિકા માળ પર ચડી ગઇ અને ઉંઘતી બચુને ઉપાડી લાવી અને કેમ હવે કેટલી વાર છે કહેતી કેઃ ઉભી રહી. મદયન્તિકાને શી ખબર કેઃ લક્ષ્મીને વાર છે કે એને આવતાં જ વાર થઇ! એણે બિચારીએ સ્હવારના ચારથી તે આ આઠ સાડાઆઠ થવા આવ્યા, એટલો લાંબો વખત કેવી રીતે ગાળ્યો હશે એનું એને કંઇ ભાન હશે? અરે એણે તો કંઇ કંઇ કલ્પનાઓ કરી લીધી! લાવ્યને, એમને તેડવા મોકલવું હશે તો મોકલશે એમને ફાવે ત્યારે, હું મ્હારી મેળે ભગવાનનું નામ લઇને ચાલતી થઉં! પતિદર્શન-મિલનની આકૂળતા જ એવી છે. એતો જેણે એ વિયોગનું દુઃખ અનુભવ્યું છે, જેમને એક વખત એ વિયોગવ્યાધી થયો હોય એમનેજ એની ગમ પડે. સંસ્કારી-વિદ્વાન પતિની એવીજ સંસ્કારિણી પત્નીના મનોવિચાર અને કલ્પનાશક્તિનો ખ્યાલ વાંચક બંધુભગિનીમાંથી કોઇને ન આવે તો મદયન્તિકાનું શું ગજું?

"ના કંઇએ વાર નથી" કહી લક્ષ્મીએ શિવપૂજા કરતી જનેતાને "બા જઉં છું" કહીને હાંક મારી. શિવપૂજા કરતાં કરતાં વાત્સલ્ય ભાવને વશ થએલી માતા ઉતાવળે ઉતાવળે નીચે આવી. લક્ષ્મી માતાના પગમાં પડી. માતાએ પુત્રી અને ન્હાની બચુડીના માથે હાથ મૂકી આશિષ આપી. વ્હાલસોઇ બચુને એક ચુમ્બન કર્યું. શુભ શુકન જોઇને લક્ષ્મીએ પિયરથી પતિમંદિર તરફ પ્રયાણ કર્યું.

કન્યારત્ન સહિત લક્ષ્મી સાસરે આવી પહોંચી. કુટુંબીજનો અને પડોશની સમવયસ્ક યુવતિઓ અને આધેડ સ્ત્રીઓએ "આવ્યાં કે, ભલે આવ્યાં" વગેરે શબ્દોથી હરખભર્યો આવકાર આપ્યો. ઘરમાં પ્રવેશ કરતાંજ વરસાદની માફક ફૂળવધુની રાહ જોઈ રહેલા ભગવત-પ્રસાદે "આવી બેટા, લાવ્ય મ્હારી છોકરીને લાવ્ય" કહીને બચુને

માગી લીધી, અને પ્રસન્નચિત્તે જોઇને: "બેટા! જીવતી રહેજે, સૌ વરસની થજે' કહીને માથે હાથ ફેરવ્યો, અને "અલી એ! લે ત્હારી છોકરી" કહીને ભગવતીને બચુ આપી પોતે કંઇક કાર્ય પ્રસંગે બહાર ગયા. વચમાં જ ભગવતીએ કહ્યું: "જાઓ છો ત્યારે આપણા પેલા કૃષ્ણુલાલને મોકલોને એ એમની મેળે પૂજા વગેરે કરાવી જશે."

ભલા દિલનો કૃષ્ણુલાલ આવી પહોંચ્યો. ભગવતીએ કહ્યું: "ભાઇ! જરીક ગોત્રજને બે કંકુના છાંટા નખાવોને, તમારાં ભોજાઇ આજ છોકરી લઇને આવ્યાં છે." કૃષ્ણુલાલે ભગવતપ્રસાદના કૂળાચાર પ્રમાણે ગોત્રજને કંકુના છાંટા નખાવી, માતા–પુત્રીને ચાંલ્લા કરી–આશિર્વાદ આપી, પૈસો સોપારી લઇને હસતે મ્હોડે રજા લીધી. બાદ જમવાનો સમય થયો હોવાથી ઘરનાં સહુએ એક પછી એક જમી લીધું. ભગવતપ્રસાદને આજ શનિપ્રદોષ હોવાથી તેમને માટે કોઇએ જમવાની રાહ ન જોઈ. પણ કાન્ત?

લક્ષ્મીએ આવીને બચુ ભગવતપ્રસાદને સોંપી. પોતે પોતાની મેળે ઇષ્ટને વંદન કરી એ સ્થાનમાં કોઇ ન હોવાથી કેવળ પતિદર્શનની વાંચ્છનાએ—

સાધી યોગ સીધી સરિતવત એ પતિમંદિરે ગઇ, ઠરી!
સૂનાં મંદિર સ્નેહનાં રડી રહ્યાં બાળા બની બ્હાવરી.

પતિમંદિરે કહો કે: પતિદર્શન અર્થે પતિના એકાન્તવાસમાં ઉતાવળી ઉમંગભરી ગઇ, પણ પતિદેવ ત્યાં ન્હોતા. કદાચ કંઈક કામે ગયા હશે સમજીને આમ તેમ દ્રષ્ટિ ફેરવતાં ટેબલ પર પડેલા એક કાર્ડ તરફ નજર પડી. એ કાર્ડ વાંચતાંજ લક્ષ્મી "ઠરી ગઈ!" એ "સ્નેહમંદિર" પણ સમજો કે: આ વ્યાકૂળ લક્ષ્મીને જોઇને પોતે પણ

નિસ્તેજ–રડતું હોય એમ જણાવા લાગ્યું. "વાહ, પ્રભુ!" કહીને અસ્થિર ચિત્તવાળી લક્ષ્મી આરામચેર પર બેસી ગઇ! તેણે પુનઃ એક વખત કાગળ વાંચવો શરૂ કર્યો:—

પૂજ્ય પિતાશ્રી! સેવામાં. વડોદરા. સુરસાગર પાસે. તા.—

વિ. હું સઘળું કામ આટોપી એક બે દિવસમાં એ તરફ આવીશ. મ્હારૂં શરીર સારૂં છે. ત્યાં સર્વ કુશળ હશે. સર્વને યથોચિત.

આજ્ઞાંકિત્ **કાન્ત.**

કાગળ વાંચીને પાછો હતો ત્યાં મૂકી દીધો. કદાચ આજ આવી જાય એ આશાએ તેના આત્માને ધીરજ આપી. એટલામાં "લક્ષ્મી" કહીને કોઇએ હાંક મારી એટલે લક્ષ્મી નીચે પહોંચી ગઇ.

કંઇક યુગના યુગ એમને એમ ચાલ્યા ગયા, તો સ્હવારની સાંજ થવી એમાં તે શું? એતો માયીક જીવોને, સંસારી આત્માઓને ઘડીભર એમ લાગે પણ કાળ–સમયતો એનું કાર્ય કર્યાજ કરે છે. હા, ના કરતાં કરતાં જોત જોતામાં સાયંકાળ થયો. ભગવતપ્રસાદ ઑફીસેથી આવીને ખાઇ લીધું એટલે ઘરનાં દરેક વાર કર્યા વગર એક પછી એક વાળુ કરી લીધુ અને કામકાજથી પરવારી બધાં એકઠાં મળીને બે ઘડી બેઠાં. વચમાંજ ભગવતપ્રસાદે વાત કાઢી: "આજ કંઇ ભાઇનો કાગળ પત્ર છે કે કેમ?"

હમેશના સ્વભાવ મુજબ ભગવતીએ કહ્યું:"કાલતો કાગળ આવ્યો હતો, કે: એક બે દિવસમાં આવીશ, પછી શું કરવા નકામા બે પૈસા બગાડે? એતો આજ નહિ આવેતો કાલ આવશે."

"આજ નહિ આવેતો કાલ આવશે" એ સાંભળીને લક્ષ્મીના આત્માને કેટલું કષ્ટ થયું એ તો લક્ષ્મી જાણે કે કોઇ એવીજ બાજી

ગૃહલક્ષ્મી જાણે ! એ એની મેળે બીજી વાતચિત કર્યા વગર "લાવો ત્યારે નવેક તો થયા હશેને" કહી બચુને લઇ પોતાના શયનખંડમાં ગઇ. બચુને પારણામાં સુવાડી લક્ષ્મી પતિનું રટણ કરતી, બચુને હાલો ગાતી દોરી ખેંચવા લાગી. એમને એમ કલાક બેકલાક સુધી વિચારમાંને વિચારમાં દોરી ખેંચ્યા કરી. બચુ તો બિચારી ક્યારનીએ ઉંઘી ગઈ હતી, પણ લક્ષ્મીને ઉંઘ ક્યાંથી ? એજ પળે ટનટન્ કરતા ઘડીઆળમાં અગીઆરના ટકોરા થયા. આખર નિઃશ્વાસ મૂકીને લક્ષ્મી સૂવાનો વિચાર કરીને દિવો સહજ ઝાંખો કરવા જાય છે ત્યાં કોઇએ ઘરના બારણાની સાંકળ ખખડાવ્યાનો ને અવાજ આવ્યો: "એ બારણું ઉઘાડજો !"

"ઉભો રહે ભાઇ ! ઉઘાડું." એવો જવાબ આપીને "અલી એ ! ભાઇ આવ્યો." એવું ઘોરતી ભગવતીને કહીને ભગવત્પ્રસાદે નીચે ઉતરી "ભાઇ ! આવ્યો !" કહીને બારણું ઉઘાડયું. "અમણે સુધી ત્હારી રાહ જોઇને હવે નહિ આવે એમ સમજી બધાં સુઇ રહ્યાં. કેમ આટલું બધું મોડું કેમ? કયી ગાડીમાં આવ્યો ભાઇ !"

"આવત તો ફાસ્ટમાં પણ, આણંદ આપણો પેલો ડેપ્યૂટિ સ્ટેશનમાસ્તર ભાઇ પ્રાણજીવન છેને તેનો ભેટો થઇ ગયો. એણે આગ્રહ કરીને ઉતાર્યો અને કહ્યું કે: નિરાંતે જમી કરીને ગોધરા લોકલમાંજ જજોને, એટલામાં શું મોડું થઇ જાય છે, એટલે બેકલાક ત્યાં ઉતર્યો."

ઉપર રહે રહે ભગવતી પિતા-પુત્રની વાત સાંભળી રહી હતી. "જમીને આવ્યો છે" એટલી એના લાભની વાત એણે જાણી લીધી. નહિતો પાછું ઉઠીને ખાવા પિરસવુ વગેરે ગડમથલ તો ખરીજને ? ત્યાં લક્ષ્મીએ પૂછ્યું: "બા ! કોણ આવ્યું છે? " "એતો એ" કહીને ભગવતીએ પતાવ્યું. પુનઃ લક્ષ્મીએ પ્રશ્ન કર્યો : "ત્યારે ખાવા પિરસવું

પડશેને ? "એ સાંભળીને ભગવતીએ કહ્યું: " પિરસવું હોય ત્હોયે હું ક્યાં નથી ? અમને ચિન્તા નહિ હોય ? એતો આણંદ ઊતર્યો હશે તે જમી કરીને આવ્યો છે." આ પ્રમાણે સાસુવહુ વચ્ચે વાત થતી હતી ત્યાં કપડાં વગેરે ઉતારીને પિતા–પુત્ર ઉપર આવ્યા. "જા બેટા ! જા, સાડા અગીઆર થવા આવ્યા હશે, નિરાંતે સૂઇ રહો, એતો થશે સ્હવારે બધી વાતચિત. મ્હારી બચુડીએ આજ આવી છે. બધો પ્રભુનો માલ છે " કહીને ભગવતપ્રસાદ સૂઇ રહ્યા. અને કાન્ત પોતાના શયનભોવન તરફ વળ્યો.

પતિને આવતા જાણી લક્ષ્મી સ્હામે ચાલી આવી. ઉભય પતિ–પત્ની એક બીજાને જોઇને અતિ પ્રસન્ન થયાં. લક્ષ્મીને લાંબા સમયે પતિમિલન્ થવાથી હર્ષનાં આંસુ આવી ગયાં. તેણે કાન્તના ખભે માથું નાંખી દીધુ. કાન્તે તેને હૃદય સરસી ચાંપીને પૂછ્યું: " કુશળતો છો ને ? પ્રભુની મ્હારા પર કેટલી દયા કે: "આજ લક્ષ્મી મહાલક્ષ્મીને લઇને આવ્યાં ?"

"એ બધું ખરૂં ! પણ સ્વામી ? સૂનાં વૈકુંઠ ત્યાં એકલાં લક્ષ્મી કે મહાલક્ષ્મી શોભતાં હશે ? સમસ્ત વિશ્વની ગતિ વૈકુંઠપતિ વગર નથી તો પછી કહો જોઇએ: લક્ષ્મી અને મહાલક્ષ્મી બધાંય વિશ્વમાં તો ખરાંજને ? " એ બધું ઠીક, પણ આ શરીર કેમ છેકજ આવું થઇ ગયું છે ? "

" હોય, એતો શરીરજ છે પછી શું કહેવું ?" બે દિવસ ઠીક રહે તો એક દિવસ સહજ બગડે એમાં થઇ પણ શું ગયું ? પણ પહેલાં તમે તો કહો એકવાર કે: તમારૂં શરીર કેમ આમ જાણે મંદવાડ માંથી ઉઠયાં હો એવાં ! સૂવાવડમાંથી ઉઠેલાં બૈરાં જોયાં છે કોઇ દહાડો ? કાન્તે સ્હામોજ પ્રશ્ન કર્યો.

" કહોને, આ પાંચ મહિનામાં એક કાગળ સરખો લખ્યો છે ? એક દહાડો પણ એમ થયુ કે: લાવ્ય ત્યારે જઇ આવું ? નથી જોતા લોકોને આ વ્હાણું વ્હાયુંને હેંડયા પહેલા નંબરની આલ્ફ બેલ કરવા ? તમારે એવું તો નથીને ? બાપ મરી જતાં હોઇએ ત્હોયે સ્હામુ ન જુવે તો આમતો વાતજ શી કરવી ? ગયાં ત્હારનો રોયો જીવ અહીં નો અહીં ! મહામહેનતે મન વાળતાં હઇએ ત્યાં લોક સાળાં કોઇ કંઇ વાત લાવે અને કોઇ કંઇ વાત કહે."

"હાહા, પણ લોકો વાત કરે એમાં તમારૂં શું ગયું ? નીતિ વિવેકને વળાવે તેઓ ગમે તેમ ભસે, મ્હોતને-ભગવાનને ભૂલે તેઓ ચાહે તે કરે, પછી આપણે વ્યર્થ વલોપાત કરવાનું કંઇ કારણ ? પ્રાણી-માત્રને અદ્રશ્યસત્તા કર્મફળ આપે છે અને આપશે. માણસ જેટલો પ્રભુપરની શ્રદ્ધા ચૂકે છે એટલોજ દુ:ખી થાય છે. આપણે પ્રભુપરની શ્રદ્ધા ચૂકયાં તે દિવસે આપણે પણ દુ:ખી થઇશું, એ જરૂર યાદ રાખજો. તમે શ્રદ્ધા ચૂકયાં તેથીજ તમને દુ:ખ થયુંને ? સંસારનાં તમામ કાર્ય મર્ણથી નાશ પામનાર પામર મનુષ્યોનો ભય રાખ્યા વગર પરમાત્માનો ભય રાખીને કરે જનાર માણસ અનંત કાળે સુખીજ થાય છે. હું હું કરીને મદમાં છકી જઇને ફરનારાં માણસોનું મ્હોત એક દિવસ પશુને મ્હોતે થવાનું. ભગવાન રામકૃષ્ણ પરમહંસે કહ્યું છે કે: બકરો જે આવ્યું તે ખાઇને, ગમ વગર મેંમેં અર્થાત્ હું હું કરીને ફરે છે એ કસાઇની દાઢમાં વ્હેલો આવે છે અને એના ગળા પર છરી ફરે છે. વિવેક વિચારને વળાવી બેઠેલાં, મ્હોતને ભૂલી જઇ જે આવ્યું તેનું હોઇયાં કરવાની લાલસાવાળાં, મોહમમતમાં ફાટી ગયેલાં, હુંપદમાં છકી જઇ છાતી કાડીને ધરતી ધ્રુજાવનારાંને કયાં ખબર છે કે: "હે, ઇશ્વર ! તુંહિ ! તુંહિ !" કહેવામાંજ કલ્યાણ

છે. મેંઢાની માફક હું-મેં કરનાર કાળ-કસાઇના હાથે બેમ્હોત મરવાના એ સિદ્ધાન્ત વાત છે, પછી વ્યર્થ પીડા શા માટે ? કાન્તે લક્ષ્મીના વ્યાકૂળઆત્માને વચનામૃતથી શીતળ કર્યો.

લક્ષ્મી: નાથ ! એ બધું ખરૂં, તો આપને એની કેમ અસર થઇ છે ? આપનુ શરીર લેવાવાનું કારણ ?

કાન્ત: "પ્રિયે ! ગમે તેમ હોય હું પણ તમારા જેવો માયીક જીવ તો ખરોજ ને ? સ્વાભાવિક રીતે ચેતનમાં લાગણી તો સંભવેજ, પણ આવી તમારા જેવી વ્યાકૂળતા નહિ. તમે ખાત્રી રાખજો કે: ગમે તેવા સંયોગોમાં મ્હારૂં ચિત્ત એટલું બધું અસ્થિર તમે નહિ જુવો; એને અર્થે તો નિરંતર હું પ્રભુ પાસે એજ યાચના કરતો રહું છું. મનની-ચિત્તની સ્થિરતા એ મ્હારી નમ્ર યાચના છે. સાંભળો ! અમણેજ એક પ્રાર્થના બનાવી છે. લાવો જોઇએ, પેલી વીણા લાવો જોઇએ !"

લક્ષ્મીએ તરતજ નજીકના ખુણામાંથી વીણા લાવીને પતિને આપી. સૂર મેળવીને કાન્તે પ્રિયતમાના સમિપ પોતાના આદર્શ રજુ કરવા માંડ્યા, પોતાના ઇષ્ટ-ઉપાસ્યની સ્હામે પોતાનું હૃદય ખાલી કરવા માંડ્યું:—

શરણ કોને જઉંરે,
કહો, પ્રિય ! ક્યાં જઉંરે. શરણ૦

તારણતરણ ઉદ્ધારણ સ્વામી, વિશ્વપતિ વિશ્વાન્તરયામી;
શિઘ્ર બતાવો સ્વામી બિરદ બહુ થયુંરે-
હવે તો બહુ થયુંરે. શરણ૦

પાપી પુરો છું પ્રાણ પ્રભુ હું, છેક અધમ અપરાધી વિભુ છું;
પ્રાણપણે ગુરૂ રાખો તેમ સદા રહું રે. શરણ૦

વિશ્વંભર છો વિશ્વનિયંતા, નિર્માયક પાલક સંહર્તા;
ભવભય હરતા રહો એ વિણ હું શું ચહુંરે ? શરણ૦

કોણ અને કેવો છું પ્રભુજી, લેશ અજાણ નથી એ તુંથી;
તુંથી બગડશે બાજી બીજું શું કહુંરે–
હું બીજું શું કહુંરે. શરણ૦

સુખસંપત ના છો સંયોગો કે આવો સઘળા ભવ રોગો;
રોકો મન–મર્કટ જે નિત્ય ભટકી રહ્યુંરે– શરણ૦

વિશ્વ–વિમોહન રૂપ બતાવો, શ્યામ! ચરણમાં પ્રાણ સમાવો;
દાન કરો તવ દર્શનહિત કાયા દહુંરે– શરણ૦

પ્રાર્થના કરતાં કરતાં કાન્તનું હૃદય ભરાઇ આવ્યું, તેની આંખમાંથી અશ્રુ પ્રવાહ વહેવા લાગ્યો. એણે પુનઃ પુનઃ ગાયું:–

વિશ્વ–વિમોહન રૂપ બતાવો, શ્યામ! ચરણમાં પ્રાણ સમાવો;
દાન કરો તવ દર્શનહિત કાયા દહુંરે– શરણ૦

પ્રાર્થના સાંભળીને લક્ષ્મી સ્તબ્ધ થઇ ગઇ. અમૃતના વરસાદમાં નેહ ભરીને સ્નાન કરનાર આત્મા જેવી શાન્તિ અનુભવે એવી તેના આત્માને શાન્તિ થઈ! તેને થઇ આવ્યું "વાહવાહ ! ખોટું કહ્યું છે ?"

સુખ–દુઃખના છોને સંયોગો, કે આવે સઘળા ભવ રોગો;
રોકો મન–મર્કટ જે નિત્ય ભટકી રહ્યુંરે– શરણ૦

ઘડીભર એ સ્થાનમાં અપૂર્વ શાન્તિ પ્રસરી રહી. એ દિવ્યશાન્તિનો ભંગ કરતાં લક્ષ્મીએ કહ્યું: "ના ના, આપણે આપણી મેળે આપણું કરીને બેસી રહેવું. નકામી પારકી પીડામાં પડીએ તો સારૂ ખોટું કોઇ કહેને ? ગઈ કાલ મંગળા મ્હારે ત્યાં આવી તેણે મ્હને બધી

વાત કરી. એ પવિત્રીની સાથે આપણે જરીએ બોલવા ચાલવાનો સબંધ રાખ્યો તો એણે મન ફાવ્યું તેમ લોકને મ્હોડે વાત કરી ને ? ભોગ એના એનાં લક્ષણ એવાં તે ધણી બિચારો શું કરે, કે કોઇએ શું કરે ? મ્હેં તો સાંભળ્યું કે: હવે તો પ્રિતમ પણ એ દિવસના તમારાથી રીસાયા છે. આટઆટલું કર્યું તેનું કંઇ છે ! સાળા ગમવગરનાના વિશ્વાસ શા ? કાલ સ્હવારે ધણી ધણીઆણી એકઠાં થશે અને આપણે જૂદાં રહીશું."

કાન્ત: "પ્રિયતમા ! તમે નિરર્થક આ બધી ચિન્તા કરો છો ! મ્હેં હમેશાં એક વિશ્વાસુ મિત્ર તરીકે મ્હારો ધર્મ બજાવ્યો છે, એથી મ્હારા આત્માને શાન્તિ છે. સ્હામો ધર્મથી ભ્રષ્ટ થયો છે, એણે એનો ધર્મ બજાવ્યો છે કે કેમ એ જોવાનું મ્હારૂં કામ નથી. હું જાણું છું કે: પ્રિતમના હૃદયમાં આ લોકપણાથી મ્હારે માટે કોઇ પણ પ્રકારનો જબ્બર વ્હેમ ભરાયો છે, પણ તેથી મ્હને શું ! મ્હારી પવિત્રતા અને નિર્દોષતા જ સમયે બધું પૂરવાર કરી આપશે. એ સબંધમાં મ્હારા આત્માને શાન્તિ છે. એ મ્હારો મિત્ર હતો અને છે. મ્હેં આજ પર્યંત મિત્રધર્મ બજાવ્યો છે અને તેના અણીના વખતે એ મ્હારો સત્કાર કરે કે ન કરે, પણ હું તો મ્હારો ધર્મ બજાવીશ જ. તમે અવશ્ય યાદ રાખજો કે: એના અવિચારી સાહસનો, એણે મ્હારી તરફ જે તિરસ્કાર ભર્યું વર્તન અમણાં અમણાંનું ચલાવ્યું છે અને એ અધમાધમ સ્ત્રીને સંઘરવાનો મ્હારા સાંભળવા મુજબ તેણે નિશ્ચય કર્યો છે તેનું પરિણામ તેને ભોગવવાનો વારો એક દિવસ આવશે, તેને પૂરો પસ્તાવો થશે, તેનો સર્વથા નાશ થશે; એ છેલ્લી ક્ષણે હું નેક–પાક અને નિર્દોષ ઠરીશ એની મ્હારો અંતરાત્મા સાક્ષી પૂરે છે. મ્હારી અપકીર્તિ તરફ સહાનુભૂતિ બતાવીને એણે

નિરર્થક મ્હને નિર્દોષને–મ્હારા આત્માને જે કષ્ટ આપ્યું છે એ નિઃશંક એના પ્રત્યક્ષ નાશની નિશાની છે; એ હું પ્રત્યક્ષ જોઇ રહ્યો છું.”

લક્ષ્મીઃ “એ તો હાલમાં મુંબાઇ છે ને? મ્હેં સાંભળ્યું હતું કેઃ તમે વગર બોલાવે સ્ટેશન પર વળાવવા ગયા હતા?”

કાન્તઃ “હા હાલમાં એ ત્યાં જ છે. ખરી વાત છે. સ્નેહીને બોલાવવાં શાં? એ મ્હારો પરમ સ્નેહી હતો અને છે. હું એને સ્ટેશન પર વળાવવા ગયો હતો એટલું જ નહિ, મ્હેં જોયું અને હું જાણું છું એ મુજબ તો તેનો સત્કાર કરનાર હું એક જ હતો. મ્હેં એનો વિજય ઇચ્છ્યો હતો અને હજી ઇચ્છું છું.”

લક્ષ્મીઃ “અમણેનો કંઇ રતિકાન્ત ઠેકાણે આવ્યો જણાય છે. એટલે પવિત્રી પાછી કંઇક કરશે ખરી. અમણે અમણેની તો કંઇ કંઈ એની મા એને લઇને ફરે છે અને ભૂવા જતી કરે છે. એતો કરશે કંઈ પ્રિતમને. મ્હને વચમાં રતિસુન્દરી મળી હતી, એ બિચારીએ પણ કેટલું કરતી હતી. એણે જ કહ્યું કેઃ અમણેનું તો કંઇક ઠીક ચાલે છે. તમે પણ કોક કોક વખત ત્યાં જાઓ છો આવો છો ખરા. એ તો તમારાં બહુ વખાણ કરતી હતી. પણ અમણેનું કંઇ રતિકાન્તનું શરીર ઠીક નથી એમ કહેતી હતી.

કાન્તઃ “એ ઠેકાણે ન આવે તો ક્યાં જાય. પવિત્રી શું કરશે અને કરે છે એ મ્હારી જાણ બ્હાર નથી. એનું પરિણામ જે આવશે એ આપણે અને જગત જોઇશું. રતિસુન્દરી બિચારી શું જાણે? એને શી ગમ? આ અમણે જ બે દિવસ પર એ અભાગીઆએ એ રખડતી પવિત્રીને રસ્તા વચ્ચે ઍરિંગ આપ્યાં, એ સોની દુકાને બેઠો બેઠો જોતો હશે એણે જ “ભાઇશાબ કોઇને ન કહેશો” કહીને વાત કરી.

કંઈ મળતું નહિ હોય એટલે વચ્ચે જરીક તૂટ્યું હશે. હું કોક કોક વખત જઇને એ શુકન સંભળાવું છું એટલે રતિસુન્દરીનેએ ઠીક પડે છે. તેથી તેના આગ્રહને લીધે જ એ મ્હને બીજે ચોથે એના ન્હાના ભાઇને મ્હને બોલાવા મોકલે છે. એને ચારેક મહિનાથી જીરણ તાવ લાગુ પડ્યો છે. લોકો કહે છે ક્ષય થયો છે. પણ એવું કંઇ છે ખરૂં. આવક ન મળે અને આડું અવળું જોયા વગર ખર્ચ કરવું એ ક્યાંથી નભે? એટલે એ પણ ચિન્તા તો ખરીજને? એટલે હું તો હવે એ અવિચારી–વ્યભિચારીનો ઉઘાડી આંખે સત્વર નાશજ જોઇ રહ્યો છું.

અને બીજી આવી અનેક વાતો જે લક્ષ્મી–કાન્તના કાળજાને કોરી ખાતી હતી, તેનો આજે લાંબા વખતે એક પછી એક પતિ–પત્ની ઉકેલ કરતાં હતાં ત્યાં રાત બહુ જામી એટલે લક્ષ્મી ઉઠીને બચુને હિંચકો નાખવા ગઇ, અને એમ વાતોમાં ને વાતોમાં લગભગ એક દોઢ વાગવા આવ્યો જાણી બચુને પારણામાંથી બ્હાર કાઢી શય્યામાં પોતાની સાથે લીધી. કાન્તે ધારીને એક વખત બચુને જોઈ લીધી, અને ઉપરા ઉપરી તેને બચીઓ કરી, અને દંપતીએ શયન કર્યું. શયન કરતાં કરતાં લક્ષ્મીથી કહેવાઇ ગયું: "વ્હાલા! આશા પૂર્ણ ન થઇ, ગમે તેમ ત્હોય પથરો તે પથરોજને?"

કાન્તે ઠબકાના રૂપમાં કહ્યું: "હવે પછી એવું ન કહેશો. પહેલી તો લક્ષ્મીજ જોઇએ."

ષષ્ઠ પરિચ્છેદ

નૉટનો પ્લૉટ-વા-ભયંકર વજ્રપાત!

न दुर्जनः सज्जनतामुपैति। बहुप्रकारैः परिसेव्यमानः ॥
आमूलसिक्तः पयसा घृतेन। न निंबवृक्षो मधुरत्वमेति ॥

ક્રુર મતિ નિજ કેરી ત્યાગીને વિશ્વ માંહે,
દુરજન બહુ બોધે સાધુ નિશ્ચે ન થાએ;
ત્રણ ભવ સુધી નિત્યે લીંબના મૂળ માંહે,
ઘૃત, પય, મધ સિંચો તે નહિ મિષ્ટ થાએ.

આશાના અનંતપૂરમાં તણાતાં માનવપ્રાણીનાં સમસ્ત આયુષ્ય એમને એમ વહી ગયાં, પણ આશાઓ તો અધુરીની અધુરીજ રહી એ કોણ નથી જાણતું? નિત્ય નિરંજનનાં ધ્યાન ગાન કરવાનાં ચૂકી સુખ–શાન્તિ અને આનંદનાં ખાલી વળખાં મારવામાં કેટલોય કાળ ગાળી નાંખવા છતાં એનાં સ્વપ્નાં પણ ક્યાં? સંકલ્પવિકલ્પ કરવાનો માનવપ્રાણીને હક્ક છે. તે વગર બીજું તેના હાથમાં શું છે? જે મળવાનું, બનવાનું, અનુભવવાનું પ્રારબ્ધમાં નિર્માણ થયેલું છે એનો સંકલ્પ કરીએ કે ન કરીએ તો પણ એ કંઈ કોઈથી ટાળ્યું ટળે એમ નથી, એ જાણવા–માનવા છતાં માયા-પાશમાં સપડાયેલ ક્ષુદ્ર જીવ કોટિ કોટિ હવાઈ કિલ્લા ચણે છે, પણ તેથી શું વળ્યું? સંસારમાં દુઃખને માટે કોઈ વળખાં મારે છે કે–તેની કોઈ રાહ જુવે છે? ત્યારે સામાન્ય માન્યતા પ્રમાણે એ દુઃખના દિવસો જોવાનો વારો ફરી ફરી આવે છે તેનું કંઈ કારણ? જો દુઃખ

એની મેળે આવે છે: તો પછી સુખ કેમ નહિ આવે? તેનો નિરર્થક હડકવા કરી અનિત્ય સુખની એવી તુચ્છ આશાઓમાં મોંઘુ માનવ-જીવન ગાળવામાં શો સાર? એ દુર્લભ માનવજીવન પામી–તેને સફળ બનાવવાનો કોઇ સન્માર્ગ હાથ કરી નિજ કલ્યાણ–સાધન કરવું એ શું ખોટું છે૧?

સંસારસુખની પવિત્ર આશાએ જ્યારે જ્યારે તક મળી છે ત્યારે ત્યારે રતિસુંદરીએ રતિકાન્તને નીતિ–શિક્ષા સંભળાવવા પાછળ અથાગ પરિશ્રમ સહ્યો છે: તેનાજ પરિણામે તે આજ કેટલાક સમયથી શાન્તિથી આનંદસુધાસાગરમાં પોતાના ગૃહસ્થાશ્રમરૂપી નૌકા યથા-શક્તિ હંકારવા ભાગ્યશાળી નિવડી છે. પ્રિયતમાનો પવિત્ર પ્યાર અને તેણે કરેલા અનેક ઉપકાર રાતકાન્તને આડે રસ્તે જતાં અટકાવે છે, છતાં સમયપર રતિકાન્ત પોતાની પશુવૃત્તિને આધીન થતાં પત્નીના ઉપકારને વિસરી જઇ પવિત્રી તરફ આકર્ષાય છે, અને તેથીજ તેણે પવિત્રીને નૅાટ૨ લખી બોલાવી મંગાવી તેને સાંજના શિગ્રામમાં બેસાડી સહેલ કરવા ઉપડી ગયો હતો. પવિત્રી સાસરે પહોંચી ત્યાં તેની પૂરી ઝડતી લેવાણી તે વાંચકથી રજે અજાણ્યું નથી. પરન્તુ

---

૧ નિજકલ્યાણ–સાધન સાથે બ્રાહ્મણબાળકો–બ્રહ્મચારિઓની સેવા અર્થે કેવળ ત્યાગવૃત્તિથી અમે બ્રહ્મચારી માસિકપત્રના વ્યવસ્થાપક તરીકે સિદ્ધપુરના શ્રીગોપાળકૃષ્ણસનાતનબ્રહ્મચર્યાશ્રમમાં ગએલ., ત્યાં લગભગ એક વર્ષ જેટલા સમયમાં અમે કેટલું આત્મ–કલ્યાણ–સાધન કર્યું, અમે બ્રાહ્મણબાળકો–બ્રહ્મચારિઓનો શી સેવા કરી અને ત્યાંથી કેમ પાછા ફર્યા એ સબંધી એક ઉત્તમ પુસ્તક પ્રભુઇચ્છા તો સમયે પ્રકટ કરીશું.

લેખક.

૨ જુઓ લક્ષ્મી–કાન્ત ભાગ ૧ લો પૃષ્ઠ ૫૫.

એથી રતિકાન્તે શી લ્હાણુ લીધી એજ આ પ્રકરણમાં બતાવવાની અમે કંઇક ઉમેદ રાખીએ છીએ.

જુવો ! હમેશના નિયમ મુજબ આજ પણ રતિકાન્ત શેઠ જમી પરવારી પાન સોપારી ચાવતા એક સુન્દર કૅાચપર પડ્યા મૂછના વળ ચડાવે છે. બરાબર સાઠાસાતનો ટકોરો થતાં રતિસુન્દરી આવી પહોંચ્યાં. ભાઇએ પણ જરીક ટટાર થઇ આછું હાસ્ય કરતાં "પધારો, પધારો" કરી હાથ ખેંચી પત્નીને પોતાની સાથે કૅાચપર સ્થાન લેવા કહ્યું. ભલાદિલની આર્યબાળા ભોળા ભાવે હાસ્ય કરતી જતી કેઃ પતિના સૅાડમાં ભરાણી. તેને શી ખબર કેઃ આજ પતિરાજ પવિત્રીને સાથે લઇ શાહિબાગની સફર કરી આવ્યા છે! વિષય-તૃષ્ણાના હડકાયા ભૂતે જાણે પત્નીપર કેટલુંય વ્હાલ કેમ ન આવ્યું હોય એવી રીતે બળપૂર્વક-ભૂજબંધથી સખ્ત રીતે બાંધી તેને ઉપરા-ઉપરી બે ચાર પાંચ ચુંબન લઈ હાથ હલાવતાં પ્રશ્ન કર્યોઃ "સુન્દરી! જ્યારે ને ત્યારે સુધરો, સુધરો કહીને અમારૂં તો માથું પકવો છો, અને તમે કેમ નથી ઠેકાણે આવતાં કંઇ? કે પછી परोपदेशे पांडित्यम्? પારકાં છોકરાંનેજ જતી કરવાં છે?"

"અરે! પણ મને જરી છોડો તો ખરા, મારાં હાડકાંનોએ તમે તો ચૂરો કરી નાંખ્યો. જાઓ! તમે તો કંઇ વિચારે નથી કરતા. વ્હાલા! આવાં તે કંઇ વ્હાલ કહેવાતાં હશે કે? કહો, શું કહો છો? હું, હજી પણ તમે મ્હારી કિમ્મત નથી કરી શકયા કે? નાથ! મ્હારામાં આપ જે કંઇ અવગુણ હવે જોતા હો તે દયા લાવીને મને કહોને? આપ ક્યાં નથી જાણતા કેઃ સ્ત્રી જાત ક્ષુદ્ર-અજ્ઞાન છે? મ્હારો દોષ-અપરાધ હશે તે હું વગર આનાકાનીએ કબૂલ કરીશ-ભૂલ સુધારીશ." સુન્દરીએ આશ્ચર્યવશ થઇને પ્રેમાળ શબ્દોથી-

નમ્રતાપૂર્વક પતિદેવને કહ્યું.

"ત્યારે બીજું શું? દેવી! પાંચ પાંચ વાગ્યાના અમે તમારી રાહ જોતા ડાફેરાં મારીએ. લમણે હાથ મૂકીને બેસી રહીએ, અને થાકીએ ને રાત પડે એટલે રાણીનાં દર્શન થાય! હવેતો જરી વ્હેલાં આવવાની કૃપા કરોતો કંઈક ઠીક પડે, ઘડી નિરાંતે વાતચિત–આનંદવિનોદ તો થાય! હવે તો એ બધા તમારા અગાઉના નાજુકાઈના–અણસમજણના દિવસો ગયાને? વ્હાલી! હું ધારૂં છું કે: હજીય સાસરાને શૂળી માનનારી સ્ત્રીઓમાં તમે સમાઓ ખરાં! તમે આદર્શગૃહિણી ક્યારે થશો? મ્હને લાગે છે કે: હજીતો તમે આ ઘર પણ પૂરેપુરૂં નહિ જોયું હોય! કેમ? લ્યો! જોયું હોયતો કહો જોઈએ કે: પાછલા ત્રીજામાળને કેટલી બ્હારીઓ છે?" રતિકાન્તે પ્રશ્ન કર્યો.

સુન્દરી: "લ્યો! પણ પ્રભુ! હું આપણા ઘરની બ્હારીઓ નથી જાણુતી તેથી આપને નથી વ્હાતી એ કેટલું વિપરિત? અને તે પણ હવે જેમ જેમ સમજાશે તેમ તેમ બધુંય જણાશે."

રતિકાન્ત: "વ્યાજબી છે. આજતો સુન્દરી તમે ન્હાનાં ખરાંને? તમારે તમારા ઘરની બ્હારીઓ જાણીને શું કામ? ઠીક, પણ મ્હારૂંતો એમ કહેવું છે કે: નથી ને કદાચ આ ઘરમાં ન હોય તો આ ઘરના કામકાજનો ભાર તમારા માથેજ પડે ને? એનું પછી કેમ થાય? ગમે તેમ પણ હું તમને જેટલા પ્રેમથી ચાહું છું તેટલો પ્રેમ તમારો મ્હારા ઉપર નથી. સાચું કહેજો? કહો, તમારૂં દિલ તમને શું કહે છે?"

સુન્દરી: "નાથ! મ્હારે માટે તમે જે ધારો તે ખરૂં, પછી કંઈ? તમારાથી તો હું અજ્ઞાનજને? વ્હાવા અને સ્હેવાનું હજી આપે મને

ક્યાં સમજાવ્યું છે ? આપણું શાસ્ત્ર કહે છે કે: પતિજ સ્ત્રીના ગુરૂ છે. આપ એ બધી વિદ્યા કૃપા કરી ભાવપૂર્વક ભણાવશો ત્યારેને ? આપ મને વધારે ચાહો છો તે માટે આપનો આભાર–આપની દયા છે ને ? આજતો આપ મને જે કંઈ કહો તે પ્રમાણે વર્તી–કરી આપના પ્રેમનો બદલો આપની ઓછી વત્તી સેવા કરી વાળી આપું. એ વગર હું બીજું શું કરી શકું ? અને નાથ ! હજી ક્યાં વખત વહી ગયો છે ?"

રતિકાન્તઃ "સુન્દરી ! ખરાં ઉસ્તાદ ! એ બધું થશે તો ખરૂંજતો, પણ ક્યારે ? જુવો ! આપણાં લગ્ન થએ આજ કંઇ નહિતો લગભગ બારેક વર્ષ થવા આવ્યાં, અને તમે તો કહો છો કે: હજીતો મ્હારા ઘરની ત્રીજામાળની તમે બ્હારી પણ નથી જોઈ ! આ ઓછા આશ્ચર્યની વાત છે ?"

સુન્દરીઃ "હા, નાથ ! હા, આપણાં દેહલગ્નને તો મ્હારા ધારવા પ્રમાણે કદાચ બાર શીટીને પંદર વર્ષ થયાં હશે. પણ હું ધારૂં છું કે: આપની સાથે સ્નેહલગ્નથી સંધાયે પૂરા બાર માસ પણ નહિ થયા હોય. કેમ ? જવા દોને એ બધી ભૂતકાળની નિષ્પ્રયોજન કથાઓ યાદ કરીને આજ શું કામ છે ? આપ મ્હને હવે જે રસ્તે દોરી જશો એ રસ્તે હું આપની સાથે સાથે શાન્તિથી ચાલી આવીશ–અનુસરીશ, પછી ? સમજો કે: હું આપની સમક્ષ અમણાંજ પરણીને આવેલી અજાણી–અજ્ઞાન અબળા છું. હવે તો આપ કેવળ ક્ષમાની મૂર્તિજ બની જાઓ ! ભૂલ કરવી એ મ્હારો–અજ્ઞાનીનો ધર્મ છે, એ ભૂલને સુધારી લેવી એ આપનો જ્ઞાનીનો ધર્મ છે–એમાંજ આપની શોભા છે. માનો કે: અપરાધ કરવો એ હું–મૂર્ખનો ધર્મ છે. તો એ અપરાધને દરગુજર કરી તેની ક્ષમા આપવી એ આપનો–વીરધર્મ છે–એમાંજ આપનું ભૂષણ છે. હવે તો ગમે તેવી ત્હોય

અજાણી–અભણ–અજ્ઞાન ગણીને પણ મને નભાવી લીધા વગર આપનો છૂટકો છે કે? સકળ સદ્‌ગુણ સમ્પન્ન હોવા છતાં સતીકૂળ-શિરોમણિ સાવિત્રીએ સત્યવાનને હાથ જોડીને પ્રાર્થના કરી છે તેમ; હું પણ આપને એજ પ્રાર્થના કરૂં છું કેઃ—

હું અજાણી રાજ! તમથી છેક હું અજાણી,
સોંપ્યો હાથ નાથજી! નભાવવી તમારે હાથ–અજાણી.”

રતિકાન્તઃ“ સુન્દરી! તમને નભાવીજ લીધાં છે, એ તમારાથી ક્યાં અજાણ્યું છે? વ્હેલાં આવો તો જરીક...”

સુન્દરીઃ “ નાથ! કાલથી જરૂર સાયંકાળ પહેલાં આવીશ, પછી? આપ જરી પણ એવું ન સમજશો કે આપ માની બેઠા છો તેમ આ એક, પતિને પાળેલા પોપટની માફક ગણી, તેને મન ફાવે તેવી રીત રમાડનારી, શ્રીમંતોની શયતાન કન્યાઓના જેવી આ ધૂતારી–વર્ણસંકર સ્ત્રી છે. સુખ–વૈભવની ભોગી, પરિણામે પતિને જોગી બનાવનારી જોગણિઓના જેવી મ્હને ન ધારશો! ઠીક, પણ વ્હાલા! પેલાં મ્હારાં એરીંગ હજી ધોવરાવીને ન લાવ્યા કે? આઠઆઠ દિવસથી આપને ધોવરાવવા જવાની ફુરસદ નથી મળતી? વાહ! એને શું કહેવાય?

એરીંગનું નામ સાંભળતાની સાથે કોણ જાણે રતિકાન્તના શાન્ત હૃદયમાં શાથી ધ્રાસકો પડ્યો! એમ કેમ વારૂ? વાંચક! તમે ક્યાં નથી જાણતા કેઃ આજ આઠ દિવસ થયાં રતિસુન્દરીએ પોતાના પિયરનાં એરીંગ ધોવરાવી લાવવા રતિકાન્તને આપ્યાં છે. પાષાણ હૃદયના ભ્રષ્ટ ભરથારે પરિણામનો વિચાર કર્યા છતાં તે તરફ બેદરકાર રહી જે થાય તે જોયા કરવાનો

નિશ્ચય કર્યો છે. હાથ ખેંચવાથી હાથ ઉતરી જાય એવી નાજુક બદનની બૈરી મને શું કરશે એમ સમજી તે મસ્ત–બેફીકર રહે છે. અરે ! પણ મૂર્ખ ! આમ પત્નીનાં બિચારીના પિયરનાં એરીંગનું પણ તેં પાણી કર્યું ? ધિઃક નાદાન ! ધિઃક ત્હારી વર્ણસંકરની બુદ્ધિને !

પત્નીએ એરીંગની માગણી કર્યા છતાં તેની ભ્રષ્ઠ બુદ્ધિના પરિણામે તેણે પોતાની અર્ધાંગિનીને બનાવટી (Imitation) એરીંગ આપી તેને ખૂશ કરી નકામું માન ખાટવાની તદબીર અજમાવવા યત્ન કર્યો છે. આજ બે દિવસથી એણે બનાવટી એરીંગ લાવી ખીસ્સામાં રાખી મૂકવા છતાં તે પોતાના મ્હોંથી નથી કહી શકતો કેઃ તમારાં એરીંગ ધોવરાવી–સાફ કરાવી લાવ્યો છું. કહે કેવી રીતે ? તેનું પાપ તેને ડંખ્યા વગર રહે કે ? જો કેઃ એ પ્રપંચ સબંધી હજી સુધી રતિસુન્દરી કંઈજ જાણતી નથીઃ તો પણ રતિકાન્તનો આત્મા તેને પોતાને સુખે જંપીને બેસવા દેતો નથી. તે બોલે છે–હસે છે, છતાં અંતરનું નહિ. અંતરનાં હસવાં બોલવાં કંઈક ઑરજ હોય છે. તેને મનમાં થયા કરે છે કેઃ રખેને એ પાપ–પ્રવૃત્તિનું પોકળ પ્રકટ થાય ! માત્ર એજ વિચાર કરતાં પત્નીના પ્રશ્નનો પ્રત્યુત્તર આપ્યા વગર છૂટકો નથી એમ ધારી વિશ્વાસઘાતી–નિષ્ઠૂર પતિએ ઉપરના હાસ્ય અને બનાવટી હાવભાવ સહિત જાણે અહેશાનની ખાતર એટલું કામ ન કર્યું હોય એવી રીતે પત્નીના મુખકમળ પર હાથ ફેરવતાં કહ્યુંઃ “ વ્હાલી ! ઠીક થયું. હં, જાઓ પેલા મ્હારા જાકીટમાં પાકીટ છે તેમાંથી કાઢી લ્યો ! હું તો એ વાતજ ચૂકી ગયો. બે દિવસથી આવ્યાં છે હજી તો તે મ્હેં પણ પૂરાં જોયાં નથી. જેવાં સોનીએ સાફ કરીને આપ્યાં એવાંજ ખીસ્સામાં મૂક્યાં છે.”

આખર નિર્દોષ–ભલી પત્નીને ચાદર ઓઢાડવાનું ચંડાળે કેવું

ચોકઠું ગોઠવ્યું ? ભગવાન જાણે ભલા બિચારા સોનીનુ તો સત્યાનાશ નહિ વળે ? કારણ કદાચ પોતાને જ સપડાવાનો પ્રસંગ આવે તો પછી પેલા સોનીને ગળે વળગવામાં શી હરકત ? સોનીએ વગર મફતનાં એરીંગ સાફ કરી આપ્યાં એટલે એનાથી ના તો કહેવાય જ કેવી રીતે ? એ એરીંગ મ્હેં જોયાં હતાં એટલુંય કહ્યા વગર તેને છુટકો કે ? અરરરરર ! જો એમાંથી કંઇક નથીને વિપરિત થાય તો ગરિબ બિચારો સોની તો જરૂર માર્યો જાય ! ધિઃક ! પાષાણ હૃદયના પાપિ પુરૂષ ! ધિઃક !

પતિના વચનપર વિશ્વાસ રાખી એ એની મેળે ઉભી થતી કે કોટના ખીસ્સામાંથી એરીંગ કાડવા ગઇ. જરૂર જઇ આવું કહી રતિકાન્ત ઘડીભર ત્યાંથી ચાલ્યો ગયો, કારણ રખેને સુન્દરી કાંઈ આડું અવળું ભરડી બેસે. સાચી પળે પાપિ મનુષ્યોના હૃદયમાં પાપ કેવા ડંખ મારે છે—બહાદૂરને પણ કર્મ-પ્રભાવે કેવાં મ્હોં સંતાડવાં પડે છે, તે આ ઉપરથી સ્પષ્ટ થાય છે. ખીસ્સામાંથી પાકીટ કાઢી ગુલાબી કાગળના પડમાં વિંટાળેલાં એરિંગ હાથમાં લેતાં—તદ્દન નવાં જોઇને તે આનંદ પામી ખરી, પણ પળવાર પછી તેનો એ આનંદ અદ્રષ્ય થયો. તે એરીંગ જોતી જોતી ઉભી હતી એ ને એ જગ્યાએ એમની એમ કરી ગઈ ! તે મનથી અનેક તર્ક વિતર્ક કરવા લાગી. તેને એમાં અવસ્ય કંઈક ગોટાળો જણાવા લાગ્યો. માત્ર, શું કરવું ? પતિને વ્હેમ લાવીને એ સબંધી પૂછાય પણ કેમ ? એ ઉભય વિચારથી તેનું મગજ ભમી જવા લાગ્યું. રતિસુન્દરીની તેના પતિ ઉપરની એ ભૂતકાળની અશ્રદ્ધા અને અપ્રીતિ આ પળે અદ્રષ્ય જણાય છે. પછી એ ધારી પણ કેવી રીતે શકે કેઃ કદાચ રાવબહાદૂરે તો આમાં કંઇ ગોટાળો નહિ કર્યો હોય ? અત્યારે સુખની—શાન્તિની પળે

એ બાબતની ચ્હેરમચ્હેરા કરવી એ ઠીક નહિ એજ વિચારને અંતઃ-કરણમાં મક્કમપણે સ્થાન આપી સાધ્વીરતિસુન્દરી પાકીટ હતું તેમને તેમ બંધ કરી કોટના ખીસ્સામાં મૂકવાનો વિચાર કરતી હતી; ત્યાં તો ચિત્તની અસ્વસ્થતાને લઇને વાસવા જતાં પાકીટ હાથમાંથી પડી ગયું, અને તે સાથે તેમાંના પૈસા અને એક કાગળની કાપલી વગેરે જે કંઈ પાકીટમાં હતું તે ભોંય વિખરાઇ ગયું. રતિકાન્ત જાણશે તો ઠપકો આપશે એમ ધારીને રતિકાન્તાએ ઉતાવળે ઉતાવળે પૈસા વગેરે પાકીટમાં ભરી દીધા અને લેવા જાય તે પહેલાં તો કાગળની કાપલી પવનના ઝપાટાથી ઉડતી કે જઈને પડી એક ખૂણામાં પડેલી પાણીની ડોલમાં! આથી બિચારી વધારે ગભરાણી. તેણે પાકીટને બગલમાં મારી ધ્રૂજતાં ધ્રૂજતાં નીચે વળી ડોલમાંથી પલળી ગએલી નોટ કાડી ત્યાંતો બગલમાં નું પાકીટ ડોલમાં સરકી ગયું! આથીતો રતિસુન્દરી વધારે અમુંઝાણી. પાકીટને ડોલમાંથી કાડતી કેઃ ખંખેરીને તેને પહેરેલા સાળુના પાલવ વડે લુછી નાંખ્યું. પાકીટના રંગથી સાળુ પણ પચરંગી થયો; તેની પણ તેણે ભાગ્યેજ પરવાહ કરી; પરન્તુ પેલી નોટનાં પડને જાળવી જાળવીને ઉખેડવાનો યત્ન કરવા લાગી. પાછાં ચોંટી જાય તો ઉપાધીને! તેના મનમાં કેઃ પાંચ પચાસની નોટ કે બેંકનો ચૅક બેક તો નહિ હોય! પણ મહા પ્રયાસે તેનાં પડ ઉખેડતાંની સાથેજ હરિ હરિ હરિ! નસિબ તું તો જ્યાં જઈએ ત્યાં બેડગલાં આગળનું આગળ! ત્હારાં કારસ્થાનનું તો પૂછવુંજ શું? ક્યાંથી એ કોણ જાણે નોટને મથાળેજ **સૌ. પવિત્રી!** જેવો શબ્દ તેની આંખે ચડયો, પછી કંઇ બાકી? શાન્તિથી જાળવી રાખેલું પાકીટ ગુસ્સે થઇને પલંગપર ફેંકી દઈ હાથમાં પેલી ચીઠી-નોટ સહિત રતિસુન્દરી જતી કેઃ ટેબલની પાસેની એક આરામચેરપર

બેઠી ચીઠી પવનમાં વિંઝોળતી ધારી ધારીને એ ફરીફરી વાંચવા લાગી.[૧] એકવાર બેવાર ચારવાર વાંચી ને તેણે એ નોટ પોતાના પોલકાના ખીસ્સામાં મૂકી દીધી. આ ઉપરથી રતિસુન્દરી સમજી ગઇ કે: રતિકાન્ત અને પવિત્રી વચ્ચેનો સબંધ–વ્યવહાર હજી પૂર્વવત્–જેવોનેતેવો ચાલુજ છે. અને આજસુધી એ નાદાન પતિએ મ્હને છેતરી છે. આથી તેનું માથું ભમવા માંડયુ. તેના હૃદયમાં ફફડાટ વછૂટયો. તેના પગ પાણી પાણી થઇ ગયા. તકદિરપર અફસોસ કરતી બેબાકળી–ગાભરી બનેલી બાળા, આ શું? એ વિચાર કરતી–નિસાસા ઉપર નિસાસા મૂકતી, કપાળ કૂટતી, અશ્રુ વરતી જતી કે ધબાક દઇને પલંગમાં પડી પડી આંસુ વડે ઓસીકું પલાળવા લાગી. વાહ! નસિબ!

રતિકાન્તના કાને અચાનક ધડાકાનો અવાજ પડતાં તે ન છૂટકે ઉપર આવ્યો. તેણે મન સાથે વિચાર્યું કે: આ સઘળી એરીંગનીજ મ્હોંકાણ હશે. રતિસુન્દરી સહજ શુદ્ધિમાં આવી તો તેણે જોયું કે: રતિકાન્ત તેની સાનિધ્ય આવીને ક્યારનો ઉભો રહ્યો છે. પણ અંતરનો તિરસ્કાર રતિસુન્દરીને રતિકાન્ત તરફ નજર ફેરવતાં અટકાવે છે. રતિસુન્દરીએ અનેક વખત પતિને સુધારવા પ્રબળ પ્રયત્નો કર્યા, પણ એ લોખંડ ઉપર સુવર્ણનો ઢોળ કયાંથી ચડે? ચડે તો રહે કેટલી વખત? રતિકાન્તે વિચાર્યું કે: લાવ્યને જરીક તેની પાસે બેસી તેના શરીરને સ્પર્શ તો કરૂં. તે કંઈ કહે છે–કરે છે ખરી? સ્નેહભર્યાસ્પર્શની વાતો સંસારમાં જૂદી છે. અનુભવી જનોજ તેનુ મૂલ્ય આંકી શકે છે. રતિકાન્તને ઇચ્છા થઈ કે: જોઉંતો ખરો કે: સુન્દરી કંઇ કહે છે? એની એ ભાવના નિષ્ફળ કેમ થાય? ભાવનાનો વિજય છે, એમાં જરાય શક નથી. નથી કહ્યું:

---

૧. પૃષ્ટ ૫૫ લક્ષ્મી–કાન્ત ભાગ ૧ લામાંની નોટ વાંચો.

यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी।

રતિકાન્તે કરસ્પર્શ કર્યો. ક્રોધિત્ છતાંય કામિની મહા પ્હરાણે શાન્ત રહી, ત્યાં તો વાંકો વળી રતિકાન્ત સુન્દરીના કપોલપ્રદેશ પર ચુંબન કરવા ગયો, પછી શું બાકી?

બેદરકાર-ક્રોધાન્વિત્ બાળાના શિરોકેશપર ફરી એકવાર હાથ ફેરવવા જતાં સુન્દરીએ માથું હલાવી તેનો હાથ ખસેડી નંખાવ્યો. વળી પણ વિષયી વાંદર આદરની પરવાહ ન કરતાં જેના શરીરમાં એક પ્રકારનો નૈતિક જુસ્સો પ્રસરી રહ્યો છે તે નારીરત્નને એવે સમયે બાળાત્કારે ચુંબન કરવા જતાં ચાલાક ચતુરાએ ચેતીને ત્યાંથી ઉઠીને ચાલવા માંડ્યું, તો પણ કામાંધ-વિષયાનુરાગી મર્કટ તેના પાલવને પકડી રહ્યો-પુનઃ આશાએ પાસે ગયો ત્યાં તો એક તિરસ્કારભરી દ્રષ્ટિ ફેંકી, ક્રોધિત્ કામિની ગાજી ઉઠી:—

શું મ્હારૂં મુખ જોરથી ચૂમીશ તું કાં દૂર જાતો નથી?
છોડીદે મુજ વસ્ત્ર મૂર્ખ બસ તું કાં ધૂર્ત ધ્રાતો નથી?

સમયનો વિચાર પણ બાજુપર મૂકી દઇ નકટાએ નિકટ જઇને કહ્યું: "પ્યારી!..." પરન્તુ આગળ બોલવા જાય તે પહેલાંજ રતિસુન્દરીએ કહ્યું:

જા જઇને કર સ્હેલ શ્વાન! ઝટ જા તારી પવિત્રી કને;
બોલાવીશ નહિ હવેથી, શઠ હે! પ્યારી કહીને મને.

રતિકાન્તાના મુખદ્વારા "શઠ" શબ્દનો ઉચ્ચાર થતાં બેવફાદગાબાજ રતિકાન્તે એ કોમળાંગીના ગુલાબ કરતાંય કોમળ ગાલ પર સણુણુણુણુ કરતી ઉપાડીને એક ધૅાલ ઠોકી દીધી. અરરર! નિર્દોષ બાળા! તું તે શા સારૂ સાસરે આવી હઇશ? ત્હારે તે શા સારૂ આ તરકટી મરકટપર મોહ-મમતા જોઇએ વારૂ? તને તે પરમાત્માએ

ક્યાં કશાયથી વિમુખ રાખી છે? પિયરમંદિરમાં બેસી ભગવન્નામ સ્મરણ કરી પૂર્વના પાપપુઞ્જને પ્રજાળી ભસ્મ કર્યા! શા સુખ-ભોગની વાંચ્છનાએ આ વિષયી વાનરના હાથમાં ત્હારી તન-વાડીને સોંપી વ્યર્થ ઉજડ કરાવે છે? નહિ નહિ, પણ ધન્ય! ધન્ય! આદર્શ શ્રીમંત આર્યતનયા ત્હારા પતિપ્રેમની તો બલીહારીજ! ત્હારી સહનશીલતાની તે અમે શી વાત કરીએ? ત્હારો ધડો લઇ આજની કેટલીક ધર્મ-કર્મભ્રષ્ટ-ધુતારી-વર્ણસંકર સ્યામાઓ કંઇક સુધરીને સુખી થવા ધારે તો એમાં શું ખોટું? પણ પાપી-ણિઓ પ્રારબ્ધ કોનાં લાવે? પોતાની જાતને મનથી બડેખાં માનતી આદર્શજ્ઞાનમાં આમળા જેવી અને મ્હોટી મ્હોટી ખાલી તોપો હાંકનારી, સુશિક્ષ-ડાહી ગૃહિણીઓ તરફ "ઉંહ" કરીને મ્હોં વાંકુ કરનારી, પતિ ભલેને સાંજરે નોકરી પરથી ઘેર આવી હાથે રસોઇ પકાવીને પેટ ભરે, પણ સુધારાસમાજમાં, બાગ-ચોપાટીમાં સફર કરવા કે પછી પારસી યુરોપિઅન્સ, યુરેઝિઅન્સ લેડીઓ-મેમ સાહેબોની સાથે હાથમાં હાથ ભેરવી વાર્તાવિનોદ કરવા વા ટૅનિસની વગર મહેનતની વખાણવા જોગ મગજને કેળવનારી આરામની રમત રમવા ગયા વગર ચાલે? અરે! છેવટે દેવ-દર્શન પણ કંઈ ગયાં છે? વાહ વાહ! આવી પતિભક્તિપરાયણ પ્રમદાઓની વર્તમાન-સુધરેલા જમાનામાં બલીહારી તો ખરીજ! વળી એટલુંએ ધણી બિચારો બે પૈસા કમાતો હોય તો ઠીક નહિ તો, પછી સમજી જાઓ કે: કપાસીઆના દેવને શેની પૂજા? આખો દિવસ ગદ્ધાવૈતરૂં કરી કામ-ગિરી પરથી ઘેર આવનાર ભરથારને જોતાંજ હર્ષઘેલી બની જઇ, કુશળવર્તમાન પૂછી, મધુર-વિનયયુક્ત વચનથી તેનો સઘળો શ્રમ હરી મનરંજન કરનારી, બાળબચ્ચાં સહિત પતિસાનિધ્ય આવી સ્નેહભર્યાં

શાન્તિ વચન અને મધુર સંભાષણ વડે આખા દિવસનો પરિશ્રમ પોતાના પ્રાણેશ્વર પળવારમાં વિસરી જાય એવાં સાધન સજનારી દેવબાળાઓ નસિબ વગર આજ ક્યાંથી નજરે ચડે? નાદાન–નફ્ટ-પતિને પણ ભગવાન માની, પૈસેટકે ખાલી થયા છતાં, મન ફાવે તેટલો પત્ની પર બળાત્કાર ગુજારનાર પતિને આધીન રહી, દિવસ કહે તો દિવસ અને રાત કહે તો રાત એ પ્રમાણે હમેશાં તેના મ્હોંથી નિકળતી વાણી માનપૂર્વક ઝીલી લેનારી, સાથે સ્વામીસેવામાં સદા સર્વદા તત્પર રહેનારી એક લક્ષ્મીવાન લખપતિની કુમારિકા–રતિ-કાન્તા! કહે કહે! તું ત્હારા આ પાપીપતિનો તાપ–ત્રાસ આમ ક્યાં સુધી સહન કરીશ–કહે જોઇએ?

રતિકાન્તે લગાવેલી ધૉલથી રતિકાન્તાના ગુલાબ જેવા ગાલ પર લોહીની ટશરો છૂટવા લાગી. અહાહાહા! જાણે અમણેજ લોહી ઝરશે! તકદિર પર અફસોસ કરતી રતિસુન્દરી કંઈ પણ બોલ્યા ચાલ્યા વગર, ચૂં કે ચાં કર્યા સિવાય માત્ર છૂપી રીતે અશ્રુધારા વહાવતી એક ખુણે જઇને ક્રોધની મારી પગ પછાડતી ઢીંચણ પર માથું ટેકવીને બેઠી. રતિકાન્તાના ચાલવા અને બેસવાના થએલા ધબકારાથી જાણે પતિરાજના પાંચ ટકા ઓછા ન થઇ ગયા હોય! એ પ્રમાણે "નબળો ધણી બૈરી પર શૂરો" એ કહેવતને સાચી ઠરાવવા તેની પાસે જઇ ગુસ્સે થઇને બોલ્યો: "કેમ કેમ, આતો ત્હારા પિયરના પૈસાની અહીં આગળ ખુમારી બતાવતી હઇશ? ચાલ, ઉંચું જુવે છે? એકવાર મ્હારા મ્હોં સામે જુવે છે કે? શા ઉપર–કોના ઉપર આટલો બધો રૉફ રાખતી ફરે છે? સાંભળ્યું? સાંભળે છે કે? નથી સાંભળતી? કહેતાં લફંગાએ વળી એકવાર દીન લલનાની પીઠપર એક સખ્ત લત્તા-પ્રહાર કર્યો. બસ, થઇ ચૂક્યું. હવે રતિકાન્તાએ ધૈર્ય ત્યજી દઈ, શાન્તિ અને

સુખની આશાને અળગી કરી. લત્તાપ્રહારરૂપી પ્રચંડ વિજળી પડવાથી રતિકાન્તાના શરીર–વૃક્ષમાં અગન અગન પ્રસરી રહી છે. આ પળે એ પવિત્ર આર્યબાળાના સર્વાંગમાં આર્યરક્ત–નીતિરક્ત પૂર જોસમાં વહેવા માંડયું. એકાએક ખુણામાં બેઠી હતી ત્યાંથી ઉભી થઈ, રતિકાન્તે કરવા ધારેલા બીજા લત્તાપ્રહારને ચાલાકીથી ચૂકવી–દૂર ખસી જઇ અપૂર્વ ગર્જના કરતી–મહાન ક્રોધયુક્ત સ્વરે બોલીઃ "નિર્દય! પાષાણહૃદયના પતિ! ક્રૂર! કસાઇ કરતાં પણ કઠિન્ કાળજાના કંથ! હું સમજું છું કેઃ તું મ્હને અહીં આવતી બંધ કરી ત્હારી પેલી મનભાવતી પવિત્રી સાથે વિષયી–વ્યભિચારનો વ્યાપાર કંઇક ઓછો થયો છે તે પુનઃ પૂર્વવત્ શરૂ કરવાનો ઇરાદો રાખે છે! મ્હારી હાજરીને લીધે તું ત્હારી મેળે તેની સાથે મનગમતી મૉજ માણી શકતો નથી–મ્હારી હયાતી–હાજરીને લીધે તને એ ત્હારો નાશકારક પ્રસંગ મળે પણ ક્યાંથી? પણ ત્હારા ભાગ્યમાં જે કંઈ લખાએલું છે તે હવે હું કે મ્હારો ઇશ્વર કોઇ ટાળી શકે એમ નથી. ત્હારી કંગાલિયતની હવે હદ આવી રહી છે, છતાં તો કંઇક ચેત!"

મગજની ખુમારીમાં હોઠ પિસતો, પત્નીનાં વચનોથી મૂર્ખ શકરાજની માફક મૂછમાં હસતો રતિકાન્ત સમજે છે કેઃ "તૂમ બકતી હૈ ઔર હમ સુનતે હૈ" એમ તેની તેને ભાગ્યેજ અસર થાય એમ છે. પત્નીના અપમાનભર્યા શબ્દોની પરવાહ તે ભાગ્યેજ કરે એમ છે, પરન્તુ "કંગાલિયત" એ શબ્દો તેના કાને અથડાતાંજ અક્કરમીએ સારાસારનો વિચાર અને માણસાઇને મસાણમાં પહોંચતી કરી એક સખ્ત લત્તાપ્રહાર સાથે એવો એક જોરથી ધક્કો માર્યો કેઃ ચાલુ જમાનાની હર હમેશ મૂર્ખ–પંડિત વૈદ્ય–ડાક્ટરોની હાથમાં બાટલીઓ લઇને ઘર શોધનારી ઉપરથી ફાંકડી ફેશનેબલ જણાતી, ગણના યૌવના-

ઓમાં કરાવે પણ કમરેથી ભાગી ગએલી વૃદ્ધા જેવી સમજો કે: વગર મારે મરી ગયા જેવી એવી બિચારી નિરપરાધિની જોરથી ચોકમાં પડતી ઉઘાડી બ્હારીને અથડાઇ! બ્હારીને જડેલા ડંડા પણ એના આઘાતથી કડાક દઇને તૂટી ગયા અને હરિ હરિ હરિ! જતી કે પડી છેક નીચે ચોકમાં! આવો એકાએક અણધાર્યો પ્રચંડ ધડાકો સાંભળતાંની સાથેજ રસોડામાં રસોઇ કરતી રતિકાન્તની માતા હાંફળી ફાંફળી આકુઅવળુ, ઉંચુ નીચુ જોતી રખેને દિવાલ તૂટી પડશે તો મ્હારાં તો સૉએ વરસ પૂરાં થશે એમ સમજી બેઠી હતી ત્યાંથી ઉઠીને જીવ લઇને નાઠી તે આવી ચૅાકમાં! ત્યાં તેણે શું જોયું? રતિકાન્તાને નાક કપાળ અને કમરેથી લોહી વહી રહ્યાં છે! ન મળે ભાન કે સાન! એ જોઇને કપાળ કૂટતી વૃદ્ધા ડોસી “ હાય હાય શાથી પડી ગઈ!” કહેતી રડતી કલ્પાંત કરતી તેની પાસે બેસી,“ કોઇ આવો! કોઈ આવો!” કહી મ્હોટી પોક મૂકી તેણે પોળ ગજાવી મૂકી. ત્યાં તો થએલો ધડાકો સાંભળી પાસેનાં પડોશી વગેરે પણ “હાય હાય! શું થયું-શું પડયું?” કરતાં દોડી આવ્યાં. એકપછીએક એમ કરતાં સંખ્યાબંધ બૈરાં છોકરાં એ સ્થાનમાં જમે થઇ ગયાં.“ હાય હાય, બાપ શાથી પડી ગઇ!” કહેતી વૃદ્ધા ડોસી કલ્પાંત કરતી તેની પાસે બેસી તેના માથે હાથ ફેરવી તેને દિકરા-બેટા કહીને બોલાવવા લાગી. તેનું માથું ખોળામાં લઇ પહેરેલા સાલ્લાના છેડા વડે તેને પવન નાંખવા લાગી. એકઠાં થએલાંમાંથી બેચાર કાબેલ સ્ત્રીઓ તેની સારવાર કરવા મંડી ગઇ. સૌએ તેની સ્થિતિ જોઈ કહ્યું કે: તેનો જીવ ઉંડાણમાં જતો રહ્યો છે, તેને જરીકે ભાન નથી. પાંચ દસ મિનિટ આ પ્રમાણે “ હવે શું કરવું-કોને બોલાવીએ” વગેરે અનેક પ્રકારની ગડમથલ ચાલતી હતી એટલામાં તો કોણ જાણે ક્યાંથીએ તેનાં

માત-પિતા સાથે અન્ય સગાંવ્હાલાંનું લશ્કર ત્યાં આવી પહોંચ્યું. રતિકાન્તના ચમ્મરતો ક્યહારનાએ ઢીલા થઇ ગયા છે, પણ કરે શું? હવે અભાગિઓ બાહૂક જેવા લમણે હાથ મૂકીને છોકરીની માફક રડતો એક કોરાણે ઉભો રહ્યો છે. પતિપત્ની વગર આનું ખરૂં કારણ કોણ કહી શકે? ત્યારે બીજાને શી ખબર પડે કે: આમ શાથી થયું? આથી સૌ કોઇ પોતપોતાને મન ફાવે એવી અટકળો બાંધતા અરે! રામરામ! અરે! રામરામ! કરતા વલોપાત કરે છે. બાદ વિલંબ કર્યા વગર સારીરીતે સંભાળીને રતિસુન્દરીનાં માત–પિતા વગેરેએ તેને આ પળે તો શબની માફક ઉપાડી મોટરમાં ઘાલી પોતાને ત્યાં લઇ ગયાં. જોકે અગાઉના કરતાં આ વખતે તેનો શ્વાસોચ્છ્વાસ કંઇક ઠીકમાં ચાલતો હતો તોપણ વાત વ્હેમભરી હતી–ઘડીક પછી શું થશે એની સૌના પેટમાં મોટી ફાળ હતી.

રતિકાન્તાનાં માત–પિતાના અંતરને કલેષ થાય એ સ્વાભાવિક છે. આટલુ થયા છતાં "આમ શાથી થયું કે કેમ થયું" કંઇજ બોલ્યા ચાલ્યા વગર કપાળે હાથ મૂકી કેવળ મૌનજ રહ્યાં હતાં. બ્હારીને જડેલો ડંડો સુદ્ધાં રતિસુન્દરીના પડવાથી ભાગી ગયો છે એથી રતિકાન્તા કેવીરીતે પડી એ કલ્પના કરવી સ્હેલ છે–સમજવા છતાં મ્હોંમાંથી લેશ વરાળ સરખી નથી કાડી એનો અર્થ શો? તો પછી ખાનદાની કોને કહે છે? ગમે તેમ પણ છોકરીને સાસરે મ્હોંથી ઉંચે અવાજે બોલાયજ કેમ? આનુ નામજ ખાનદાની! આનુજ નામ કૂલિનતા! નીતિશાસ્ત્રમાં યથાર્થજ કહ્યું છે કે:

न जारजातस्य ललाटशृंगम् ।
कुल प्रसूतेर्न च पाणिपद्मम् ॥

यदा यदा मुञ्चति वाक्यबाणम् ।
तदा तदा जाति–कुलप्रमाणम् ॥

જાર થકી જન જનમ્યા તેને શિંગ કપાળે નહિ મળે,
કમળ ખોળશો કૂલિન તણે કર તોયે દહાડો નહિ વળે;
જેમ જેમ જન મન સમજીને મ્હોંથી વાણી કાડે છે,
તેમ તેમ નિજ જાતિ–કુળની છાપ જગતમાં પાડે છે.

પુત્રીને લઇ જતાં માત–પિતાના મ્હોં આગળ રતિકાન્તની વૃદ્ધ માતાએ અત્યંત લાચારી બતાવી. દીનવદને વૃદ્ધ શેઠાણીથી " હાયહાય મ્હારી બા !" એ શબ્દ ઉચ્ચારતાં રડી જવાયું ! પણ એમ કેમ ? અમે તો સાંભળ્યું હતું કે: રતિકાન્તા તો સાસુનો પડછાયો સુધ્ધાં ન્હોતી જોતી અને સાસુએ પણ મ્હારી વહુ કહીને કોઇ દિવસ તેને વ્હાલથી બોલાવી નથી. ત્યારે આ શું ? આજ પતિને સમજાવી– –પ્રસન્ન કરીને જેવી રીતે તેણે કંઇક પોતાનું ગૃહસ્થાશ્રમનું નાવ સરાડે ચડાવ્યું હતું તેવીજ રીતે સાસુને પણ પોતાનો શરૂવાતનો સ્વભાવ–છોકરમત તજી દઇને કેવળ વિનય, વિવેક, ચાતુર્ય આદિ સદ્‌ગુણથી જેવાં જોઇએ એવાં વશ કર્યાં છે. સાસુ પણ હમણાંનાં તો વહુ એટલે જાણે શી વાત! જોકે રતિકાન્ત પણ પત્નીનો પ્રેમપૂર્વક સત્કારતો કરતોજ, છતાંય તે પવિત્રીને ભૂલી શકયો નથી. બ્યાપાર–રોજગાર કરવો નહિ અને બાદશાહી ઠાઠમાઠ એતે કેમ નભે ? વળી પાછી પવિત્રી જેવી બીજી બલાઓને સંતોષવી એ આથમેલા દિવસોમાં કયાંથી બને ? છેવટે પરનીને પ્રસન્ન કરવા પરણીનાં વસ્ત્રલોચન કરવાનું રતિકાન્તે ઇષ્ટ ધાર્યું ! અને મનથી એ કરેલા ઠરાવનું મંગળાચરણ જે આજ તેણે કર્યું તેનું પરિણામ કોની જાણ બ્હાર છે ?

આટલું બધું થયા છતાં રતિકાન્ત નથી જાણતો કે: આજના બનાવનું ખરૂં કારણ શું છે? તેતો માની બેઠો છે કે: બનાવટી એરીંગને એ કાએલ બૈરી પારખી ગઈ અને તેની લ્હાયે આ બધી આગ સળગી. તેના પાપિ હૃદયમાં એરીંગની થાપજ ડંખ માર્યા કરે એ દિવા જેવી વાત છે!

વાંચક! રતિકાન્ત સમજ્યો કે કેમ? તે સાથે અમને ભાગ્યેજ લેવાદેવા છે; પણ માત્ર તમનેજ પૂછવાનું કે: રતિકાન્તપર થએલા આજના ભયંકર વજ્રપાતનું કારણ તમારી ધ્યાનમાં તો આવી ગયું ને? ના આવ્યું, હોય તો કહો: આતે પેલી **નૉટનોજપ્લૉટ** કે બીજું કંઈ?

સપ્તમ પારચ્છેદ

પાપનું પૂર.

राजा राष्ट्रकृतं पापं राजः पापं पुरोहितः ।
भर्ताच स्त्रीकृतं पापं शिष्यपापं गुरुस्तथा ॥

પાપ જે પ્રજા કરે ભૂપાલ શિર તે ચડે,
રાયનું કરેલ પાપ ગૉરને જઈ નડે;
સ્વામીશિર પાપ પૂર આવી નારીનું ઠરે,
પાપ શિષ્ય કેરૂં શુદ્ધ પુન્ય ગુરૂનું હરે.

વિચિક્ષણ બુદ્ધિવાળા જગતના ખાંધેલા જનો પોતાના ઉઠ્ઠળવિશાળ—દિર્ઘજીવનના અનુભવના ફળ સ્વરૂપ એવી અનેક વાતો ટૂંકાણમાં સમાજના કલ્યાણને માટે કથી ગયા છે, એની સત્યતા

સમયે થાય છે, ત્યારેજ તેમની બુદ્ધિમત્તાની બલીહારી ગવાય છે. તેમને માનપૂર્વક માથું નમાવાય છે. કારણ, એમની એવી અનુભવ-કથાઓ માનવસમાજને અધોગતિના પન્થે જતાં અટકાવી સન્માર્ગ બતાવે છે. ઉન્નતિને માર્ગે દોરે છે. તેઓ પોતાના "સ્વાનુભવદર્શન" નામક અદ્રશ્ય છતાં પ્રત્યક્ષ ગ્રન્થમાં એવું એક પ્રમાણ લખતા ગયા છે કે: "ભાઇ! લશ્કરકા ભેદ પાયા" તો કહે, કેમ? એટલે તરતજ કહ્યું કે: "બાપુ! આગેસે ગદ્ધા આયા."

કોઇપણ કાર્યનો આરંભજ ઓછેવત્તે અંશે એ પહેલીજ પળે તેના ઇષ્ટ અનિષ્ટ અંતની પ્રતીતિ કરાવે છે. સુભાગી આત્માઓ એથી સમજીને સાવધાન રહે છે. દુર્ભાગી બેપરવાહ થઇ મદમાં મરી જઇ ખાલી ખોટના વેપાર ખેડે છે!

લાંબા વિચારને અન્તે, રતિકાન્ત ખાલી થઈ ગયો અને પુનઃ ભોજન ખોળવા ભટકવું પડશે, તેમાંય તાજું આવ્યું તો ઠીક, નહિ તો પછી ઉતરી ગએલું હાથે ચડ્યું તો વળી પાછું એનું એ, એવા અનેક પ્રકારના વિચાર કરી, પાપિણી પવિત્રીએ પતિ પ્રાપ્ત કરવાને માટે કાન્તને ઝપાટામાં લઇ કાર્ય સાધવાનો કાયદો રચ્યો; પણ તેની અધમ ધારણા ધૂળમાં મળી ગઇ. કાન્તને ગળે ટાંટિયા ભરાવી તેને ભ્રષ્ટ કરવા જતાં પરિણામ શું આવ્યું તે વાંચકોથી ક્યાં અજાણ્યું છે?

મળમૂત્ર કાદવસહિત વહન કરતો ગંગાનો પ્રવાહ નિર્મળ-પવિત્રજ મનાય છે, પૂજ્ય ભાવે પુનઃ પુનઃ તેનાં આચમનજ કરાય છે! સ્વામી શ્રીરામતીર્થજીએ પણ એજ કહ્યું છે કે:

દુર્ગંધી છેક જણ બાડ મહીંનું કોઈ,
અત્યંત નિર્મળ કહિ યમુના તણું વા;

ગંગાતણા પુનિત વ્હેણ મહીં મળીને,
બન્ને સમાન બનતાં જન પાપ ધોવા.

પણ અહીં ? નિર્મળ-પવિત્ર અંતઃકરણવાળા કાન્તના ઉપદેશની મલિન મનોભાવવાળી અભાગિની પવિત્રી પર જરી પણ અસર ન થઇ! પવિત્રી તો અપવિત્રની અપવિત્રજ રહી ! પવિત્રી અન્યનાં પાપ ધોવા સમર્થ થાય એ તેનું ભાગ્ય ક્યાં ? ભાગ્ય વગર સંસારમાં શું બને છે ? વિષપાન કર્યું કોણે અને લક્ષ્મી કોણ પામ્યું ? માટેજ કબૂલ કહેવું પડે છે કે: भाग्यंरम्ना बलियसि ।

પ્રિતમના પ્રેમની અધિકારિણી થવાને પવિત્રીએ જે દુષ્પ્રયોગ આદર્યો તેથી શું તેનું પરિણામ પણ તેવુંજ વિપરીત આવશે કે? એ અમે કેમ કહીએ? અમે તો કાર્યના પ્રારંભ ઉપરથી એના અંતનું ધોરણ બાંધવાની ભલામણ કરીએ છીએ.

સ્વસ્થ તંદુરસ્ત છતાં શરીર ઠીક નથી એ બહાના નીચે શ્રીમંત સહિયણિઓની સહાધ્યાયિની પવિત્રી સંગદોષનો સાક્ષાત્કાર કરાવતી હમેશાં વૈદ્ય ડાકટરોનાં ઘર ખોળવામાં આવું પાછું શું કરવા જુવે ? કારણ એ બહાને પણ જવાઆવવાનું, સંસારની હવા ખાવાનું સુગમ પડે, તેમાં વળી એક બહાનું આવ્યું "કે જુવોને, આ પેલા મારા રોયા કાન્તે તોફાન કર્યું ત્યારથી ક્યાં શરીર ઠેકાણે આવે છે ?" માતા પુત્રી પૂછનારને અમણેનાં આજ જવાબ આપી કાન્તને બદનામ કરવાના ઉદ્દેશથી પોતાની જીવનલીલા વિસ્તારે છે. સમજુજનો એ ઉપરથી ઘટતો સાર લે છે. સહજ પડી જવાથી વાગે એના મંદવાડ તે ક્યાં સુધી પહોંચતા હશે ?

લાંબા સમયની ચાલુ દવાના પરિણામે પવિત્રીના વદન પર દિનપ્રતિદિન અપૂર્વ લાલી આવેલી હોવાથી. સર્વાંશે પોતાનો નાશ

થયો છતાં, હરેક પ્રકારે રતિસુન્દરી પૂર્ણ સંતોષ આપતી હતી છતાં રતિકાન્તને પવિત્રીની લાળ ચોંટી રહી છે. જોકે પવિત્રીને તો તેનો ભાગ્યેજ હિસાબ છે. લક્ષ્મી અને આરોગ્ય ઉભય સમ્પત્તિથી પાયમાલ થએલાનો કોણ ભાવ પૂછે? એ તો મિઠાશ હોય ત્યાંજ માંખ બેસે. એ વાત રતિકાન્ત સારી રીતે જાણતો હતો, અને તેથીજ અન્ય કોઇપણ ઉપાયે પવિત્રી આપણો ભાવ નહિ પૂછે, તેમાંય એક પ્રસંગે ઍરિંગ આપવાનું વચન આપેલું–પ્રતિજ્ઞાપૂર્વક કબૂલ કરેલું તે ન આપી શકવાથી પવિત્રી વચકી હશે એમ ધારી તેણે નાલાયક ઘાટ રચીને ગૃહિણીનાં ઍરિંગ સાફ કરાવવાના બ્હાને લઇ રખડતી ફરતી પવિત્રીને રસ્તા વચ્ચે આપી દીધાં; છતાં કંઇ વળ્યું નહિ અને પરિણામે રતિકાન્તા ઉપર જુલમ ગુજારવાથી માંદગીના વખતે કંઇક સેવા શુશ્રૂષામાં કામમાં આવત તે પણ પિયર પહોંચતી થઇ? આ પ્રમાણે "ન ઇધરકે રહે ઔર ન ઉધરકે" એવું થયું.

આગળ અભ્યાસ કરવાને માટે પ્રિતમ મુંબાઇ પહોંચી ગયો ત્યારથી પવિત્રી પગવાળીને બેઠી નથી. યેનકેનપ્રકારેણ જો પ્રિતમ સમજી જાય અને પોતાનો સ્વીકાર કરે તો મુંબાઇની મોજમઝા માણવાનો પ્રસંગ મળે, એ સબંધમાં પવિત્રીએ તેની એક શ્રીમંત સખી સુલોચનાને વાત કરેલી કે: સુન્દરશેઠ જો શ્રમ લે તો તો ઠીક અને તેમનું કહ્યું એ માનશે: કારણ મ્હારા જાણવા મુજબ એમણેજ મ્હને એક વખત કહેલું કે: સુલોચનાનો વર મ્હારો ન્હાનપણનો સહાધ્યાયી છે, "અને હવે તો એમને કોઇ સારી રીતે પત્ર લખીને સમજાવે તો તરત માને એવા છે. પાછું ત્યાં કોઇ આડુંઅવળું ભરાવનાર ન મળેને? એતો ક્યહારનાએ ઠેકાણે આવ્યા હોત પણ પેલો હરામી કાન્ત જરીક કાન ફૂંકતો રહે ત્યારેને? હવે તો એમને

પણ થયું છે જોયા જેવું.” એ સબંધમાં સુન્દરલાલને કહી બનતા પ્રયત્ને ઘટતી ગોઠવણ કરવાનું કબૂલ્યું હતું. સુલોચનાને ભલી માણસને શી ખબર કે: પવિત્રીનાં મૂળ પાતાળમાં છે !

સુન્દરલાલ અમદાવાદના એક બાહોશ મીલમાલેકનો એકનો એક છોકરો છે. અંગ્રેજી પાંચ છ ધોરણ સુધી અભ્યાસ કરાવી પિતાએ પોતાની વૃદ્ધાવસ્થાને લીધે પોતાની હયાતીમાં મીલોનો સઘળો વહિવટ તેને માથે નાંખી દીધો છે. ઓછું ભણેલો છતાં સારો કાર્યકુશળ છે. ગરીબોનાં ગળાં રહેંસવામાં અને પેટને માટે મજૂરી કરવા આવતી હલકી વર્ણની ગરીબ સ્ત્રીઓની કેવળ ઠઠ્ઠામશ્કરી નહિ પણ તક મળે કોકની સાથે વિષયવ્યાપાર ખેડવામાં પણ વાંકુ વળીને જુવે એમ નથી ! મુંબાઈ ખાતે પણ એક મીલ હોવાથી મહીનામાં બેત્રણ વખત જઈ ત્યાં પણ વેશ્યાઓનું વસ્તીપત્રક નોંધતો સેંકડો રૂપિઆનાં આંધણ મુકી આવતો. આટલું છતાં સચ્ચરિત્ર સુલોચનાની આગળ તે ગરીબ ગાય જેવો હતો. ભગવાન જાણે મગજનો ફરેલો છતાં સુલોચનાની મનઃકામના પૂર્ણ કરવામાં ન ચૂકતો ! કારણ ? કારણ એજ કે: એ કંકુપગલાંવાળી કૂળવધુ ઘરમાં આવ્યા પછીજ આ સઘળી સમૃદ્ધિ થઈ છે. એવું તેનાં માત-પિતા અને સહુ કોઈ કહેતાં-માનતાં હોવાથી એને સંતોષવામાંજ સહુએ કલ્યાણ માન્યું છે. વિશેષમાં ગંભીર વ્યવહારકુશળ અને સચ્ચારત્ર ઉપરાંત તેની વાણીમાંજ અમૃત છે પછી શું પૂછવું ?

એક દિવસ તક જોઈને સુલોચનાએ પ્રિતમ સબંધી સઘળો ઇતિહાસ અથથી ઇતિ સુધી સુંદરલાલને કહી સંભળાવ્યો. અને પ્રિતમ એ મ્હારો લંગોટિયો દોસ્ત છે એ વાત તેણે કબૂલ કરી. તેને સુખી કરવો એ મ્હારો ધર્મ છે કહી પવિત્રીને અવકાશે બોલાવી લાવવા

અને ચોક્કસ હકિકત સાંભળવાની પોતે ઇચ્છા જણાવી. તેણે વધારામાં એ પણ જણાવ્યું કે: એ સોલિસિટરના અભ્યાસ માટે કેટલાક વખતથી મુંબાઈ રહે છે તે પણ મ્હારી જાણમાં છે, કહી પત્નીને સંતોષી અને એ કહે તેમ કરવા માથે રાખ્યું.

બીજે દિવસે જમીપરવારીને સુલોચના મોટર તૈયાર કરાવી પવિત્રીને ત્યાં પહોંચી. ઘરમાં પેસતાંજ હાળ વિણતી પવિત્રીની મા મદનગૌરીએ "આવો બ્હેન! જાઓને પવિત્રી માળપર છે." કહીને પાછું ઉંધું ઘાલ્યું. સુલોચના પણ તરતજ કંઇ બોલ્યા ચાલ્યા વગર માળપર ચડી. આ વખતે પવિત્રી આરામચેરપર પડી પડી કાઇક પુસ્તક વાંચવામાં મશગૂલ બનેલી હતી. એકાન્ત સ્થળમાં ઉન્મત્ત યૌવનાઓને જેમણે ઉનાળાના તાપ-ઉકળાટમાં બેઠેલી જોઈ હોય તેઓ પવિત્રીની આ વખતની અવસ્થા અને વ્યવસ્થા સમજી શકશે. બેસવાનું ભાન ન મળે. વસ્ત્રના છેડાનું ઠેકાણું ન મળે! એવે સમયે સુલોચના તેની પિઠ પાછળ જઇને ઉભી રહી. સુલોચનાએ હળવે રહીને પવિત્રીના બન્ને હાથ અડકાડયો તેની સાથેજ પવિત્રી ઝબકી. પણ પવિત્રી શું કરવા શરમાય? એણે એની મેળે જેમતેમ છેડા ખોસીને સ્હામે એક ખુરશીમાં સ્થાન લઇ આછું હસીને અર્થાત્ "એમાં શું ઓહો!" એમ સમજાવીને આરામખુરશીમાં બેસવા કહ્યું.

સુલોચનાએ બેસતાં બેસતાં કહ્યું: "જો બ્હેન! મ્હેં ત્હારા કહેવા પ્રમાણે ત્હારા બનેવીને બધી વાત કહી છે. તેમણે કહ્યું છે કે: તું જા અને એમને અત્યારેને અત્યારે બોલાવી લાવ એમાં કંઇ મોટી વાત નથી. એતો મ્હારો બાલસ્નેહી છે; એટલે ગમે તે રીતે ઠેકાણે આવશે. એમને પાછું મીલમાં જવાનો સમય થશે અને મોટર હજી અહીં છે. કેમ આવે છે ને? પછી આપણે આપણી મેળે ત્યાં નિરાંતે બેસીશું.

"આ લાભ ચોઘડીઉં જવા ન દેવું" સમજીને પવિત્રી બેઠી હતી ત્યાંથી ચટ લેતી કે ઉભી થઇ. જોતજોતામાં સુલોચનાને પણ પાણી ભરાવે એવી બની ઠણીને "ચાલો ત્યારે બ્હેન!" કહેતી કે: આવીને ઉભી રહી. સુલોચના ઉઠીને ઉભી થઇ ઉભય સહિયણીઓએ માળપરથી નીચે ઉતરી "બા! આવું છું" કહીને ચાલવા માંડયું.

પારકા પગે જવું ત્યાં વાર શી? પાંચ મિનિટમાં મોટરકાર ઍલિસબ્રિજ વટાવીને એક આલિશાન બંગલા આગળ આવીને અટકી. પવિત્રી અને સુલોચના મોટરમાંથી ઉતરી બંગલામાં દાખલ થયાં. સુંદરલાલ મીલમાં જવાનો સમય થવા આવ્યો અને એ લોકો ન આવ્યાં એમ બબડતા ઘડિઆળનો કાંટો જોતા રહ્યા ત્યાં મોટરનો અવાજ આવ્યો, અને પોતે જરીક ઠીક થઇને બેઠા ત્યાં સુલોચનાએ પવિત્રી સહિત એ સ્થાનમાં પ્રવેશ કર્યો.

ગૌરાંગનાઓને પણ પાણી ભરાવે એવી ગૌરકાન્તિવાળી સર્વાંગે સુદૃઢ લાંબી પહોળી પવિત્રીને જોતાંજ સુંદરલાલ અંજાઈ ગયા! બન્નેએ સાથેસાથે સ્થાન લીધા બાદ સુંદરલાલે પ્રશ્ન કર્યો: "કેમ, પવિત્રી! આજકાલ પ્રિતમના શા સમાચાર છે? આજકાલ તો મુંબાઇ છે ને?"

સુંદરલાલનો પ્રશ્ન સાંભળી બગલા જેવી એ બલા ગંભિર મુખ-મુદ્રાએ નીચી નજર કરી ભોંય ખોતરવા લાગી. પવિત્રીએ કંઇજ જવાબ ન આપ્યો.

પવિત્રીએ પ્રત્યુતર ન આપવાથી સુલોચનાએ કહ્યું: "પવિત્રી! કેમ કંઇ સંભળાતું નથી? એ તો જાણી તને તું બહુ શાણી અને શરમાળ છે તે જરી જવાબ તો આપ!

"પણ સુલોચના! તું ક્યાં નથી જાણતી? કહે જોઇએ હું શો જવાબ આપું?" પવિત્રીએ એક કૃત્રિમ નિઃશ્વાસ મૂકીને કહ્યું.

"સાળા કાચા કાનના અને હૈયાના ફુટેલાના શા આશરા? ભણ્યા પણ ગણ્યા નહિ એમનાં તે કોઇ દહાડો ઘર થતાં હશે? રાંડ કાણી કૂબડી કે કાળા અક્ષરને કૂટી મારે એવી હોય તો બળેના પણ નામ જવાદ્યોને રામ બાયલા જેવા!" સુલોચનાએ બ્હેનપણીનું ખેંચ્યું.

પવિત્રીને જોઇ ત્યારથી સુંદરલાલનું ચિત્ત ચકડોળે ચડ્યું છે. રખેને પવિત્રી સ્હામે દૃષ્ટિ કરતાં ભાગજોગે જો સુલોચના જોઇ ગઇ તો ભોગની દશા સમજીને મહા મુશિબતે સહજ ઉંચું જોયું ન જોયું કરીને પાછો જીવ વશ રાખે છે. સુંદરલાલ ગમે તેમ વાઘ જેવો પણ સુલોચના જેવી સ્હામે સિંહણ બેઠેલી પછી? ત્હોયે પણ એક બે વખત સુંદરલાલ અને પવિત્રીની નજર મળી ગઇ! સુંદરલાલ ઉપરથી સુંદર છતાં અંદરથી પવિત્રીના જેવો કાળા કાળજાનો હતો; એટલે એને કંઇ સમજવામાં મુશ્કેલ ન્હોતું. અને તેથીજ તેણે સુલોચનાને કહ્યું: "અરે! પણ તમે જરીક વિચાર તો કરો? તમને તે કંઇ ભાન છે? આપણે શું કરવા એવું કહીએ? પવિત્રી! જોયાં તમારાં બ્હેન?"

"પવિત્રી" નામનું સંબોધન થતાંજ પવિત્રીથી ઉંચું જોવાઇ ગયું, એ એકજ દૃષ્ટિપાતથી પવિત્રીએ સુંદરલાલના વિષયી હૃદયમાં સમધિક વિષય રસ રેડી દીધો! એ સમયે અન્યોન્યના હૃદયમાં કંઇક જાદૂઇ અસર થઇ. સાધુહૃદયની સુલોચના આમાં શું સમજે? ઉપરથી ઉજળી જણાતી પવિત્રી ભિતરથી આટલી નાપાક હશે એવો સુલોચનાને સ્વપ્નેય ખ્યાલ ક્યાંથી હોય? હોય તો તેને ઘરનો ઉમંગ એ બતાવે કે? સુલોચનાને કોણ કહે કે: ભલા ત્હેં આ અપાત્ર પ્રેમ–દાન

કર્યું છે! ત્હારા સુખસાગરમાં એ અંગાર વરસાવનારી છે! અરે! આતો: पयःपानं भूजंगानाम् केवलं विषवर्धनम् વાળો ઘાટ થાય છે!

વાચક! સ્ત્રીઓ પોતાની ઇચ્છાથીજ પવિત્ર રહી શકે છે. જેમને જ્યાં ત્યાં અથડાવાની, નર્ક ચુંથવાનીજ લાલસા હોય છે તે ભાગીરથ પ્રયત્ન કરવા છતાં, ગમે તેટલું ધ્યાન આપવા છતાં નહિ અટકે. એજ પ્રમાણે સાધ્વી પવિત્ર સ્ત્રીઓને ભ્રષ્ટ કરવાની–તમે મોટા મહારથી હો તો પણ–એ નવ્વાણું ટકાના જોખમની વાત જવા દેજો! જે સ્ત્રી સ્વયં પવિત્ર રહેવા ધારે છે તેને ત્રણ લોકમાં દેવ દાનવ કે માનવ અપવિત્ર નહિ કરી શકે અને નથી કરી શકયા. અમે તમને એટલુંજ કહીશું કે: પવિત્ર સ્ત્રી તરફ કુદૃષ્ટિ કરવાની તક કોઇ કાળે ન શોધશો! તેનો એકજ નિશ્વાસ–તેનો એકજ દૃષ્ટિપાત તમારી સુખ–સાહ્યબીનું સત્યાનાશ વાળી નાંખશે! સાત્વિક ભાવનાવાળી પવિત્ર સ્ત્રીઓ તમારી સાથે સાચા દિલથી–શુદ્ધ વિચારથી વાર્તાવિનોદ કરે તેનો અર્થ તમે એવો ન સમજતા કે: એ પવિત્ર હૃદયની સ્ત્રી તમને વિકાર દૃષ્ટિએ ચ્હાય છે! સ્ત્રીઓની પરીક્ષા કરવામાં કંઇક અક્કલધારી, અક્કલ હોંશિયારીવાળા ભૂલથાપ ખાઇ ગયા છે! વ્હીલે મ્હોડે વિદ્વાન છતાં નાદાન ને શ્વાન ઠર્યા છે!

સીતાનું હરણ કરવામાં રાવણે શું લ્હાણુ કાડી? ક્રાને તેવા પુરૂષાર્થીના પુરૂષત્વનાં એક દીન અબળાની ઇચ્છાની આડે આવતાં પાણી થઇ ગયાં છે. સર. એસ. ટયૂક નામના અંગ્રેજ વિદ્વાને ઠીકજ કહ્યું છે કે:

He is fool who thinks by force or skill;
To turn the current of the woman will.

Sir S. tuke.

અર્થાત્ જે કોઇ માણસ બળ કિંવા યુક્તિથી સ્ત્રીની ઇચ્છાના પ્રવાહને ફેરવવાનો વિચાર કરે છે તે મૂર્ખ-ગધેડા છે.

શંકારહીત હૃદયવાળી સ્નેહાળ સુલોચના સહિપણીનો સત્કાર કરવાની અગત્યતા સમજી, ગરિબ તવંગરનો ભેદભાવ તજી, ચ્હા,ફ્રુટસ મેવો વગેરે લાવવાનું કહેવા એ સ્થાનમાંથી અદૃષ્ય થઈ. પવિત્રીને તો એટલુંજ જોયતું હતું. તેણે કહ્યું: "સુન્દરલાલ! જોજો પછી કાગળ લખવાનું રહી ન જાય! મ્હારી સુલોચનાને તો બળ્યું એવું કશુંએ નહિ, પણ........."

આગળ બોલવા જતાં સુન્દરલાલથી સ્મિત થઇ ગયું. પવિત્રીનું મ્હોં પણ જરા પહોળુ થયું. વળી હાવકું રાખીને સાનમાં સમજાવતાં બોલી "હાસ્તો, ગરિબ મા-બાપને પેટ જન્મ લીધો અને સુલોચના જેવાં શેઠાણી જોડે ફરવું તે......"

પવિત્રી! હું બધું સમજ્યો છું. હું કોઇ પણ ઉપાયે તમારો અને પ્રિતમનો મેળાપ કરાવી આપીશ. તેની તમે ખાત્રી રાખજે. તમે જાણોજ છો કે: તમારાં બ્હેન જો જરીક પણ વ્હેમાશે તો તમને અને મ્હને બન્નેને ભારે પડશે. અને પહેલે કોળીએ માંખ જેવું થશે. સુન્દરલાલે ઉતાવળે ઉતાવળે સુલોચના આવી પહોંચવાના ભયને લીધે ધ્રુજતા ટાંટીએ કોટના ખીસ્સામાંથી પચાસ રૂપિઆની એક નોટ કાડી: "લ્યો! પવિત્રી! વાર ન કરો" કહીને હાથ લંબાવ્યો. પવિત્રીએ વિલંબ ન કરતાં તુર્ત નજીક જઇને કોઇ વિલક્ષણ વેશ અને આવેશને વશ થઇ નોટ હાથમાં પકડી. ઘણું સાચવી રાખવા છતાં સુંદરલાલનું મનમંકટ વશ ન રહ્યું. લાવને અમૃત ચોઘડિઉં હાથ આવ્યું છે તો મંગળાચરણમાં અમૃતપાન તો કરી લઉં! વિચારી પવિત્રીને જોરથી ભૂજપાશમાં બાંધી એક ચુમ્બન કરી પાછા હતા ત્યાં જીવ

ઠેકાણે રાખીને બેસી ગયા. પવિત્રી એની મેળે જાણે કંઇજ બન્યું નથી એમ જઇને પાછી મૂળ સ્થાને બેસવા જતી હતી ત્યાં સુલોચના આવી પહોંચી. સુલોચનાના મનને થયું "પવિત્રી કેમ ઉઠી હશે ? શું કર્યું હશે ?" એવા ક્ષણભર તર્ક વિતર્ક થયા પણ "હોય, ઉભી થઇ એમાં શું ગયું ?" કહીને "કેમ પવિત્રી ! જરી આવતાં વાર થઇ તેથી અકળાઇ લાગે છે ?" "હા, બળ્યું એકલાં તે કયાં સુધી બેસાય, મનને થયું હું તે વળી કયાં અહીં ટળી !" એ પ્રમાણે ગોમુખી જવાબ આપતી હતી ત્યાં નોકરે લાવીને ત્રણ તાટ અને ત્રણ કપ ચ્હાના મૂકીને ચાલતી પકડી.

ત્રણેજણ નજરે પડેલી સામગ્રીને ન્યાય આપવા લાગ્યાં. વચ્ચે સુલોચનાએ વાત ઉપાડી:" પણ તમે આ પવિત્રીનું શું ધાર્યું ?"

"હા, જે ધારવું હતું તે એમનું મ્હારી મેળે મ્હેં ધાર્યું છે, તમે તમારી મેળે શાન્તિથી જે થાય તે જોયા કરજો ને ! એક આઠ દહાડામાં એનું પરિણામ તો જુવો ! એમાં મ્હને કંઇ નહિ કહેવું પડે. તમારાં બ્હેન-પણી એટલે કંઇ છુટકો ? તમે જોયા તો કરો કે શું થાય છે ? પવિત્રી ! તમે નચિન્ત રહેજો, પણ એમનું ઠેકાણું કંઇ જાણો છો કે ? અને તમારા ભાઇ હાલમાં કયાં છે ?" સુન્દરલાલે સંકલના ગોઠવી.

"હું તો કંઇ ઠેકાણું જાણતી નથી પણ મ્હારા જેઠ તમારી જોડની પેલી નેળીઆવાળી મીલના શેઠને બંગલે મુનિમ છે તેમને તારથી પૂછાવશો તો પત્તો ખાશે, પાર્વતિશંકર પરમાનંદ વ્યાસ. અને સુરેન્દ્ર પણ બેવરસથી રંગુનથી મુંબાઇ આવ્યો છે. લ્યો, આ એનું પણ શિરનામું કહીને પવિત્રીએ સુરેન્દ્રનું છાપેલું વીઝીટીંગકાર્ડ ઑફીસના ઠેકાણાવાળું આપ્યું.

"લ્યો, હવે મીલનો વખત થયો છે એટલે હું જઇશ. તમે તમારે બેસો અને ખબર આવેથી મોકલીશ. તમારાં બ્હેન આવશે" કહી

શેઠે બેલ વગાડયો, એટલે એક નોકર દાખલ થયો. નોકરને મોટર તૈયાર કરાવવા કહ્યું અને પોતે લુગડાં પહેરી પુનઃ એક વખત પવિત્રી તરફ દૃષ્ટિ ફેંકી દમામમાં ચાલતા થયા.

બાદ કેટલાક સમય સુધી વાતચિત કરી સહિપણિઓ છૂટી પડી. સુલોચનાએ ગાડી જોડાવી પવિત્રીને "આવજો" કહીને વિદાય કરી. આટલું છતાં સુલોચનાના દિલમાં કંઇક ડાઘ રહી ગયો! એમ કેમ?

પ્રિતમ! ચેત! પ્રજાના પાપનો બોજો રાજાને માથે આવી પડે છે. રાજાનું પાપ પુરોહિતને શિર ચડે છે. **પાપિણી નારીના પાપનાં પૂર પરિણામે ભવસાગર પાર ઉતરતાં નિર્ભાગી પતિને નડે છે.** અધમ શિષ્યનાં પાપનો ભાગી શોધતાં, શાસ્ત્રકારોને ભલો બિચારો ગુરૂ જડે છે!

વાંચકઃ તો પવિત્રીના પાપનો કંઇ આરો છે કે?

અષ્ટમ પરિચ્છેદ

ડાહી કે દિવાની?

"સારૂં કે ખોટું કર્યું" કરતાં શું કહેવાય?
પરિણામે સૌ કાર્યનાં પાકાં મૂલ અંકાય.

રતિસુન્દરીને તેનાં માત-પિતા પોતાને ત્યાં-પિયર લઇ ગયાં; ત્યાર પછી લગભગ દસ-પંદર દિવસે તેને સંપૂર્ણ આરામ થઇ ગયો. જ્યાં લક્ષ્મી સહસ્ત્ર મુખે ઉચ્ચાર કરી રહી હોય ત્યાં શું પૂછવું? જ્યાં સારી રીતે દવાદારૂ અને યથેષ્ટ સારવાર થાય, જ્યાં

મનગમતા આહાર વિહાર કરવાની અનુકૂળતા હોય ત્યાં સાચા મંદવાડ લાંબા દહાડા નથી પહોંચતા, બાકી શ્રીમંતાઈના સામાન્ય ધર્મ તરીકે લેખાતી, વરસના ત્રણસોને પાંસઠ દિવસ દવાની બાટલીઓનાં બીલ થતાં હોય એ મંદવાડના અંત ક્યાંથી આવે ? આવે એ ઇચ્છવાજોગ નથી. કારણ શ્રીમંતોની એવા અનેક અવળે રસ્તે જતી લક્ષ્મી બિચારા વૈદ્ય દાક્ટરોના ઘરમાં એ બ્હાને જાય એ શી ખોટી છે ? ભલેને રતિસુન્દરી હાથમાં સીસીઓ લઈને વૈદ્ય-દાક્તરોનાં ઘર ફરતી, ભરતી રહે એની સાથે અમને કંઈજ લેવા દેવા નથી. માત્ર આ સ્થાને વાત એ છે કે: રતિસુન્દરીના રોગના ભોગ આવી ગયા, તે હવે સંપૂર્ણ તંદુરસ્ત છે. પિયરમાં કોઈ વસ્તુની ઊણપ નહોતી કે તેને સાસરે જવું પડે: છતાં પતિસુખ, સંસારસુખભોગની કામનાએ રતિસુન્દરી સાસરે જવાનું કષ્ટ ધારીને ગઈ, પતિના પડતા બોલ ઝીલી લીધા, અનેક પ્રકારના ત્રાસ સહન કર્યા. પતિને પ્રસન્ન કરવા સમયે ગાંડનું ગોપિચંદન કરવામાં મણા ન રાખી પણ રતિકાન્તના પ્રારબ્ધમાં એ સ્વર્ગસુખ ઓછું લખાએલું એટલે એ પણ બિચારો શું કરે ? દરેક વાતે ખુવાર થયા છતાં પવિત્રી કેમ ભૂલાય ? એ પવિત્રીએ તો ક્યહારનુંએ સમજે કે: મનથી રતિકાન્તનું સ્નાન કર્યું છે: અર્થાત્ એને છેલ્લી સલામ કરી દીધી છે, છતાં નિર્ભાગીએ તેને પ્રસન્ન કરવા પ્રિયતમાનાં ઑરિંગ પરખાવ્યાં ! પણ પરિણામ મીઠું આવ્યું: અને ઉપરથી રતિકાન્તા ઉપર જે ત્રાસ ગુજાર્યો તેથી એ પિયર પહોંચતી થઈ, અને થોડાક સમયમાં આરામ પણ થઈ ગયો. હવે એ નિર્દય રાક્ષસ તરફ તેને લેશ પણ લાગણી નથી. હવે તેની ગરિબાઈની તેને રજે દયા નથી આવતી. લોકો માંદો માંદો કર્યા કરે છે: છતાં જાણે તે સાથે તેને કંઈજ લેવા દેવા નથી: હવે તેનું શું થશે તેની પણ

જાણે કે: તેને લેશ ચિન્તા નથી. સાધુહૃદયની રતિસુન્દરી હૃદયમાં પવિત્રીનું સ્મરણ થતાં તેને લાખ્ખોવાર શાપ આપે છે. રતિકાન્તને પણ કંઇ નહિ તો છેવટે સુખી તો નહિજ થાય: એટલું પણ તેના આત્માને થાય છે. અને કરે એવું ભરે એ વાત તો ઉઘાડીજ છે ને? એ ચોક્કસ માની બેઠી છે કે:—

જે કરશે તે ભરશે કોઈ શું કહેશે?
બાવળ વાવીને આમ્રસ્વાદ ક્યમ લેશે?
કેસુડે વાસ ન મળશે, નહિ કેતકી કદિએ ફળશે;
જે વાવે તેવું લણશે, કરણી સરખાં ફળ દેશે.
કૌવચ સંગતથી રંગત શું રહેશે?
ચંદન ખંડનથી ગંધ અખંડન વહેશે.
મધમધપુડે જે વળશે. મધ ભાગ્ય હશે તો મળશે;
પણ ચટકો તો નવ ટળશે, આ દેશ–પરદેશે.

બરાબર બપોરના બાર સાડાબારનો અમલ થયો છે. રતિકાન્તા જમીપરવારી પોતાના વિશ્રામસ્થાનમાં આવીને તાબૂત જેવી વચ્ચોવચ ઉભી રહી છે. કોણ જાણે શાથી તેને પાન સોપારી ખાવાનું પણ નથી સૂજતું! તેતો પ્રભુ જાણે! અરે! પણ એમ ક્યાં ભૂલે એવી છે? જુવો! આ ચાલી! રતિકાન્તા જઇને ખંડના મધ્યમાં પડેલા એક રાઉન્ડ-ટેબલ નજીકની એક ઝોલાચેરપર બેઠી. ટેબલપર પડેલી પાનની પેટીમાંથી પાન કાઢી, સુગંધીદાર મશાલા આદિ સામગ્રીથી તેને બરાબર લિજ્જતદાર બનાવ્યું—પણ અન્તે એ બિચારા પાનની શી દશા થઇ એ કોઇએ જાણ્યું? જગબત્રિસીએ ચડેલા રતિકાન્તની જે દશા થાય છે, એ એવીજ દશા રતિસુન્દરીની દંતબત્રિસીએ ચડેલા કૂમળા

પાનની થઇ! દયાવગરની રતિસુન્દરીએ ફરીફરીને દાંતતળે લાવી તેના ગોટલા અને છોતરાં જૂદાં કરી નાંખ્યાં! અરે! રતિસુન્દરી! અમે તને શું કહીએ? એતો જેવું કરીએ એવું ભોગવવાનું છે એ ત્હારાથી ક્યાં રજે અજાણ્યું છે? રતિસુન્દરી! વળી પાછું તું આ શું કરવા બેઠી? આજ તને કેમ કંઈ જરીએ જંપ નથી વળતો? વાહ! આ હાથમાં અણિદાર શું લીધું? તને તે કંઇ આજ સન્નિપાત થયો છે કે શું? કેમ એ ખુરસી ન ફાવી? બીજીમાં વળી વધારે સ્વાદ આવતો હશે? મેર ગાંડી! વળી પાછી આમ મૂરખની માફક આ બિચારા નિષ્કલંક કાગળના કાળજામાં કાળી શાહીથી ભરેલા હોલ્ડરની ચાંચો ભોંકવા જેટલી નિર્દયતા ત્હારામાં ક્યારની આવી! લાવ્ય, જરી જોવાદે જોઉં! એ ચાંચ ભોંકવાથી તને કંઇક થાય છે કે? ફટ ભૂંડી! પણ કહીશ કે: આ તું શું કરે છે? જણાવીશ કે: એમાંય પછી ત્હારી મસ્ત જુવાની પર મરી ફીટીશ? ભક્ત કબીરજીએ ઠીકજ કહ્યું છે કે:—

તું તો રામ સમર જગ લડવાદે,
કોરા કાગજ કાલી શાહી,
લીખત પઢત વાકો પઢવાદે—તું તો૦

ભલે તો જવાદો એ બધી પંચાત. ડહી ત્હોયે ધનવાનની દિકરીને? શાણી ત્હોયે જુવાની—દિવાની તો ખરીજને!

પાનસોપારી ખાઇ, રતિકાન્તાએ પોતે લાંબા વિચારને અન્તે કરેલા નિશ્ચય પ્રમાણે પુનઃ સંસારસુખની વાંચ્છના પર પૂળો મૂકી ટેબલના ખાનામાંથી એક સુન્દર નોટપેપર કાઢી કંઇક લખવા પ્રવૃત્ત થઈ. પણ લખતાં લખતાં એને બિચારીને મદનદેવ ક્યાં સુખે જંપીને બેસવાદે એમ છે? પાછલી બાજુના બાગમાંનાં તરહ તરહવારનાં

સુન્દર પુષ્પોની સુમધુર સુવાસ લઇ એકઠી કરી પવનરાજ રતિસુન્દરીના વ્યથિત મગજને શાન્ત કરવા પ્રયત્ન કરી રહ્યા છે: પણ અત્યારે એ રતિસુન્દરીને ઉલટો ઉપાધીરૂપ બને છે. કારણ, મૂળ તો ગ્રીષ્મ રૂતુ, જમીને સહજ વિશ્રાન્તિ સરખી નથી લીધી, અનેક પ્રકારની ગડમથલ અંતરમાં થએ જાય છે અને સાથે લખવાનો પરિશ્રમ! આ સ્થળે અમને તો જરાય ઉકળાટ નથી જણાતો, અમને તો આ પવન ઘણોજ સંતોષ–આનંદ આપે છે, તો પછી રતિસુન્દરી તેનાથી કેમ કંટાળે છે? તેના ઉપર આટલી બધી ચીડાય છે શા વાસ્તે? વિશ્વોપકારી મરૂતદેવ તેના શત્રુ હોય એ પણ કેમ સંભવે? હા, હવેજ સમજાયું. તેનું પણ કંઇક કારણ છે. એક તો એ કે: મૂળતો શ્રીમંતનું ઘર, એકનું એક લાડવેલું છોકરૂં, એટલે સહજ અલેતું તો હોયજને? તેમાંય આ તો પિયર અને પિયરમાં પણ પોતાના એકાન્ત વાસમાં! પછી? રતિકાન્તાએ ઢાકાની બારિકમાંબારિક મલમલનો ફક્ત એકલો સાળુ શરીરપર પહેર્યો છે, અમારા ધારવા મુજબ તેના અંગપ્રત્યંગનું અવલોકન કરવાને તિક્ષ્ણ દૃષ્ટિ રાખવી પડે એમ નથી. હવે એવી સ્થિતિમાં પવનદેવ આછું નામનું વસ્ત્ર પણ ન રહેવા દે. વારંવારે અગવિત્રાની માફક ખસેડી નાંખી તોફાન મચાવે એ શું? પવનરાજ! તને પણ અમારી માન્યતા મુજબ આ કલિકાળની કંઇક અસર થઇ ખરી! નહિતો આનું કંઈ કારણ? યુગયુગની અવસ્થાએ પહોંચેલાને આ શું? પણ પવનદેવ એ કયાં સમજે એમ છે? રતિકાન્તા બિચારીએ શું કરે? આ પાછો તનમનાટ કરતો–સુસવાટા મારતો સમજો કે: હરખાતો આવ્યો! ફુટડી રતિસુન્દરીના સૌન્દર્યનું વર્ણન અમે શાસારૂ કરીએ? તમે તમારે નજરોનજર જુવો ત્યારેજ ખાત્રી કરી લેજોને! કાળા ભ્રમર જેવા ચળકતા સુંવાળા

રતિસુન્દરીના શિરોકેશ જેમ જેમ જેટલીવાર ઉડી ઉડી ને આગળ આવે તેટલીવાર તે બિચારી હળવેથી હાથવતી કાન પાછળ ભરાવે-સંકોરે તેમ તેમ પેલો અટકચાળીબલા જેવો પવન વળી પાછો ક્યાંથીએ આવી તેના વાળને મારીને વિખેરી-ગુંચવી નાંખે! કંઇ નહિ, હઠિલી રતિસુન્દરી પણ કંઇ કાચી ન્હોતી. ગમેતેમ થાય પણ ધાર્યું કર્યાં વગર બેઠી ત્યાંથી ઉઠે કે? એણેતો એક પછી એક એવા ત્રણ કાગળ લખીને કવરમાં બીડી, શિરનામાં વગેરે કરી ચાકરડીને હાંક મારી ને બોલાવીને "લે જાજા, જલ્દી આ કાગળ નાંખી આવ" કહીને ધકેલી. રતિકાન્તા! તું પણ રોક કરવામાં કંઇ જરીકે આઘુ પાછુ જુવે એમ નથી જણાતુ! હવે બહુ થયુ. વળી વર ગાંડો હોતતો બાકી શું રહેત? હવે બહુ થયું કંઇક સમજી જા, એવો વ્યર્થ અભિમાનશો? ગરિબ નોકરો ઉપર એવા દોરદમામ શા? રોજ ઘડીએ પલકે ગાય છે ખરી પણ કંઇ ગમ પડે છે કેઃ—

અભિમાન ફણીશ્વરને નહિ દુધ પાઇને પોષાડવો;
રાવણ સરીખે રામથી લીધો નથી કંઇ લાડવો.

જોતજોતામાં ચાકરડી આવીને કાગળ નાંખી આવ્યાની વાત કહી ત્યાંથી ચાલતી થઇ. વળી કોણ જાણે શું સાંભળી આવ્યું કે હાંક મારી. બિચારી પુનઃ આવીને "કેમ બ્હેન સાહેબ!" કહીને ઉભી રહી. રતિસુન્દરીએ ગાડીવાનને ગાડી જોડવાનું કહેવા આજ્ઞા કરી અને સાથે તેને પણ તૈયાર થવા સૂચવ્યું. ચાકરડી એનીમેળે એ સ્થાનમાંથી ચાલતી થઈ. રતિસુન્દરીના મ્હોં ઉપર અચાનક ઉદાસિનતા પ્રસરી ગઇ. તેને થઇ આવ્યું: "મ્હેં વળી એક નહિ બે નહિ અને ત્રણ કાગળ લખી નાંખ્યા. પણ હવે તેનું શું? એ લખ્યા તો ખરા પણ તેનું કેટલું ભયંકર પરિણામ આવશે તેનો પણ ખ્યાલ ન રહ્યો?

એમની એવી સખ્ત માંદગીમાં મ્હારો એ કાગળ એમના આત્માને કેટલો કલેશ કરાવશે? મ્હને સાચા દિલથી યાદ કરે છે એવું મ્હેં સાંભળ્યું છતાં એ તરફ બેદરકાર રહી. મ્હેં આ કેવું સાહસ ખેડયું? ઉપરથી વળી સુરેન્દ્રને લખ્યો! એ દુષ્ટ કોણ જાણે શું એ કરશે ને શું એ નહિ કરે? કાન્ત તો સમજુ અને પરમ વિશ્વાસુ છે તેને લખ્યો તેનું તો કંઈજ નહિ; પણ એ પણ ઠીક થયું છે? કાન્તની તો હું અવશ્ય ક્ષમા માગીશ, પણ પ્રભુ! આજ ત્હેં આ કેવી દુર્બુદ્ધિ સુઝાડી? નિતિવેત્તાઓએ યથાર્થજ કહ્યું છે: સ્ત્રીબુદ્ધિ પ્રલયંકૃત એ વાત આજ સત્ય કરી.

ચાકરડી તૈયાર થઈને આવી. એને જોઈને હૃદયના ભાવ છુપાવી રતિસુન્દરીએ જ્યાંત્યાં કપડાં પહેરી લીધાં અને મનથી મહા પશ્ચાત્તાપ કરતી ઘરમાંથી બ્હાર નિકળી જઈને ગાડીમાં બેઠી અને ગાડી નટવરલાલ-શામલાલના મંદિર તરફ હાંકવા સૂચના કરી.

નવમ પરિચ્છેદ

શત્રુ-મિત્ર! કે શયતાન પવિત્રી?

पौलस्त्यः कथमन्यदारहरणे दोषं न विज्ञातवान ।
रामेणापि कथं न हेमहरिणस्यासंभवो लक्षितः ॥
अक्षैश्चापि युधिष्ठिरेण सहसाप्राप्तोह्यनर्थकथम् ।
प्रत्यासन्नविपत्तिमूढमनसां प्रायो मतिः क्षीयते ॥

પર સ્ત્રી હરણમાં પાપ રાવણ જાણતો નહોતો કંઇ?
મૃગ હેમનો નવ હોય એ શ્રીરામ પણ સમજ્યા નહિ?
દ્યુત છે વિનાશક ના રહ્યું એ ધર્મના પણ ધ્યાનમાં?
સંકટ ફરે શિર ઉપર તે ક્ષણ મતિ જાય મસાણમાં.

કોઇપણ કાર્યના પ્રારંભમાંજ તેનું પરિણામ માનવપ્રાણીના લક્ષમાં આવી જાય તો આ સંસારમાં થતા નવ્વાણું ટકા અનર્થ ઓછા થઇ જાય. કેવળ માનવપ્રાણીની વાત ન કરતાં દેવ દાનવ અને માનવ ત્રણેની પણ એજ દશા છે. પ્રત્યેક સમયે નસિબના પાસા ફેંક્યા છે-ફેંકે છે પણ તેનું ભાવિ પરમાત્માને હાથ હોય છે. પુરૂષાર્થની પાછળ મરી ફીટનારા આત્માઓનાં જેમ-જેમ પ્રારબ્ધ બદલાય છે તેમ તેમ બુદ્ધિનું ચક્ર પણ ફરતું જાય છે. એકજ માણસને એકજ કાર્યનું ફળ સમય-ભેદને લીધે જૂદું જૂદું મળે છે એ સ્વતઃ સિદ્ધ વાત છે. ત્યાંજ આત્માની પામરતા અંકાય છે, અને પરમાત્માને આખર તેના યશ અપયશ સોંપાય છે. પ્રસ્તુત પરિચ્છેદમાં તો અમે માત્ર એજ બતાવવા ઇચ્છીએ છીએ કે: प्रत्यासन्नविपत्तिमूढमनसां प्रायो मतिः क्षीयते ॥

નસીબનો પાસો ફેંકવાને, ઉજળા ભવિષ્યની આશાએ, કષ્ટ વેઠીને ફાવે તેવા સંયોગોમાં પણ કાર્યસાધન કરવું એ સિદ્ધાન્તને માનનાર પ્રિતમ આજ કેટલાક સમયથી સોલિસિટરનો અભ્યાસ કરવા અર્થે મોહમયી સેવી રહ્યો છે. આખા દિવસમાં એક ક્ષણનો અવકાશ ન મળે! મુંબાઇમાં મ્હોટી પીડાઓમાં એક તો રોટલાની અને બીજી ઓટલાની: તેમાંની એક પ્રિતમને ન મળે! તેમ છતાં પ્રિતમ હમેશાં ઉદાસિન્ અને ઉદાસિન્ જ રહે છે. શેઠીઆઓની પેઢીઓમાં ફાવે તેટલી લાગવગ હોવા છતાં ત્યાંના નોકર ચાકરોની જોહુકમી અને તમરી જૂદી જ હોય છે. ત્યાં પણ ગજવાં તર રાખવાં પડે છે, નહિ તો કહેશે કે: "અમે તો પેઢીના નોકર છીએ: તમારા નહિ મહેરબાન!" આવી સ્થિતિમાં ગણાતી વ્યવસ્થામાં અવ્યવસ્થાને લીધે પ્રિતમને મહિને પાંચ સાત રૂપિઆ તો નોકરોને દાન-દક્ષિણા કરવી પડે છે. છતાંય હિસાબ નહિ! વધારામાં સાદો અને સીધો માણસ પણ મુંબાઇની હવામાં જેવો જોઇએ એવો તૈયાર થાય છે: એ ન્યાયે પ્રિતમનો પણ વેષ અને આવેશ હવે બદલાઈ ગયો છે. કપડાંલત્તાં અને ચ્હા સીગારેટના ધુંવાડા ઉપરાંત મિત્રોની સાથે અડવાડીએ એક બે વખત નાટક સિનેમાની મુલાકાતો પણ લેવી પડે છે. છોકરાંને ગળે ટૂંપો દઇને પાર્વતિશંકર બિચારો મનમાં વિચાર કરતાં મુંઝાતો ગમે તેમ કરીને માસિક ત્રીસથી ચાલીસ રૂપિયા મોકલ્યા કરે છે. અને મહિનો પૂરો થાય તે પહેલાં પ્રિતમ તેની વ્યવસ્થા કરી નાંખે છે!

મુંબાઈ નગરીમાં પાણીની માફક પૈસા વાપરી, સ્વચ્છંદી રીતે મૉજમજા ઉડાવતાં શ્રીમંતનાં ફરજંદો, અને વકીલ બેરિસ્ટર ને ડૉક્ટરોના સજીવ વિહાર જેમણે જોયા હોય તેમને સ્વાભાવિક ઈર્ષ્યા આવે એમાં કંઈ અતિશયોક્તિ નથી. મિત્રોની સાથે સફર કરવા જતાં

એકાંવા પ્રિતમ બિચારો લેવાઇ જાય ! એવે વખતે ગમે તેવી હોય પવિત્રી કેટલી કામમાં આવે ?

એક દિવસ વાળુ પાણી કરીને પ્રિતમ પોતાની રૂમની અંદર બેડીંગને અઢેલીને એક ન્હાની શી શેતરંજી ઉપર બેઠો બેઠો કંઇક વિચાર કરતો હતો. તે મનથી બબડયો "હાં, એને તો કંઇ કહેવા જેવું નથી, એ એક વખત માની લઇએ, તોપણ શું કાન્તની નિમકહરામી ઓછી છે ? મ્હારી ગેરહાજરીમાં એ વિશ્વાસઘાતી બીજું શું નહિ કરતો હોય ? હવે તો એક વખત ઇશ્વર આવીને કહે કે: એ નિર્દોષ છે, તોપણ હું કેમ માનું ? મ્હને અક્કલ વગરનો વિશ્વાસુ માનીનેજ તેણે એ ભયંકર સાહસ ખેડયું હશે કે ? કાન્ત ! તું એજ કાન્ત કે બીજો ? મ્હારો આત્મા ગભરાય છે ! તું એવો હોય તો જગતમાં હવે શું બાકી રહેશે ? હા ! પણ એ એવો હોય ખરો ? કેમ ? તો મ્હેં નજરે જોયું-જાણ્યું તે ખોટું ? તો પછી પેલો રતિકાન્ત ! એનું ખરૂં ? હા, તો કાન્તનું પણ એજ ! ના ના, પણ કાન્ત તો વધારે ગુન્હેગાર છે. રતિકાન્ત તો ચોકખો દુષ્મન પણ કાન્ત તે હવે શત્રુ કે મિત્ર ? પવિત્રી વસ્યા હોય તો પણ તું ધર્મભ્રષ્ટ કેમ થયો ? વળી પાછો નિર્દોષ થવા જાય છે ! હવે ત્હારી એ ઉડાઉગીરીમાં આવે એવો આ પ્રિતમ ભલો નથી. શું લખે છે ? લાવ્ય, જોઉં તો ખરો, ફરી વાંચવા દે ! શા માટે જવાબ ન આપવો ? એ શું સમજે કે: પ્રિતમ બોટ નથી ? બસ, એક વખત તેને છેવટનો જવાબ લખી તેનું મ્હોં બાળી નાંખવું. તેનું સ્નાન કરવું. જો તું ખરો હોય તો પવિત્રી કેમ ખોટી ? તેના અક્ષર કેવા મોતીના દાણા જેવા છે ? તેના લખાણમાં વિનય વિવેક અને હૃદયની નિખાલસતા કેટલી તરવરે છે ? શું એ ગુન્હેગાર હોય તો પણ એનો ઉદ્ધાર ન થઈ શકે ? દૂર વસીને ઉભય ધર્મ-કર્મથી ભ્રષ્ટ થાય તેના

કરતાં સાથે હસે રમે એ શું ખોટું? એના લખાણુમાં કંઈક હશે: તો પણ તદ્દન બનાવટ નથી. મ્હેં જોયું એ ઉપરાંત પવિત્રીનો કાગળ, કાન્તના અત્યાચારની સાબિતી આપે છે. લાવ જોઉં તો ખરો: અને સુંદરલાલ! ખરેખર એ મ્હારો લંગોટિયો દોસ્ત ખરો! શ્રીમંત ગરિબને નથી યાદ કરતા એ વાત ખોટી છે. એને બિચારાને શી ગરજ? એના કાગળમાં બાલ્યસ્નેહની કેવી સુંદર યાદ ભરી છે! ગમે તેમ પણ કોક દિવસ કામનો છે. મ્હારો સંસાર સુખી કરવાનો. નહિ તો તેને શી પડી છે? પ્રારબ્ધની અનુકૂળતા વગર આવા યોગ ક્યાંથી બને? એના ઉપર ફૅશાન ચડશે અને ઘાટઘાટ બેસશે! સુરેન્દ્રએ એની મેળે બિચારાએ રૂમની પણ વ્યવસ્થા કરી મૂકી એ ઠીકજ થયુંને? મ્હારે ભૈયાને ભાઈ સલામીઓ ભરવી મટી! હવે તો પવિત્રીનાં પગલાં વાગે છે. નહિ સુધરી હોય તો પાસે રહેવાથી એની મેળે સુધરશે. ઘરનાંને આ વાત ગમે કે ન ગમે એ બધું વખત જોઈ લેવાશે. એ તો જેવા પડશે એવા દેવાશે. મોટાભાઈ વચકશે તો પૈસા નહિ મોકલે એજને? બે ચાર કલાકની સરવિસ કે ટ્યૂશન ખોળી લઈશું. અરે! પણ સુન્દરલાલ શું લખે છે?

પ્રિતમે તરતજ ટ્રંક ઉઘાડી ટપાલનું બંડલ કાઢ્યું, અને એમાંથી અનુક્રમે, કાન્તનો, પવિત્રીનો અને સુંદરલાલનો એમ એક પછી એક ત્રણે કાગળ કાડ્યા અને સાથે ગજવાંથી ફાઉન્ટન પેન લીધો અને વૉલ-સૅટને છેક પાસે લઈ પ્રથમ કાન્તનો આવેલો પત્ર હાથમાં લીધો, અને ધારી ધારીને પત્રને વાંચવા લાગ્યો—

રાજનગર કાન્તકૂટિર તા...

પ્રિયમિત્ર—ભાઈશ્રીપ્રિતમરાય!

વિ. કુશળ હશો. ઇચ્છાએ કે અનિચ્છાએ પણ આજ પત્ર

લખવાનું યોગ્ય ધાર્યું છે. ઇચ્છાએ કે અનિચ્છાએ એને એક વખતતો વાંચશોજ. જે કંઇ માની બેઠા છો તે ખાલી ભ્રમણા છે, તદ્દન ખોટું-તર્કટ છે. સત્ય શું છે એ સમયે શ્રીહરિ બતાવશે! જેજે વિચારને પરિણામે જેજે આચારને અમલમાં મૂકો તે સંપૂર્ણ વિવેક-વિચાર પૂર્વક મૂકશો એટલી પ્રાર્થના કરવાનો આજ હક્ક નથી; છતાં માનીને લખું છું; કારણ પ્રિતમ અને આ પ્રાણ એકજ હતા, છે અને રહેશે. સમય એ સત્ય કરી બતાવશે. પવિત્રી! એ મ્હારી ભગિની તુલ્ય છતાં મ્હેં શુધબુધ ગુમાવી! અસ્તુ, પ્રભુ સર્વ પળે તમારૂં શુભ કરો! પ્રિતમને ભૂલી જવા પ્રયાસ કરી રહ્યો છું: પણ પ્રિયતમ ગણ્યા એ કેમ ભૂલાય? એજ ક્ષમા!

તમારો સદાનો સેવક
છું અને રહીશ
કાન્ત પોતે.

બરાબર છે. લે. ઇચ્છાએ નહિ પણ અનિચ્છાએ એકવાર નહિ પણ અનેકવાર વાંચ્યો. એમ બબડીને પ્રિતમે લાંબે દિવસે કાન્તને પ્રત્યુતર લખવા હોલ્ડર ઉપાડ્યું.

માટુંગા તા.........

શત્રુમિત્ર!

વિ. કુશળતા પૂછવાના દિવસો વહી ગયા. બરાબર છે. ઇચ્છાએ કે અનિચ્છાએ પત્ર લખાય છે એ પત્રજ કહેશે. પણ ચિત્તની સ્થિરતા ક્યાં સુધી સાચવી શકું? ત્હારા લખવામાં તો ક્યાશ નથી, એ સમજતાં કાયદાના અભ્યાસીને વાર કેમ લાગે? પણ હવે એ વાત મ્હારૂં મન નથી માનતું કે કાન્ત નિર્દોષ છે. આખા વિશ્વમાં જો પ્રિતમે માત્ર કોઇને હૃદય સોંપી તેના પર વિશ્વાસ રાખ્યો હોય તો તે મ્હારો

ભૂતકાળનો કાન્તજ હતો. શું આમ આખી દુનિયાને જૂઠી ઠરાવી તું હવે ત્હારા શિરે આવેલા કલંકને ટાળવા માગે છે ? પ્રિતમ તો દુઃખી થતો આવ્યો છે. પણ ત્હેં તો હદ કરી છે. પવિત્રી ગમે તેવી હતી તો પણ મૂર્ખ ! તું ત્હારો ધર્મ કેમ વળાવી બેઠો ? સમય અને શ્રીહરિ જે બતાવશે તે જોઈશ. પણ કાન્ત તું ન સમજીશ કેઃ ત્હેં ઓછું કર્યું છે. પ્રત્યક્ષ જોયું તેનાં પ્રમાણ શાં ? ગુસ્સો શમ્યો નથીઃ છતાં ગમ ખાઉં છું. ત્હારા પત્રની મ્હારે જરૂર નથી. દૂર બેઠે બેઠે પણ મ્હને હવે નિરાંતે બેસવા દઈશ તો પ્રભુનો પાડ !

પસ્તાતો

પ્રિતમ.

પત્ર લખી કવરમાં બીડીને કોરાણે મૂક્યો ! "કાન્ત જેવા મિત્ર !" હવે જગતમાં કોનો વિશ્વાસ કરવા રહ્યો ! ભૂતકાળના દિવસો અને કાન્તની કૃતજ્ઞતા પ્રિતમને યાદ આવ્યાં. આંખમાં પાણી ભરાયાં અને પવિત્રીના પત્ર તરફ દૃષ્ટિ પડી. એ હાથમાં લઈને જોતાં "ત્યારે આ લખે છે એ શું ?" કંઈ નહિ. બનવા જોગ છે. યથાર્થજ કહ્યું છેઃ **प्रत्यासन्न विपत्ति मूढ मनसां प्रायो मतिः क्षीयते** એનો બગડવાકાળ એમાં શક નહિ. નહિતો એવી બુદ્ધિ સૂઝે ? કહીને પ્રિતમે પુનઃ પવિત્રીવાળો પત્ર વાંચવો શરૂ કર્યોઃ–

રાજનગર, પ્રમોદભવન...

દેવ !

સેવામાં ! અપરાધિનીના સાષ્ટાંગ.

વિ. એક નહિ પણ અનેક અપરાધ ત્યાં ક્ષમા કેમ મંગાય ? અને માગે તો આપે કોણ ? છતાં ગરજવાનને અક્કલ શી ? ભીખારીને શરમ શી ? અપાત્ર છતાં આપનાં સ્નેહ–સેવાને આ દુર્ભાગિ-

નીને પાત્રબનાવો, નાથ! પારસમણિના સ્પર્શથી આ લોહને કંચન નહિ કરો? શું કહું? આપણા દામ્પત્યજીવનમાં કાન્તેજ ઝેર રેડયું છે. એણેજ મ્હને પાપમાર્ગે દોરી હતી. પણ પ્રભુએ મ્હારી આંખ ઉઘાડી છે. તમને યાદ આવું? "દુરાત્મા રતિકાન્તને જીવનદાન આપી પાછા ફરતાં હું આપને સ્હામી મળી. અરેરે! એ સમયે કામાન્ધ કાન્ત મ્હારી પાછળજ હતો! આપ ન આવી ચડયા હોત તો હું અબળાને એ કાન્તે ક્યારનીએ અપવિત્ર કરી હોત! નાથ! તે પછીનો તેનો પ્રબળ અત્યાચાર આપનાથી ક્યાં અજાણ્યો છે? મ્હને ચ્હાય તે શિક્ષા કરો, પણ પ્રભુ! આપની સાનિધ્ય રાખો! આપના ચરણનું શરણ મળ્યા પછી હું મરણ પણ હસતા મ્હોંએ વધાવી લઈશ. હું ફીફ્થ સ્ટાન્ડર્ડમાં પાસ થઈ છું એ જાણીને આપને સંતોષાનંદ થશે કે? પ્રાણ! બીજી શી પ્રાર્થના કરૂં. કહો—

ભલાં બુંડાં અમે તહોયે તમારાં ક્યાં જવાનાં કહો ?

દયા! ક્ષમા!

સેવાનુરાગિની
પવિત્રીના
સાષ્ટાંગ દંડવત્ સ્વીકારશો?

"શો બનવાકાળ!" પવિત્રી ત્હારા દંડવત્ સ્વીકાર્યા. ત્હારી અરજી મંજૂર થઈ. બધું જાણું છું. પણ પ્રભુ જાણે બનવા કે બગડવા પણ આજ ત્હારો સત્કાર થાય છે. અને ત્હારા લખવા મુજબ જેનો સત્કાર થતો તે સન્મિત્રનો કાળબળવડે અનાદર થાય છે! કાન્ત સાચો હતો તે દિવસે તું જૂઠી-શયતાન હતી: આજ તું સાચી અને એ શયતાન જણાય છે. આમાં સત્ય શું? પ્રભુ જાણે! પવિત્રી! ત્હારા પત્રનો પ્રત્યુત્તર તને મળી ચૂક્યો હશે.

હાથમાંનો પવિત્રીનો કાગળ પાછો એના કવરમાં બીડી મૂકી દીધો, ત્યાં સુંદરલાલનો પત્ર હાથ ચડ્યો. "એ બાલસ્નેહીનો પત્ર લાવ વળી એકવાર વાંચી જોઉં!" લખપતિ. પણ છે જરીક અભિમાન! કહીને કવરમાંથી પત્ર કાઢી વાંચવા માંડ્યો.

શાહીબાગ, સુંદરમેન્શન.........

મ્હારા લંગોટિયામિત્ર શ્રીપ્રિતમરાય! પ્રણામ.

વિ. સાથે એકડી ભણતા હતા તે યાદ છે. પ્રારબ્ધવશાત્ તમારૂં સ્મરણ થયું, અને યોગ મળતાં આ પત્ર લખવા પ્રેરાયો. હું જાણું છું અને મ્હેં સાંભળ્યું એ મુજબ ત્યાં તમને જોવી જોઇએ એવી શાન્તિ અને સગવડ નથી. થોડાજ વખતમાં એ તરફ આવી તમારે સારૂ મીલના એક બંગલામાં રહેવા વગેરેની વ્યવસ્થા કરી આપીશ. જો અભ્યાસ ચાલુજ રાખ્યો હોય તો તેમ, નહિતો હાલ તુરત મ્હારી એક મીલમાં એસિસ્ટંટ મેનેજર તરીકે ગોઠવીશ અને ભવિષ્યમાં સારો ચાન્સ મળશે. તમારાં પત્નીશ્રી તરીકે: સૌ. પવિત્રીનો થોડા વખત ઉપરજ પરિચય થયો. તેમને પણ મ્હારાં પત્ની સાથે લાંબા સમયનો સબંધ છે. અને તેથીજ એક સ્નેહી તરીકે તમને ઇષ્ટ લાગે તો તેમને ત્યાં બોલાવી લેવા સ્નેહભાવે સલાહ આપું છું. તમારાં સુખ અને સગવડને ખાતર પણ બોલાવી લેશો. એ જોખમદારી મ્હેં માથે લીધી હોવાથી પુનઃ એકવાર એ સબંધી પ્રાર્થના કરૂં છું. જો આજ્ઞા કરશો તો હું ફેમીલી સાથે ત્યાં આવનાર છું તો સાથેજ લેતા આવીશું. એજ મ્હારા લાયક કામ! સેવા!

સ્નેહાંકિત

સુંદરલાલના પ્રણામ.

"ન્હાનપણનો સ્નેહ પણ બિચારો કેવો યાદ કરી રહ્યો છે! નહિ તો શ્રીમંતને મ્હારી શી પડી છે? એમને પણ પત્ર લખી નાંખ્યો એ ઠીકજ કર્યું. સંગાથ વગેરેની ઉપાધી મટી ગઇ. એ એમની મેળે સાચવીને લેતા આવશે. શ્રીમંતનો સબંધ છે. ગમેતેમ પણ" કો કાળે ફળ દાયકા "જો ફાવશું તો ઠીક નહિતો સુંદરલાલ બિચારો તૈયાર છે. જો કાલ બપોર સુધીમાં કાગળ આવે તો ઠીક નહિ તો એક તાર મૂકી દઇશ. આ પ્રમાણે વિચાર કરતો હતો એટલામાં પ્રિતમનો સાળો સુરેન્દ્ર "પ્રિતમરાય છે કે?" કહેતો કે આવી પહોંચ્યો. "આવો" કહીને પ્રિતમે પ્રશ્ન કર્યો: "કેમ, કંઇ કાગળપત્ર છે?"

સુ:—"હાજી! સોમવારના ફાસ્ટમાં બેશી મંગળવારે સહવારે અહીં આવશે. જો બને તો સ્ટેશનપર આવવા લખ્યું છે.

પ્રિ:—ઠીક, આજ તો હજુ શનિવાર થયોને?

સુ:—"હાજી!

પ્રિ:—"ત્યારે તમે તમારી મેળે સ્ટેશનપર જજો, સમજ્યાને?

સુ:—"હાજી! એતો હું જઇશજ, પણ આતો મ્હેં કહ્યું કહી આવું. એતો સાથે સુન્દરલાલ વગેરે આવનાર છે, કંઇ હરકત જેવું નથી. હું પણ આ નોકરીથી થાક્યો છું. સાળું સાતસાત માળ ચડીને પગ ભરાઇ જાય છે. તેમાં વખત એવો, એટલે ઉઘરાણી પતે નહિ અને શેઠ પણે જીવ ખાય, પ્રિતમરાય! આજતો એક ઠેકાણે ઝપાઝપી થઇ, પૈસો મળ્યો નહિ અને નકામાં માર ખાધો."

પ્રિ:—"તમે હમણાં થોડા દિવસ નભાવી લ્યો. સુંદરલાલને કહીને કંઇ તમારૂં મીલમાં ઠેકાણું કરીશું.

"લ્યો, ત્યારે અગીઆર વાગવા આવ્યા હશે, હવેતો થાક્યો પાક્યો

મુકામે જઇને સુઇ રહીશ. બીજું કંઇ કામ કાજ?" કહી સુરેન્દ્ર ઉભો થયો. "લ્યો! આટલો કાગળ પોસ્ટમાં નાંખતા જજો" કહીને પ્રિતમે કાન્ત ઉપર લખેલો કાગળ સુરેન્દ્રના હાથમાં મૂક્યો. સુરેન્દ્રએ કવર હાથમાં લઇ શિરનામું જોયું પણ અંગ્રેજીમાં લખેલું એટલે મન વાળ્યું!

સુરેન્દ્ર ચાલતો થયો, અને પ્રિતમે બધું ઠીકઠાક કરીને, પથારી પાથરીને મોડી રાત જવાથી શયન કર્યું. પણ ઉંઘ ન આવી તે નજ આવી. નિર્દોષ કાન્ત ઉપર આ ભાન વગરના પ્રિતમે વજ્ર છોડ્યું. છુટતાં છુટી ગયું પણ હવેજ એનો આત્મા એને ડંખવા લાગ્યો. એના અંતરમાં કંઇક દર્દ થવા લાગ્યું. "ગમે તેમ પણ તેના મારા ઉપર ઓછા ઉપકાર નથી. પત્રનો જવાબજ ન આપ્યો હોત એ ઠીક હતું. વિચારમાળાના મણકા ફેરવતા આંખ મળી ગઇ, અને કાન્તની સૌમ્ય-શાન્ત મૂર્તિ તેની દ્રષ્ટિ સમિપ આવીને ખડી થઇ. એ સ્વપ્નમાં કાન્તે તેને ભૂતકાળનાં અનેક ભિષણ દૃષ્ય બતાવ્યાં-યાદ કરાવ્યાં. અને ભાવિ અંજામ પણ કહી સંભળાવ્યો. પ્રિતમે મૂઢવત્ એ બધું જોયા-સાંભળ્યા કર્યું. છુટા પડતાં કાન્તે પૂછ્યું:-"ભાઇ! એમાં તું અને હું શું કરીએ? તમારો વિનાશ નિર્માણ થયો છે. સત્ અસતનો વિવેકવિચાર હૃદયમાંથી અળગો ક્યારે થાય છે? યથાર્થજ કહ્યું છે કે: प्रत्यासन्न विपति मूढ मनमां प्रायो मतिः क्षीयते હજી તો વિચાર કરો! કહો જોઇએ:-"

શત્રુ મિત્ર! કે શયતાન પવિત્રી?

દશમ પરિચ્છેદ

રતિસુન્દરીનુ રામબાણ.

પતિ–સુખની તજી આશ રતિપૂર,–પ્રમદાએ જ્યાં છોડયું બાણ–
પ્રાપ્ત થતાં મન મુરખ સમજ્યો ત્યાં કરવા બેઠો કલ્પાંત;
જ્ઞાન–ઉદય ઉર થયો મરણની ક્ષણે પ્રાર્થના કરે ગમાર,
"આ અ–નાથને માથે સ્થાપી હાથ ભગવતી! કરો ઉદ્ધાર"

અગ્નિનો એ ધર્મ છે કે: એ પ્રથમ જે સ્થળે પડે છે એ સ્થાનને પ્રથમ બાળે છે. ક્રોધાગ્નિ પણ એવોજ છે કે: એ પહેલાં જેના શરીરમાં ઉદ્દભવે છે તેના લોહીનું પ્રથમ પાણી કરે છે. તેને પોતાને સળગાવે છે. અધર્મ અને પાપાચરણ કરવામાં પણ સમજો કે: કંઇ એવુંજ છે; એ આચરનારને આચરતા પહેલાં પ્રથમ તેનો આત્મા અંદરથી ડંખે છે. મન કાર્ય કરાવે છે. આત્મદેવ અંદર છે તે મના કરે છે કે: અભાગી કર ભલે પણ એ કલ્યાણકારક નથી. અર્થાત્ પાપાત્માઓ લક્ષ્યવેધ કરવા જતાં પોતેજ એક રીતે પ્રથમ વિંધાય છે–ચવાય છે.

જે વખતે રતિકાન્તનો સર્વ પ્રકારે સર્વથા નાશ થઇ ગયો, શારીરિક, માનસિક અને આર્થિક એ ત્રણે સમ્પત્તિઓનો સંપૂર્ણતઃ ક્ષય થયો; છતાં પણ પ્રારબ્ધની કંઇક અનુકૂળતાને લીધે તેનું સંસારનાવ શાન્તિપૂર્વક ચાલતું હતું એવે વખતે એ પોતેજ પોતાનો શત્રુ થયો. પવિત્રીએ સર્વથા પોતાનો પરિત્યાગ કર્યો છે એ જાણવા–અનુભવવા છતાં એને પુનઃ એકવાર હાથમાં લેવાની દુર્વાસનાથી તેણે પત્નીનાં

ઍરિંગની જે વ્યવસ્થા કરી તે, તેમજ તેના પરિણામે એ ઍરિંગના નિમિત્તે જે પ્રચંડ અગ્નિ પ્રકટ્યો-તેણે પોતે પ્રકટાવેલો તેમાં બળી રહેલો છે. ઉશ્કેરાયેલો કેવું અવળું વેતરી બેઠો એ કોણ નથી જાણતું? અને પરિણામે કેવો ઘાટ થયો કે: "દુગ્ધામેં દોનું ગયે, માયા મીલી ન રામ!" પવિત્રી તો ગઇતીજ, નકામાં પત્નીનાં ઍરિંગ ગુમાવ્યાં અને મ્હાપ્હરાણે ઠેકાણે આવેલી પત્ની પણ પિયર ગઈ.

એક પછી એક એમ દિવસ ચાલવા માંડ્યા, પણે રતિસુન્દરીને આરામ થતો ગયો તેમ તેમ અહીં રતિકાન્તની તબિયત દિવસે દિવસે લથડતી ચાલી. મહાપ્રયાસે રસ્તામાં પાંચ ઠેકાણે બેસે ત્યારે તો દાક્તરનું ઘર દેખે એવી અવસ્થા છે. ચારે બાજુથી ઘેરાયો છે. એના પોતાના મનથીજ હવે એણે જીવનની આશા છોડી દીધી છે. આખી રાત પાસાં ઘસીને કાડે છે. આજ પણ મ્હાપ્હરાણે રાત કાઢી અને મળસ્કાની જરીક આંખ મળી ગઇ પણ શાન્તિથી ઉંઘ, અને શાન્તિથી મૃત્યુ આવે એમાં પણ પ્રારબ્ધ જોઇએ. "એ શેઠ સાહેબ કાગળ લેજો" કહીને પોસ્ટમેને હાંક પાડી. રતિકાન્તના કાનમાં એ અવાજ અથડાયો. તેની આંખ ઉઘડી ગઈ. રતિકાન્તનો ન્હાનો ભાઇ "મોટાભાઇ કાગળ" કહેતો કે આપીને ચાલતો થયો. રતિકાન્તે સાચવીને કાગળ ફોડીને વાંચવા માંડ્યો. મથાળેજ લખ્યું હતું-

પૂજ્ય પતિદેવ!

લી. તમારી સદાની. આર્યસંસારની ગૌરવતાને ડાઘ ન લાગે તેની ખાતર એટલું લખ્યા વગર મ્હારો ક્યાં છૂટકો છે? વિ. એમ નથી સમજવાનું કે: ઍરિંગ જેવી તુચ્છ વસ્તુની ખાતર મ્હેં આફત સહન કરી મ્હારા ગૃહસંસાર-સુખને ધૂળમાં રગદોળ્યો છે. ઇશ્વરે-તે દયાળુ જગદિશ્વરે આ સૃષ્ટિમાં તમારા પવિત્રસુખ-સ્નેહ વગર

મ્હને શું નથી આપ્યું? મ્હને શેની લાલસા હશે વારૂ? જરૂરિયાતને અંગે ઍરિંગ જેવી નજીવી ચીજ કરતાં ગળાનો હાર માગ્યો હોત તો શું? પતિ–સેવા અને પતિ–પ્રેમની આગળ એવી જડ વસ્તુઓની વિસાત હોય? માનતા નહિ કેઃ રતિસુન્દરી આ જે કંઈ લખે છે તે અસત્ય છે. કદાચ તમારા ખ્યાલમાં પણ નહિ હોય કેઃ બનેલા બનાવનું ખરૂં નિમિત્ત શું છે? પ્રતિજ્ઞા કરી–વિશ્વાસ આપી મ્હારા જેવી ભલી–નિર્દોષ સ્ત્રીને ઠગી પેલી નકટી પવિત્રીની સાથે સબંધ જાળવી રાખવા જેટલું લક્ષ્ય આપી લક્ષ્મીનો દુરૂપયોગ કર્યો, એટલીજ લક્ષ્મીનો ઘરની સ્ત્રી, જનેતા અને ભાઇ ભાન્ડુને સંતોષવા–ખુશી કરવા યત્ન કર્યો હોત તો આ સમય અને આ સ્થિતિ ક્યાંથી હોય? "સુન્દરીની સખ્તાઇ અતિશય છે; માટે શયતાનપૂર દરવાજા બહાર ચાર વાગે હાજર થવું." * વાહ! શાહિબાગ શું કરવા ગયા હતા એ તો પરમાત્મા જાણે! તમારી પડતીમાં હવે શું બાકી છે? કેવળ વિનાશનાંજ સાધનો સજાય ત્યાં શી રીતે સુખી થવાય? પરમાત્માના દરબારમાં કેટલું સહન કરવું પડશે? એ બાબતનો સ્વપ્નેય વિચાર કર્યો છે? રાવણે ચૌદચોકડીનું રાજ્ય શાથી ગુમાવ્યું? તેને ત્યાં શી ખોટ હતી? શાની ઉણપ હતી? અનેક સ્ત્રીઓનું બજાર છતાં વિષયી રાક્ષસની યોગમાયા–સતીસીતા ઉપર દૃષ્ટિ બેઠી! પરિણામે શી લ્હાણુ કમાયો? ઈશ્વરની ખાતર જરીક ચિત્ત પ્રોવીને ભરૂચના સ્વ. કવિશ્રીધીરજરામ નરભેરામની સદ્દશિક્ષા તરફ નજર કરશો?

---

* લક્ષ્મી–કાન્ત પ્રથમ પદ્મ પૃષ્ઠ ૫૫ જુઓ.

છત્રપતિ મહારાજ પતિ લંકા કો મ્હોટો;
બિશ કોટિ સુભટ્ટ દ્રવ્ય દલ કો નહિ તોટો.
લક્ષ પદ્મિનિ નાર ઔર ઔરસે ચડતી:
રામપત્નીકો લે ગયે આયી વો દિનસે પડતી.
મદોન્મત્ત મારૂતી આયો લંકાગઢ માંહી;
જીત્યો યોધ કપિન્દ્ર ઈન્દ્રજીત રોળ્યો ત્યાંહી.
દૌલત કો ભંડાર દિયો બિભિષન ભાઈ;
લય કિનો સબ દેશ કીયી ભક્તનકી સ્હાઈ.
તડિત પડિત ટંકાર કીયો ધનુષ કો ભારી;
રામ પત્ની લે ગયે ક્રૂર રાવન કો મારી.
મતિ બૂરી પર નાર માર મર્કટકો ખાયો;
જીવ ગયો બે મ્હોત નર્કમેં રાજ ગુમાયો.
પર દારા તજ પ્રિત પ્રિત પર નારે બૂરી;
ધન જોબન જલ જાય કોઈ દિન ફીરતી છૂરી.
કહે ધીરજ કરજોડ છોડ પર ત્રિયા પ્રિતિ:
કોન મનુષ્ય હે માત્ર દેખ રાવનકો બીતી.

દૂર રહ્યા છતાં આપની કુશળતા ચાહું છું. કારણ આપની કુશળતા એજ મ્હારૂં સૌભાગ્ય છે. ઈશ્વર આપને સન્મતિ આપો !

આપનીજ

રતિસુન્દરી.

રતિસુન્દરીના કાગળે રામબાણની અસર કરી. તેને વધારે અફસોસ તો તેથી થયો કે: "પેલી નોટ એના હાથમાં ક્યાંથી ગઈ! ભાવિ કોણ મિથ્યા કરે? રાંડ એ વળી પાછી મ્હને ક્યાંથી આપી?

એણે આપી તો ખરી પણ મૂર્ખ રતિકાન્ત! ત્હેં એને ગજવામાં મૂકતાં જરીકે વિચાર ન કર્યો? ફાડી નાંખી હોત તો? સુન્દરી! નિષ્ઠુર પતિને આ માનવાચક શબ્દો શા? હવે હું તને મ્હોં બતાવવા નથી ઇચ્છતો. મ્હને કર્મફલ મળ્યું છે અને હજી મળશે તે જીવીશ ત્યાં સુધી ભોગવીશ." નિર્દોષ પત્ની ઉપર ગુજારેલો જુલ્મ તેને યાદ આવતાં તેનું હૃદય ગભરાવા લાગ્યું. કાગળ પથારીના પડ નીચે દબાવી અસહ્ય આંતર વ્યથા સહન કરતો આંખ મીંચીને આંસુ વરતો પડી રહ્યો.

માતાના મનથી કે: રોજની માફક આજ પણ રતિકાન્ત દાતણ પાણી કરીને તૈયાર થયો હશે એમ સમજી ચ્હા કરી લાવીને "ભાઇ! ચ્હા લાવી છું, દાતણ પાણી કર્યું?" કહીને ચ્હાના કપ રકાબી ભોંય મૂકીને પથારી પાસે બેસી રતિકાન્તને કપાળે હાથ ફેરવવા લાગી. આંખમાંથી ચાલ્યાં જતાં ઉનાં આંસુનો હાથને સ્પર્શ થતાં માતાએ ધારીને દૃષ્ટિ કરી પૂછ્યું: "કેમ ભાઈ! હજી ઉઠ્યોજ નથી? કેમ કંઇ શરીર ઠીક નથી? આજ અત્યારમાં કાગળ કોનો આવ્યો?"

રતિકાન્ત માતાના પ્રશ્નનો કંઇજ ઉત્તર ન આપતાં સ્વસ્થ થઇ પથારીમાંથી હળવે હળવે ઉઠીને દાતણ કર્યું ન કર્યું કરીને પાછો પથારીમાં આવી ચ્હા પીવા બેઠો, અને વળી પાછો સૂઇ રહ્યો. ચિન્તાગ્નિમાં સળગી રહેલાને કોણ જાણે કયાંથીએ ટાઢ ચડી! માતા બિચારી જોઇજ રહી. કપાળે હાથ મૂકીને માતાએ એક બે ગોદડાં રતિકાન્તને ઓઢાડી ન્હાનાને મોકલું છું" કહી નીચે ચાલવા માંડ્યું. રતિકાન્તનો ન્હાનો ભાઈ આવીને એક જગ્યાએ બેઠો બેઠો પાકમાળાના મીનીંગ્ઝ ગોખવા લાગ્યો.

કલાક દોઢ કલાકમાં ટાઢ ઉતરી ગઇ અને તાવ ચડ્યો. ખાવાનો

સમય થતાં ન્હાનો એની મેળે ખાઇને રતિકાન્તની દવા લઇ આવી ચાલતો થયો, અને વૃદ્ધા એક થાળીમાં મોળાં દાળભાત લાવીને "ભાઇ રતિકાન્ત ! જરીક જે ભાવે તે બે મ્હોં ભરી લેને" કહીને કોરાણે ઉભી રહી પણ રતિકાન્ત બોલે ત્યારેને ! રતિકાન્તના માતા ખાવાનું કોરાણે મૂકીને રતિકાન્તની પાસે જઇ બોલાવા લાગી, પણ રતિકાન્ત ન બોલ્યો. આખર માતાએ કપાળે હાથ મૂકયો, પેટે હાથ અડકાડયો. લાંબા મંદવાડથી ઘસાઇ ગએલું અશક્ત શરીર અને તેમાંય ચાર પાંચ ડીગ્રી તાવ પછી પૂછવું શું ? ખાવાનું ખાવાના ઠેકાણે રહ્યું અને માતાએ પડોશમાંથી એક જણને ન્હાનાને નિશાળેથી બોલાવી લાવવા મોકલ્યું. ન્હાનો આવીને ઉભો રહ્યો, તેને વૃદ્ધાએ પૂછ્યું "ભાઇ ! ત્હેં દાક્તરને આજની હકિકત કહીતી કે? જાજા તું ત્હારી મેળે દાક્તરને હાલનેહાલ બોલાવી લાવ."

ન્હાનાની બિચારાની આજ દશા બેઠી છે• ભણવા કરવાનું નેવે જેવું છે. એ તરતજ દાકતરને બોલાવવા ગયો અને ખોટા રૂપિયાની માફક પાછો દાક્તર ને બોલાવીને પાછો આવ્યો. દાકતરે આવીને રતિકાન્તને સારીરીતે તપાસી લીધો. દાક્તરે એક બે વખત બોલાવ્યા છતાં રતિ-કાન્તે પ્રત્યુત્તર ન આપ્યો. આથી વૃદ્ધા ડસકાં ભરવા લાગી, અને કહ્યું: "દાક્તર સાહેબ! તમે જ્યારની દવા બદલી છે, ત્યારથી ઝાડા વધારે થાય છે. ઝાડાને લીધે અશક્તિ આવેને ? અને અશક્તિ એટલે તાવ ભરાતાં વાર લાગે ? પણ એ કેમ બોલતો નથી? તાવ જરીક વધારે છે ખરૂં ?

"માજી! એમાં ગભરાવાનું કંઇ કારણ નથી. માથે ગરમી ચડી ગઇ છે. અમણે તાવ ધીમો પડશે એટલે એની મેળે આંખ ઉઘાડશે. તમે અધમણેક બરફ મંગાવીને એને માથે મૂક્યા કરો અને ન્હાનુને

મ્હારી સાથે મોકલો, હુ બીજી દવા આપું છું. કંઈ હરકત ન રાખશો એ તો આરામ થઈ જશે. "લ્યો, જાઉં છું. ક્યાં ગયો ન્હાનુ ? ચાલ ભાઇ મ્હારી સાથે" કહીને ઉઠ્યા.

ન્હાનુને ક્યાં ના હતી ? દાક્તર સાહેબની સાથે એ પણ ઉઠીને ઊભો થયો અને કબાટમાંથી બરફ લાવવાના પૈસા અને દાક્તરસાહેબની વિઝિટ ફી કાઢીને દાક્તરની પાછળ ચાલ્યો.

દાક્તરના આવવાથી પડોશનાં સર્વ ન્હાનુને ઉતાવળો જતો જોઇને પૂછવા લાગ્યાં: "ભાઇ! કેમ છે મ્હોટાભાઇને?" "આજ જરીક વધારે તાવ આવ્યો છે" કહી ન્હાનુ ચાલતો થયો.

નિત્યનિયમ પ્રમાણે બપોર થયા એટલે ન્યાતજાતનાં પોળપાડાનાં સ્નેહી સબંધી રતિકાન્તને જોવા આવવા માંડયાં. સહુ કોઇ એની આજની સ્થિતિ જોઈને મ્હોં બગાડી નાંખે છે. બિચારાની આજથી ખોટા રૂપિયામાં ગણત્રી થાય છે. આજની સ્થિતિ ઉપરથી વૃદ્ધ માતાએ પણ પુત્રના જીવનની આશા છોડી દીધી છે. પેટમાં વ્હેંત વ્હેંતના ખાડા પડ્યા છે. પેટમાં અન્ન કે પાણી ટકતુંજ નથી, જે ખાધું પીધું તે ઘડી બેઘડીમાં ખાળ વાટે બ્હાર નીકળ્યુંજ છે! જોવા આવનાર કોઇ કોઈ આજ તો તેના માથે હાથ ફેરવી "પરમાત્મા સો વર્ષનો કરે" એમ દુવા દેતા જાય છે. ત્યારે કોઇ "ભાઇ લક્ષણવન્તા, અવળે રસ્તે જાય તેની આજ વ્હલે થાયને, ઘરમાં ખાવા ન મળે ને જ્યાં ત્યાં ભટકવું હવે શું થાય. માના બિચારીના ઘડપણમાં ભોગને, એટલો વળી ન્હાનો છોકરો ચાલાક છે કે કોઇનો ખપ નથી પડતો, નહિતો આજના વખતમાં ખાલી થએલાનો કોણ ભાવ પૂછે એમ છે ?

એટલામાં ન્હાનુ બરફ અને દવા લઇને આવી પહોંચ્યો અને દાક્તરની સૂચના મુજબ માથે બરફ ઘસવા લાગ્યો, આમનેઆમ એ અર્ધોકલાક સુધી બરફ ઘસાતો રહ્યો. લગભગ ચાર સાડાચાર નો સમય થયો હશે–તાવ જરીક ઓછો થયો, ત્યાં રતિકાન્તે જરીક આંખ ઉઘાડીને પાસુ ફેરવ્યું. હવે વૃધ્ધાના જીવમાં જીવ આવ્યો. ભાઇ! દિકરા! કહીને માતાએ કપાળે હાથ ફેરવી પુત્રને ચુમ્બન કર્યું. એ જોઇને ભલા દિલનાં કાકીકાકની આંખમાં પાણી ભરાઇ આવ્યાં. આજ તો સાંજ પડતાં પડતાંમાં તો જેમ જેમ લોકોને ખબર પડતી ગઇ તેમ તેમ સંખ્યાબંધ માણસો રતિકાન્તને જોવા આવી ગયાં. વૃદ્ધા એકને ઉઠો બા! કહે, ત્યાં બીજાં બે આવ્યાંજ છે!

બરાબર સાંજના છ–સાડાછ નો અમલ થયો હશે. હવે રતિકાન્તે "હરે રામ" કહીને મહા પરિશ્રમે પાસુ બદલી આંખ ઉઘાડી, ચારે બાજુ–દ્રષ્ટિ કરી. વૃદ્ધાએ ન્હાનુને વાળુ કરવાનું કહ્યું, એટલે ન્હાનુ બિચારાએ નીચે જઇને જે હતું તે ખાઇ લીધું અને ચોપડી સાથે લઇને મ્હોટા ભાઇના ઓશિકા આગળ આવીને બેઠો. વૃધ્ધાને ઘરમાં કોણ કહે એવું હતું કે: તમે ખાઇ લ્યો, કે કેમ નથી ખાધું? વૃદ્ધાએ ત્યાંથી ઉઠીને ચાલવા માંડયું. દિવાબત્તિ કરી જે ભાવ્યું તે ખાઇને પેટને ભાડુ આપીને એંઠવાડ અબોટ કરી ઉઘાડાં ઢાંકયાં કરી નીરાંતે આવીને રતિકાન્તની પાસે બેઠી. આજ વૃધ્ધાને સહવારની રતિકાન્તની તબિયત વધારે બગડી ત્યારની રતિસુન્દરી સાંભળી છે. એનું બિચારીનું શું થશે? એણે કયાં જરીક આ ઘરમાં આવીને સુખનો દહાડો જોયો છે, વગેરે વિચારથી વૃદ્ધા શેઠાણી મહા દુઃખી થાય છે. નશિબનોજ વાંકને? બિચારીને વૃદ્ધાને શું એ સાંભરી આવ્યું. માતા સાલ્લાના છેડા વતી આંસુ લુછવા માંડી એ જોઇને રતિકાન્તે પૂછ્યું:

" કેમ બા !

માતાએ 'અમસ્તી બેટા' કહીને મનોભાવ છૂપાવીને રતિકાન્તને સંતોષ્યો અને વળી પાછો જક કરીને પ્રશ્ન પૂછશે એમ ધારીને વાત બદલવાના ઇરાદાથી એણે ભોળેભાવ પ્રશ્ન કર્યો: "પણ ભાઈ! આજ સ્હવારમાં પેલો કાગળ કોનો આવ્યો, એ તો કહે દિકરા !"

એને બિચારીને શી ખબર કે: આજ અચાનક રતિકાન્તનું શરીર બગડવાનું કંઈ કારણ? જો જાણતી હોય તો એ ફરી પાછો એવો પ્રશ્ન પણ કરે ખરી ? રતિકાન્ત માતાના પ્રશ્નનો શો જવાબ આપે ? તેની આંખ સ્હામે પુનઃ રતિસુન્દરીની પવિત્ર, નિર્દોષ, સરલ મૂર્તિ આવીને ખડી થઈ. વળી પાછાં પોતાનાં પાપકર્મ તેને એક પછી એક યાદ આવવા લાગ્યાં. સમયે સમયે પત્નીપર ગુજારેલો સિતમ, કરેલી ફરેબાજી વગેરે અનેક પ્રસંગો આંખ સ્હામે ખડા થઈ તેના આત્માને ખળભળાવી મૂકવા લાગ્યા. આજ રતિકાન્તા તેને ગુણવાન અને ડાહી જણાણી ! આવી સેવા ચાકરીને પ્રસંગેજ તેને એ પ્રેમાળ પ્રિયતમાની કિમ્મત અંકાણી પણ એનો આત્મા કહે છે કે: "મેર્ય અભાગી હવેતે એ રતિકાન્તા ત્હારા સ્હામી ફરી નજર કરે ખરી? એ વિચારે તેને અત્યંત દીન–અસહાય બનાવી મૂક્યો. આવો કૃતઘ્ની, આવો પામર, અત્યાચારી, શયતાન છતાં રતિસુન્દરી અપાત્રને "પૂજ્ય પતિદેવ !" કહીને પત્રમાં સંબોધન કરે છે ! પત્રમાં અવિવેકનું નામ નથી ! એના વિશાળ હૃદયને કેમ માપી શકાય ? કસાઈનાં કુશળ ઇચ્છનારી એ કામદુર્ગાનાં દર્શન મ્હારા પાપ પુઞ્જને અવશ્યમેવ ભસ્મિભૂત કરે, પણ મ્હારા પડછાંયાથી એ અપવિત્ર ન થાય કે ? દૂર રહીને મ્હારી કુશળતા ચાહ્ય છે ! સુન્દરીના સદ્ગુણની માળા ફેરવતાં રતિકાન્તની આંખમાં પાણી ભરાઈ આવ્યાં. તેનાથી

મ્હોડેથી બોલાઇ ગયું. "જરૂર, સુન્દરી! જીવીશ તો હમારા સૌભાગ્ય-બળેજ! અને ઉધ્ધરીશ તો તમારા અભયદાનથીજ !"

"ભાઇ! એનો કાગળ છે?" વૃદ્ધાએ વ્હેમાઇને પૂછ્યું.

"હા, માતુશ્રી! મ્હારા પાપના ઢગલાને બાળી નાંખતો એ કેવળ અગ્નિથી ભરેલો છે છતાં આત્માને શિતળ કરે છે! એમાં પવિત્ર આશિર્વાદ અને એ મહાદેવીએ અપૂર્વ ઉપદેશ કરેલો છે. દૂર રહેરહે પણ એ મ્હારૂં કલ્યાણ ઇચ્છશે! એ કંઇ ઓછો ઉપકાર છે! રતિકાન્તે ગદ્‌ગદ્ કંઠે કહ્યું.

"બેટા! હવે યાદ આવે છે? હું ન્હોતી કહેતી? ગમે તેમ પણ ડાહી-સુશિલ હો! ડોશી આગળ બોલે તે પહેલાં રતિકાન્તનું હૃદય ભરાઇ આવ્યું, તે કપાળે હાથ મૂકીને કલ્પાંત કરવા લાગ્યો.

"ભાઇ! આપણા પુરાણી ન્હોતા કહેતા કેઃ "કલ્પાન્તે પ્રભુ છે." હવે જરૂર પ્રભુ આપણા સ્હામું જોશે. એનો આશિર્વાદ છે તો ત્હારો વાળ વાંકો નહિ થાય બેટા! તું કહે તો એકવાર હું તેને કહેવરાવું. તે તો આપણા તેડાવ્યાનીજ રાહ જોતી હશે. બિચારી આજ તો વળી ત્હારૂં શરીર વધારે બગડયું એવી જયાંત્યાં વાત ઉડી એટલે તો પિયર બેઠી બેઠી કોણ જાણે કેટલોએ વલોપાત કરતી હશે? ગમે તેમ પણ ખાનદાનની દિકરીને?"

માતાના ઊપરના શબ્દો સાંભળતાં રતિકાન્તની આંખમાં વધારે પાણી ભરાઇ આવ્યું. માતાના આશ્વાસનથી તેના દુઃખી આત્માને કેટલીએ શાન્તિ વળી. તેણે દીનભાવે આશાભર્યા હૃદયે પૂછ્યુંઃ "બા! આપણાથી કેમ કહેવરાવાય? અને કહાવીએ તો એમ આવે કે? બા! મ્હેં તો જે કર્યું તે કર્યું. એનું બિચારી ભોળીનું બધું બગડશે હો!," કહેતાં કહેતાં રતિકાન્તનું હૈયું ભરાઇ આવ્યું. સમજો કેઃ એ અશ્રુપાત

દ્વારા આજ રતિકાન્ત પુનઃ પુનઃ કરેલાં પાપકર્મનું પ્રાયશ્ચિત્ત કરી રહ્યો છે !

સમયરાજ ! તને તે શું કહેવું ? તને તે દેવ કહેવો. દાનવ માનવ કહેવો કે પશુ ? અમે તો તને બહુરૂપીજ કહીશું. ઘડીઘડીમાં ત્હારૂં કામ ઓરજ ! રતિસુન્દરીના પ્રેમપાશમાં બંધાવી સ્નેહલગ્ન કરાવનાર તું, તેને વિશ્વાસઘાત કરાવનાર પણ તું, અરે ! તેને બિચારીને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી પિયર પહોંચતી કરનાર પણ તુંજ કે ! વળી અત્યારે પાછો તેનું સ્મરણ કરાવનાર, તેનાં ગુણ ગાન કરાવનાર, પણ તુંજ ? હત... ત્હારો જય રહે ! ત્હારી છોકરમતને શું કહેવું ? પ્રતિપળે ત્હારૂં નવુંજ સ્વરૂપ !

હમણાં હમણાંનો કાન્ત પણ રતિકાન્તને ત્યાં અવરનવર આવજા કરે છે. બીજે ચોથે કાન્તની હાજરી ખરીજ. આજ જે વખતે માતા–પુત્રની વચ્ચે વાત ચાલતી હતી તે વખતે કાન્ત ત્યાં જઇ પહોંચ્યો. "આવો ભાઇ !" કહીને વૃદ્ધાએ કાન્તને પોતાની પાસે બોલાવ્યો. કાન્તે પણ રતિકાન્તની તબિયતના સમાચાર પૂછતાં, અત્યાર સુધી બનેલી સઘળી હકિકત શેઠાણીએ કાન્તને કહી સંભળાવી. હવે રતિકાન્તને સાસરે જઇ રતિસુન્દરીને સમજાવીને બોલાવી લાવવાનો બોજો શેઠાણીએ કાન્તને માથે નાંખ્યો. કારણ કાન્ત અને રતિકાન્તા વચ્ચેનો પવિત્ર સ્નેહ સબંધ શેઠાણી સારીરીતે જાણે છે, તેથીજ તેમણે કાન્તને એ બાબત વાત કરી. કાન્તે તેમ કરવાને કબૂલ્યું. કાન્તની પણ કંઇક એવીજ ઇચ્છા હતી, કેમ હતી એ અમે શું જાણીએ ? પણ તેણે ઘાટમાંઘાટ મળતો હોવાથી હા કહી દીધી, નહિ તો એ કંઈ એકદમ હા ભણે એવો નથી.

"માજી ! એ સબંધમાં આપ નચિન્ત રહેજો. ગમેતેમ કરીને

એક વખત તો સુન્દરીને હું લાવીશ. મ્હને તે સગા ભાઈના કરતાં પણ વધારે ચ્હાય છે, તેને મ્હારા વચન પર સંપૂર્ણ વિશ્વાસ છે. એ બહુ વિચક્ષણ બુદ્ધિવાળી સુશિલ, પતિ અને પિતાના કૂળને શોભાવે એવી ડાહી સ્ત્રી છે. કેમ. અત્યારે તો ભાઇની તબિયત ઠીક છેને ? મ્હેં સાંભળ્યું કેઃ આજ કંઈ સખત તાવ ભરાયો હતો ? કેમ રતિકાન્ત-ભાઈ! માજીએ કહ્યું તેમાં સન્મત છોને ?

"ભાઈ! શું કહું! મ્હને એક વખત પ્રભુકૃપા હોય તો જીવવા દો! હવે આ અંત ઘડીએ મ્હારા ઉપર એટલો એકજ ઉપકાર કરો ! જો જીવીશ તો જીંદગી સુધી ઉપકાર નહિ ભુલું. આ પાપાત્માનો સ્વીકાર કરવા જરૂર તેમને વિનવશો. તમે ચિન્તા ન રાખશો, તમને બદનામ નહિ થવા દઉં. મ્હારા વચનપર વિશ્વાસ નથી આવતો ? બરાબર. પણ ક્યાંથી આવે ? પ્રભુએ શક્તિ આપી હોત તો આજ પ્રાયશ્ચિત્ત દ્વારા પવિત્ર થએલા મ્હારા આંતર-હૃદયસિંહા-સનપર પ્રતિષ્ઠિત કરેલી એ મહાદેવીની પ્રતિમા તમને હું બતાવત ભાઈ! ત્હારી કૃપા અને આશિર્વાદનોજ ભૂખ્યો છું."

કાન્તે રતિકાન્તને ઘટતી ધીરજ આપી અને રતિસુન્દરીને બોલાવી લાવવાનું વચન આપ્યું. કાન્તને આજ સંપૂર્ણ ખાત્રી થઇ કેઃ રતિકાન્ત જો આ મરણપથારીએથી ઉઠે તો રતિસુન્દરીનો યાવત્-જીવન પ્રેમપૂજન કરે !

"માજી! ફીકર ન રાખશો. પ્રભુ કરશે તો સહુ સાનુકૂળ થશે." કહીને કાન્તે ત્યાંથી રજા માગી.

એકાદશ પરિચ્છેદ.

સુરેન્દ્રનો સંકલ્પ

"મનુષ્યને માત્ર સંકલ્પ કરવાનોજ અધીકાર આપ્યો છતાં કેટલો ફાટી જાય છે? હું માનીને પુરુષાર્થના પાસાજ માત્ર ફેંકવાનો ઈજારો મળ્યો છે છતાં કેટલા લાંબા પ્હોળા ચાલે છે! ગીતાના અઢારે અધ્યાયના પાઠ કરી જનારા જાણે છે કે: શ્રીકૃષ્ણએ તો કહી દીધું છે કે: તું ત્હારી મેળે નિમિત્ત રૂપ બનીને કાર્ય કરે જા! ફળની આશા ન રાખીશ!"

શ્રીકૃષ્ણ ભગવાને બધુંએ કહ્યું એ કંઈ અમારી જાણ બ્હાર નથી, પણ એ બધું ઘરના ખુણામાં ગીતા પડી હોય ત્યાં રહે કે: પછી મૂક્યું શ્રીવિદ્યાનંદજી મહારાજની કથામાં! પણ બ્હાર નિકળ્યા એટલે જોઇ લ્યો સપાટો! કંઈક કાળાં ધોળા, કંઈ ખટપટો, કંઇ કાવા દાવા, અરે! અમારાથી તો જેટલું ન થાય તેટલું ઓછું. પણ લાચાર! પરિણામ અમારે હાથ નથી. છેવટે તો આત્મા કહે છે કે: "પ્રભો! તુંજ કેવળ સમર્થ છે, તુંજ કેવળ મહાન્ છે, તુંજ કેવળ સત્ય છે" કરવા દે, જગત્‌ને જેટલું કરવું હોય તેટલું પણ એતો ભક્તશ્રેષ્ઠ શ્રીનરસિંહે કહ્યું છે એજ યથાર્થ છે કે: **કૃષ્ણ વિના બીજું સર્વ કાચું.** **શ્રીરમતારામ.**

સેન્ડહર્સ્ટ રોડ પર આવેલા એક સુંદર-ભવ્ય માળાના સાતમા માળાની સાત નંબરની રૂમમાં લગભગ પચીસેક વર્ષનો એક યુવાન કંઈક ઉંડા વિચારમાં ગરકાવ થએલો જણાય છે. એ કવચિત્ જમણા હાથની મૂઠી વાળી જાણે આવેશ વશ થઈ કોઈને પ્રહાર કરતો હોય તેમ કરે છે. આ પ્રમાણે વેપ ભજવતો એ યુવાન કોણ

જાણે એકાએક શું થઇ આવ્યું કેઃ એકદમ ટટાર થઈ ગયો અને હોઠ પીસી દાંત કચકચાવી બોલી ઉઠયોઃ “રતિસુન્દરી! ત્હારી યુવાનીના તૉરે અને લક્ષ્મીના મદે તને આટલે સુધી સાહસ કરવા પ્રવૃત્ત કરી બીજું કંઇજ નથી, પણ તને ક્યાં ખબર છે કેઃ આ સર્વ ગુણ સંપન્ન ઝેરીનાગ જેવા સુરેન્દ્રને છંછેડવાનું પરિણામ કેવું આવશે? તું અને ત્હારો દુષ્ટ પતિ જેટલો વખત આ દુનિયા ઉપર વધારે રહો તેટલો વખત મ્હારા કુટુંબની કીર્તિ અને ગૌરવને જોખમરૂપ છો એ હું સારી રીતે સમજી શકું છું, પરન્તુ એવો કોઇ યોગ હાથમાં ન આવવાથીજ મૂગો બેસી એ પળની રાહ જોઈ રહ્યો હતો ત્યાં ત્હેં આ પત્ર લખી મ્હારા સૂતેલા આત્માને જાગૃત કર્યો છે. જ્યાં ત્યાં પવિત્રીને, અરે! મ્હારા આખા કુટુંબને બદનામ કરવાનું જાણે ત્હેં બીડુંજ ઝડપ્યું હોય એ પ્રમાણે જ્યાંત્યાં જેમ આવે તેમ ભસે છે, એ હું સારીરીતે જાણું છું, પણ એનું ભયંકર પરિણામ ત્હારા મગજમાં ક્યાંથી આવે? રતિસુન્દરી! મ્હારા જેવા ક્રૂર અને પ્રાણની માયા છોડીને કામ કરનારાને ત્હેં આટલે સુધી આવો કાગળ લખવાની હિમ્મત ધરી?” કહી સુરેન્દ્ર જમીનપર પડેલો કાગળ પુનઃ એક વખત હાથમાં લઈ વાંચવા માંડયો

ભાઇ સુરેન્દ્ર! તા.......

વિ. જ્યાં ત્યાં ભટકતો રહી, ખાલી હજારખાંડી મિજાજ-રાખી તું ભલે ચ્હાય તે કર્યા કરે, પરન્તુ ત્હને કંઇ ભાન છે મૂર્ખ! કેઃ ત્હારી પવિત્રી મ્હારા જેવાં કેટલાં નિર્દોષ સ્ત્રી–પુરૂષોના સંસાર-સુખનું સત્યાનાશ વાળતી હશે? નામાંકિત્ નાગરકુટુંબમાં તમારા જેવાં રત્નો પાકયાં એ પૂજ્ય પવિત્ર કોમનું કમનસિબ નહિ તો બીજું શું? લે, લે, આ ત્હારી પવિત્રી અને તેની માયા જાળમાં ફસા-

યેલા પામર જીવનાં પાપકર્મનો પૂરાવો! જોઉંછું કે: આથીએ તને કંઈ થાય છે, અને તું કંઇ કરી શકે છે? મ્હારી એકલીના સુખમાં આડે આવનાર ત્હારી પવિત્રીના પાપને લીધે હું ત્હારા આખા કુટુંબને જગબત્રિસીએ ચડાવીશ એ ભૂલીશ નહિ. લે વાંચ:-

રતિસુન્દરીના કાગળે સુરેન્દ્રનું કાળજું ઉથલાવી નાંખ્યું. તેને થયું કે: સ્ત્રી જાત પણ એકએક શબ્દ કેવો તોલીને લખ્યો છે? અરે! પણ મ્હારા કુટુંબને જગબત્રિસીએ એ ચડાવે તે પહેલાં તો હું તેને કંઇકંઈ બતાવીશ! બહુ સારૂં થયું કે: ત્હેં પત્ર લખી મ્હારી આંખ ઉઘાડી. જ્યાં સુધી એ પાપિ રતિકાન્ત આ પૃથ્વી ઉપર હયાત છે ત્યાં સુધી તેઓ એક બીજાને છોડે એમ નથી. બેશક, પવિત્રી તો આ બે દિવસ પછી મુંબાઇ આવશે. છતાં એના ભટકતા ચિત્તનો ભરોંસો શો? અને ઘાટ પણ ઘણો સારો છે. સાંભળવા મુજબ આજકાલ રતિકાન્ત મરણ પથારીએ પડ્યો છે, એ તકનો બેગાબેગો લાભ લઇ તેને સીધો રસ્તો પકડાવવાનું બને તો એના જેવું એકે નહિ. હવે તો કોઇપણ પ્રકારે પવિત્રીના અહીં આવી ગયા બાદ મ્હારે જાતે રાજનગર જઇ ઘટતી તપાસ કરી ડૉકટર મી. માખીમારને મળી જો તેનીજ ટ્રીટમેન્ટ ચાલતી હોય તો સો બસો આપીને તેને હાથેજ બધુ કાર્ય કરાવવું. હું જાણું છું એ મુજબ એજ એમનો ફેમીલી ડૉકટર છે. પૈસાનો પૂરો લાલચુ અને વગર આનાકાનીએ કહીશું એમ કરે એવો છે. એટલે એમાં કોઇ પણ પ્રકારની હરકત નહિ આવે.”

ઉપર પ્રમાણે સુરેન્દ્ર રતિસુન્દરીના પત્રથી ઉશ્કેરાઇ જઇ તેના સર્વનાશના જે દુષ્ટ સંકલ્પ કરતો હતો એજ વખતે ટપાલવાળાએ આવીને સુરેન્દ્રના હાથમાં એક પત્ર મૂક્યો. સુરેન્દ્રએ શિરનામાપર-

થીજ પત્ર પવિત્રીનો લખેલો છે સમજી તે ફોડીને વાંચવા માંડ્યો–

વ્હાલા ભાઇ! રાજનગર તા......

વિ. અમો સર્વ કુશળ છીએ. હું આવતા સોમવાર તા...... ને રોજ અમદાવાદથી ઉપડતા રાતના નવ વાગ્યાના મેઇલમાં બેસી તમારી તરફ મ્હારી બ્હેનપણી સુલોચનાબેનના વર રા. સુંદરલાલ-શેઠની સાથે આવીશ. અને તો સ્ટેશનપર આવશો. એજ લી.

બ્હેન **પવિત્રી**ના પ્રણામ.

પત્ર વાંચી સુરેન્દ્રના આત્માને ટાઢક વળી, કે: ચાલો પવિત્રીતો હવે મુંબાઈ આવશે એટલે એ પણ એક તરફથી નિરાંત વળી. અન્ત-રમાં આજ પાખી હોવાથી દુકાને જવાનું ન હતું એટલે સુરેન્દ્ર ઠંડો પહોર થતાં બહાર નિકળવાનો–કંઇ જણશ ભાવ લાવવાનો તેમજ સાથેસાથે પવિત્રીના આવવાના સમાચાર પ્રિતમને કાને નાંખવાનો નિશ્ચય કરી આડો થયો.

પવિત્રીના કાગળ પરથી સુરેન્દ્ર અનેક પ્રકારના તર્ક કરવા લાગ્યો. લ્યો, પવિત્રીની ઓળખાણો કેવી છે? ઠીક ઘાટ ખાધો! એ બ્હાને સુંદરલાલશેઠની સ્ટેશનપર મુલાકાત થશે અને ભગવાન કરશે ને એની કોઇ એક મીલમાં ચોકઠું બેસી જશે તો આ શહેરની નિસરણિઓ ચડવી ઉતરવી મટી જશે. એ તો પવિત્રી એની મેળે બધુંએ ગોઠવશે એ ક્યાં કાચી છે?

આ પ્રમાણે હવાઈ ચણતર ચણતાં ચણતાં નજીકના ઘડીઆળમાં પાંચના ટકોરા થયા અને સુરેન્દ્ર કપડાંલત્તાં પહેરી બહાર ચાલ્યો ગયો.

વાંચક સારીરીતે સમજી શકશે કે: રતિસુન્દરીએ રતિકાન્તને પત્ર લખ્યો તે દિવસે સાથે સાથે સુરેન્દ્રને પણ એક પત્ર લખ્યો

હતો. એ પત્રએ સુરેન્દ્રને પણ રામબાણ જેવી અસર કરી, એ હવે જણાવવાની જરૂર નથી. સુરેન્દ્ર જો ધારત તો રતિસુન્દરીના એ પત્ર પરથી ઘણુંજ જ્ઞાન મેળવી શકત અને પોતાના કુટુંબના કલ્યાણનો સારો માર્ગ શોધી શકત, પણ તેના અવળા નસિબે તેને ઉંધો માર્ગજ જડ્યો; અને કોઇ પણ પ્રકારે રતિસુન્દરીને હાથપર લીધા પહેલાં રતિકાન્તને પરલોકમાં પહોંચતો કરવાનો તેણે દૃઢ સંકલ્પ કર્યો. પરન્તુ પામર મનુષ્યોના મિથ્યા સંકલ્પો હમેશાં ક્યાં સિદ્ધ થાય છે–થયા છે? અને થાય તો ઇશ્વરીસત્તા–પ્રભુઇચ્છાને કોણ સ્વીકારશે? સુરેન્દ્ર ભલે તેના મનથી ચ્હાય તેવા સંકલ્પ કર્યા કરે પણ અમે તો એજ કહીશું કેઃ કેવળ ॥ बलियसि केवलमिश्वरेच्छा ॥

દ્વાદશ પરિચ્છેદ

કાન્તનો કલ્પાંત
વા
બોલતો કાગળ.

अर्थनाशं मनस्तापं गृहिणीचरितानि च ।
नीचवाक्यं चापमानं च मतिमान्नप्रकाशयेत् ॥

નીચી વાણી નીચ કહી અપમાન કરે તે,
અંતરના સંતાપ પ્રજાળે છે પ્રતિપળ જે;
કોઇ કારણે ધામ–ધરા–ધન જાય કદાપિ,
અવળાં સવળાં કર્મ પ્રિયાનાં હોય તથાપિ;
પ્રકટ કરે નહિ પાંચને પળવિણ સમજી શાન્ત રહે,
એવા જનને નેહથી નીતિશાસ્ત્ર મતિમંત કહે.

મૌન રાખવાથી પત્થર દેવ તરીકે પૂજાય છે, માયામાં સપડાએલ માનવપ્રાણી માત્ર વખત વિચારી ખપ પૂરતી વાણી મ્હોંથી કાઢે તો તેથી ઉતરતો તે મનુષ્ય લેખાય છે, પણ મ્હોતને ભૂલી જઇ મન ફાવે ત્યાં કુટુંબમાં કે સમાજમાં વિચાર વગર જેમ તેમ ભશ ભશ કરનાર નામધારી માણસ પોતાની નીચ વાણીપરથી પોતાની જાતિ અને કુળની સમાજમાં સાચી છાપ પાડે છે–હું માણસ છું કે માનવપશુ તેની પિછાન કરાવે છે. એવા માનવપશુ–આત્માઓ હલકી વાણી કહે તેથી ખેદ ન હોય. અને તેથીજ કહ્યું છે કે: यदायदा मुञ्चति वाक्यबाणं तदातदा जातिकुल प्रमाणं એમ સમજી એ પ્રકટ ન કરવું. તદનુસાર નિજનાં કે બીજાનાં દુષ્કર્મને લીધે આત્માને ખળભળાવતા સંતાપને પણ હમેશાં જેને તેને કહેતા ફરવાથી એની વૃદ્ધિજ થાય છે. એવે સમયે ધૈર્ય અને ઇશ્વરભક્તિ એ મ્હોટી માત્રા રૂપ છે. પુરૂષાર્થ વગર, પ્રારબ્ધયોગ ઉપર જેનો મુખ્ય આધાર છે એવી લક્ષ્મી આવી, એજ અગર બીજે રસ્તે ગઇ તેનાં રોદડાં રોઇને બેસી રહેવું, જ્યાંત્યાં કહેતા ફરવું એની પણ કુટુંબનું ગૌરવ જાળવી રાખવાની ઇચ્છાવાળાઓ માટે નીતિશાસ્ત્ર ના કહે છે. પોતાની સ્ત્રીનું–ગૃહછિદ્ર ઢાંકતા રહેવું, અર્થાત્ એ મહાદુઃખ ગાતા ફરીને સર્વ રીતે પ્રાણ અને પતિષ્ઠા ખોવાનો પ્રસંગ લાવવો તે કરતાં દ્રઢતા–શાન્તિપૂર્વક, સાવધાનતાથી વાત વધે નહિ એની કાળજી રાખવી: પરન્તુ એવી સ્ત્રીનું સંરક્ષણ કરતાં આત્મરક્ષણ ભયમાં આવી પડે તો નીતિશાસ્ત્ર તો કહે છે કે: એ મરે તેની હરકત નથી, એને મરવા દો! आत्मानं सततं रक्षेत् दारैरपि धनैरपि ।

આ ઉપરનાં પાંચેનો ઇન્સાફ પ્રભુએ પોતાના હાથમાં રાખ્યો

છે. મનુષ્ય ભલે પુરૂષાર્થ કરે, એ પુરૂષાર્થ ફળે વા ન ફળે પણ ગજ કાતર લઇને બેઠેલો ઇશ્વર તરતજ વધે ઘટે કે એનો ઘાટ કરે એમ છે. એને માનનાર આત્માઓએ નિમિત્તરૂપે યથાશક્તિ પુરૂષાર્થ આદરી તેના લાભ અને હાનિનો બોજો એ અનંતશક્તિસંપન્ન જગદિશ્વરને ચરણે સોંપવાનો છે. સંસારનાં તમામ કાર્ય કરતાં ધ્યાનમાં રાખવું કે: **ઇશ્વરની લાકડીને અવાજ નથી.**

સંસારના અનેક સંતાપ શાન્તચિત્તે સહન કરતો છતાં આનંદપૂર્વક સુખીજીવન ગાળતો, સંસારનાં તમામ કાર્યો કરતાં પ્રભુને સંભાળતો, આત્મહિત સાથે યથાશક્તિ લોકહિતમાં લક્ષ્ય રાખતો, બોલવા કરતાં કરી બતાવવામાંજ સાચી સેવા–ધર્મ સ્વીકારતો કાન્ત જે સમયે શાન્તિપૂર્વક જીવનયાત્રા નિર્ગમન કરી રહ્યો હતો, પાર વગરના દુર્જનોના આઘાત ધીરજથી સહન કરતો છતાં જેને મિત્રો પ્રત્યે મમતા અને સ્નેહ છે છતાં દુષ્મનો પ્રત્યે દ્વેષ નથી કહો કે: એ દ્રષ્ટિએ જેને દુષ્મનજ નથી તેના પાતળા નસિબે અણધારી આફત આવી!

કાન્ત આશા ભર્યા હૃદયે પ્રિતમના પ્રત્યુત્તરની રાહ જોઇ રહ્યો હતો, ત્યાં લાંબા દિવસે પ્રિતમનો પત્ર મળ્યો. પ્રિતમનો એ પત્ર કાન્તે અતિશય ધીરજથી એકવાર નહિ પણ અનેક વાર વાંચ્યો. અને ચડતા પૂરમાં કાન્તે આવાજ પ્રત્યુત્તરની આશા રાખી હતી, અને તે તેની ભાવના સફળ થઇ! બીજું શું કહેવાય? જીવના જોખમે એક મિત્રધર્મ તરીકે કરેલાં કાર્યનો અંતે આવોજ સાર આવશે એની કાન્તને કે કોઇને શરૂવાતથી સમજણ પડની હોય તો તો સંસારમાંથી નિર્દોષનો મરો ઘણે અંશે ઓછો થઇ જાય. પણ કસાય નહિ, ટીપાય નહિ તો અન્તે કુંદન કુંદન શી રીતે કહેવાય? કાન્તને મહાખેદ તો

તેથીજ થયો કેઃ મ્હેં પત્ર લખી નિરર્થક એના આત્માને ક્લેષ શા સારૂ આપ્યો? આ પ્રત્યુત્તર લખતાં તેના આત્માને કેટલો ક્લેષ થયો હશે? એમાં એ શું કરે? એણે પ્રત્યક્ષ જોયું કેઃ પ્રારબ્ધયોગે નિર્ભાગી કાન્ત પવિત્રીને ત્યાંથી નિકળતો તેણે પ્રત્યક્ષ જોયો! અને જે પરિણામ બહાર પડયું તે જાહેર થઇ ગયું! તેનું ખરૂં કારણ બીજું કોણ જાણે? તેના કાયદાની દૃષ્ટિએ કાન્ત ગુન્હેગાર ઠરી ચૂક્યો! જગતને જૂઠું કોણ કહે? લોક કહે છે કેઃ "પંચ કહે તે સત્ય વચન." ખરેખર કાન્તને કપાળે આવેલું કલંક જો કલંક હશે તો રહેશે, નહિ હોય તો પરમાત્મા તે ટાળશે. ઠીકજ કહ્યું છે કેઃ "કાજળની કોટડીમાં કેટલાંએ જતન કરો કાજળની કંઇક રેખ લાગેજલાગે." કાન્તે પવિત્રીના ઘરમાં પ્રવેશજ ન કર્યો હોત તો સૌ સારાં વાનાં હતાં પણ બનવા કાળ! "પ્રિતમ દુઃખી થતો આવ્યો છે" એ કાન્તથી ક્યાં અજાણ્યું છે? પવિત્રી બ્હેન હતી અને છે પણ ધર્મ વળાવ્યો કે નથી વળાવ્યો એની તને શી ખબર પડે? ભાઈ! એ વાક્યે કાન્તને ઘણી અસર કરી. મ્હેં જે કર્યું તે કર્યું તેનું ફળ આજ ભોગવી રહ્યો છું અને ભોગવીશ, તું ગમ ખાય છે એ ત્હારી ખાનદાની, ફીકર ન કરીશ. હું હવે પત્ર લખી ત્હારા આત્માને ત્રાસ નહિ આપું. તું નિરાંતે બેસજે. પ્રિતમ! પણ બાપું! ત્હેં તો મ્હારી જીવનભરની નિરાંત લઈ લીધી છે. જગત્‌ની દૃષ્ટિએ કાન્ત ગમેતેવો ઠરે તેની હરકત નથી, મ્હારા પ્રાણાત્મબંધુ પ્રિતમની દૃષ્ટિએ પ્રભુ મ્હને જેવો છું એવોજ સાબિત કરી આપે એજ બસ છે. તેના અંતરની વ્યથા તેના કાગળમાં સ્પષ્ટ છે, પણ પ્રિતમ તું ભણ્યોગણ્યો, સાથે બેઠા ઉઠયા, હસ્યા, જમ્યા, રમ્યા, સર્વરીતે પરિચિત, ત્હેં લોકવાયકા પરથી આવું સાહસ કરી મ્હારા જેવા નિર્દોષ વફાદાર મિત્રને ગજબ અન્યાય કર્યો છે. અપરાધી હતો

કે ન હતો છતાં ક્ષમા તો માગીજ છે, પ્રિતમ! આટલી હદે આવો પત્ર લખીશ એની મ્હને ભાગ્યેજ કલ્પના હતી. કાન્તનું મગજ ભમીજવા લાગ્યું. તેની આંખમાંથી ઉન્હા અગ્નિ જેવાં બે અશ્રુબિન્દુ ખરી પડ્યાં. ગમેતેમ પણ ક્ષુદ્રજીવ તેને ક્ષણિક ગુસ્સો આવી ગયો. તે મ્હોડેથી બોલી ઉઠ્યો:–"જાજા,અભાગી! તમામ ઉપકારને ભૂલી જઇ, વગર વિચારે મ્હારા જેવા નિર્દોષના માથે ત્હેં જે વજ્ર ફેંકયું તેનું ફળ ત્હને પ્રભુ અવસ્ય આપશે. હું આજથી પ્રત્યક્ષ ત્હારો નાશ જોઇ રહ્યો છું." એજ પળે લક્ષ્મીએ એ સ્થાનમાં પ્રવેશ કર્યો અને કાન્તનું વાકય પૂર્ણ થતાં "અસ્તુ!" કહીને ઉભી રહી. કાન્ત સ્વસ્થ થયો. અમૃતવચનની વૃષ્ટિ કરતી લક્ષ્મીના મ્હોંમાંથી આજ અચાનક "અસ્તુ!" નિકળી ગયું એ ઉપરથી કાન્ત સમજી ગયો કે: "પ્રિતમનું ભાવિ અમંગળ છે." તેને થયું "આજ આટલો બધો ક્રોધ કેમ થયો? આજ કેમ ભાન ગુમાવ્યું? લખ્યું તો પણ કોણે? મ્હારો હતોને? અરે! હતો કેમ? આજ પણ છે. એની વિપદના સમયે શું હું નિર્દયની માફક દૂર રહે રહે જોઇ રહીશ? એ બિચારો શું કરે! લખતાં લખાઇ ગયું. તેને જરૂર પશ્ચાત્તાપ થશે! તેને તો ક્ષમાજ છે! અપરાધ નથી કર્યો છતાં ક્ષમા માગીશ. તેને એક વખત મિત્ર તરીકે સ્વીકાર્યો છે, તેના અણીના પ્રસંગ તેની સેવામાં હાજર થઇ મ્હારી સત્ય કર્તવ્યનિષ્ઠાથી મ્હારી નિર્દોષતા સાબિત કરી આપીશ,"

"જવાદ્યોને, એ બધી વાત: પણ નાથ! મ્હારો અંતરાત્મા સાક્ષી પૂરે છે કે: આજની તમારી વાણી સત્ય ઠરશે. પ્રિતમને એના કર્મનુ ફળ અવસ્ય મળશે." લક્ષ્મીએ કહ્યું.

"લક્ષ્મી! પુન: એવું ન કહેશો. એની દુ:ખની પળે મ્હારાથી બેસી નહિ રહેવાય! એ સત્ય શું છે એ જોશે અને જાણશે ત્યારે તેને

જીવવું ભારે થશે! તે જરૂર ક્ષમા મ્હાશે! એ એનો ધર્મ ચૂક્યો-ચૂકે અને હું મ્હારો ચૂકું પછી રહ્યું શું? એક ગાળ દે બીજો તમાચો મારે, એમાં કોની શોભા વધે!" કાન્તે લક્ષ્મીને સમજાવી.

"હા એ બધું ખરૂં પણ તમે કંઇ જાણો છો?

"શું?

"આજ રાતના મેઇલમાં પવિત્રી મુંબાઇ જાય છે!"

"સારી વાત છે, એમાં શું ખોટું છે? પણ સાંભળ્યું છે કે: કોણ મુકવા જનાર છે?"

"હાહા, નહિ પેલા સુંદરલાલ કરીને કોઇ મીલ માલીક છે તે. તેની વહુ સુલોચના મ્હને આજ રસ્તામાં મળી હતી. અમે બન્ને નિશાળમાં સાથે ભણતાં હતાં ત્યારથી બિચારી કોક દિવસ રસ્તે જતાં આવતાં બોલાવે. બે ઘડી ઉભા રહે છે. આજતો તેણેજ મ્હને જતાં જતાં બોલાવી ને કહ્યું કે: મહા મુસિબતે પ્રિતમરાયને ઠેકાણે આણ્યા છે. એમણે કેટલી વાતો લખી ત્યારે પવિત્રીને મુંબાઈ તેડાવાનું કબૂલ્યું. એમને મુંબાઈની મીલના કામે જવું છે અને સાથે પવિત્રી પણ જનાર છે એટલે મ્હેં કહ્યું લાવને બઈ હું પણ સાથે સાથે જઇ આવું જરીક! જાણોજ છોને કે: નિમાજ પઢતાં મસિદ કોટે વળગે તો બાપ શું કરૂં! એ અવળચંડીનાં હું લક્ષણ ન જાણતી હોઉં ત્યારેને? કોઇને વાત ન કરશો બા! મ્હને જરીક વ્હેમ પડ્યો તેથી આટલું તમને કહ્યું."

"ન્હાનપણથીજ આપણે બધાં સાથેજ ભણતાં હતાં ને. આપણે ક્યાં નથી જાણતાં?" કહીને ગ્હેલતો એ વાત ત્યાંથી પતાવી અને "જાઓ જાઓ એમતે કંઈ કોઇને કહેવાય છે?" કહીને હું મ્હારે ચાલતી થઇ.

"ઠીક, ત્યારે તો એ સુંદરલાલેજ આ બધી બાજી ગોઠવી હશે. શ્રીમંત છે એટલે કંઇ નહિ તો ગમે ત્યાં કહેશે ભણવા કહીને પ્રિતમને પોતાની મુંબાઇની મીલમાં ગોઠવી દેશે એટલે પત્યું. બિચારો પારકા પરદેશમાં થાક્યો હશે એટલે કબૂલ કર્યું હશે, બીજું શું કરે? પણ લક્ષ્મી! લક્ષ્મીવાન માણસો, ગમે તેવા માણસને લક્ષ્મીનો લોભ બતાવી–લાલચ આપીને ગમે તેવાં નટખટપણાં કરતાં ચૂકતા નથી. લક્ષ્મી અને લક્ષ્મીવાનોથી આ સંસારનું જેટલું અનિષ્ટ થાય છે તેટલું ભાગ્યેજ બીજા કશાથી થતું હશે. ઇચ્છાએ કે અનિચ્છાએ પણ માણસ એ મોહિનીમાં લપટાય છે. સુલોચનાએ સાથે જવાનું ધાર્યું છે એ ઠીકજ કર્યું છે, પણ એને સાથે લે એમ હું નથી ધારી શકતો. અસ્તુ. પવિત્રી સન્માર્ગપર આવી તેના પતિની પ્રેમભાજન બની રહે એથી બીજું શું સારૂં હોય? એને સન્માર્ગપર લાવવા, તેમને સુખી કરવાના મ્હારા પ્રયત્નો અફળ ગયા તો કોઈ રસ્તે પણ તેમનું હિત સધાય છે, એ જોવાને હું બહુ રાજી છું. મ્હારી એજ ઇચ્છા છે.

"ઠેકાણે આવશે તો સુખી થશે: નહિ તો આપણે ક્યાં સ્નાન કે સૂતક આવે એમ છે?

"ના ના, લક્ષ્મી! સ્નાન–સૂતક આવે કે ન આવે, પણ **वसुधैव कुटुम्बकम्** માનનારથી એવા હલકા વિચાર ન થાય. પ્રાણીમાત્રના સુખમાંજ આપણું સુખ માનનાર માણસો સાચાં માણસ છે, બાકી પશુ અને માણસમાં ભેદ શો?"

"હા. અને હાલમાં રતિકાન્તના શા સમાચાર છે?"

"એને બિચારાને પ્રભુ હવે તો પથારીમાંથી ઉઠાડે ત્યારે... ગઇ કાલે હું ત્યાં ગયો હતો. મ્હેં તો તેની આશા મૂકી છે. બહુ ગભરાઇ ગયો હતો. તેની માતાએ કોઇપણ પ્રકારે રતિસુન્દરીને સમજાવીને તેડી

લાવવાનું મ્હને કહ્યું છે. મ્હેં પણ એ કાર્ય માથે રાખ્યું છે. રતિકાન્ત પણ "હવે છેલ્લી ઘડીએ એક વખત એ પવિત્ર સ્ત્રીનાં મ્હને દર્શન કરાવ્ય અને મરતી વખતે મ્હને એકવાર સાચાદિલથી તેની ક્ષમા માગવા દે." કહી બહુ ગળગળો થઇ ગયો હતો, પણ એ નથી ધારતો કે: "એ હવે પ્રાણાન્તેય આવે ખરી?" આવે ન આવે એ જૂદી વાત છે પણ હું મ્હારો સઘળો પુરૂષાર્થ કરી છૂટીશ. બાકી હું રતિકાન્તને ક્યાં નથી ઓળખતો ? એણે મ્હારી ક્યાં જરીકે બાકી રાખી છે?

"હા, પણ એ બધું પ્રિતમને લીધે ને? નહિતો તમે એનું શું બગાડ્યું હતું? જે કરત એ ભોગવત! પણ દુનિયાંને ગુણ ક્યાં છે? રતિસુન્દરીને બિચારીને ક્યાં જરીકે જંપવા દીધી છે? તમે જાઓ તો કદાચ આવે ખરી.

"અરે! નહિ પેલો પવિત્રીનો કાગળ, જેને લીધે ઉત્પાત થયો હતો, એ કાગળ આપવા આવી એજ દિવસે બિચારી કેટલો વલોપાત કરતી હતી? અને તેમાંએ આ ગઇકાલની એની સ્થિતિ સાંભળી હશે ત્યારની તો કંઈક કંઈક વિચાર કરતી હશે."

પતિપત્ની વચ્ચે આ પ્રમાણે વાતચિત ચાલતી હતી એજ સમયે કાન્તની મીત્રપત્ની મંગળા ત્યાં આવી પહોંચી અને "લક્ષ્મી બ્હેન કંઈ જાણો છો કે?" કહેતી પાસે આવીને બેઠી.

"કેમ બ્હેન શું છે?" લક્ષ્મીએ ઉત્સૂકતાથી પૂછ્યું.

"આજ તો પવિત્રીબા મુંઝાઇ જાય છે. ભલી તેડાવી! અરે! એવાં ન કરે એ ઓછું. અરે! હરખ તો માતો નથી!" આવતી-કાલ તમારે બધાંને આપણે ત્યાં જમવાનું છે, તે હું મ્હારે ઉતાવળી ઉતાવળી તમને કહેવા આવતી'તી તે એણે મ્હને જોઇ. એણેજ મ્હને

"આમ તો આવો, મંગળા બ્હેન!" કહીને ઉપર બોલાવીને જાણે તમને બધાંને કહેવાજ ન કહેતી હોય તેમ કેટલી બધી વાર બેસાડીને બધી વાત કરી, લૂગડાં ને લત્તાં ને ઘરેણું ગાંઠું બધું મ્હને તો બતાવ્યું, જુવો! આ લૂગડાં ગાડીમાં પહેરવાનાં, કહી કેવી ભારે વૉયલની સાડી ને ભારે પોલકું બતાવ્યું, એ જોઇને હું તો બા ડરી ગઇ! આપણે તો એવું ફેન્સી જોયુંજ નથી; ત્યાં પહેરવાની વાત શી? એટલામાં તો એના બાપે "બેટા પવિત્રી! જરીક આમ આવજો!" કહ્યું એટલે "જરીક બેસો આવું છું" કહીને એ નીચે ગઇ એટલે મ્હેં પોલકું હાથમાં લઇને જોયું કહી મંગળા એ લક્ષ્મીના કાનમાં કહ્યું: "એના પોલકાના ગજવામાં કાગળ જોયો તે કાઢીને વાંચ્યો અને મ્હેં મ્હારે લઈ લીધો. એટલામાં તો એ આવી ને હું મ્હારી મેળે છાની માની અહીં આવી. જુવો, લ્યો, આ કાગળ! કહી મંગળાએ કાગળ લક્ષ્મીના હાથમાં છાનો માનો મૂક્યો.

આવી ગૂપચૂપ વાતો કરતી જોઇ કાન્તે કહ્યું: "જોજો એક બીજાના કાન ના કરડી ખાઓ! એવું શું છે કહી કાન્તે એ જાણવાની આતુરતા બતાવી. લક્ષ્મીએ કાગળ વાંચીને કહ્યું "મંગળા! ભલો, આ ત્હારા હાથમાં આવ્યો! આ તો ઘણો ઉપયોગી છે. કહી "લ્યો શું ખાનગી આપ્યું એ જોવું હોય તો?" કહીને લક્ષ્મીએ "બેર્ય ત્હારૂં નખ્ખોદ જાય! કહીને કાગળ કાન્ત ઉપર ફેંક્યો. કાન્તે સંપૂર્ણ વાંચી જોયો. કાન્તનો આત્મા પ્રફુલ્લિત થયો. એ કાગળમાં એવું શું જાદુ હતું કે: "કાન્તે ધન્ય! પ્રભુ! નિર્દોષની લાજ રાખનાર તુંજ છે, એ ખોટું કહ્યું નથી" કહી પ્રભુને માથું નમાવ્યું.

"લ્યો! ત્યારે કાલે બધાં વ્હેલાં આવજો! મ્હારે બેચાર ઠેકાણે કહેવા જવું છે" કહી મંગળા ચાલતી થઈ.

"પણ એ કાગળ કોનો અને કયો?" એ જાણવાની વાંચકને અતિ જીજ્ઞાસા હોય એ સ્વાભાવિક છે. તો જુવો! આ એજ કાગળ કે જે કાન્તના ન્હાના ભાઇના લગ્ન દિવસે કાન્તને લખીને પવિત્રી પોસ્ટમાં નાંખવા જતી હતી અને વચમાંજ કાન્તનો રસ્તામાં ભેટો થતાં એ કાગળ પોલકાના ગજવામાં મૂકી ઘરમાં જઇ, કાન્તને મહા મુસિબતે ઘરમાં બોલાવી જે વેષ ભજવ્યો હતો—એજ કાગળ! પવિત્રીની શયતાનિયતનો પ્રત્યક્ષ પૂરાવો, અને કાન્તની નિર્દોષતાનો એ કાગળ કહો કે: "બોલતો કાગળ" કાન્તની પાસે આવ્યો એ કંઇ સામાન્ય વાત નથી. કાન્તના આત્માને આજ અતિ સંતોષ થયો. એણે પ્રભુનો પાડ માન્યો. પ્રાણની માફક એ કાગળ જાળવીને કાન્તે રતિસુન્દરીએ આપેલા પત્રની * સાથે વ્યવસ્થાસર મૂકી દીધો.

નીતિસિદ્ધાન્ત લક્ષ્યમાં રાખી કાન્તે આત્મવ્યથા, પત્નીથી છૂપાવી. પત્રદ્વારા પ્રિતમે કરેલા વાક્ય પ્રહાર અને નીચતા શાન્તિથી પોતાના મનથીજ સમજી તે બેસી રહ્યો. સન્માર્ગથી ચલિત થતો નથી પછી માનાપમાનનો ભય ક્યાં રહ્યો? છતાં અણધાર્યા સંયોગોએ કાન્તના માનહાનિમાં ક્યાશ નથી રાખી: તોપણ પેટનું પાણી ન હાલવા દેતાં એ બધી બાબતો ગળી જવામાંજ તેણે સાર જોયો તો, કાન્ત પરિણામે સન્માનને પાત્ર અને સુખી થશે: અને પ્રિતમ?

---

* જુવો અનુક્રમે લક્ષ્મી-કાન્ત ભાગ ૧નાં પ્રુષ્ઠ ૫૫ અને ૨૪૦

ત્રયોદશ પરિચ્છેદ

સાધ્વી સુલોચના

વા

સુંદર અને પવિત્રો.

છોડ યું બરાબર અરે! શર કામનીએ,
શું હારશે? અધમ! પ્રિતમ? ભામની એ?
હા, માન મૂર્ખ! નથી નિર્લજ કામની એ,
રતિ–કાન્ત× ત્યાગી થઇ સુન્દર-શ્યામની* એ.

જગતમાં એવી અનેક વસ્તુઓ જગતકર્તાએ પ્રાણી માત્રના કલ્યાણને માટે ભરી છે, જે, સમયે સાચું ફળ આપે છે. પ્રારંભમાં વિષ જેવી જણાતી છતાં પરિણામે અમૃતની ગરજ સારે છે; એજ પ્રમાણે એવી અનેક વસ્તુઓ છે કે જે પ્રારંભમાં અમૃત જેવી છતાં અન્તે મૃત્યુ આવે તે તો ઠીક પણ તે એ સુખેથી મૃત્યુ પામવા દેતી નથી. કડવી ગળોનો ઉકાળો કે મહાસુદર્શન ચૂર્ણનો જેમણે એક વખત અનુભવ લીધો હોય તેમને ખબર હોય કે: તેના પ્રારંભિક ગુણ તો માથું ફેરવી નાંખે એવા છતાં એ આખરે મહા-જ્વરનો નાશ કરનાર છે. ખાતાં સાકર જેવું ગળપણ પણ સોમલ એકજ ક્ષણમાં પ્રાણનો નાશ કરે છે. ખણતી વખતે ખસ કેવીએ મીઠી લાગે છે પણ પછી ચારે બાજુ ચાંદીઓ પડી લોહી નિકળે ત્યારે બધી ખબર પડે છે. આ સંસારમાં સર્વનાશ કરનારી જે જે વસ્તુઓ

× રતિ=રતિકાન્ત. કાન્ત=તેનો પતિ–પ્રિતમ. * કાળા કાળજાના સુંદરલાલની થઈ રહી છે.

છે તેમાંની અનેક પ્રારંભમાં ઉજળી–અમૃત જેવી છે. પામર આત્માઓ પૂર્વકર્મ–ધર્મસંયોગે સારાસારનો વિવેક ભૂલી જઇ તુચ્છ ક્ષણિક સુખની લાલસામાં એ વસ્તુઓ પ્રાપ્ત કરવા મથે છે, અને પરિણામે અદૃષ્ય-સત્તા જે જે દ્રષ્ય ભવિષ્યમાં બતાવે તે બિચારા મૂંગે મ્હોડે મહા-વ્યથા અનુભવતા જોયા કરે છે. એ વગર એમને માટે અન્ય સુખકર ઉપાયજ રહેતો નથી.

સુંદરલાલની ખટપટથી નસિબજોગે પ્રિતમે પવિત્રીનો પુનઃ સત્કાર કરવાનું કબૂલ્યું. સુંદરલાલનો પત્ર મળતાં પોતાની તો વૃત્તિ હતીજ અને તેમાં અણધાર્યો યોગ મળવાથી સુંદરલાલ ઉપર અહેશાન ચડશે સમજીને તુરત પ્રિતમે પવિત્રીને મુંબાઈ પહોંચતી કરવા તેના સસરાને એક પત્ર લખી નાંખ્યો. તે સાથે "અમુકસંયોગોને લઇને મ્હારે પવિત્રીને અહીં તેડાવ્યા વગર છૂટકો નથી, માટે મ્હેં ત્યાં લખ્યું છે તો ખરૂં પણ ઘરમાંથી કોઇક સારો સંગાથ જોઈ જાતે સ્ટેશનપર મૂકી જજો, અને મ્હને અગાઉથી પત્ર લખશો એટલે હું સ્ટેશનપર સ્હામો આવીશ" એવા આશયનો એક પત્ર પોતાને ત્યાં મોટાભાઈ ઉપર પણ લખી નાંખ્યો હતો. સુરેન્દ્રે પણ પ્રિતમની પાસે રૂબરૂ બેસીને એ બન્ને પત્રો ઉપરાંત એક પત્ર સુંદરલાલને એમ અનુક્રમે ત્રણ પત્ર લખાવી ત્યાંથી પ્રપન્નચિત્ત રૂખ્સત લઈ ઘેર જઇને જેમ બને તેમ તાકીદે એટલે ખાસ સોમવારે રાજનગરથી ઉપડતા રાતના મેઇલમાં શેઠ સુંદરલાલ સાથે પવિત્રીને" પોતાનાં માત–પિતાને મોકલવાનું લખી નાંખ્યું હતું.

ઉપરના તમામ પત્રો વખતસર જેનેતેને પહોંચી ગયા હતા. પત્ર પહોંચતાંજ પવિત્રીના આનંદનો પાર ન રહ્યો. પત્ર મળ્યો ત્યારથીજ એણે સઘળી તૈયારીઓ કરવા માંડી. આ શુભ સમાચાર જ્યાં ત્યાં કહેતી ફરતી પોતાની જાતને મહા મગરૂબ લેખવા લાગી. એ સબંધમાં

સુંદરલાલને અને મ્હારે ત્યાં મ્હેં સૂચના પત્ર લખ્યો છે એવું લખવાથી પવિત્રીને બીજી કંઈ ગોઠવણ કરવાનું બાકી ન રહ્યું.

જોતજોતામાં સોમવારનાં વ્હાણાં વ્હાયાં અને મોટર આવતી કે: પ્રમોદરાયના ઘર આગળ ઉભી રહી. પ્રમોદરાય, મદનગૌરી પવિત્રી વગેરે વાઘરી જેવા વેષે હાથમાં દાતણનો ડોઇઓ લઈને દાતણ કરતાં હતાં. “પધારો સુંદરલાલ! કહી પવિત્રીએ નાક નસિકતાં સુંદરલાલનો સત્કાર કર્યો, એટલે તો પ્રમોદરાય ઉઠીને “કેમ, શેઠ સાહેબ! કેમ આજ અત્યારમાં કયાંથી અમારા ગરિબ ઉપર કૃપા કરી?” કહેતા બ્હીતા બ્હીતા ઉભા રહ્યા. સુંદરલાલે મદનગૌરી અને પવિત્રી સારી રીતે સાંભળે એવી રીતે કહ્યું: “પ્રિતમરાયનો મ્હારા ઉપર પત્ર છે, તમારા ઉપર છે ને?” જવાબમાં પ્રમોદરાયે “હાજી હાજી” કરતાં ડોકુ ધૂણાવ્યું” બાદ સુંદરલાલે કહ્યું “હા ત્યારે સાંભળો હું આજે કારણસર મુંબાઇ જવાનો છું, એટલે પ્રિતમરાય તો મ્હારો બાલસ્નેહી છે, તેની ભલામણ, એટલે મીલમાં જતો હતો તે મ્હેં કહ્યુ લાવ્ય રસ્તા ભેગો રસ્તો કહેતો જઉં તો એમના જીવનેએ નિરાંત વળે. તમે તમારે જરીકે ફીકર ન રાખશો, એતો હું મ્હારી સાથે સુખેથી લઇ જઇશ અને રૂબરૂ જઇ પહેલો પવિત્રીબ્હેનને પ્રિતમને ત્યાં સોંપી પછી મ્હારૂં કામ કરીશ. સમજ્યા? રાત્રે મેઇલપર ટિકિટ વગેરે અગાઉથી લઇ રાખવાનો બંદોબસ્ત કરીશ. ઘરમાંથી ગમે તે સારાં શૂકન જોઇને મૂકી જજો એટલે પહોંચ્યું. સમજ્યાને કાકા! કહો હવે કંઇ કહેવું કરવું છે?”

સુંદરલાલે વગર પૂછે જેટલું કહેવું હતું એટલું કહી નાંખ્યું પછી પ્રમોદરાય શું કહે? તો શેઠ સાહેબ! ઘણુંજ સારૂ થયુ, આપ જાઓ છો પછી હરકત શી? બીજું કંઇ કહેવું નથી. જરા બે શબ્દો પ્રિતમ-

રાયને સમજાવીને કહેજો એટલે છોકરીને દુઃખ ન પડે. એતો અમ્હે બન્ને ગાડી ઉપર મૂકવા આવીશુંજ તો અમણે મહિનો એક થયો મ્હારો મ્હોટો ગજેન્દ્ર એના શેઠની જોડે રતલામ ગયો છે, નહિતો એ આવત એટલે અમારે ચાલત. "ત્યારે ઉતાવળ ન હોય તો ઘડીક ઘરમાં તો આવો. આ પીને તો જાઓ! અમે તે શેઠીઆ લોકોનો શો સત્કાર કરીએ?" કહી મોટરમાં બેઠે બેઠે વાતો કરતા સુંદરલાલને ઘરમાં આવવા કહ્યું. સુંદરલાલ ભલા માણસ ક્યારના એટલીજ રાહ જોતા હતા પણ કોઇ જરીકે એ સબંધમાં મ્હોંમાંથી વરાળ સરખી કાઢે ત્યારેને? પિતાની પ્રાર્થનાને ટેકો આપતાં પવિત્રીએ પણ સહજ હસતાં હસતાં "ગરિબ સાળીને ત્યાં સુંદરલાલ શેઠ શું કરવા આવે? ઉતરો ઉતરો, પધારો!" કહી સુંદરલાલને ઘરમાં આવવા સૂચવ્યું.

પવિત્રીનાં પ્રેમભર્યા સ્વાગત્ ઝીલ્યાવગર કેમ ચાલે? સુંદરલાલ મોટરમાંથી ઉતરી ઘરમાં પેઠા અને કેટલાએ જુના જમાનાના ખડતલ હિંચકાપર બેઠા. સુંદરલાલને પોતાની સમૃદ્ધિ અને રૂપનો અહીં વિચાર હોત તો કેટલું સારૂં? કોઇ અજાણ્યો આદમીતો એટલે દાતણ કરતી એમ એકએકથી ચઢીઆતી ત્રણ મૂર્તિઓના સ્હામું પણ ન જુવે! મદનગૌરીનો માથેથી ફાટેલો સાલ્લો, પ્રમોદરાયનાં ઘાંચીની ઘાંણી જેવાં કપડાં, પવિત્રીનું ઉઘાડુ માથુ અને વિખરાએલા વાળ, મ્હોંપર મેંશના લપેડા અને ચૂંચળી આંખ્યો! આવા વેષ છતાં સુંદરલાલને સૂગ ન આવી!

પવિત્રી કંઇ કાચી ન્હોતી. તેણે ઘરમાં જઇને તરતજ રાતનો વેષ ઉતારી કોરાં આછાં સુંદર વસ્ત્ર પહેરી દીધાં. મદનગૌરીએ પણ અવસ્થાને છાજે એ પ્રમાણે બધું ઠીકઠાક કર્યું. પ્રમોદરાય આ બધાં કારસ્થાનમાં ઓછા કુશળ હતા, એમણેતો મ્હોં ધોયું ન ધોયું કરીને

શેઠની સ્હામે ભોંય અડીંગા નાંખ્યા. ત્યાં દુધવાળી રબારણે "લ્યો દુધ" કહીને હાંક મારી એટલે એ બિચારા એમની મેળે દુધ લઇ આવ્યા અને પવિત્રીની આગળ મૂક્યું. પવિત્રી અને મદનગૌરીને ઘણું થયું કેઃ પેલી જરમનસીલ્વરની લોટી મૂકીને આ કાળી ઠીકરા જેવી કાના વગરની ઓખી લોટીમાં લેવા જતાં ક્યાં વિચાર આવ્યો? પણ બોલ્યા ચાલ્યા વગર મા દિકરીએ એક બીજાના સ્હામું જોઇ પ્રમોદરાય તરફ વક્ર દૃષ્ટિ કરી કેઃ "ક્યાં જરીકે ગમ છે?"

પવિત્રીએ બ્હા લાવીને સુંદરલાલની સ્હામ મૂક્યો, તેને સુંદરલાલે તુર્ત ઇન્સાફ આપી દીધો એટલે પ્રમોદરાયે જૂના જમાનાની ચમચી કાઢી શેઠને પાન કરી આપ્યું. સુંદરલાલે તે દરમિઆન પ્રશ્ન કર્યોઃ "કાકા અમણે શી પ્રવૃત્તિ ચાલે છે?" કાકાએ ભોળા ભાવે કહ્યું: "સુરેન્દ્ર મુંબાઇથી મહીને દસ રૂપિઆ મોકલે છે, ગજેન્દ્રને પચીશેક મળે છે એ શરાફને ત્યાં છે અને હું વળી અમણેનો આનંદરાયવકીલને ત્યાં રહ્યો છું–આપે છે મ્હારા સાહેબ. વીસેક રૂપિઆ."

"હું મુંબાઇથી આવું ત્યાં સુધી આપ નિભાવો, બાદ હું આપણી એક મીલમાં સ્ટોર ખાતામાં અમણે એક માણસની જરૂર છે ત્યાં આપને ગોઠવીશ–ચાળીશેક રૂપિઆની જગ્યા છે, સમજ્યાને? લ્યો, રજા લઉં છું, લગભગ આઠેક વાગે વિક્ટોરીઆ મોકલીશ, લેઇટ ન થવાય! કહી સુંદરલાલે ચાલવા માંડ્યું.

સુંદરલાલના ગયા બાદ મદનગૌરીએ મલકાતા મ્હોંએ કહ્યું: "જુઓ છો? છોકરી કેવી ભાગ્યશાળી છે? પિયરથી સાસરે જાય તેમાંય બાપને ફાયદો કરી આપતી ગઇ! રૂપિઆ ચાલીસ મળશે, શા ખોટા છે આવા વખતમાં? છોકરીનાં પગલાંથી જોજોને પેલા મૂર્ખાનાંયે ઉઘડશે!"

"સારૂ ભાઇ સારૂ" કહીને પ્રમોદરાય શાક લેવા ગયા અને મદનગૌરી અને પવિત્રી આજની ખટપટમાં રોકાયાં.

પોતાને પોતાની સાથે જે કંઈ મુંબાઇ લઈ જવાનું હતું તે એક પછી એક સંભાળીને પવિત્રીએ સારી રીતે બાંધી દીધું. બપોરના બાર વાગ્યા તોયે એ ગડભાંજમાંથી પવિત્રી ઉંચી ન આવી. મદનગૌરી ક્યારની પવિત્રીને બુમો મારી રહી હતી કે: "બ્હેન! હેંડયને ખાઇ લઇએ, હજીતો કેટલું કામ છે," પણ પવિત્રી "લે આ આવી, આ આવી" કરતી પરવારે ત્યારેને? આખર મા થાકીને માળપર ચડી એટલે પવિત્રી "લે, બાપાલે! થયું?" કહી નીચે જમવા આવી.

નિત્યનિયમ પ્રમાણે જમીપરવારી આડાં થવાની આજ ફુરસદ ક્યાંથી? એ એની મેળે થોડોઘણો ભપકો મારીને "બા હું અમણે એક બે ઠેકાણે મળીને આવું છું" કહી પવિત્રી સગાંસબંધી, બ્હેનપણિઓ સહિપણિઓને આ મંગળવધામણી ખાઇ આવી.

જ્યાં ત્યાં મદનગૌરીની ઉસ્તાદીનાં વખાણ થવા લાગ્યાં. પવિત્રીના નસિબના આંક અંકાવા લાગ્યા! પ્રિતમ, પવિત્રીનો પુનઃ સ્વીકાર કરે છે. એ न भूतो न भविष्यति એવી વાત હતી એટલે જે તે આશ્ચર્ય પામી ગયાં, ગમેતેમ પણ આમાં કંઇક ભેદ છે, એમ કોક કોક કહેવા લાગ્યાં.

પવિત્રીના બ્હાર નિકળ્યા પછી પવિત્રીના જેઠ પાર્વતીશંકરે આવીને મદનગૌરીને પવિત્રીને આજ મોકલવાની ચોક્કસ હકિકત પૂછી લીધી અને પોતે પણ બનતા સુધી રાતના મેહલપર આવવાને કહ્યું. તે છતાં ન અવાય તો મ્હેં પ્રિતમને એ સબંધમાં પત્ર લખી નાંખ્યો છે એટલે એ સ્ટેશનપર સ્હામો તો આવશે, કહીને પાર્વતિશંકર ચાલતા થયા.

મદનગૌરીએ ઉપરથી "આવજો" કહીને મનથી "સ્ટેશનપર આવવું હોય તો આવજોને—નહિ ટળો તો કોણ તમારા વના કાચું ખાય છે?" કહી એ વાત જતી કરી.

આખું ગામ ભમીને પવિત્રી બરાબર પાંચવાગે ઘેર આવી ત્હોયે જીવને નિરાંત ન વળે! પારવગરની રખડપટ્ટી કરી છતાં થાક ન મળે! હજીએ કંઇને કંઇ ગડમથલ કર્યાજ કરે છે. સાંજના સાડા છ સાત થતાં પ્રમોદરાય પણ નોકરી પરથી આવી પહોંચ્યા એટલે ત્રણે જણે ખાઈ લીધું. પ્રિતમ-દર્શનના આનંદમાં પવિત્રીને ખાવાનું ક્યાંથી ભાવે? તોય મને કે કમને બે મ્હોં ભરી લીધાં.

બરાબર રાતના સાડાઆઠ વાગ્યા અને સુંદરલાલની વિક્ટોરિઆ આવીને ઉભી રહી. વાટ પણ એટલીજ જોવાતી હતી. પવિત્રી પ્રમોદરાય અને મદનગૌરી બેઠાં એટલે ગાડીવાને ગાડી હાંકી. ગાડીનો વખત થઇ ગયા હશે ધારી પાર્વતિશંકર હાંફળાફાંફળા સ્ટેશનપર જતા હશે ત્યાં એની અને પવિત્રીની દ્રષ્ટિ મળી એટલે ગાડીવાનને ગાડી ઉભી રાખવા કહ્યું, પવિત્રીના કહેવાથી પ્રમોદરાયે "આવી જાઓ, પાર્વતિશંકર!" કહીને ન છૂટકે બેસાડી દીધા. ભોળા ભાવે પાર્વતિશંકરે પણ તેમાં કંઈ હા ના ન કરી અને ગાડી સ્ટેશનપર પહોંચી.

મેઇલ ઉપડવાને ફક્ત પાંચ મિનિટની વાર હતી. ટિકિટ કરાવીને સુંદરલાલ ક્હાનાએ પવિત્રીની રાહ જોતાં લાંબી નજર ફેંકતા ઉભા હતા ત્યાં વિક્ટોરીઆ કૅમ્પાઉન્ડમાં દાખલ થતી દ્રષ્ટિએ પડી.

વિક્ટોરીઆમાંથી ઉતરતાંજ સુન્દરલાલે એક સેકન્ડક્લાસ ટિકિટ અને બે પાસ પ્રમોદરાયના હાથમાં મૂક્યા અને "આ સાથે કોણ છે?" પૂછતાં પ્રમોદરાયે પિછાન કરાવતાં વળી એક પાસ મંગાવી પાર્વતિ-

શંકરને આપ્યો. સહુને લઇને સુંદરલાલ સેકન્ડકલાસના ડૉરપર થઇને, જઇને પોતાના કૉમ્પાર્ટમેન્ટ આગળ ઉભા રહ્યા.

પોતાના ભાગ્યપર અફસોસ કરતી સાધ્વી સુલોચના પણ મ્હારે તે મ્હારી બ્હેનપણીને વળાવવા આવ્યા વગર કંઇ ચાલે? સમજીને એ પણ સ્ટેશનપર આવી પહોંચી હતી. એના આત્માને ખાત્રી થઇ ચૂકી હતી કે: પવિત્રી દિવસ જતાં મ્હારા સંસારસુખનું સત્યાનાશ વાળશે એટલેજ આ ભલી ભોળી છતાં વાણીયાની–ડહીમાની દિકરીએ કોઇ પણ ઉપાયે પતિને વ્હીલો ન મૂકવો અને તેમાંય પવિત્રી અને પોતાના પતિને એકલાંને મળવાનો યોગ એમને ન મળવા દેવો એમ માની હમેશાં “હનમાનજીના પૂંછડાની માફક તેઓ જ્યાં હોય ત્યાં લાગુને લાગુજ રહેતી.”

આજ સુલોચનાની વ્યાકૂળતાનો પાર નથી. અમદાવાદથી મુંબાઇ સુધીની આખી રાતની મુસાફરી કરવાનો એ ઉભય માનવપશુને યોગ મળશે! અને થાય પણ કેમ? એ વિચારે તેનો જીવ ચકડોળે ચડ્યો છે. સુંદરલાલ ગમેતેવો મગજનો ફરેલો વાઘ જેવો છતાં સુલોચનાની હા આગળ ના કહેવાની એણે કદિએ હામ ભીડી નથી! અને તેથીજ સુલોચના સ્ટેશનપર આવી શકી છે; બાકી સુન્દરલાલ ગાંઠે એવો કંઈ કાચો નથી.

પવિત્રીના ચાળાચટકા હાવભાવ અને સુંદરલાલના મનોભાવ પાર્વતિશંકર જેવા ઑલિયા આદમીને પણ ઘડીક વ્હેમના હિંચોળે હિંચોળે તો વિચિક્ષણબુદ્ધિપ્રધાન સુલોચનાથી શું અજાણ્યું રહે? એક ક્ષણ પણ પતિને ધીરવાની વાત તેના આત્માએ ના કહી! કોઇ પણ જોખમે આજ એ માનવપશુઓની ઇચ્છા બર ન આવવા દેવી એવો દૃઢ નિશ્ચય કરીને તેણે પોતે પણ સાથેજ જવાનું ઉચિત ધાર્યું.

પવિત્રી આવી, છતાં સુલોચનાએ તેના સ્હામું સરખું જોયું નથી; અને પવિત્રી શું મ્હોં લઇને બોલાવે ? સુલોચનાની અંગાર વરસાવતી આંખ સ્હામું જોવાની પવિત્રી નથી હિમ્મત કરી શકતી ! એ એની મેળે ક્યારે ગાડી ઉપડે અને જીવને ટાઢક વળે એટલી વાટ જોઇ રહી છે, ત્યાં વિસલ થઇ અને પવિત્રી અંદર દાખલ થઈ. માત-પિતાએ સુંદરલાલને પુત્રીની બરદાસ્ત રાખવા આજીજી કરી. પાર્વતિશંકર તો છાનામાના ઉભાજ રહ્યા. સુંદરલાલે મહા મુસિબતે સુલોચનાની સ્હામે જોઇ કહ્યું: "ત્યારે તમે પણ જાઓ, પેલો મોટરવાળો ખોટી થતો હશે, ગાડીવાળાને કહેજો કે: પ્રમોદરાયને તેમને ઘેર મૂકી આવે." ત્યાં વચમાંજ પવિત્રીએ દૃષ્ટિ ઉંચી કરી વાંકાં વળીને કહ્યું: "હા. બ્હેન! જાઓ! શું કરવા નકામી આટલી રાતે આવવાની તસ્દી લીધી?" પવિત્રી વાક્ય પૂરૂં કરે તે પહેલાં ગાડી ઉપડી.

"શું તમે તમારૂં ધાર્યુંજ કરશો? થશે જે થવાનું હશે તે, પણ હું તમને એકલાંને નહિજ જવા દઉં! "કહીને છંછેડાએલી નાગણ કહો કે: વિકરાળ વાઘણ જેવી સુલોચનાએ જોરથી ચાલતી ગાડીએ ડૉર ઉઘાડ્યું!" અરે પણ આ શું ગાંડપણ કરો છો? પણ છે શું? જુવો! પગ ખશી જશે! "સાહસ ન કરો!" એમ સુંદરલાલ કહેતા રહ્યા અને સુલોચના સાથે ચડી બેઠી.

પવિત્રીના જવાના સમાચારથી વાકેફ થએલો કાન્ત પણ છૂપી રીતે આ બધું દૃશ્ય જોઇ રહ્યો હતો. ગાડી ઉપડી એટલે પ્રિતમના ભાગ્યપર અફસોસ કરતો કાન્ત પ્લેટફૉર્મ પરથી બ્હાર નિકળી સુંદરલાલના મોટરવાળાને અને ગાડીવાનને "અલ્યા! રસ્તે પડો, એતો શેઠાણી પણ પહોંચ્યાં મુંબાઇ!" કહીને ઉભો રહ્યો.

"અરે! જાઓ મ્હારા મ્હેરબાન! એમ તે બને, તમને શી

ખબર ? તમે એમને ઓળખો છો ?" "ત્યારે બાપુ તમારે રાહ જોવી હોય તો તમે જાણો. જોજો શેઠાણીને લઈને જજો હો ?" કહી કાન્તે ચાલતી પકડી.

"અરે યાર પેલાં ડોસો–ડોસી નહિ અમણેના શેઠ........." એ લોકો તો એમની છોકરીને વળાવીને આવશે ? એમ વિકટોરિયાવાળો મોટરવાળાને કહેતો હતો ત્યાંતો વૃદ્ધ છતાં યુવાનીનાં શમણાં જોતું જોડું આવ્યું; તેમને પૂછી તેઓએ પોતાનો રસ્તો લીધો. મદનગૌરી અને પ્રમોદરાય પણ સુલોચનાની આડખીલની વાતો કરતા તેને બિચારીને ગાળો દેતાં ઘેર પહોંચ્યાં.

એનું નામજ મેહફિલ પછી પૂછવું શું ? નડીઆદ વટાવ્યું ત્યાં સુધી સુંદરલાલ સુલોચના કે પવિત્રી ત્રણેમાંથી કોઈએ ન એક બીજાના સ્હામે જોયું કે ના મ્હોંમાંથી મગનું નામ મરી કહ્યું. આટલા વખત દરમિયાન સુંદરલાલે પોતાના મન સાથે અનેક પ્રકારના સંકલ્પવિકલ્પ કરી લીધા. "મ્હારાં તમામ કાર્યોમાં જ્યાં ત્યાં એ નાદાન બૈરીને ફાંફાં મારવા દીધાં તેનુંજ આ પરિણામ આવ્યુંને ? શું હવે હું એનું કહ્યું કર્યું કરીશ ? નહિ. પણ મ્હારે એ ખટપટજ શા સારૂ જોઈએ કેમ ? એને એને ફાવે તે રસ્તે જાય. મ્હને મ્હારા મન ગમતા માર્ગે જવા દેવામાંજ એનું કુશળ હતું. તેણે આજ કેટલું સાહસ ખેડ્યું ? આથી ન્યાત જાતમાં, ઘરમાં, જ્યાં ત્યાં મ્હારી પ્રતિષ્ઠાનું શું ? તેનું કંઈ તેને ભાન આવ્યું ? આજ ઘેર શું થશે ? તો હવે થાય કેમ ? લાંબા વિચારને અન્તે સુન્દરલાલે એની એ હમેશની ખો ભૂલાવવા, તેને ઘટતું કર્મફળ આપવાનો મનથી પક્કો નિશ્ચય કર્યો: પણ એ એના પરિણામનો શું કરવા વિચાર કરે ? બસ એ તો: "કુછ ફીકર નહિ."

વાંચક ! સુલોચનાએ પણ જરીકે બાકી રાખ્યું છે ? સુન્દર–

પવિત્રીની સુખરૂપ યાત્રામાં સુલોચનાએ કેવું વિઘ્ન નાંખ્યું? શું ત્યારે એમની આશાઓ અપૂરીજ રહેશે? ગમે તેમ પણ સુલોચનાએ આ વિચારપૂર્વક કાર્ય કર્યું છે એવું તમે ધારો છો? એનું પરિણામ કંઈ તમારા ખ્યાલમાં આવે છે? નાદાન ઇસ્ત્રીઓના કાર્યમાં વચ્ચે ડખલ કરવી એ ડહાપણનું કામ છે કે? જગતને જખ મારતું ગણી તેને લાત લગાવે તે એક ક્ષુદ્ર સ્ત્રીથી ડગે? કોણ જાણે શું એ ન કરે? હવે તો આપણે પણ મંત્રમુગ્ધવત્ જે થાય તે જોયા કરીએ, એ વગર આપણો શો ઇલાજ છે?

મેઇલ આણંદનું સ્ટેશન વટાવીને આગળ વધ્યો. મેઇલના ચાલવાના અવાજ વગર કેવળ શાન્તિ હતી, લગભગ અગીયારએકનો સુમાર થવાથી મુસાફરો લાંબી તાણીને સુતા હતા અને તેમાં પણ સેકન્ડક્લાસનું સ્વતંત્ર કૉમ્પાર્ટમેન્ટ પછી શું પૂછવું? શાન્તિનો ભંગ કરતાં સુંદરલાલે પૂછ્યું: "વય વધતી જાય છે તેમ લક્ષણ પણ વધતાં જતાં જણાય છે?"

સુ:—"કોનાં, તમારાં કે મ્હારાં?"

સું:—એમ? તમારાં કે મ્હારાં! એનો સમયે જણાશે, પણ તમારાં આ લક્ષણથી તમે સુખી થશો!

સુ:—"કોણ હું?

સું:—ત્યારે બીજું કોણ?

સુ:—કેમ, મ્હારાં લક્ષણ કેવાં છે?

સું:—એતો તમારા દિલનેજ પૂછોને?

સુ:—દિલને શું પૂછું? અડધી જીંદગી ગાળી ત્હોયે તમારાથી હજી અજાણ છે?

સુંઃ—એ બધી ડહાપણની વાત જવા દો ! એ જાણતો હોત તો ક્‌હારનોએ ઈલાજ કર્યો હોત, આ વખતજ ન આવત !

સુઃ—એમાં મ્હેં શું ખોટું કર્યું ? વખત ખરાબ આવ્યો છે કે તમે લાવ્યા છો ?

સુંઃ—શું કહ્યું ? ખરાબ વખત હું લાવ્યો કેમ ?

સુઃ—એતો તમે જાણો ! હું શું કરવા કહું ?

સુંઃ—અમે જાણીએ ! એમ ?

વચ્ચે પવિત્રીએ કહ્યુંઃ "સુંદરલાલ ! આ શું ? આવ્યાં તો શું ખોટું થયું ? આવો ! સુલોચનાબ્હેન ! મ્હારી પાસે આવોને ! હવે એક બીજા સમજીને એનો અંત લાવોને ?

સુલોચનાએ અગ્નિ વરસાવતી આંખે કહ્યુંઃ "પવિત્રી ! ત્હારો વાંક નથી; અમારા પ્રારબ્ધનો છે. તને ઘરમાં પેસતી મ્હેં કરી તેનુંજ મ્હને આ ફળ મળે છે, અને મળશે. અમે શું અંત લાવીએ ? હું જાણું છું કેઃ તું હવે અમારો અંતજ લાવવા બેઠી છે. બેશ, બા ! બેશ: તું ત્હારી મેળે નિરાંતે ! તેમાં ત્હારો દોષ નથી. મ્હારાંજ મૂળ વઢાયાં છે. હું ન સમજી શકી કેઃ पयःपानं भूजंगानां केवलं विषवर्धनम । બ્હેન ! આ દિવસની મ્હને ખબર ન્હોતી ! મ્હારૂં નસિબ પાતળું છે ! ત્હારૂં ભાગ્ય મ્હોટું છે ?

પઃ—"સુલોચના ! વળી મ્હોટું કેમ ને ન્હાનું કેમ ? એમાં મ્હેં શું ખોટું કર્યું તે તમને કડવું પડયું ?" તમે તમારે કરોને તમારે બે જણને ફાવેતેમ, તેમાં મ્હને નકામી શું કરવા બોલાવો છો ?

સુઃ—પણ બાપુ ! તને કોણે બોલાવી છે અને તને બીજું શું કહ્યું ? પવિત્રી ! હું મ્હારી મેળે મ્હારૂં ફોડતી હતી તેમાં ત્હારે શું કરવા નકામી તસ્દી લેવી પડી ?"

પ:—"શું કરવા તસ્દી લેવી પડી? જુવો, તમે જાણ્યાં, જો મ્હારૂં નામ લીધું તો. ઉલટું સીધું કીધું તે બ્હેનને વાંકુ પડયું! તમે તમારે કરજો ધણીધણીયાણી તમારે ફાવે તેમ, હું મ્હારે આ વડોદરાનું સ્ટેશન આવશે એટલે ઉતરીને બેસીશ બીજે. જુવો, મ્હારે વળી શો આ લોહીઉકાળો?" કહેતાં કહેતાં તો પવિત્રી આંખમાંથી બોરબોર જેવડાં આંસુ કાડતી ડસકેડસકાં લેવા લાગી, અને જાણે સાચેજ ઉતરી પડશે એવો ડૉળ કરતી પોતાની ટ્રંક બેડીંગ વગેરેને ઉંચાં નિચાં કરવા લાગી. એ જોઇને સુંદરલાલના પેટમાં ધ્રાસકો પડયો. આ રાંડ કયાંથી એ આવીને કાંત્યુ પિંજયું કપાસ કરવા બેઠી છે, અને અમણે પેલી ઉતરી પડશે." કહી સુંદરલાલે મનથી સુલોચનાને કેટલીએ ગાળો દઇ નાંખી: અને તેમાંય આતો પ્હેલે કોળીયે માંખ્ય જેવો ઘાટ બન્યો, અને એ નાદાન બૈરી જંક ભરાઇ એ જ્યારે ત્યારે વચ્ચે જ્યાં ત્યાં હેરાન કર્યા વગર રહેવાની નથી, તેથી જરી જો શરૂવાતમાંજ દમદાટી દેવાથી ઠેકાણે અવાય તો ઠીક નહિ તો છેવટનું રામબાણ તો છેજ વિચારી પવિત્રીને જવાબ આપે એ અગાઉ સુંદરલાલે કહ્યું: "હવે ત્હારે જીભ બંધ કરવી છે? કે પછી બહુજ વ્હડી છે તે પડવા માટે?"

સુ:—પણ વચ્ચે એને કોણે બોલાવી હતી? પડતી વગર આમ બુદ્ધિ કયાંથી સુજે? અતિશે વ્હડે એતો પડવા માટેજને? એતો ઉઘાડું છે.

સુ:—"અવળી બુદ્ધિ સૂજી છે? એમ? કહે કહે, શું કરવા? પડવા?"

સુ:—કેમ, હું શું કહું? આખી દુનિયાં કહે છે કે: વ્હડે એ પડે!

"અરે! હેંડય હેંડય દુનિયાંવાળી જાણે તુંજ કમબખ્ત એકલી

સમજે છે? ઉલટી મ્હારી ફજેતી કરવા બેઠી છે અને પાછી જીભની લગામ છૂટી મૂકે છે? રાસ્કલ!" કહી સુંદરલાલે ગાંડ પાછળથી મલાકા કેઇન કાડી ને હલાવતાં હલાવતાં કહ્યું: 'બોલો, હવે બોલો જોઇએ?' કાંઇ બૈરી પતિની આબરૂ સાચવે કે આમ બોલે?

સુંદરલાલની સોટી જોઇને સુલોચનાને કંઇ ન થયું. એણે ગર્જના કરીને કહ્યું: "તમારી પ્રતિષ્ઠા તે મ્હેં બોળી કે: આ તમે બોળવા બેઠા છો?"

"અચ્છા, ત્યારે હું બોળું?" કહી સુંદરલાલે સુલોચનાના બરડામાં એક ફટકો ઠોકી દીધો, ત્યાં સુલોચના બેઠી હતી ત્યાંથી ઉભી થઇ અને કહેવા લાગી:-

"સજ્જનનાં પગલાંથી જ્યાં ત્યાં કલ્યાણમંગલ વર્તી રહે છે. દુર્જનનાં દર્શન માત્રથી માણસની મહામંગલ આશાઓ ધૂળમાં મળે છે, ત્યાં એનાં પાપી પગલાંની તે શી વાત કરવી? પવિત્રી! પવિત્રી! મ્હેં ત્હને મારા ઘરમાં પગ ઘાલતી કરી તેનો તેં મ્હને આ બદલો આપ્યો! પ્રિતમનો ત્યાગ કરી રતિકાન્તના નાદે ચ્હડી, આજ તે ધનમાલથી ખાલી થઈ જઇ મર્ણશય્યાએ પડ્યા છે: એટલે એને રવડતો મૂકી આજ તેં મ્હારા ઘરમાં આગ સળગાવી! નફ્ફટ, અભાગણી! તેં કાન્ત જેવા સજ્જનને પણ તેં તેના નીતિ-ધર્મ-માર્ગથી ભ્રષ્ટ કરવામાં આઘું પાછું ન જોયું!-પણ તું પામર એ પવિત્ર સચ્ચરિત્ર યુવકને ન ફસાવી શકી: છતાંય તેને બદનામ કરવામાં તેં બાકી નથી રાખ્યું! નાથ! ચેતો! આ શુભ ઘડી છે, હું તમને સાવધાન કરૂં છું. આજ ત્હમે સુખી છો, કાલ ત્હમારો નાશ થતાં એ વળી કોક નિર્દોષનો નાશ કરવા પ્રવૃત્ત થશે! હું ઉઘાડી આંખે આજ આપનો નાશ જોઇ રહી છું: એડીચાટમાં તે ડાહ્યો માણસ મ્હોં ઘાલે?"

"સુંદરલાલ ! કહો છો તમારી સજીને ? જરીક વારો છો, નહિ તો હું મ્હારે કરીશ અમણે જોયા જેવું. તને જોઇ મ્હોટી સતી ન જોઇ હોય તો, એતો ઘણી બિચારો ઠીક છે તે ક્યહારનો સાંખી રહ્યો છે. બીજો કોઇ હોય તો ક્યહારનીએ કેડાણે કરી હોય !"

વાત વધી ગઈ ત્યારથી ત્રણમાંથી એકેને ભાન ન રહ્યું કે: કયું સ્ટેશન આવ્યું અને કયું સ્ટેશન ગયું.

સી. આઈ. ડી. ખાતું હમેશાં આવા સંયોગો શોધતુંજ ફરે છે. કહો ન કહો પણ કંઇ બગાડ છે, એમ સમજી તેમના નસિબે એક ઇન્સપેક્ટર વડોદરાના સ્ટેશનેથીજ પાસેના ડબ્બામાં ઘુસી ગયો અને આ બધી હકિકતની નોંધ કરતો રહ્યો છે, તેની આ નિર્ભાગી આત્માઓને શી ખબર પડે ?

ભરૂચનું સ્ટેશન આવ્યું. સુંદર–પવિત્રી અને સુલોચનાની ધમાલ ચાલુ હતી. પવિત્રીના એ મહાપાપનું પારાયણ સંભળાવી સહૃદય વાંચકના આત્માને ક્લેષ આપવાની અમારી ઇચ્છા નથી. સમયે એ બધું જણાશે. ભરૂચના સ્ટેશને પણ પેલા સી. આઈ. ડી. ઇન્સપેક્ટરે સારી રીતે એ ત્રણેની શિકલો જોઈ લીધી. ચારે બાજુ ફરીને એ ત્રિમૂર્તિના ફોટા લઇ લીધા. એની ભાગ્યેજ એમને ગમ પડે એમ હતું. ધીમે ધીમે ત્યાં પાછી એ ત્રણે જણમાં જબ્બર આગ સળગી ! સુલોચના તું મૂગી મર ! ત્હારો કેમ વિનાશ આવ્યો છે ? આ કામાંધ જીવોની જાળમાં તું આજ કેમ સપડાણી ? જે કરે એને ભોગવવાનું હતું એ તું કેમ ભૂલી ગઇ ! નહિ નહિ, ત્હારો ધર્મ બજાવતાં, પતિને સન્માર્ગ પર લાવવા જતાં, તેને સત્યધર્મનું ભાન કરાવતાં જે સહન કરવું પડે તે કરી તેના હાથે મરણને શરણ થઇશ તો તું અવસ્ય શ્રીચરણની અધિકારિણી થઇશ !

વાંચક ! જુવો, જુવો ! આ કામાંધ આત્માઓએ સાધ્વીસુલોચનાને સખ્ત રીતે મારી બેહાલ કરી, મ્હોંમાં ડૂચો મારી બાંધી દીધી. હાય ! હવે તો આંખો બંધ કરો !

ભયંકર અંધારી રાત્રિએ પૂલ નજીક આવવાથી હળવે ગતિ કરતી ગાડીની નીચેના કાંકરેટ-પત્થરના કર્કશ-કડડડ કરતા અવાજથી સુંદરલાલે માન્યું કે: ગાડી પૂલપર લગભગ આવી પહોંચી છે. બુદ્ધિ બ્હેર મારી જવાને લીધે તેમણે પૂલપરની ગાડીની ગતિ પારખવાનું જ્ઞાન-ભાન વળાવ્યું હતું. તેમણે તો હવે લેશ વિલંબ ન કરવા નિશ્ચય કરી પવિત્રીની સહાય માગી. એ ઉભય-કામાંધ-રાક્ષસિ આત્માઓએ અંતરમાં વેદના થવા છતાં વજ્ર જેવું હૈયું કરી એ સાધ્વી-યોગમાયા સ્વરૂપ ભગવતી સુલોચનાને બારીમાંથી ફેંકી દીધી!

ગઇ ! ગઇ ! વિષયી આત્માઓના કાર્યમાં આડે આવનારની આવીજ ગતિ થાય છે, એની આ જગતનો ઇતિહાસ સાક્ષી પૂરે છે. પામર આત્માઓના આ કાર્યને જોઇને:-

"આકાશના તારાઓ હસી રહ્યા છે, એ સૂચવે છે કે: મ્હેં જાણ્યું ! દૂર, અતિદૂર, પેલા ચંદ્ર પણ ગંભિર પણે જોઇ રહ્યો છે, બતાવે છે: મ્હેં જોયું ! સ્ત્રી જાત તો વલવલતી છેને ? એ કરૂણામયી ભગવતી નર્મદા ખળખળ શબ્દ કરતી આ પાપાત્માઓને, મ્હોંડેથી ગાળો ભાંડી રહી છે: કહે છે કે: હું જાણું છું ! રજનીદેવી પણ શાન્ત રીતે રસ્તો કાપતી "હું કેમ ન જાણું ? કહીં કોઇ જાણતું નથી એવી એમની ભ્રાન્તિને ખોટી કરાવે છે ! પૂલ પસાર થઇ ગયો એટલે ઍન્જીને પણ એક લાંબી ચીસ નાંખી: "એ અમે બધાય જાણીએ છીએ !" રૌદ્રમૂર્તિ કરી એણે પણ આવેશપૂર્વક વેગ વધાર્યો. આજુ બાજુના ઝાડનાં પાંદડાં "ખડખડ હસતાં, ફટફટ કરતાં આ

ક્રૂર સ્ત્રી-પુરૂષના કાળજાને ઉથલાવવા પ્રયાસ કરી: "અમે તો પહેલાં જાણીએ! એની તો વાતો કરી રહ્યાં છીએ! એમ સૂચવે છે.

પાષાણ હૃદયની પવિત્રીને કંઇ ન થયું! એ એનીમેળે ચાળા ચટકા કરતી "સુંદરલાલ! જે થયું તે ઠીક થયું હમેશની આડખીલ ગઇ" કહી તેણે સુંદરલાલના ખભે હાથ મૂક્યો. સુંદરલાલને ગાંડપા પછી ડહાપણ આવ્યું! હાય! મ્હેં આ શું કર્યું? પ્રભો! એવાં ક્યાં પૂર્વકર્મને લીધે આવી સર્વનાશકારિણી બુદ્ધિ સૂઝી! સુલોચના તેની આંખ આગળ તરવા લાગી-તેણે આંખો બંધ કરી દીધી. તે પવિત્રીના પ્રશ્નનો પ્રત્યુત્તર આપ્યા વગર, તેના સ્હામું સરખું ન જોતાં અશ્રુપાત કરતો ગજવામાંનો રૂમાલ પલાળવા લાગ્યો! તેણે જોરથી કહ્યું: "પવિત્રી! પાપિણી! ત્હેં મ્હારૂં સર્વનાશ કર્યું!" એ મહાદેવીની વાણી સત્ય થઇ! અરે! પણ હું જગતને શું મ્હોં બતાવીશ? પરિણામ શું આવશે? રખેને કદાચ કોઇ, એ જોઇ ગયું હશે તો વગર મ્હોતે મરવું તો નહિ પડે? જગતમાં ફીટકાર નહિ થાય કે? આવા આવા અનેક વિચારે સુન્દરલાલનું કાળજું ઉથલાવી નાંખવા માંડયું. તેનાથી એકદમ રોવાઇ જવાયું! ત્યાં રેલ્વેકુલિ-પોલીસ વગેરેએ "વલસાડ વલસાડ કરીને પોકાર કરવા શરૂ કર્યા.

ગાડી ઉભી રહી. પોતાનાજ ડબ્બામાં એક એવાજ સાધારણ કેઇસ હોવાથી વડોદરાથી પાછળ પડેલો સી. આઇ. ડી. ઇન્સપેક્ટર એ કાર્યમાં રોકાએલો એટલે વચમાં નજર કરવાનો અને આ બાજુ ધ્યાન આપવાનું તેનાથી ન બન્યું. અગાઉના કરતાં ઘોંઘાટ બંધ થયો જાણી "લાવને, ત્રણે ઉંઘતાં તો નથી?" વિચારી એ નીચે ઉતર્યો અને દૂરથી દૃષ્ટિ કરી. તેણે ધારી ધારીને છેક નજીક આવીને જોયું, છતાં માત્ર બેજ જણ નજરે ચડયાં! તે ચમક્યો! રખેને કંઇ તોફાન તો નથી, એમ

સમજી તેણે છેક નજીક આવી, આંખો બંધ કરી કપાળે હાથ મૂકીને ખૂણામાં પડી રહેલા સુન્દરલાલને પ્રશ્ન કર્યો:" "Where is the second Lady who was with you ? (તમારી સાથે બીજી બાઇ હતી તે ક્યાં છે ?)

સુંદરલાલે તરતજ સ્વસ્થ થઇને–મહા આફત સમજીને દૃઢતા-પૂર્વક મનોભાવને છૂપાવીને જવાબ આપ્યો: No my dear sir ! there was no any other lady with me." (નાજી ! બીજી કોઇ બાઇ અમારી સાથે ન હતી.)

ઇન્સપેક્ટરે જરીક મગજ ફેરવીને કહ્યું: Tottaly wrong, I have Personally seen at the Baroda station. (બીલકુલ ગલત વાત છે. મ્હેં મ્હારી નજરે વડોદરાના સ્ટેશન પર તેને જોઇ છે.)

No Sir, Impossible, as we are the only two persons travelling by the mail train from the Ahmedabad.

સુંદરલાલે જરીક ભભકાભેર જવાબ આપ્યો. (સાહેબ ! માફ રાખો ! ઠેઠ અમદાવાદથી અમો બન્ને જણજ છઇએ ?)

Allright, let me know your name please. ઇન્સપેક્ટરે પૂછ્યું. (ઠીક, મહેરબાન ! તમારૂં નામ આપો ?)

No necessity. (કંઇજ જરૂર નથી.) કહીને સુંદરલાલે ત્યાંથી દૃષ્ટિ ફેરવી દીધી."

"અચ્છા" કહીને ઇન્સપેક્ટર ગાડીમાં બેસી ગયો; અને આ તોફાની ચરખાની બરાબર તપાસ રાખવા લાગ્યો.

સુંદરલાલ અને પવિત્રીના હૃદયની સ્થિતિ હવે કલ્પવી રહેલ

છે. "કેમ થશે?" "શું કરવું?" વગેરે વિચારમાં-ચિન્તામાં વખતને જતાં વાર ન લાગી. ચિન્તાઅગ્નિમાં સુન્દર-પવિત્રીની પાપવાસનાઓ આ પળે તો બળીને ખાખ થઈ ગઇ છે! આ પળે તો ગાડીમાંથી ઉતરી સીધા ઘેર કેમ પહોંચવું એનીજ ગડમથલ થાય છે. સુલોચનાનો શોક પણ સુન્દરલાલે નેવે મૂક્યો છે! મોહમયીનગરીનાં દર્શન થયાં. પવિત્રી અને સુંદરલાલ ભાગેલા ટાંટિયે હિમ્મત રાખીને ઉભાં થયાં, જોતે સરસામાન સંભાળી જોયો. અને અદ્ધરશ્વાસે બેઠાં, એટલામાં ગ્રાન્ટરોડ, ગ્રાન્ટરોડની બૂમો પડી, અને સ્ટેશન આવતું કે ઉભું રહ્યું. એક લ્હારી કરી સુંદરલાલે સઘળો સરસામાન ભરાવી ચાલવા માંડ્યું. ચારેબાજુ દષ્ટિ ફેંકી કે: પેલો ઇન્સપેક્ટર જુવે છે કે: મરી ગયા? ચાલને, આવશે તો સો રૂપિયાની નોટ મૂકીને તેનું મ્હોં બાળીશું, પણ એ ક્યાં? હવે સુન્દરલાલના જીવમાં જીવ આવ્યો. પ્રિતમરાય અને સુરેન્દ્ર દૂર રહે રહે સુન્દર-પવિત્રીને જોઇ રહ્યા હતા. દ્વારમાંથી નિકળતાંજ સુરેન્દ્ર પવિત્રીને જઇ મળ્યો! પ્રિતમે સુંદરલાલની સાથે હસ્તધૂનન કર્યું. સુરેન્દ્રએ બે વિક્ટોરીઆ ભાડે કરી એકમાં સામાન મૂકાવી દીધો અને પ્રિતમે સુંદરલાલને વિક્ટોરીયામાં બેસવા કહ્યું. સુંદરલાલ આકુ અવળુ જોઇ વિક્ટોરિયામાં બેસવા જાય છે ત્યાં દૂરથી કોઇએ થોભો જવાની ઈશારત કરી. સુંદરલાલ ચમક્યા. એક નહિ બે નહિ પણ પાંચ માણસોએ આવીને સુન્દરલાલ અને પવિત્રીને પકડેજ કર્યા. સુરેન્દ્ર અને પ્રિતમ આ નાટક જોઇને શીઆવિયા થઇ ગયા.* આવનારમાંના એક બે છૂપી પોલીસ તો સુંદરલાલ શેઠના

---

* તે સાથે એક વયોવૃદ્ધ ભાટિયા ગૃહસ્થ અને એક બે માણસો ત્યાં આવી પહોંચ્યાં ને આ સઘળી ધમાલનું કારણ પૂછતાં એક પોલીસે કહ્યું: આ ગૃહસ્થે વડોદરા અને વલસાડની વચ્ચે આજ મેઈલમાં એક

રાત દિવસના પરિચિત હતા, પણ તેમનું શું વળે! એક સ્પેશિયલ મોટર કરી સુન્દરલાલ અને પવિત્રીને લઈ પોલીસ સ્ટાફે ત્યાંથી પલાયન કર્યું પ્રિતમરાય અને સુરેન્દ્ર પણ વીલે મ્હોએ સરસામાન સહિત ઘેર પહોંચ્યા.×

ચતુર્દશ પરિચ્છેદ

અણધારી આફત!

વાંચક! આપણે જરી બહુ આગળ વધી ગયા. જુઓ! અમારી સાથે સાથે સહજ પાછળ દૃષ્ટિ કરો! પવિત્રીને સ્ટેશન પર વળાવવા આવનારાંમાંનાં મુખ્ય પાત્રો-મદનગૌરી અને પ્રમોદરાય મેહ્લિ દૃષ્ટિએ પડતા સુધી આંસુભરી આંખે જોતનાં રહ્યાં. આખરે લાચાર થઈ વૃદ્ધ દંપતી અને પાર્વતિશંકર સેકન્ડ ક્લાસના દ્વાર આગળ થઈને ટીકીટ માસ્તરને પાસ આપી બહાર આવીને ઉભાં

બાઇને ગુમ કરી નિપજાવ્યું છે, એના ચોક્કસ શક પરથી તેમને પકડરેજ કરવાનો સાહેબનો સ્પેશિયલ તાર આજ બે કલાક અગાઉ મળ્યો તે પરથી આ ગ્રહસ્થને પકડરેજ કર્યો છે. આ સાંભળીને શેઠ સ્તબ્ધ થયા. શેઠની ઈશારતપરથી પેલા ગૃહસ્થે ફાવે તેટલી દક્ષણા આપવા કહ્યા છતાં કંઇ ન વળ્યું. આથી એ નારાજ થયા અને શેઠની આંખો પણ ભીની થઇ ગઈ પવિત્રીની આંખમાંથી બોર બોર જેવડાં આંસુ નિકળતાં હતાં.

× પેલા ભાટિયા ગૃહસ્થ પણ નિરૂપાયવશ થઇ તારઓફીસમાં જઇ વૃદ્ધ શેઠને (સુંદરલાલના પિતાને) અરજન્ટ તારથી આ હકિકત જણાવી અમે બનતું કરીએ છીએ જવાબવાળી ઘર ભણી વળ્યા.

રહ્યાં. શેઠાણી-સુલોચનાની રાહ જાતો ગાડીવાન અને મોટર હાંકનાર સોફરને કાન્તે શેઠાણી સુંદરલાલ શેઠની સાથે મુંબાઈ પહોંચતાં થયાના સમાચાર કહ્યા, છતાં તેઓ તેની પરવાહ કર્યા વગર મેઇલ ઉપડ્યા બાદ કેટલાક સમય સુધી ઉંચી ડોકે અમણા શેઠાણી આવશે એવી આશાએ ડાફેરાં મારતા રહ્યા; પણ શેઠાણી ન જણાયાં. આખરે અનેક પ્રકારના તર્કવિતર્ક કરતાં જવાનો વિચાર કરતા હતા એટલામાં મદનગોરી પ્રમોદરાય અને પાર્વતિશંકર આવીને ઉભા રહ્યા. આડું અવળું જોયાવગર એ ત્રિમૂર્તિએ ગાડીમાં સ્થાન લઇ લીધું. ગાડી હાંકતા પહેલાં ગાડીવાને શેઠાણીની હકિકત પૂછતાં મદનગોરીએ કહ્યું: "અરયા ભાઈ! શેઠ સાહેબે તો ઘણાંય વાનાં કર્યા, પણ મારી બાઇ એકનાં બે ન થયાં તે નજ થયાં! અને બધાં જોતાં રહ્યાં અને એ એમની મેળે ચડી બેઠાં! એવી હઠીલી બૈરીને ધણીએ બિચારો શું કરે? રાંડ એમ તે કંઇ મરદ જ્યાં જાય ત્યાં બૈરીને ગાંડે બાંધતા ફરતા હશે? ભાઇ!"

મદનગોરીના જવાબથી ચાલાક ગાડીવાનને સમજતાં વાર ન લાગી કે: કહો ના કહો પણ શેઠાણી સારી રીતે સમજી-ચેતી ગએલાં એટલે એમને શેનાં વહાલાં મુંકે? એ તે કંઇ રજે છાનું રહેતું હશે? આમને મુવાંને છે કંઇ ગતાગમ! નહિ તો પારકા પુરૂષ સાથે આવી રીતે જવાન છોકરીને મોકલાય કેમ? અમણાં અમણાંના ન્હાના શેઠ એ બૈરીની જોડે હળ્યા છે એ ક્યાં કોઇથી અજાણ્યું છે? મોટા શેઠ અને શેઠાણી પણ જાણેજ જતો? જુવાને છોડીને મોકલે એટલે ગાડીઘોડામાં બેસવાનું મળે છે ને? ના કહીએ તો રોટલો જાય. હુંડચને ભોગ એમના, જે કરશે તે ભોગવશે. આપણે શું? પણ નંબાદિયાં એ બે જણ એકલાં થઇને શેઠાણીને જંપવા દેશે? કોણ જાણે શું એ કરશે ને શું એ નહિ કરે! ક્યાં ગાડીમાં કોઇ વારનાર છે?

શેઠાણીએ ભલી માણસને ? નહિ તો ભોગ એમના, એમનાં કર્યાં એ ભોગવશે. નાહક એ ઉખડેલાંની પાછળ પડવામાં માલ શો ? લાવને, આપણે આપણી મેળે મોટા શેઠને કાને વાત નાંખીને પછી ઘર ભેગા થઇશું. આ પ્રમાણે પોતાના મન સાથે વિચાર કરતાં ગાડીવાને આ ત્રણે મૂર્તિઓને ગાળો દેતાં ગાડી હાંકી. મોટરવાળાએ પણ પાછળ પાછળ મોટર હાંકે રાખી. રસ્તામાં ઉસ્તાદ ગાડીવાને બને તેટલી ચોક્સાઇથી પૂછપરછ કરીને જેટલી કઢાય એટલી વાત મદનગૌરી પાસેથી કઢાવી લીધી. પાર્વતિશંકર અલ્લાની ગાવડી જેવા જે વાત-ચિત થઇ તે મૂગે મ્હોડે સાંભળતા રહ્યા. ઘેરથી નિકળ્યા ત્યારથી તે અત્યાર સુધી જે જોવાનું મળ્યું તે જોયા કર્યું અને વચમાંજ ઘર આવતાં ગાડી ઉભી રખાવી એ એમની મેળે ઉતરી પડ્યા, અને 'જય જય, ભાઇઓ !'' કરી ચાલવા માંડ્યું. ''કેવો બિચારો ભલો માણસ ! આટ આટલી વાત થઇ પણ છે મ્હોંમાંથી એક અક્ષર ?'' કહીને ગાડીવાને પણ પાર્વતિશંકરનાં વખાણ કર્યાં. એટલે મદનગૌરીએ ગાડીવાનની પિછાન કરાવીને કહ્યું: ''એશને મ્હારા ભાઈ! ભણ્યા છે બારા સુધી, જરી એક પૈયો ઓછો છે. કરે છે એક શેઠીયાને ત્યાં મુનિમગિરી તે નભે છે ઘરનું, કશા વેતાજ ન મળે! જોયુંને મ્હોં ઉપર માંખે ઉડે છે? એનો કંઇ છૈયું છોકર ન મળે એટલે ઘર નભે મ્હારા ભાઇ !''

પાર્વતિશંકરનું પુરાણ અધૂરૂં રહ્યું અને ઘર આવી પહોંચતાં મદનગૌરી અને પ્રમોદરાય ગાડીમાંથી ઉતરી ઘર ભેગા થયા. ગાડીવાને લગામ ખેંચીને ઘોડાને ચાબૂક ઠોકતાં ઘોડો ઉપડ્યો. આગળ ગાડી અને પાછળ મોટર: જોતજોતામાં બંગલો આવીને ઉભો રહ્યો. ગાડીવાને ગાડી થોભાવીને પહેલાં શેઠને બધી હકિકત કહીને પછી ગાડી છોડું

એવા વિચાર કરી પહોંચ્યો શેઠની પાસે અને મોટરવાળો એની મેળે મોટર ડહેલામાં લઇ જઇને નિવૃત્ત થયો.

બંગલામાંના મધ્ય ભાગના દિવાનખાનામાં મોટા શેઠ, શેઠાણી અને બીજાં એક બે માણસો આડી અવળી વાતો કરી રહ્યાં છે. ત્યાં ગાડીવાન જઇને ઉભો રહ્યો. એને જોઇને મોટા શેઠે પૂછ્યું: "અલ્યા ! સુલોચના ક્યાં ?" શેઠના પ્રશ્નનો ઉત્તર આપતાં ગાડીવાને અથથી તે ઇતિ પર્યંત સઘળી વાત ત્યાં જણાવી દીધી. એ બધી વાત શાન્તિ પૂર્વક સાંભળી મ્હોટા શેઠે એક લાંબો નિશ્વાસ મૂક્યો અને શેઠાણી તરફ દ્રષ્ટિ કરીને કહ્યું: "સાંભળ્યું ? ઘરના કામકાજની જરીક પણ દરકાર રાખ્યા વગર હમણાં હમણાંનો એ આ પ્રમાણે મન ફાવે તેવાં કામ કરે છે. મીલોમાં, પેઢી ઉપર જ્યાં જઇએ ત્યાં એનું મગજ ઠેકાણે નથી અને કોઇને જરીક પણ સીધો જવાબ આપી સંતોષ આપતો નથી, એવી એવી કડવી ફરીયાદો કાને આવે છે. આ હમણાંની એ કોણ પેલી બ્રાહ્મણની છોકરી પેંધી પડી છે ? તમે કંઇ જાણો છો ? એને કંઈ બે શબ્દો કોરાણે બોલાવીને કહેશો કે પછી...

"હું શું કહું ? તમને સીધો જવાબ ન આપે તે મ્હને ગાંઠે ? એ તે ક્યાં ન્હાનું બાળક છે ? હું મ્હારી મેળે જે થાય તે જોયા કરૂં છું. એતો આપણી સુલોચનાનાંજ મૂળ વઢાયાં છે. એતો નાગરની છોકરી છે; અને છે એની બ્હેનપણી ! સાથે ભણતાં હશે, તે એણે મૂર્ખીએ એમને અહીં પેંધાડ્યાં ! હાથે કરીને પગમાં કહોવાડો માર્યો ને ?" શેઠાણીએ બળતા હૃદયે થોડુંઘણું કહી નાંખ્યું.

"એ તો મહા ભલી છે. આપણા ઘરમાં સાક્ષાત લક્ષ્મી સ્વરૂપા છે. આ બધો એનાં પુણ્યપગલાંનો પ્રતાપ છે, એ તમે ક્યાં નથી જાણતાં એને જે દુભવશે એનું શ્રેય નહિ થાય, એ તમારે નક્કી

સમજવું. એ એમને એમ સાધારણ વાત હોય તો પહેરે કપડે વગર કહે જરૂ કરીને એની સાથે કોઇને કહ્યા કર્યા વગર મુંબાઈ જાય ખરીકે? એને કંઈ ચોક્કસ ગડબડ જણાએલી, એમાં શક નહિ. પણ એ તોફાની ચરબો એને એકલીને ગાડીમાં સુખે જંપીને બેસવા દેશે? એ ના ના કહેવા છતાં ગઇ છે, એટલે એ બેવકૂફ એને મારઝૂડ કર્યા વગર રહેશે? પણ હવે આનું થાય કેમ? લોકલ પણ ઉપડી ગઈ હશે. નહિ તો પાછળ એક માણસ દોડાવત. કેમ કેટલા વાગ્યા છે?" શેઠે પુછ્યું.

પડખે બેઠેલા માણસે ઘડીઆળ સ્હામું જોઇને કહ્યું: પોણા-અગીયાર થયા છે. ગાડી તો ક્યારનીએ ગઇ પણ આપ કહો છો એ મુજબ તો ગમે તે રસ્તો લેવાની જરૂર છે. આવા સંયોગોમાં તો એમને એક બીજાને છૂટાં કરવાં એજ ઠીક છે. કારણ આપ ક્યાં નથી સમજો એમ? હું ધારૂં છું આપ અત્યારેને અત્યારે એક તાર મૂકીદોને કેમ?

"હા, બરાબર છે. મ્હને પણ એજ રસ્તો ઠીક લાગે છે. લાવ મુંબાઇની પેઢીએ મુનિમ ઉપરજ એક અરજન્ટતાર કરીએ કે: આ પ્રમાણે સુલોચના ત્યાં મેઇલ વખતે ઉતરશે તો તેના ત્યાં સહીસલામત પહોંચ્યાના સમાચાર તારથી મોકલી આપો. સાથે લખવાનું કે: ન્હાના શેઠ પણ સાથેજ છે. કેમ, એટલુંજને? જાઓ, જાઓ, ત્યારે આ કામ તમેજ જાતે જઇને ખાસ કાળજી પૂર્વક આઠઆના વધારે ખરચ થાય તો હરકત નહિ પણ ચોક્કસ કરી આવો. જાઓ જાઓ, ગાડી તૈયાર છે. બગડવાકાળ વગર આવી બુદ્ધિ સૂઝે? આ ભાઇ, આ બધું શું સાચવવાના છે?

"ત્યારે ત્યારે, મુરબ્બી ! હું પછી બારોબાર ઘેરજ જઇશ, કે અહીં આવું ?" જનાર વ્યક્તિએ પૂછ્યું.

"ના ના ભાઇ ! તમે તમારી મેળે કહ્યા પ્રમાણે ગોઠવણ કરીને ઘેરજ જજો, પાછા સ્હવારે તો આવશોજને ? એટલે હવે મોડી રાત ગઇ છે તેથી પાછા અહીં ધક્કો ખાવાની જરૂર નથી." મ્હોટા શેઠે ખુલાસો કર્યો.

પુત્રના સ્વેચ્છાચારથી વૃદ્ધ શેઠ અને શેઠાણી છેકજ હતાશ થયાં છે. "ક્યારે વ્હાણું વ્હાય અને વહુની કુશળતાની ખબર આવે. મારાં રોયાં એને જીવથી મારી નાંખે ત્યાં ગાડીમાં એનું કોણ બેલી ?" આ પ્રમાણે શેઠ તરફ જોઇને શેઠાણીએ વલોપાત કરતાં કહ્યું. "ચાલો, ચાલો, મોડું થયું છે. બે ઘડી સૂવો નિરાંતે, એતો થશે ભગવાને ધાર્યું હશે એમ. એતે છોકરા કે: આગલા જન્મના દુષ્મન ? આ જુવો ડાબી આંખ ફરકવા માંડી ! કંઇ ગમે તે એનો ભાવ ભજવ્યા વગર નહિ રહે. હશે ઉઠો, ઉઠો, જુવો ! સ્હવારે શા સમાચાર આવે છે ? કહી શેઠે ત્યાંથી ચાલવા માંડ્યું. નોકરચાકરને ઘટિત સૂચના કરી શેઠાણી પણ એ સ્થાનમાંથી ઉંચા જીવે ચાલ્યાં ગયાં.

વિદ્વાનોએ યથાર્થજ કહ્યું છે કે: चिन्तातुराणां न सुखं न निद्रा । ઘણીય મહેનત કરવા છતાં, ઘણાંય પાસાં બદલવા છતાં, આંખો મીંચીને પડી રહેવા છતાં ઉંઘ ન આવી તે નજ આવી. અનેક પ્રકારની સુખ સામગ્રી પણ આજ ઉંઘ ન લાવી શકી. અથાક સમ્પત્તિ અને અતૂલ ઐશ્વર્ય હોવા છતાં ચિન્તાવાળાં મનુષ્યોને સાચું સુખ અને મીઠી ઉંઘનાં સ્વપ્નાં પણ દોહ્યલાં થઇ પડે છે ! ગરીબ હો કે અમીર, સામાન્ય રાજા હો કે ચક્રવર્તિસમ્રાટ પણ જે વખતે ચિન્તારૂપી કીડો કાળજાને કોરી રહ્યો હોય તેવે વખતે ઉંઘ કેવી ? તેથીજ કવિ બિચારો

કહે છે કે:

ચિન્તા સે ચતુરાઇ ઘટે ઘટે રૂપ અરૂ જ્ઞાન,
ચિન્તા બડી અભાગણી ચિન્તા ચિતા સમાન

કાળચક્રની ગતિ કંઇ કોઇને માટે રાહ જુવે છે? સૉડ તાણીને સુખે સૂતા રહો કે: ચિન્તારૂપિણી ચિતા ઉપર પડ્યા પડ્યા પાસાં બદલ્યા કરો પણ એ એની મેળે એનું કાર્ય વ્યવસ્થિત રીતે કર્યાજ કરે છે. પ્રકૃતિનો આ નિયમ સમજવા અને જાણવા છતાં માનવ-પ્રાણી વ્યર્થ વલોપાત કરી અધીર બને છે. અને પરિણામે પ્રભુપરનો વિશ્વાસ ખોઇ પશુજીવન ભોગવે છે.

પ્રાતઃકાળ થયો ભગવાન દિવાકરે નિજકર્તવ્યમંત્રની જીવ માત્રના કર્ણમાં ફુંકમારી નિવૃત્તિ માર્ગમાંથી પ્રવૃત્તિ માર્ગમાં અગ્રસર થવાને સૂચવ્યું. શેઠજીએ પણ પ્રભુસ્મર્ણ કરતાં શય્યાનો પરિત્યાગ કર્યો અને દાતણપાણી કરી ઘડીઆળનો કાંટો જોતા આકૂળ ચિત્તે દિવાન-ખાનામાં આવીને ગાદીતકિઆપર બેઠા, એટલામાં શેઠાણી પણ એ સ્થાનમાં આવી પહોંચ્યાં. એમણે પણ ઉદ્વિગ્ન ચિત્ત એક સ્થળે સ્થાન લીધું. બાદ એક નોકરે આવીને બન્નેની આગળ ચ્હાના કપ લાવીને મૂકી દીધા. કંઇ પણ બોલચાલ કર્યા વગર ચ્હા પી લીધી એટલે નોકર પાનસોપારી આપીને કપરકાબી લઇ ત્યાંથી ચાલતો થયો.

લક્ષ્મીસ્વરૂપા ભાગ્યવતી સુલોચનાના સમાચાર વગર શેઠશેઠાણીને કંઇ ચેન ન મળે! એ એમની મેળે ઘડીઆળના કાંટા જોયા કરે છે. આખર શાન્તિનો ભંગ કરતાં શેઠાણીએ પૂછ્યું: "કેમ સાડાઆઠ થવા આવ્યા છતાં હજી કંઇ તાર જણાતો નથી? એ એની મેળે મુંબાઈ પહોંચી હોય એટલે પત્યું. વખત કેવો છે?"

"એમ આપણી ઉતાવળ કંઇ કામ આવે ? હોય અડધોકલાક, કલાક આઘુંપાછું પણ થાય. પણ દસેક વાગ્યામાં તો જવાબ આવી-જવો જોઇએ." શેઠે સાન્તવન આપ્યું.

"તમે એને ન્હાનપણથી જે સ્વતંત્રતા આપી તેનાં આ મૂળ વઢાયાં છે. જે આવ્યું તેને જાઓ ન્હાના શેઠ પાસે. જે પૂછે તેને પૂછો ન્હાના શેઠને. જે કરવું હોય તે તું ત્હારી મેજ કરજે ભાઇ ! શું કરે છે, ક્યાં જાય છે, એ કોઇ દહાડો ભાઇને પૂછ્યું હોય ત્યારેને ? હવે તો ઉમ્મરલાયક થયા એટલે કહેવાયજ શું ? આ પાંચપચીસ હજાર ગમે તેને આપ્યા—નાંખી દીધા ત્હોય શું ? તમારે ક્યાં એ તરફ નજર કરીને જોવું છે ? ભગવાન જાણે મહિનામાં ચારવાર મુંબાઇ જઇને ભાઈ શાએ ધંધા કરતા હશે ? ન્યાતજાતમાં જ્યાંત્યાં લોકો શું કહે છે એ સાંભળો છો ? આ નહિઃ ફલાણીને મહિને પાંચસો આપે છે, અને ફલાણીને હજાર આપે છે, ફલાણીને બસો આપે છે અને ફલાણીને સાતસો આપે છે ! એટલેથી ન ધરાયા તે આ વળી બ્રાહ્મણની છોકરીમાં ડોળો ભરાયો છે ! હરે ! રામ રામ ! ભગવાન જાણે શું થવા બેઠું છે ! કોણ જાણે કોનાએ નસિબની આ લીલી-વાડી અને સુખ સાહેબી હશે ?" શેઠાણીએ અંતરનો ઉભરો આજ કાઢી નાખ્યો. એમણે જે કહ્યું તે શેઠે મૂગે મ્હોંડે સાંભળ્યા કર્યું. કારણ એ વગર આજ બીજો એકે રસ્તો ન્હોતો. શેઠના અંતરમાં પણ આ પળે કંઈ ઓછી વેદના ન્હોતી થતી. તેમણે કહ્યુંઃ " તું કહે છે એ તમામ સત્ય છે. પણ હવે શું ? ઇશ્વર જે બતાવે તે જોઇશું. બીજું શું ?"

ઉપર પ્રમાણે વાતચિત ચાલતી હતી ત્યાં તારવાળાએ આવીને "શેઠ સાહેબ ! અરજંટ તાર હૈ." કહીને સલામ કરીને શેઠ સાહેબના

હાથમાં તાર આપ્યો અને સહી લઇને ચાલતો થયો.

Regret Sulochna not found on inquiry younger Sheth and a lady arrested by C. I. D. on suspicion on their exit from Railway Compound for Kidnapping a woman. Arranging for bail, shall inform the result.*

તાર વાંચતાં શેઠના માથા ઉપર વજ્ર પડ્યું હોય એમ થયું. શેઠાણીએ એ જોઇને પૂછ્યું: "કેમ, ક્હાને શું છે?" પરન્તુ શેઠ કંઇજ જવાબ આપી શક્યા નહિ. સજળ નેત્રે શેઠે તારની હકિકત શેઠાણીને કહી સંભળાવી. શેઠાણી અત્યંત વ્યાકૂળ બની ગયાં. તેમનાથી મ્હોટેથી રોવાઈ જવાયું. ત્યાં બંગલાનાં તમામ માણસો આગળ પાછળ વિંટાઇ વળ્યાં. દરેક જણ આ સમાચાર સાંભળી સ્તબ્ધ બની ગયાં. દરેકની આંખમાં પાણી ભરાઇ આવ્યાં. હવે શું કરવું-કેવી રીતે પત્તો મેળવવો! સાચી હકિકત કોણ કહે? વગેરે વિચારોએ શેઠનું મગજ ભમાવી નાંખ્યું. શેઠે પ્રમાદ કર્યા વગર પેઢીપર એક તાર મુકાવી દીધો કે: "બપોરના ફાસ્ટમાં આવું છું. ઘટતી તપાસ કરો અને ફાવે તેટલાના જામીન આપી છોડાવો. તે સાથે તમામ સ્ટેશનોએ આ સબંધી ઘટતી પૂછપરછ તારદ્વારા કરાવવાને સૂચના કરી દીધી. બને તેટલી તપાસ કરવાની અને ધીરજ રાખવાની સૂચના આપી

---

* લાચાર કે: તપાસ કરતાં સુલોચનાબેન જણાયાં નથી. ન્હાના શેઠ અને એક સ્રીને રેલ્વેકોમાઉન્ડમાંથી બ્હાર નિકળતાંજ સી-આઈ-ડી ખાતાએ એક બાઇને ગુમ કરવાની બાબતમાં શકપરથી પકડેલ કર્યા છે જામીનપર છોડવા ગોઠવણ કરૂં છું-પરિણામ જણાવીશ.

મ્હોટા શેઠ, સાથે એક માણસ લઇને ઉતાવળમાં ઉંચા જીવે ખાધુ ન ખાધુ કરીને સ્ટેશનપર રવાના થયા. આતે અણધારી આફત કે બીજું કંઇ ?

વાતને ઉડતાં કંઇ વાર લાગે છે ? ન્યાતમાં જાતમાં ઓળખાણ પિછાનમાં પવનવેગે વાત પ્રસરી ગઇ. અનેક જણ એક પછી એક સાચી હકિકત જાણવાને આવવા લાગ્યાં. વૃદ્ધ શેઠાણીને તો ખોળીયામાંથી પ્રાણ જવો બાકી રહ્યો છે. રાજનગરના એક જાણીતા કુટુંબની આ પુણ્યકથા ? કહો કે, પાપકથા સાંજ થતાથતામાં તો દૈનિકોમાં પ્રકટ થઇ ચૂકી ! શહેરભરમાં કેવળ આ એકજ ચર્ચા થઇ રહી અને લોકો વધુ વિગતની આતુરતામાં વખત વિતાડવા લાગ્યા.

પંચદશ પરિચ્છેદ

કેવળ ધર્મની ખાતર.

ઇતિહાસ અને પુરાણના અવલોકન ઉપરથી એ વાત સ્પષ્ટ થઇ ચૂકી છે કેઃ નિષ્ઠુર-રાક્ષસિપ્રકૃતિનાં મનુષ્યોમાં પવિત્ર ધર્મનિષ્ઠ સંતાનનો પ્રાદુર્ભાવ થાય છે, એજ પ્રમાણે પવિત્ર ધર્મ પ્રાણ-દેવદંપતીના નામને બોળનારાં એવાં એમને ત્યાં કેવળ પશુ જેવાં અનાચારથી ભરેલાં સંતાન પણ જન્મે છે ! વર્તમાન સમયમાં પણ આવાં દ્રષ્ટાંતો શોધનારને એવાં કંઇક દ્રષ્ટાંતો વગર પરિશ્રમે આંખે તરી આવશે એમાં સંશય નથી. ધર્મવાન અને નીતિવાન માત-પિતાના ફળ સ્વરૂપ સુંદરલાલની-એ અમરવેલના અમૃત જેવા અમર ફળની જગ્યાએ ઇંદ્રવરણા જેવુ હળાહળ વિષય વિષથી ભરેલું ઝેરી ફળ

ઉત્પન્ન થયું એથી સુંદરલાલનાં માત–પિતાને જીવતાં મરવા જેવું થયું. પુત્રના અનાચર અને અત્યાચારે એમને છેકજ હતાશ બનાવી મુકયાં. એમ છતાંય વાત્સલ્ય ક્યાં જાય? સુંદરલાલને પકડેલ કર્યાના સમાચાર મળતાંજ તમામ કામકાજ કોરાણે મૂકી શેઠે મુંબાઇનો રસ્તો લીધો. અને ક્યારે મુંબાઇ પહોંચી સુંદરને ચ્હાય તેટલાં નાણાં વેરીને મુક્ત કરાવું, એવા વિચારમાં એક પછી એક સ્ટેશન ગણતા જાય પણ કોણ જાણે કેમ આજે મુંબાઈ દૂર દૂર જતું લાગતું હતું.

બીજી બાજુ મુંબાઇની પેઢીના વયોવૃદ્ધ મુનિમે શેઠને તારથી સૂચના કર્યા બાદ પોતે ઉભા શ્વાસે એક હોંશિયાર યુરોપિઅન બેરિ-સ્ટરને ત્યાં જઇ સઘળી વાતચિત કરી સુંદરલાલને જેમ બને તેમ તાકીદે મુક્ત કરવાને પ્રાર્થના કરી. પૈસાનું અને લોહીનું પાણી કર્યા બાદ પરિણામે સુંદરલાલને જામીન પર છોડાવી લાવ્યા. મકાન પર આવીને મુનિમે તમામ સ્ટેશનોએ દરેક સ્થળે તપાસ કરવા મોકલેલા માણસોને સુલોચના સબંધી પૂછપરછ કરી: પણ પત્તો ન ખાધો એવી હકિકત મળી. મુનિમ અતિ નિરાશ થયા. પૂરાં પંચાવન વર્ષના આ અનુભવી અને વયોવૃદ્ધ મુનિમની આમન્યા તોડવાનું સાહસ સુંદરલાલે કદિ કર્યું નથી. સહુસહુને પોતપોતાને કામે લાગી જવા કહી મુનિમ અને સુંદરલાલે બન્નેએ નાહી કરીને જે ભાવ્યું તે જમી કરીને બન્ને એક સ્થળે બેઠા. કેટલોક સમય વિત્યા બાદ મુનિમે પૂછ્યું: કેમ, શેઠ સાહેબ! કંઈ ઉંડા વિચારમાં છો?

"ના ના, કંઇજ નહિ."

"સુંદરલાલ! હું તમને ન્હાનપણથી એક બાળકની માફક ગણતો આવ્યો છું, અને શેઠ! તમે પણ થોડી ઘણી આમન્યા જાળવી છે: તેથીજ તમને બે શબ્દો કહું છું કે: ભગવાને તમને શું નથી આપ્યું?

આપણા જેવા ખાનદાન માણસોને આવાં કામ શોભે કે? જોયું? કેટલી હાહો થઇ ગઇ! આતે આબરૂના કાંકરા કે બીજું કંઇ? મોટાશેઠના આત્માને કેટલો કલેષ થયો હશે? અરે! એતો હમણાં આવ્યા કે આવ્યામાં છે. સુંદરભાઇ! પણ એ બાઇ કોણ છે?"

"કેમ, કોણ છે? માણસ છે."

"નાના, હું તો સામાન્ય રીતે પૂછું છું કે: શી ન્યાત છે?"

"લ્યો, બ્રાહ્મણ છે, હવે કંઇ પૂછવું છે?"

"ભાઈ! નકામા આકળા શું કરવા થાઓ છો? અહીં એ બાઇનું કોઈ સગું વહાલું હશે, તેથી સંગાથ જોઇને તેને તમારી સાથે મોકલી હશે; પણ એને બિચારીને કોણ છોડાવશે? પણ શેઠ! આ બધું થવાનું કારણ શું?"

"જુવો, હું તમને સાફ સાફ કહું છું કે: તમારે તમારો એ હમેશનો ચીકણો સ્વભાવ છોડી દેવો. તમારે એ બધી વાત સાથે શું કામ છે?"

"ઠીક, બાપા ઠીક! પણ શેઠ! સુલોચનાબેનની કંઈ હકિકત? આમાં મને કંઈ સમજણ પડતી નથી કે: આ બધું શું થયું?"

"સમજણ ન પડતી હોય તો જાઓ—એ ગઇ જહન્નમમાં અને સાથે તમે પણ—સમજ્યા? તમારે એની શી પડી છે?"

"પણ શેઠ! મ્હારે એની જરી પડી છે એથી તો પૂછું છું. જહાનમમાં તે એ એની મેળે ગઇ કે તમે બન્નેએ મળીને મોકલી?"

"હું તમને ઠીક કહું છું કે: તમે તમારી જીભ બંધ રાખો! બહુ ડૉળવામાં માલ નથી. કહો, મ્હેં મોકલી, તમારે શું કહેવું છે?"

વૃદ્ધ મુનિમ પણ સુંદરલાલથી જરીકે ગાંજ્યા જાય એવા ન્હોતા. આજ સુંદરલાલ "મીયાં પડ્યા લેકિન ટંગડી ઉંચી" એ પ્રમાણે

ઉપરથી મગજ ફેરવીને જવાબ આપે છે, એનું પરિણામ અનુભવી વૃદ્ધ મુનિમે કલ્પી લીધું. ગમે તેમ પણ વૃદ્ધ મુનિમે સુંદરલાલને પોતાના બાળકની માફક હાથમાં ઉચકીને રમાડેલો અને આજ સુધી સુંદરલાલ પણ મુનિમનું વેણ ન ઉથાપે જતાં આજ એ ઘડી ઉપસ્થિત થઇ એ ઉપરથી પોતે સમજી શક્યા કે: આજથી આ ઘરનું પોતાનું અન્નોદક ઉઠ્યું છે. પરન્તુ જેનું લુણ ખાધું તેને તેના કલ્યાણના બે શબ્દો કહેવા એ ઉદ્દેશથીજ એમણે છંછેડાએલા ઉપરથી સુંદર જણાતા પણ અંદરથી કાળા કાળજાના સુંદરલાલને વગર અટકે કહ્યાજ કર્યું. મુનિમે સહજ ઉસ્કેરાઇને કહ્યું: “સુંદરલાલ! જો તમે મોકલી હશે તો તમારા દહાડા હવે ભરાઇ ચૂક્યા છે એમ જાણજો! પાપકર્મનો પસ્તાવો પણ નથી થતો? વર્ષ આખરે વેશ્યાઓનાં બીલની પાછળ હજારો રૂપિઆનાં આંધણ મૂકો છો છતાં સંતોષ ન વળ્યો, તે એક બ્રાહ્મણ સ્ત્રી પર દૃષ્ટિ કરી? દેવાંગના જેવી સાધ્વી સુલોચનાને છોડી એંઠવાડામાંજ રચ્યાપચ્યા રહો છો? હાય! બિચારી ક્યાં હશે? કહેતાં કહેતાં વૃદ્ધ મુનિમની આંખમાં પાણી ભરાઇ આવ્યાં, છતાંય બોલવાનું ચાલુ રાખ્યું: સુંદરલાલ! એ સાધ્વી–મહાભાગ્યશાળી સ્ત્રીરત્નના નાશની સાથે તમારા આ તમામ ઐશ્વર્ય અને કુટુંબનો નાશ સમજી લેજો! હરિ! હરિ! હરિ!”

“મુનિમ! તમારી જીભ બંધ કરશો? કહો કહો, મ્હારા કુટુંબના નાશની સાથે તમને શું સ્નાન કે સૂતક આવે એમ છે? હું જે કરૂં છું, અગર મ્હેં કર્યું તેમાં તમને તો કંઇ નુકસાન નથીને? હું તમને છેવટનું કહું છું કે: તમે તમારૂં ડહાપણ બંધ કરીને તમારૂં કામ કરો! તમને તમારા ઉપર વિશ્વાસ મૂકી ડોસાએ જે છૂટ આપી ફટાવ્યા તેનુંજ આ પરિણામ છે.”

"ભાઇ,! મ્હને સ્નાન કે સૂતક ન હોત તો અત્યારે આ મ્હારી સાથે વાતચિત ન કરતા હોત શેઠીયા ! સરકારી ઓરડીમાં પેલી બામણીનાં પાસાં સેવતા હોત બાપલા! ખરેખર, શેઠ! તમારા પિતાજીએ જે છૂટ આપી તેનુંજ આ પરિણામ છે. હવે. તમારી તરફથી એવી છૂટની આશા નહિ રાખું ભાઇ! શેઠ નથી એટલે શું કરૂં ? જો હોત તો એમની ફળફમાં મ્હને આપેલી છૂટનો લાભ લેત, મ્હને જો એટલી છૂટ આપી હોત, અરે! આપેલી તો ખરી પણ લીધી હોત તો આ દહાડા ન આવત સમજ્યા ? ભાઇ! હજી તો આ નખમાં તમારાં ગુ-મુતર ભરાઇ રહ્યાં છે."

સુંદરશેઠે તપી જઇને કહ્યું: "શું છે ? શું કહો છો-છૂટ લેવી છે? બાપુજી હોત તો તમે ફાંસીએ ચડાવત ? જીભાન બંધ કરો. જોયા જોયા હવે ત્હારા બાપાજી અને ત્હારા ટાયલાવેડા...

આગળ બોલતો અટકાવી મુનિમે કહ્યું: "ચૂપ ! જા જા. નાદાન ! આ પવિત્ર વૈષ્ણવકૂળની ઑલાદજ ન હોય ! નહિ તો આવા દિવસો હોય ?"

મુનિમના છેવટના શબ્દોએ સુંદરલાલના મગજને ફેરવી નાંખ્યું. બન્નેમાંથી એકને આ ઝગડામાં કેટલો વખત નિકળી ગયો તેનું રજે ભાન ન રહ્યું. સર્વત્ર શાન્તિ હતી. સુંદરલાલ આંખ કાઢીને: શું બકે છે ! ચક્કર! કહીને મુનિમ ઉપર ધસવા જાય છે ત્યાંજ મ્હોટા શેઠ: "કેમ, શું છે અલ્યા સુંદર ?" કહીને ઉભા રહ્યા. સુંદરલાલની સૂરત બગડી ગઇ ! મુનિમે ઉભા થઇને મ્હોટા શેઠને વંદન કરી બેસાડી પોતે અંદરના ભાગમાં જઇ પાણીનો લોટો ભરી લાવ્યા.

કલાક થયાં વૃદ્ધ શેઠ આવીને બ્હાર ઉભા રહે રહે મુનિમ અને સુંદર વચ્ચે ચાલતા વાગ્યુદ્ધને જોઇ-સાંભળી રહ્યા હતા. પરન્તુ

સુંદરલાલને હાથે વૃદ્ધમુનિમ વધુ અપમાનિત ન થાય એની ખાતર પોતે અણીને વખતે આવી એ ભયંકર સંગ્રામનો અંત આણ્યો. સુંદરલાલની કુટિલતા અને મુનિમની કુટુંબકલ્યાણની ભાવના સાંભળી શેઠ સ્તબ્ધ બની ગયા. તેમણે સુંદરલાલની ઉચ્છૃંખલતા તરફ ધ્યાન ન આપવાનું સમજાવી, પોતે થોડા પણ કડક શબ્દોમાં સુંદરલાલને ઠપકો આપ્યો: એટલે સુંદરલાલને તો આ પડતા ઉપર પાટુ જેવું થયું. ઉપરથી હિમ્મત રાખીને જીભ ચલાવે જનાર સુંદરલાલ "સારૂં સારૂં, જાઓ, હું કરીશ મ્હારે મન ફાવે તેમ" કહીને પગ પછાડતા કે કપડાં ચડાવી એ સ્થાનમાંથી અદ્રષ્ય થયા. મુનિમે પાછળ જવા સમજાવવા ઘણાં વાનાં કર્યાં: પણ શેઠે એમની મેળે શાન્તિથી એને જવા દેવાની સૂચના આપી. શેઠની આ દ્રઢતા અને ઉપરથી શાન્તિ છતાં અંદરનો ક્રોધ અને અચળ ગંભિરતા જોઇને મુનિમ સ્તબ્ધ થઇ ગયા. સમય સમજીને મુનિમે એ વાત વેગળી કરી. બાદ શેઠે તમામ હકિકત પૂછી લીધી, અને મહા પ્રયાસ કરવા છતાં સુલોચનાનો પત્તો નથી લાગ્યો અને સી-આઇ-ડી ઇન્સપેક્ટરના કહેવા મુજબ "એક બાઇને ગુમ કરવા બદલ બન્નેને પકડવાનો ઑર્ડર છે" એ શબ્દો મુનિમને મ્હોડેથી સાંભળ્યા ત્યારે મ્હોટા શેઠની ધીરજ ખૂટી ગઇ. તેમની આંખમાંથી બોરબોર જેવડાં આંસુ નિકળી પડ્યાં. તેમણે કહ્યું: "મુનિમ! તમે સાચુંજ કહ્યું: લક્ષ્મીસ્વરૂપા સુલોચનાના નાશની સાથે અમારો પણ નાશજ થશે! એ હું પ્રત્યક્ષ જોઇ રહ્યો છું. પણ એ નાદાને એ સબંધમાં, તમારી સાથે કંઇ વાતચિત કરી ખરી કે?"

"નાજી, અતિશય શાન્તિથી સમજાવવા છતાં કંઇ ઠેકાણાસર જવાબજ ન આપ્યો." હા, અને એની સાથે જે સ્ત્રી હતી તેનું કેમ થયું?

"એનું શું થાય? એને કોણ જામીનપર છોડાવે? આજ સાંજ સુધી તો એ છૂટી નહોતી."

રાધેસ્યામ! રાધેસ્યામ! કહીને એક દિર્ઘ નિશ્વાસ મૂકીને શેઠે કપડાં ઉતાર્યાં. લગભગ રાતના એકેક વાગવાનો અમલ થવાથી મુનિમે શેઠને માટે સૂવા વગેરેની વ્યવસ્થા કરી. અને પોતે પણ સુંદરે આજ કરેલા અપમાન અને આ તોફાનના પરિણામનો વિચાર કરતા પથારીમાં પડ્યા પડ્યા અફસોસ કરતા રહ્યા, અને આંખ મળી ગઇ.

પોતાના પ્રાણ અને પ્રતિષ્ટાની પરવાહ કોરાણે મૂકી, પોતાના સ્વામીના કૂળની પ્રતિષ્ટા સાચવતાં મુનિમે આઘુંપાછું ન જોયું; પરન્તુ તેના બદલામાં આજના યુગ-ધર્મ અનુસાર ઉપકારને ભૂલી અપકાર કરનાર સુન્દરે વયોવૃદ્ધ મુનિમને મન ફાવેતમ અપમાન ભર્યા શબ્દોથી વધાવી લીધા છતાં તેમને તેની વધારે અસર ન થઇ! તેમણે એ તરફ લક્ષ્ય ન આપતાં: "મ્હેં મ્હારો ધર્મ બજાવ્યો છે અને એજ મનુષ્ય જીવનનો મુખ્ય હેતુ છે." માનીને પોતે સંતોષ પામ્યા. સાચી વફાદારી અને આવી આદર્શ સ્વામિભક્તિ સંસારમાં જવલ્લેજ જોવામાં આવે છે. માનવકૂળભૂષણ એવા મનુષ્યોની સંસારમાં બલિહારીજ છે. કેવળ ધર્મની ખાતર કાર્ય થાય છે ત્યાં બદલો કે માનાપમાનને ભાગ્યેજ અવકાશ રહે છે.

ષોડશ પરિચ્છેદ.

પવિત્રી પણ છૂટી

સુંદર-પવિત્રીનો સ્નેહપૂર્વક સ્ટેશન ઉપર સત્કાર કરવા આવેલા સુરેન્દ્ર અને પ્રિતમ, ઉભય સાળા-બનેવીએ જે ભયંકર દ્રશ્ય જોયું તેથી તેમના હોશકોશ ઉડી ગયા. સુરેન્દ્ર ઉછાં સુધી ભણેલો એટલે આ તોફાનમાં એને કંઈ ગમ ન પડી. પરન્તુ પ્રિતમતો ગમે-તેમ પણ ભણેલો ગ્રૅજ્યુએટ અને વિચિક્ષણ બુદ્ધિવાળો એટલે કંઈક સમજી શક્યો, અને વધારામાં સુંદરલાલના મુનિમ અને ઇન્સ્પેક્ટર વચ્ચે જે વાતચિત થઈ તે ઉપરથી તેણે પોતાના પાતળા પ્રારબ્ધનો આંક આંકી દીધો: કે: આતો ભૂત કાઢાવતાં પલિત વળગ્યું લાગે છે! સુંદર-પવિત્રી વચ્ચે સારો-પવિત્ર સબંધ હોય તો આ એમને માથે તોહમત શાં અને આ પ્રસંગ ક્યાંથી હોય? એ વખતે તો એ બધું ગળી જઈને. બન્ને જણ નિરૂપાયવશ થઈ ઘર તરફ ચાલ્યા, પરન્તુ જે સદ્ભાવ અને મમતાપૂર્વક પ્રિયતમા-પવિત્રીને પ્રિતમ સ્ટેશનપર લેવા આવેલો તેમાં કંઈક ફેરફારતો થયોજ. ઘેર આવ્યા બાદ બન્ને ખાધાપિધા વગર પવિત્રીને મુક્ત કરાવવાને માટે પોતાનાં કેટલાક સગાં-સબંધી તેમજ ઓળખાણ પિછાણવાળાંને મળી ઘટતી મદદ કરવા કહ્યું, પણ કોઈએ દાદ ન આપી. આખર સુરેન્દ્રએ રાજનગર પોતાના બાપને તારથી સૂચના કરી તાકીદે તેડાવ્યા. હવે માત્ર કાગને-ડોળે ઉભય પ્રમોદરાયના આગમનનીજ રાહ જોવા લાગ્યા. જોત જોતામાં સાંજ પડી અને સુંદરલાલ મહામુસિબતે હજારો રૂપિયાનાં આધાણ પછી

જામિનપર છૂટ્યાના સમાચાર મળતાં સાળા-બનેવી રાતના લગભગ આઠ સાડાઆઠના સુમારે સુંદરલાલને ત્યાં પહોંચ્યા. આખા દિવસના થાક્યા પાક્યા, ભૂખ્યા ડાંસ જેવા વાઘરી જેવા વેષ વાળી આ જુગલ જોડીને જોઇ: બંગલામાં પેસતાં કોઇએ રોકટોક ન કરી, તોપણ તેઓ સુંદરલાલની રૂબરૂ જઇ શક્યા નહિ. જ્યાં બાદશાહી ઠાઠમાઠ હોય, ત્યાં કંગાલ માણસો સરળતાથી ભાગ્યેજ પ્રવેશ કરી શકે છે; તેમાંય સુંદરલાલ એકલા નહોતા પરન્તુ તેમની સાથે એક વૃદ્ધ માણસ પણ આવેશભર્યા વેશમાં બેઠો હતો. એને જોતાંજ પ્રિતમ સારી રીતે ઓળખી શક્યો. બન્ને બારણાની પાસે પડેલી એક બેન્ચપર બેઠા અને મુનિમ અને સુંદરલાલ વચ્ચે જે ચકમક ઝરતી રહી તે સાંભળતાં લગભગ રાતના બાર વાગ્યા, ત્યાં સુધી એ જગાએ બેસી રહ્યા, પણ એનો અંત ન આવ્યો. આખરે થાકીને બન્ને ત્યાંથી ચાલતા થયા. મુનિમ અને સુંદરલાલની વચ્ચે પવિત્રીના સબંધમાં જે બોલચાલ થતી સાંભળી તેથી પ્રિતમ હતાશ થઇ ગયો. તેને ઘડીભર થઇ આવ્યું કે: હવે એવી નાપાક સ્ત્રીને સંઘરીને હું શી લહાણ કાડવાનો હતો? છતાં એ સમયે એ વિચારને ગુપ્ત રાખી તેણે પોતે પણ સુરેન્દ્રની હાએહા કરીને કામ પતાવ્યું.

બરાબર સાડાબાર વાગે બન્ને ઘેર આવ્યા. આજતો પ્રિતમે પણ સુરેન્દ્રને ત્યાંજ રહેવા-સૂવાનું રાખ્યું. સુરેન્દ્રએ કહ્યું: "પ્રિતમરાય! સુંદરલાલની રૂબરૂ મુલાકાત થઇ ગઇ હોત તો કોઇ પણ પ્રકારે કાલ સવારના દસ વાગતામાંતો પવિત્રીને છોડાવી લાવત, પણ ત્યાં તો તમે જોયુંને? કહો, હવે શું કરીએ? જો ભગવાન કરે છે ને મ્હારા બાપુજી મંઝીલમાં આવી જાય છે તો તો સૌ સારાં વાનાં છે. જુઓને, મહા પ્રયાસે બધું ઠેકાણે લાવવા ગયા ત્યાં વચ્ચે નવી આફત

આવીને ઉભા થઇ."

પ્રિતમે તેનો કંઇજ જવાબ ન આપ્યો. પ્રિતમને થયું કે: અભાગીઓ આફત તે આવી કે: ત્હારી બ્હેન લાવી? બિચારા ખાનદાન કુટુંબના પુત્રને પણ ડાઘ લગાડતાં પવિત્રી ન ચૂકી! આવી સ્ત્રીના સહવાસ અને વિશ્વાસથી પ્રિતમ શું લ્હાણુ કાઢશે? "જ્યાંય જો એક વખત એ મ્હારા ઝપાટામાં આવે તો હવે તેને નેતરની સોટી જેવી બનાવી દઉં" એટલી ઇચ્છાએજ હજી પ્રિતમ પવિત્રીની લાળ ટપકાવી રહ્યો છે. સુરેન્દ્ર એની મેળે વલોપાત કરતો ભાષણ કરી રહ્યો છે, અને પ્રિતમ એની મેળે મૂગો મૂગો સાંભળી રહ્યો છે. એજ વખતે બરાબર રાતના બેના ટંકોરે બ્હારથી કોઇએ હાંક મારી: "સુરેન્દ્રપ્રસાદ! સુરેન્દ્રપ્રસાદ! સુરેન્દ્રના આશ્ચર્યનો પાર ન રહ્યો કે: આટલી મોડી રાત્રે મ્હને કોણ હાંક મારે છે? મુંબાઇનગરી અને મવાલીઓનું જોર એટલે ચોકસાઇ કર્યા વગર નીચે જવામાં માલ નહિ એમ ધારી પ્રિતમને જરી થોભવાનું કહી સુરેન્દ્રએ બત્તિ સારી રીતે તેજ કરી ઝરૂખામાં જઇ નીચે દ્રષ્ટિ કરી, ને પોતે ઉપરથી ધડકતે હૈયે પ્રશ્ન કર્યો: "કોણ, કોણ! શેઠસાહેબ?" "હા હા, ઉઘાડોને એક વાર" સુરેન્દ્રએ નીચે જઇને જીનો ઉઘાડ્યો અને "પધારો, શેઠસાહેબ!" કહી સુંદરલાલને ઉપર તેડી આણ્યા. સુંદરલાલ બેઠા પછી સુરેન્દ્રએ પાણીનો લોટો લાવીને આગળ મૂક્યો, અને કબાટમાંથી સોપારીને સુડી લાવીને આસ્તેથી શેઠની સ્હામે બેઠો. વચ્ચે સુન્દરલાલે પ્રિતમની સ્હામે જોઇને જરીક સ્મિત કરતાં પૂછ્યું: "કોણ? મી. પ્રિતમરાય! અહીં છો કે?" પ્રિતમે મનથી લાખ ગાળો ભાંડતાં ઉપરથી જવાબ આપ્યો "હાજી!" સુંદરલાલે પ્રિતમના મ્હોં પરથી પરખી જઇને સુરેન્દ્રને ઉદ્દેશીને કહ્યું: "સુરેન્દ્ર! તમારે ગભરાવાનું

જરી પણ કારણ નથી. જુવોને, એટલા માટે તો આટલી રાત્રે તમારી પાસે આવ્યો. મ્હારા મનથી કે હું નહિ જઉં તો તમારી ચિન્તાનો પાર નહિ રહે. અને મ્હારા ઉપરની પતીજ ઉઠી જશે. જુવો તમે કોઈ વાતે ગભરાશો નહિ, કાલ દસ વાગ્યા પહેલાં પવિત્રી ઘેર આવી જશે, એ બાબત બેફીકર રહેજો." સુરેન્દ્રના મનમાં કે: એ બધુંએ ખરૂં; પણ પૈસા ક્યા બાપને ત્યાંથી લાવવા? એતે કંઇ ન્હાની સુની વાત છે? અહીં મ્હાંમહેરાણે જેમ તેમ કરીને નભાવીએ છીએ ત્યાં, શેઠને બધું વાતોમાંજ થઇ ગયું! સુંદરલાલને સંભળાવવા તેણે કહ્યું: "હા, એ બધુંય જો મ્હારા બાપુજી મેઇલમાં આવી જાય તો ઠીક થાય, કારણ, શેઠસાહેબ! એ બધાં પૈસાનાં કામ છે, નહિ તો પવિત્રીને પણ તમારી સાથેજ ઘેર ન લાવત?" આ શબ્દો સાંભળીને સુંદરશેઠ જરીક લાચાર થયા. તેમણે સહજ ટટાર થઇને કહ્યું: "સુરેન્દ્રપ્રસાદ! એમાં ગભરાવાનું કંઇજ કારણ નથી. તમારે પૈસાની જરી પણ ચિન્તા ન રાખવી. લ્યો, હું તમને આ પાંચસો રૂપિયાના નોટ આપું છું અને એક નોટ લખી આપું તે લઇ સ્હવાર થતાં એમ. એમ. બ્રદર્સ સોલિસીટર્સને ત્યાં પહોંચી જજો, તેઓ મ્હારા સ્નેહી છે, અને તરતજ બનતું કરીને પવિત્રીને છોડાવશે. પાંચપચાસ જ્હાય ત્યાં ચાંપવા પડે તો તેમાં અચકાશો નહિ. કારણ જાણોછોને કે: આ કૂટિલ-કલિના રાજ્યમાં પૈસા વગર કંઈ કામ થતાં નથી. એતો "દામ કરે કામ અને બીબી કરે સલામ." તમારા મનથી તો જાણે એમાં શું એ મ્હોટું થઇ ગયું અને અમારા મનથી તો એમાંનું કંઇજ નહિ. એમ ઢીલા થએ કરોડો રૂપિઆના વહિવટ ન થાય. ભાઇ! નહિ આ પ્રિતમરાય જેવા હોય તો બ્હેલા પોચકાં નાંખે: એતો એમની મેળે કાયદાજ બોલ્યા કરે! મહેરબાન! કાયદા તો અમે ખીસ્સામાંજ

રાખીએ છીએ. અરે! કેટલાંયના ગળા ઉપર છરીઓ ફેરવી દીધી પણ આ અમે તો એના એ છીએ."

સુંદરલાલની વાત સાંભળી સુરેન્દ્રના જીવને ટાઢક વળી. અને પ્રિતમતો બિચારો ઠંડો થઈ ગયો. તેને થયું કે: મનુષ્યના રૂપમાં આવા શયતાનો આ સંસારમાં શું ન કરે? આ ગૃહસ્થ તો વળી રતિકાન્તથી પણ ટપી જાય એવા છે! તેણે નિશ્ચય કર્યો કે: કહો ન કહો, પણ આ મૂર્તિએ કંઇને કંઇ તોફાન કર્યું હોવુંજ જોઇએ. અને અને જે થયું તે લક્ષણેજ થયું લાગે છે. પણ આના સહવાસથી પવિત્રીમાં જે નહિ હોય તે પૂરૂં થશે! એ પવિત્રી આ દુરાત્માના પ્રસંગમાં આવ્યા પછી મ્હારી શી સ્થિતિ કરે? એ વિચારે પ્રિતમનો જીવ હલાવી નાંખ્યો. પૈસાની લાલચો ગતાની શ્રીમંતો શું શું કરે છે એ જોઇને પ્રિતમ દિગ્મૂઢ બની ગયો—એ એની મેળે શાન્ત રહ્યો.

પવિત્રીને મુક્ત કરાવવાની ગડમથલમાં એમ વાતોમાંને વાતોમાં વ્હાણું વ્હાયું, ત્યાં દુધવાળાએ આવીને સાંકળ ખખડાવી. સુરેન્દ્રએ સાંકળ ઉઘાડી દુધ લીધું, અને સુરેન્દ્રએ જોતજોતામાં સ્ટવ ચેતાવી આખી રાતનો ઉજાગરો અને શ્રમ હોવાથી સુંદરલાલની સૂચના મુજબ કોફી તૈયાર કરી. ત્રણે જણ કોફી પીને જરીક ટટાર થયા અને આજના કાર્યક્રમમાં પ્રથમ તો સુરેન્દ્ર, પ્રમોદરાયના આવવાની રાહ જોવા લાગ્યો. સુંદરલાલે ઘણું કહ્યું, પણ "એક વખત એ આવી જાય તો પછી બીજું સૂઝે" કહીને એ એની મેળે આડા અવળા-રૂમ-માંથી છજામાં ને છજામાંથી રૂમમાં આંટા મારવા લાગ્યો. લગભગ આઠ સાડાઆઠનો અમલ થયો, ત્યાં ધારીને જોતાં સ્હામેથી એક વિક્ટોરિયામાં પ્રમોદરાય અને સાથે બીજાં એક બે જણ આવતાં જણાયાં. બરાબર દૃષ્ટિ પડતાં સુરેન્દ્ર ધડબડ ધડબડ કરતો માળ પરથી

ઉતરીને પ્રમોદરાયને નીચે લેવા ગયો. સન્મુખલાલ સુરેન્દ્રના મામા, અને પ્રિતમના મ્હોટા ભાઇ પાર્વતિશંકર પણ સાથેજ હતા. ત્રણેને ઉપર લાવી દાતણપાણી કરાવી ચ્હા વગેરે કરીને પછી નિવૃત્તિથી બધા બેઠા, બાદ ધીમેથી પ્રમોદરાયે તમામ હકિકત સુરેન્દ્રને પૂછી લીધી. પ્રમોદરાયને એ બધું સાંભળીને ઘણુંજ લાગી આવ્યું. પાર્વતિશંકર તો બિચારા ઑલિયા જેવા સારૂં ખોટું કહેજ શું કરવા? આતો લોકની લાજે આવ્યા વગર ન ચાલે એટલે આવ્યા, બાકી ભલા છતાં મનસ્વી પણ પવિત્રીને મુંબાઈ તેડાવી તેને અંગીકાર કરવાની તેઓ સખ્ત વિરૂદ્ધજ હતા: છતાં વધારામાં રાજનગર સ્ટેશનપર પવિત્રીને વિદાય કરવા આવતાં તેમણે જે જે દ્રષ્ય જોયેલાં તે પરથી તેમણે તેના ભયંકર પરિણામની વાત ઘેર આવીને પોતાની સ્ત્રીને કહીજ નાંખેલી. ગરિબની છોકરી છતાં સમજુ નામ પ્રમાણે પૂરી સમજણવાળી એણે પ્રિતમના દુર્ભાગ્યપર અફસોસ કરેલો, કારણ એ વગર સ્ત્રી જાત બીજું શું કરી શકે? અધૂરામાં પૂરૂં સમજુલક્ષ્મીએ પાર્વતિશંકરને એટલે સુધી કહેલું કે: "જોજો એ સુંદરલાલ રખો પવિત્રીને લઇને કંઇ રસ્તે ના પડે! કારણ આંધળાં થયાં એને ક્યાંથી લાજ હોય?" જવાબમાં "ભોગ એમના" કહીને પાર્વતિશંકરે પતાવ્યું ત્યાં બીજેજ દિવસે આ મ્હોકાણના સમાચાર મળ્યા અને પાર્વતિશંકરને બિચારાને મોંઘવારીમાં એક સાંધતાં તેર તૂટે એ વાળો ઘાટ થયો-પ્રમોદરાયની સાથે મુંબાઇ આવવું પડ્યું. ગમે તો ઘરમાં આઠ દિવસ લૂખુંપાખું ખાઇને ઘી વગર ચલાવી લેવાય પણ આમ સંસાર વ્યવહારમાં ખોટું દેખાડાય? સત્યાનાશ જજો એ સંસારનું કે: જ્યાં આગળ સિંહ જેવા મનુષ્યને સ્વમાન અને મનુષ્યત્વનું સંરક્ષણ કરવું મુશ્કેલ પડે છે અને કેવળ કંગાલ દીન જેવા બની બરડો ઉઘાડો રાખી સંસારના ગડદા-

પાડુ ખાવા પડે છે. વાંચક! જુવો જુવો! આ ત્રીસવર્ષનો યુવાન પાર્વતિશંકર તમને પચાસ વર્ષના બુઢ્ઢા જેવો નથી જણાતો? ક્રૂર હિન્દુ સંસારે આવા કેટલાય આશાભર્યા નવયુવાનોના પ્રાણ લીધા હશે અને હજી તો એ કાળમુખા મ્હોં વિકાસી પાર્વતિશંકર જેવા કંઇકની આ રંક ભારતીના જીવન–ધન સ્વરૂપ તરૂણ–સમાજનો કાટી આંખે રાહ જોઇ રહ્યો છે! ચેત! હિન્દુ સમાજ! ચેત! સનાતનને સ્વીકાર! અને અનુકરણનાં આજથીજ સ્નાન કરીલે! પ્રિતમ અને પવિત્રી જેવા મુર્ખાઓનાં પ્રારબ્ધ–કર્મે કેટલાંય સમજુ–પાર્વતિશંકરની પ્રતિષ્ઠાનાં સત્યાનાશ વળતાં હશે!

એક સ્થળે એકાંતમાં સુંદરલાલ, સુરેન્દ્ર અને પ્રમોદરાય પવિત્રીને મુક્ત કરાવવાની ખટપટમાં પડ્યા છે: બીજી બાજુ પ્રિતમરાય ટયૂશન આપવા જવાનો સમય થવાથી પાર્વતિશંકરની રજા લઇ કલાક દોઢેક કલાક પછી આવવાનું કહી ચાલતા થયા. સન્મુખરાય એમની મેળે બિચારા તંબાકુ અને પાનમાંથી ઉંચા આવે ત્યારેને એમના મનથી કે: "ઠીક છે ભેગા ભેગી ઘરડા ઘડપણે મુંબાઇ જોવાશે અને સંસારમાં ઠીક કહેવાશે. બ્હેનને થશે કે: ભાઇ અણી વખતે કામમાં આવ્યો!"

સુંદરલાલે બ્હાર આવીને એક નોટ લખી આપી. અને ઘટતી સલાહ આપી, સુરેન્દ્ર અને પ્રમોદરાયને હિમ્મત આપી સોલિસીટર્સને ત્યાં મોકલ્યા: સાથે પાર્વતિશંકર અને સન્મુખલાલને પણ લઇ લીધા. ચારે જણના ગયા પછી સુન્દરલાલ એ સ્થાનમાં એકલા પડ્યા. એક ખુણામાં પડેલી આરામચેરપર પડ્યાપડ્યા ચેરૂટના ધુમાડા કાડવા લાગ્યા. આ પળે તેમને એકાએક સુલોચનાનું સ્મર્ણ થઇ આવ્યું. સુલોચનાની પવિત્ર મૂર્તિ, તેની મધુર–વિનયભરી વાણી અને નર્મદાના અગાધ જળમાં ફેંકતા વખતની તેની કરૂણાજનક, હૃદયવિદારક

ચીસો-આર્તવાણી એક પછી એક સાંભળી આવ્યાં. તેમની આંખમાંથી શ્રાવણ ભાદરવા વરસવા લાગ્યા. આંખો બંધ થઇ, ત્યાં સુલોચનાની નિર્દોષ-દિવ્ય-પવિત્ર મૂર્તિ આવીને આંખ સ્હામે ખડી થઇ! એ જોઇને સુંદરલાલ અવાક્ થઇ ગયા, તેમનો કણ્ઠ રૂંધાઇ ગયો, શરીરમાંથી પ્રાણ જવાનોજ બાકી રહ્યો એમ થયું. એ પવિત્ર મૂર્તિની સ્હામે લાંબો સમય એ નજર સ્થિર રાખી શકયા નહિ. તેમનાથી એક મ્હોઢેથી ચીસ પડાઇ ગઇ! "દેવી" બસ એટલું કહેતામાં આંખ ઉઘડી ગઇ. સુંદરલાલના આત્માને હવે કંઇક ધીરજ આવી. તે મનથી બબડવા લાગ્યા. "પવિત્રી! એક બ્રાહ્મણની છોકરી! ત્હારી સાથે અનાચાર કરવાના સંકલ્પ માત્રના પરિણામે મ્હારી આ દશા ત્હેં કરી-થઇ! હજી તું અને હું બન્ને પવિત્ર છીએ. આખા જીવનમાં નથી જોયું તે ત્હેં-ત્હારા સહવાસે એક રાતમાં બતાવી દીધું! ગમે તેવા છતાં મ્હારી મહા જતનથી જાળવી રાખેલી પ્રતિષ્ઠાને માથે ત્હેં પાણી ફેરવાવ્યું! ત્હેં રતિકાન્ત જેવા રાજનગરના એક નામચિન શ્રીમંતના પુત્રને પાયમાલ કરી મરણ પથારીએ નાંખી, હવે મ્હારા ઉપર ત્હારી સર્વનાશકારિણી જાળ પાથરી મ્હને વગર મ્હોતે મારી નાંખ્યો. હવે હું જગતને મ્હોં બતાવવા લાયક રહ્યો નથી. પવિત્રી! તું મ્હારી સાથે મૉજવિલાસ કરવાની પાપવાંચ્છનાએ ત્હારા નિર્દોષ પતિને બિચારાને પૂણ્યધામમાં પહોંચાડવાનું મ્હને વચન આપી ચૂકી! મ્હારે માટે સઘળું કરવા તું બંધાઇ ચૂકી છે, પણ નહિ એ મહા-પાપમાં ભાગીદાર થવાની હવે મ્હારી લેશ ઇચ્છા નથી. હવે તો સાધ્વી મહાદેવી સુલોચનાના મૃત્યુ પાછળ હું પણ એકાન્ત સેવન કરીશ. આ પાપિ મ્હોં જગત્‌ને નહિ બતાવું. મ્હારી ઇષ્ટ અને ઉપાસ્ય એ ભગવતીનાં સ્મરણ-ચિન્તન અને તેની ક્ષમા યાચના કરતો પ્રભુની

ઇચ્છા હશે એ પરિણામને પામીશ! ત્હારૂં પણ કલ્યાણજ થશે! તું ન મળી હોત તો પવિત્રી! આ કેવળ નામધારી સુંદર સાત જન્મે પણ પરમ સત્ય-શિવ-સુન્દરનો સાક્ષાત્કાર ન કરી શકત! સુંદર! શા માટે સમય જવા દે છે? આવો સુંદર સમય-આવો સુંદર યોગ તને ક્યાં મળવાનો છે? બસ, મહાદેવી સુલોચનાના નામની માળા અને તેના ગુણ કિર્તન દ્વારા તેના મહા અપરાધમાંથી મૂક્ત થવા યત્ન આદરીશ, પ્રભુ પાંશરો ઉતરશે તો તેનો સાક્ષાત્કાર કરી ચીર તૃપ્તિ મેળવીશ. તો પછી વિલંબનું કારણ?

સુંદરલાલ તરતજ આરામચેર ઉપરથી ઉઠીને બેઠા થયા. એક પેરણ વગર શરીર પરનાં તમામ કપડાં ઉતારી નાખ્યાં. રેશમી કોરનું બારિક ધોતિયું ઉતારી સુરેન્દ્રનું જાડું પંચિયું પહેરી લીધું. એક સ્થળે પડેલી રૂદ્રાક્ષની માળા ગળામાં ભરાવી દીધી. સુંદરલાલને પુનઃ સુલોચનાનું સ્મરણ થયું. બહિરદૃષ્ટિ ગુમાવી! દેવી! મહાદેવી! એટલો ઉચ્ચાર કરતા નિશ્ચેષ્ટવત્ પૃથ્વી પર ઢળી પડ્યા. દસેક મિનિટ પછી સુંદરલાલ સ્વસ્થ થયા. આડી અવળી નજર કરતાં એક ખૂણા પર પડેલી નોટપેપરની થોકડી અને હોલ્ડર ખડિઆ પર નજર કરી તૂર્ત ત્યાં જઈને એક પછી એક એવા ચારેક કાગળ લખી નાખ્યા. અને એ ચારે કાગળ કવરમાં બીડી સારી રીતે ઠેકાણાં કરી આ દરેક કાગળ જેને તેને પહોંચાડવાના શપથ આપી સારી રીત ગમે તેના હાથમાં આવે એવી રીતે મૂકીને અચળ દૃઢતા અને વૈરાગ્યને વશ થઈ આત્મજ્ઞાનશૂન્યવત્ રૂમમાંથી બહાર પગ મૂક્યો. ત્યાં પ્રિતમરાય સ્હામો મળ્યો. ઉભયની દૃષ્ટિ મળી કોણ જાણે શુંએ સાંભરી આવ્યું. સુંદરલાલની આંખમાંથી આંસુ નિકળી પડ્યાં. પ્રિતમને ભેટી પડ્યા. તેના ચરણસ્પર્શ કરીને તેની ક્ષમા યાચી ચાલવા માંડ્યું. પ્રિતમને

આમાંની કંઇજ સમજણ ન પડી. તેણે રોકવા બનતો પ્રયાસ કર્યો, પણ વ્યર્થ! જોતજોતામાં સુંદરલાલ દૃષ્ટિ બહાર થઇ ગયા! મનુષ્ય-હૃદય હોવાથી સુંદરલાલની અંતિમ ભેટ અને જે દૃશ્ય જોયું તેણે પ્રિતમને પલ્લાળી નાખ્યો, તો પણ છેવટઃ "જવા દે ભોગ એના" કરીને એણે એ તરફ ઉદાસિનતા ધારણ કરી, નહિતો એ એને એમ ચાલુંજ હોય તો જવા દે? અસ્તુ. પ્રિતમે અંદર આવીને કપડાં ઉતાર્યા, અને આરામચેર પર પડ્યો પડ્યો ચારે બાજુ દૃષ્ટિ ફેરવવા લાગ્યો. ત્યાં એક બે નહિ પણ લગભગ ચાર કવર ઉપર પ્રિતમની દૃષ્ટિ પડી. પ્રિતમે તુર્ત અવિલંબે બેઠા હતા ત્યાંથી ઉઠીને એ ચારે કવર લઇ લીધાં. કવર બીડલાં હોવાથી તેને ઇચ્છા છતાં ફોડવાનું સાહસ ન કર્યું: છેવટે કોણ જાણે ક્યાંથી પોતાના નામનું કવર જણાયું: પ્રિતમે આશ્ચર્યવશ થઇ એ કવર ફોડી પત્ર વાંચવા માંડ્યો:—

॥ ॐ माम्बहर ॥

પૂજ્ય બંધુ. પ્રિતમ! સાષ્ટાંગ.

વિ. ઉપકાર થયો માતેશ્વરી—પવિત્રીનો કે જેણે મ્હારી આંખ ઉઘાડી. ભાઈ! જીવનમાં પવિત્રીએ આજ મ્હને જે સ્થિતિમાં મૂક્યો એવી સ્થિતિ તો મેં સ્વપ્નેય નથી અનુભવી. તેની સાથેના સદ્‌ચારના હડકવામાં અમે બન્નેએ મળીને મ્હારી હૃદયેશ્વરી—પતિપ્રાણા ધર્મપત્નીને માતેશ્વરી નર્મદાના અતલ જળમાં હમેશને માટે વિસર્જન કરી છે. એના ફળની રાહ જોતો રહીશ. અને આજ્ઞા થએ નિઃશંક ઇશ્વર સાક્ષિએ એ ફળ ભોગવવા અણી વખતે આવીને હાજર થઇશ. પવિત્રી હવે તમારી નથી રહી. સમજે તો તેનો સ્વીકાર કરજો! તેના પરમ કલ્યાણનો માર્ગ બતાવજો! અમે બન્નેએ મળી તમારા પ્રાણ-નાશ કરવાની પ્રપંચજાળ પાથરી હતી, પણ પ્રભુ સમર્થ છે. સુરેન્દ્ર

અને પવિત્રીના અનિષ્ટ સંકેતને પરિણામે મ્હારા જેવા એક પામર વિષયી વગર મ્હોતે મરી ચૂકેલા રતિકાન્ત નામક વ્યક્તિનો અમદાવાદના એક જાણીતા ડૉ.ને હાથે પરમ દિવસે સહવારમાં ભોગ લેવાશે. એ નિર્ભાગી આત્માને બચાવવાની પ્રાર્થના કરતો, તમારા અનંત અપરાધની પુનઃ પુનઃ ક્ષમા યાચના કરતો— હું છું તમારો

પરમ અપરાધી

નામધારી સુન્દર.

પ્રિતમે બેચાર વખત પત્ર વાંચી જોયો. તેને મહા ખેદ થયો. લગભગ કલાકેક થવા આવ્યો. સુંદરલાલ ક્યાં ચાલ્યા ગયા હશે એ ચિન્તા કરવા લાગ્યો. સુન્દરલાલને હજારો ધન્યવાદ આપવા લાગ્યો. અનેક પ્રકારની સુખ-સાહેબિમાં ઉછરેલો શ્રીમંત યુવક ફકીર-દીન બને ઘરમાંથી સઘળી માયા ત્યજીને મ્હારી નજર સ્હામે ચાલ્યો ગયો! એ તે સામાન્ય વાત છે? હર હર હર! આ પ્રમાણે વિચાર કરતો વ્યાકુળ ચિત્તવાળો પ્રિતમ વિલંબ કર્યા વગર બાકીના પત્રો, કપડાં પહેરી નજીકની એક પોસ્ટ ઑફીસ જઇને નાંખી આવ્યો.

"પવિત્રી સાથેના પુનર્મિલનનાં સુખ-સ્વપ્ન જોતો પ્રિતમ નિરાશ થઇ ગયો: છતાં તેણે પ્રભુનો પાડ માન્યો. એ કુલટા સ્ત્રી મ્હારા પ્રાણ લેત તે કરતાં જે થયું તે સારૂંજ થયું છે એમ માનવા લાગ્યો. હવે એ સ્ત્રીની લાલસા રાખી હાથે કરીને મ્હોતને માગી લેવું તે કરતાં અન્ય ગમે તે ઇષ્ટ માર્ગ લેવા એજ હિતકર છે વિચારી એણે પોતાના મનથી આજ પવિત્રીના નામપર પૂળો મુક્યો! સુંદરલાલ, પત્રમાં રતિકાન્તનો બચાવ કરવા સૂચવે છે! ત્યારે શું તેને તેનાં કર્મનું ફળ ન મળવા દેવું? ગમેતેમ પણ જેણે મ્હારા પ્રાણ સલામત રાખ્યા તેની ઇચ્છાની ખાતર પણ એ પવિત્ર કાર્ય મ્હારે કરવુંજ જોઇએ, અને

તેમ છતાં કાન્ત જેવો મ્હારો પ્રાણસખા મિત્ર–બંધુ પણ એ પાપ-કર્મથી ન બચ્યો અને ભાન ગુમાવી ભ્રષ્ટ થયો તો રતિકાન્તનો શો દોષ? ગમેતેમ તેનું કર્યું એ ભોગવશે. મ્હારો ધર્મ મ્હને જે કાંઇ તે મ્હારે કરવુંજ જોઇએ, એવો પક્કો નિશ્ચય કરી તેણે એક નનામો પત્ર રાજનગર કાન્ત ઉપર લખી રતિકાન્તના જાનની સલામતિને માટે ઘટતાં પગલાં લેવા ચોક્કસ સૂચના કરી દીધી. કારણ એ જાણતો હતો કે: ગમેતેમ પણ કાન્ત પરગજુ માણસ હોવા ઉપરાંત તેને અને રતિકાન્તને સામાન્ય સ્નેહ સંબંધ છે, પણ એ તેની જાણ બહાર ન્હોતુંજ અને તેથીજ તેણે અનિચ્છાએ પણ કાન્તને આ પ્રમાણે પત્ર લખ્યો. વળી પાછો ટોપી પહેરીને એ પત્ર પણ પોસ્ટમાં નાંખી આવ્યો. આવીને માથેથી ટોપી ઉતારી ત્યાં પાછળથી પવિત્રી સહિત સુરેન્દ્ર. પ્રમોદરાય, પાર્વતિશંકર. સન્મુખરાય વગેરે આવી પહોંચ્યા. કપડાં ઉતારતાં સુરેન્દ્રે કહ્યું: "બાપુજી! સાથે પાર્વતિશંકરજી અને સન્મુખમામા હતા તે ઠીક કામમાં આવી ગયા. નહિ તો આ શહેરમાં એવા વિશ્વાસુ જામીન ક્યાંથી લાવીએ?" એ સાંભળીને પ્રિતમ ચમક્યો કે: એ લુચ્ચાએ મ્હોટા ભાઇને ગળે ટાંટિયા ભરાવ્યા લાગે છે! નથીને એ વંઠેલીને રસ્તો પકડાવ્યો તો મ્હોટા ભાઇના પૂરા ભોગ મળશે. અરે! કોરટોમાં મુદ્દતો પડે! અને રાજનગરથી મુંબાઇ અને મુંબાઇથી રાજનગર કરવાં એ તે કંઇ ઓછી વાત છે? હવે એનું થાય પણ કેમ? કારણ, કશુંએ પૈસા વગર બને છે? આ પ્રમાણે વિચાર કરતો પ્રિતમ એક સ્થળે એની મેળે બેસી રહ્યો છે. પવિત્રીનું મ્હોં સરખું જોવાની હવે તેને ઇચ્છા નથી. પવિત્રીતો ક્યારની આવી ત્યારની એક ખુણે બેઠી બેઠી સહજ આછું ઓઢ્યું ન ઓઢ્યું કરીને પ્રિતમની સ્હામે દૃષ્ટિ ફેંકી રહી છે પણ એ જરીકે આંખ

ઉંચી કરે ત્યારેને ? એ જોઇને પવિત્રીને કંઇ કંઇ થઇ ગયું પણ આટલા માણસોમાં શું કરે ? બાકી તો ક્યહારનીએ જઇને પ્રિતમનો કાન પકડીને ઉભી રહી હોત ! આટલી ફજેત થવા છતાં હજી તો માથે કાગચક્ર કરેલું જાણે છે: છતાં તેના મ્હોં પરથી તો જાણે કંઇજ બન્યું નથી એ પ્રમાણે નફ્ટ-નિર્લજ્જની માફક ચાળાચટકા હાહાહીહી કર્યા કરે છે, કે: કંઇ કરતાં પ્રિતમ ઉંચું જુવે છે ! એટલામાં તો લાજમાંથી ભાણાં લેવા ગયેલો સુરેન્દ્ર આવ્યો. આવીને તેણે સહુને જમવા બેસવાની સૂચના કરી. પ્રિતમને અને પાર્વતિશંકરને શનિવાર હોવાથી ઘણો આગ્રહ કરવા છતાં તેમણે ન ખાધું. એતો સાંજનાજ જમીશું કહીને પતાવ્યું અને બાકી દરેક સારી રીતે સાંજનાં વાળુ-પાણીના પણ કસર રાખ્યા વગર ઝાપટી લીધું. બાદ પાર્વતિશંકરે પ્રમોદરાયને પ્રશ્ન કર્યોઃ "કેમ રાયજી ! તમારે આજ મેલમાં નિકળ-વાનો વિચાર છે કે: રહેવું છે ?" પાર્વતિશંકરના પ્રશ્નનો પ્રમોદરાય જવાબ આપે એ પહેલાં સુરેન્દ્રએ જવાબ આપી દીધોઃ "નાના, મ્હારા બાપુજી અને મામાશ્રી તો અમણે આઠેક દિવસ અહીંજ રહેશે, પાછા આઠ દિવસે તમારે પણ અહીં આવવું તો પડશેજને ? પણ ગભરાશો નહિ, મ્હારે જરી અગત્યનું કામ છે એટલે હું કદાચ તમારી સાથે અમદાવાદ આવીશ ખરો ! આથી પાર્વતિશંકરના જીવને નિરાંત થઇ. કારણ જીંદગીમાં બિચારા જીવ મુંબાઇ જોયેલી નહિ અને આજે આવ્યા તે શેઠની રજાએ લીધા વગર અને તે પણ આવા કામે એટલે એમનાથી રહેવાય એવું પણ ન્હોતું પરન્તુ સુરેન્દ્રએ અમદાવાદ સાથે જવાની વાત કરી તે ઉપરથી પ્રિતમ તૂર્ત સમજી ગયા કે: ગમે તેમ કહો પણ એ નાદાન સુંદરલાલના લખવા મુજબ રતિકાન્તનો ઘાટ કરવાજ જતો હશે: એમાં મિનમેખ નહિ. તેણે બોલ્યા ચાલ્યા વગર

મનથી ધીક્કાર આપ્યો. વળી પાછું કંઈક સાંભળી આવતાં સુરેન્દ્રએ કપડાં લત્તાં ઉપર નજર કરતાં પ્રશ્ન કર્યો: અરે! પણ પ્રિતમરાય! સુંદરશેઠ ક્યારના આ કપડાંલત્તાં અહીં પડ્યાં છે ને ક્યાં ગયા છે? 'પ્રિતમ, જાણે કે: પોતે એ સબંધમાં કંઈજ જાણતો નથી એવો ડૉળ કરીને, તેણે જવાબ આપ્યો: "ભગવાન જાણે કે એ ક્યાં ગયા હશે. હું આવ્યો ત્યારના મ્હેં પણ એમને જોયા કર્યા નથી. સુરેન્દ્ર મહા વિચારમાં પડી ગયો કે: સાળાં કપડાં ટોપી બુટ સુદ્ધાં અહીં છે, ત્યારે એવાતે ઉઘાડે શરીરે ક્યાં ગયા હશે? ચાલોને આવશે એતો સાંજ સુધીમાં ગમે ત્યાંથી કહી સુરેન્દ્રએ પતાવ્યું. એટલે પવિત્રીથી વચ્ચે બોલ્યા વગર ન રહેવાયું. એણે તાડૂકીને કહ્યું:" જાઓ જાઓ, શું આવશે સાંજરે? જરી અહીં તહીં તપાસ તો કરો! સાળી દુનિયાં એ છે "સ્વાર્થ સર્યો એટલે વૈદ્ય વેરી" જુવો! પવિત્રીની આ વકિલાત સાંભળીને પ્રિતમનું મગજ ફરી ગયું, પણ બોલવાનો વખત નથી સમજી ભાગ એના કહી મૌન રહ્યો અને ઉઠવાની ઇશારત કરતાં પાર્વતિશંકર ઉઠીને ઉભા થયા. "લ્યો, ત્યારે સાંજના સ્ટેશનપર મળીશું." કહીને પાર્વતિશંકર અને પ્રિતમે ચાલવા માંડ્યું. તેમના ગયા બાદ સુરેન્દ્રએ હળવે રહીને સુંદરલાલનાં ખીસ્સાં પાકીટ સંભાળી જોયાં પણ બેચાર રૂપિઆ વગર બીજું કંઈજ હાથમાં ન આવ્યું. એટલે એણે એની મેળે અમણે સુન્દરલાલ આવી ચડશે તો ફજેતી થશે માની પાછું હતું એમ જ્યાંનું ત્યાં મૂકી દીધું, અને પોતે અમદાવાદ જવાની તૈયારીઓ કરવા લાગ્યો. સુરેન્દ્ર એના વિચારમાં પડ્યો. પવિત્રી એના તરંગે ચડી અને પ્રમોદરાય અને સન્મુખલાલ બન્નેના છેવટની અવસ્થામાં એક વખત સુખે કે દુઃખે મુંબાઈ તો જોઈ કહેતા એ પણ આકાશ પાતાળની વાતોએ વળ્યા.

સપ્તદશ પરિચ્છેદ.

રામ રાખે તેને કોણ ચાખે?

“કેવળ ઈશ્વરજ મહાન્ છે. તેની ઇચ્છા એજ સાચી ઇચ્છા છે.”

પ્રાત:કાળનો પરમ શાંતિપ્રદ સમય છે. પક્ષિઓના મધુર કલરવથી વનપ્રદેશ ગાજી રહ્યો છે. આકાશ કેવું સુંદર નિર્મળ જણાય છે! એક પછી એક જળ ભરવા દોડી જતી વાદળિઓ જોવામાં તો ઘડીભર જીવનું ભાન પણ ભૂલી જવાય એમ છે! ચારે કાંઠે ભરેલી પતિત પાવની નિર્મલજળવાહિની માતેશ્વરી નર્મદા ખળખળ નાદ કરતી વહન કરી રહી છે. ધર્મપર્વથી ભરેલો શ્રાવણ માસ એટલે સ્હવારના સાડા ચાર પાંચ થયા ન થયા ત્યારથી તો સ્નાન ધ્યાન–દાન કરવાને માટે આવે જતાં ધર્મપ્રાણ હિન્દુ નર-નારીના કોલાહલથી સરિતાતટ ગાજી રહ્યો છે. પ્રકૃતિદેવી કેવળ આહ્લાદજનક મનોમુગ્ધકર શાન્તિ–મૂર્તિ ધારણ કરી જાણે ચારે દિશામાં વિહાર કરી મુક્ત હૃદયે શાન્તિપ્રદાન ન કરી રહી હોય એવું પ્રત્યક્ષ થાય છે. એ સમયે એક હોડી બે બાળકોને પોતાની છાતી પર ધારણ કરી આ પારથી પેલે પાર જવાને પ્રયાણ કરી રહી છે. બે બાળકોમાં એક છોકરો અને બીજી છોકરી છે. છોકરાની ઉમ્મર લગભગ બારેક વર્ષની છે અને છોકરીનું વય કંઇક નવેક વર્ષનું હશે. નિર્દોષ આનંદ કરતાં આ ભાઈ બ્હેન હમેશના નિયમ મુજબ પુલના નીચે પોતાની હોડી હંકારે જતાં હતાં, કારણ જતી આવતી ગાડિઓમાંથી ભાવિક સ્ત્રીપુરૂષો પૈ પૈસો ફળફૂલ જે નાંખે

તેમાંનું કંઈને કંઈ કોક વખત મળે તેથી આજ પણ ગાડીની ગાદ જનો પેલો છોકરો ઉંચી ડોક રાખી હોડી હંકારે જતો હતો. એમને એમ હોડી હંકારતાં ગાડી નર્મદાના મધ્ય ભાગમાં આવી પહોંચી ત્યાં બાલિકાની દૃષ્ટિ સ્થિર થઇ ગઇ. તે મહા વિચારમાં પડી ગઈ: તેણે હાથથી ગોદો મારી તેના ભાઇની દૃષ્ટિ કિનારાથી થોડેક છેટે પડેલી કોઇ એક આકૃતિ તરફ ખેંચી. એ જોતાની સાથે બાળક વિચારમાં પડી ગયો, તે મહા આશ્ચર્ય પામ્યો. તેણે તુર્ત પોતાની હોડી કિનારા તરફ હંકારી. હોડી જેમ જેમ આગળ વધતી ગઈ તેમ બાલિકાની એ કૌતુક જોવાની આતુરતા પ્રબળ થતી ગઇ. એ એના ભાઈને જોરથી હલેસાં મારવા કહેવા લાગી, પણ આખર તો એ પણ અગીઆર વરસનો ન્હાનો બાળકજ હતો ! જરી બ્હેનના ત્રાસથી કંટાળતો ત્યારે તેણે કહ્યું: "શાવલી ! છાની રહે, છાલ છોડને. એ તો કોક માંણસ બાંધેલું જણાય છે !" વચમાંજ શાવલીએ કહ્યું: ભાઇ ! એ તે જીવતું છે કે: મરેલું ! "ભાઇએ કહ્યું:" અલી શાવલી ! બ્હેન ! આતો કોઈ બૈરૂં માણસ જણાય છે–દેખાય છે કોઈ ભાયગશાળીના ઘરનું," ભાઇ બ્હેનની વાતચિત પૂરી થઇ અને હોડી કીનારે આવી પહોંચી. બન્ને ભાઇ બ્હેન તેની નજીક ગયાં. તેના શ્વાસોચ્છવાસ પરજ તેમને ખાત્રી થઇ કે: કહો ના કહો પણ બાઇ જીવતી છે. ભાઇ બ્હેને મળીને તેના બંધ છોડી નાંખ્યા બાળકે કહ્યું: હરે ! રામ રામ ! આમ કયાંથી થયું હશે ? આખું શરીર લોહીથી લદબદ થઇ ગયું છે ! ચાલ, આ ફાળીયું શા કામમાં આવશે ? કહી છોકરાએ પોતાનું ફાળીયું માથા પરથી ઉતારી તેના બે ચાર કકડા કરી નાખ્યા અને નર્મદાના પવિત્ર જળથી તેનું આખું શરીર ધોઈ. લોહી નાખ્યું. સાક્ષાત જગદંબા જેવી સુંદર વસ્ત્રાલંકારથી ભરેલી એ સ્ત્રીને બેભાન જોઇને

એ બન્ને ભાઈ બ્હેનની આંખમાં આંસુ આવી ગયાં. ઉપરથી ઉજળી પણ કાળાં કાળજાંવાળી વસ્તીનો એમને રંગ નહી ચડેલો એટલે શરીર પર ફાટ્યાં તૂટ્યાં કપડાં છતાં આ અચેત સ્ત્રીના શરીર પરનાં હજારો રૂપિયાનાં ભૂષણ જોવા છતાં તેમને તેનો ખ્યાલ સરખો ન આવ્યો. ખ્યાલ આવ્યો કેવળ તેની કરૂણાજનક અવસ્થાનો: અને તરતજ ઘરનું કામ કોરાણે મૂકી એ બન્ને ભાઇ બ્હેને એ સ્ત્રીને મહા મહેનતે હોડીમાં નાંખી હોડી પાછાં આવ્યાં હતાં તે તરફ હંકારી. જોત જોતામાં હોડી કિનારે આવી પહોંચી. કીનારે આવીને તેણે "ભા" "ભા" કરીને હાંક મારી; ત્યાં થોડેક છેટે ખેતરમાં કામ કરતા ખેડુતને કાને એ અવાજ આવ્યો. હોડીમાંથી ઉતરી પેલી બાલિકા પણ ઝટપટ દોડતી જઇને પેલા સામે ચાલ્યા આવતા ખેડુતને જઇ મળી અને હોડી નજીક આવતા પહેલાં તેણે કેટલુંક કહી નાખ્યું. ખેડુત હોડી પાસે આવીને ઉભો રહ્યો. એ બાઇની એ દશા જોઇ એણે પણ, હરે રામ રામ ! કહી એક નિઃશ્વાસ મૂક્યો. તેણે પૂછ્યું: "બાપા ! આ કોણ, અને તું ક્યાંથી લાવ્યો ?" એટલે છોકરાએ અથથી તે ઇતિ સુધી બધી વાત કહી નાંખી. ખેડુતના જીવને આનંદ થયો. એ બન્ને ભાઇ બ્હેનને તેણે ધન્યવાદ આપ્યો. તેણે કહ્યું: "ઠીક કર્યું બાપા ! જા, બોલાવ્ય તારી માને આપણે એ બાઇને જાળવીને આપણે ત્યાં લઇ જઇને એનો જીવ જરીક ઠેકાણે આવે એવું કરીએ. ભગવાન કરશે તો, એ તો હઉ હારાં વાનાં થશે. બાલિકા એની માને બોલાવા ગઇ. થોડી વારમાં તો ભાઠામાંથી બીજાં પાંચ સાત માણસો ત્યાં આવી પહોંચ્યાં. સર્વેએ મળીને જીવની પેઠે ખાટલામાં નાખી એ બાઇને લઇ જઇ એક ન્હાની ઝુંપડીમાં ઉતારી. ખેડુત અને બીજાં માણસોએ મળીને વિચાર કરી આજુબાજુથી કંઇ કંઇ

જાતની વનસ્પતિ લાવી, એક બે તેને પિવરાવી, બીજી વાટી લસોટીને તેને જ્યાં જ્યાં વાગેલું જણાયું ત્યાં લગાવી બાંધી. એટલામાં ખેડૂતણ એક મ્હોટી માટીની શગડીમાં દેવતા ભરી લાવી અને ઘણી ઘણીયાણી ભાવપૂર્વક તેને શેક કરવા લાગ્યાં. ભાઇબ્હેનમાંથી એક માથે અને બીજું પાંગોઠે બેસીને માંખ્યો ઉડાડવા લાગ્યાં. ખાવાપીવાનું ભૂલી જઇને આ અજ્ઞાન ખારવાના કુટુંબે પોતાના જીવની માફક એ બાઇની સેવા કરવા માંડી, કે હમણાંજ આંખ ઉઘાડશે—પ્રભુ કરશે તો હમણાં બોલશે. બાળકો એકી ટસે એના મ્હોં સ્હામે જોઈ ઘડી ઘડી માબાપને પૂછતાંજ રહ્યાં: "બાઈ ક્યારે બોલશે ?" "ક્યારે આંખો ઉઘાડશે ?"

સંસારમાં સુધરેલા ગણાતા, ખાલી જ્ઞાન અને ડહાપણમાં પોતાની જનની ગળી ગએલી માનતા અને બળાત્કારે મનાવતા, સેવા અને ભક્તિની સમાજો અને મંડળો સ્થાપી કેવળ ભાષણો ઝાડનારાઓને સાચી સેવા—ભક્તિનાં સ્વપ્ન પણ ક્યાં આવે છે ? પરમાત્માએ આપેલી તન મન અને ધન એ ત્રિવિધ શક્તિનો ઉપયોગ યથાર્થ રીતે સેવામાં થાય એ પ્રારબ્ધ વગર બનવું મહા કઠણ છે. સેવા—સમાજો સ્થાપિ સેવાના બ્હાના નીચે રાત દિવસ સમાજનો સંહાર કરવાનીજ નિરંતર માળા જપ્યા કરતા પામર મનુષ્યોને જો સેવા—ધર્મ—ભક્તિનો એકડો શિખવો હોય તો આવા અભણ—અજ્ઞાન—નિર્ધન જણાતા છતાં ભલભલા દાનેશ્વરીને પણ અદેખાઇ આવે એવા નિઃસ્વાર્થ—કર્ત્તવ્યપરાયણ—ઉદાર દિલના આવા ખેડુતને ચરણે માથું નમાવી દિક્ષા લેવાની જરૂર છે. ગરીબને જોઇને તેનાથી દૂર રહેનારા, મુર્ખને જોઇને તેને હસી કાડનારા, રોગીને જોઇને તેની પાસે જતાં મ્હોતથી બ્હીને ભારે ભડકી

જનારા અને બરોબરીયા કે: પોતાનાથી અધિક સમૃદ્ધિવાન કે ગુણ અને જ્ઞાનમાં વધારે જણાતાને જોઇ નિરર્થક ઇર્ષ્યાગ્નિમાં બળી જનારા પામર આત્માઓથી યોગીઓને પણ પરમ દુર્લભ એવી મોક્ષપ્રદાયિની મહાસેવા હજારો ગાઉ દૂર છે. મ્હારૂં ત્હારૂં ભૂલી પ્રાણી માત્રમાં પરમાત્માનું પરમ ચેતન જોનારા, માનાપમાન અને કામ-ક્રોધથી રહિત મનુષ્યોજ સંસારમાં યથાશક્તિ સેવા કરી શકે છે; તેમને નથી સમાજોની જરૂર કે તેમને નથી મંડળોની જરૂર. તેમને નથી પૈસાની જરૂર કે તેમને નથી પ્રતિષ્ઠાની ભૂખ ! એતો એમની મેળે આ કંગાલ ખેડુતની માફક જગતના એક ખુણામાં પડ્યા પડ્યા વગર બોલે ચાલે મ્હારૂં ત્હારૂં એ ભેદ ભૂલીને અસહાય અને અતિથિની સેવા કરી જીવન સફળ કરે છે-પરમ કલ્યાણનાં અધિકારી થાય છે ! સેવાને માટે સમાજ અને સમયની જરૂર નથી. સેવાને માટે તો કેવળ હૃદયની જરૂર છે. એવી સુરદુર્લભ સેવાની વર્તમાન યુગમાં ખાલી પોકો પાડનારા પામર આત્માઓને માટે એક સ્થળે ઠીકજ કહ્યું છે કે:-

ભારત-સેવા શું કરશેરે, જન જે છે મિથ્યા માની.
વાણીમાં અમૃત ભાળો, વર્તનમાં મીંડું વાળો;
નિવડશે અન્તે ન્હાણુંરે, એ લુણ હરામી-ભારત૦
સેવાની પાટી પોકો, ભરમાવી ભોળા લોકો;
કરતા ચોરીના ચોકોરે, એ લુણ હરામી-ભારત૦
પાથરે પ્રપંચી જાળો, કરી કંઇક બતાવે ચાળો;
(સ્વાર્થ) સરતાં કહેશે મોઢાં વાળોરે, એ લુણ હરામી-ભારત૦
શાને પગ રોજ પખાળો, બક ઠગનાં મોઢાં બાળો;
જોવામાં સાપ સુંવાળોરે, એ લુણ હરામી-ભારત૦

ગરીબ ખેડૂત કુટુંબની નિઃસ્વાર્થ સેવાના પ્રભાવથી પૂરા પાંચએક કલાક પછી એ બાઇએ "ઓય ઓયરે" એટલો અવાજ કર્યો. હવે સર્વના જીવમાં જીવ આવ્યો. વળી પાછો કલાક થયો ન થયો ત્યાંતો તેણે આંખ ઉઘાડી, આસ્તે આસ્તે પોતાની આશપાશ દૃષ્ટિ ફેરવવા માંડી. જણાય છે કેઃ બોલવાની ઇચ્છા છતાં અશક્તિને લીધે એ કંઇ બોલી શકતી ન્હોતી. બાળકોના જીવને આનંદ આનંદ થઇ ગયો! અધીરાઇથી બાળકોએ પૂછ્યુંઃ મા! બાઇ બોલતાં કેમ નથી? રૂપાની ઘંટડી જેવા બાળકોનો પ્રેમ ભર્યો મધુર અવાજ તેના કાનમાં જઇને અથડાયો. તેણે તેના ઉપર દૃષ્ટિ સ્થિર કરીઃ "હેં..." માત્ર એટલોજ ઉચ્ચાર કર્યો. હવે તેની સ્થિર દૃષ્ટિ કંઇક ચપલ બની. ઉત્સુકતા ભરેલી દૃષ્ટિએ એ ચારે તરફ જોવા લાગીઃ તેને થયુંઃ હું કોણ? આ લોકો કોણ? અહીં કેવી રીતે આવી ચડી? આ ગામ કયું–આ ઘર કોનું? આ બધું શું? તેના સ્મૃતિપટ ઉપર ભૂતકાળ તરી આવ્યો. તેની આંખમાં પાણી ભરાયાં, અને પુનઃ તેણે "હરે કૃષ્ણ"! કરીને આંખો બંધ કરી દીધી.

વાંચકને એ જણાવવાની જરૂર નથી કેઃ આ બાઇ એ કોણ? એ એજ સુંદરલાલની ધર્મપત્ની, પવિત્રીની બ્હેનપણી અને આજ દૈવેચ્છાથી આ ખેડૂતકુટુંબના આશ્રય નીચે આવી પડેલી અનાશ્રિતા–રમણિકુલમણિ સાધ્વી સુલોચના!

કેટલીક વારે સુલોચનાએ પુનઃ આંખ ઉઘાડી. ખેડૂતની સ્ત્રીએ તેના સહામે નજર કરીને પ્રશ્ન કર્યોઃ "બા! હવે કેમ છે તમને?" સુલોચનાએ જાણે કંઇક સમજી હોય એ પ્રમાણે હળવેથી કૃતજ્ઞતા પ્રકટ કરતાં પ્રત્યુત્તર આપ્યોઃ "માતા! ઠીકછે મ્હને." જીજ્ઞાસા થતાં સુલોચનાએ પ્રશ્ન કર્યોઃ પણ તમે કોણ છો? મ્હને અહીં કોણ

લાવ્યું-ક્યાંથી લાવ્યાં? જવાબમાં ખેડુતે તમામ હકીકત ધીમે ધીમે કહી સંભળાવી. સુલોચના સમજી ગઇ. તેને થયું કે: પ્રભુએજ મ્હને બચાવી. તેણે અશક્ત છતાં બે હાથ જોડી પ્રભુનો પાડ માન્યો. તે સાથે ખેડુત અને તેની પત્નીને પણ હાથ જોડી રહ્યાં. એ જોઇ ખેડુત પતિ-પત્નીના હૃદયમાં તેના ઉપર પુત્રીવત્ વાત્સલ્ય ભાવ ઉપજી આવ્યો, આંખમાં પાણી ભરાઇ આવ્યાં. ખેડુતે કહ્યું: "કંઇ નહિ બેટા! તારૂં ઘર છે. પ્રભુ તને આરામ કરી દેશે. બાપા! અમેતો જડ જેવા ગરીબ લોક છીએ. સુલોચનાએ બાલિકાનો હાથ ઝાલી આંખ સાથે લગાવ્યો. સ્નેહથી ચૂમ્યો અને તેના સ્હામું જોતી રહી. છોકરાને પણ ભાવથી ખાટલાપર બેસાડ્યો. આ ભાઇ બ્હેનને તો જાણે ઘેર સ્વર્ગ આવ્યું! એક શરીર પર હાથ ફેરવે અને બીજું માંખો ઉડાડે. એતે કેવું દ્રશ્ય? રાજસ અને તામસ વાતાવરણથી ભરેલા બાગ બંગલા અને ભાડુતી દાસ દાસિઓની પૈસની લાલચ થતી સેવા ચાકરી, અને આ સાત્વીક ઝુંપડી અને ઇશ્વરના ઘરનાં સાત્વીક-અતિથિ-અનાશ્રિતમાં ઇશ્વર દર્શન કરનારાં, એમને જોઇને ગાંડાં ઘેલાં થઇ જનારાં દીન-જનોની દંભ અને ડોળથી રહિત લુખી પણ ભાવભરી સેવા અને આતિથ્યનો લ્હાવ જેમણે એક વખત લીધો છે તેઓજ એ સ્વર્ગીય જીવનનાં પુનઃ પુનઃ સ્વપ્ન અનુભવી એ સુખપ્રાપ્તિને અર્થે ટળવળ્યા કરે છે. એ ટળવળાટની કિમ્મત કોઇક વિરલાજ કરી શકે છે.

પાર વગરની અશક્તિ અને અનિચ્છા છતાં ખેડુતાણુ દુધની બાજરીની એક બાખરી કરી લાવી ખાવાનો આગ્રહ કરતી ઉભી રહી. દંપતીના અત્યાગ્રહને લીધે સુલોચનાએ એક જરીક મોંહાંમાં મુકી બાળકોને વ્હેંચી આપી. બાળકો વાતો કરતાં ખુશી થતાં

ખાવા લાગ્યાં અને પતિ-પત્ની જરી કામે વળગ્યાં.

દિવસે દિવસે સુલોચનાને આરોગ્ય પ્રાપ્ત થવા માંડ્યું. રાજ મહેલ જેવા બંગલામાં રહેનારી, દાસ દાસીઓ નોકરચાકર સાથે મોટર-ગાડીઓમાં રાતદિવસ મોજ કરનારી, નિત્ય નવાં નવાં મન ભાવતાં ભોજન જમનારી સુલોચનાને આ રંકની ઝુંપડી અને તેમનાં સાત્વીક ભોજન, પાપ પ્રપંચ વગરની નિખાલસ હૃદયની સીધી સરળ વાતોએ મુગ્ધ બનાવી મૂકી છે. હવે તો સુલોચના આસ્તે આસ્તે બેચાર ડગલાં ચાલી શકે છે. તેણે માની લીધું છે કે: મ્હારાં પૂર્વનાં માત-પિતા વગર મ્હારા આવા કઠણ કાળમાં મ્હારી આવી બરદાસ્ત કરી મ્હને આવું જીવતદાન કોણ આપે! તેને થયા કરે છે કે: પ્રભુ! એમના આ મહાન ઉપકારનો બદલો હું કેવી રીતે વાળી શકીશ? જેમના હૃદયમાં લોભ અને તૃષ્ણાનું, તુચ્છ ભોગ અને વિલાસની સર્વનાશ-કારિણી લાલસાનું નામ નિશાન ન મળે, એમને માણસ કોણ કહે? એવાં માણસ અને દેવમાં ફેર શો? જ્યાં મ્હારૂં ત્હારૂં કે અણુમાત્ર બદલાની આશા ન મળે, જેમના મ્હોંથી કેવળ સ્નેહભર્યા નિર્મળ શબ્દો વગર ઉપરની બનાવટિ માયાજાળ ન મળે એને શું!

સાંજ સ્હવાર શીવી અને તેનો ભાઇ હવે તો સુલોચનાને બા બ્હેન કરતાં હળવે હળવે હાથ પકડીને હોડીમાં બેસાડી મીઠી મધુરી વાતો કરતાં થોડેક છેટે સુધી ફરવા લઇ જાય. આજુબાજુ ગાઉ બબ્બે ગાઉ જઇને જે કંઇ ફળ મળે તે લાવીને તેની આગળ મૂકે: આખા દિવસની મહેનત મજૂરી કરીને થાકી ગયેલા ખેડુતો ભેગા મળીને સુલોચનાના ખાટલાની પાસે ટોળે મળી મંજીરા અને એકતારો લઈને ભજનની ધૂન મચાવ્યા કરે. સુલોચનાને તો એ ભજનની ધૂન ચાલતી હોય ને ઘેરી ઉંઘ આવી જાય!

એક દિવસ સુલોચના શીવીને પાસે બેસાડી પૂછવા લાગી: "બ્હેન! તું મ્હારે ત્યાં આવીશ કે?"

શીવીએ કહ્યું: "હા, બાબ્હેન! કેમ નહિ આવું? પણ ફરી પાછાં તમે મ્હારી સાથે અહીં આવશોને? તમે ન આવો તો અમને ન ગમે.."

શીવીના પ્રેમાળ શબ્દોથી સુલોચનાનું હૈયું ભરાઇ આવ્યું. તેણે કહ્યું: "હા બ્હેન હા! હું જરૂર અહીં આવીશ." શીવીને બિચારીને શી ખબર કે: સુલોચના કોણ અને એ વળી અહીં કયાંથી?

સુલોચનાએ તેના માથે હાથ ફેરવતાં પૂછ્યું: "પણ બ્હેન! પેલી ત્હારા ગળામાં વાંસડી હતી તે કયાં ગઇ?" એ સાંભળીને બાલિકાએ કહ્યું: "એ તો આજે સ્હવારે આપણા ભા શહેરમાં જઇને વેચી આવ્યા: અને આપણે સારૂ જણશભાવ લાવ્યા" એટલું કહીને એ ઉદાસ થઇ ગઇ. સુલોચનાએ કહ્યું: "પણ બા! એના વગર ઠીક નથી દેખાતું; લે એને બદલે હું તને બીજું કંઇ આપું?" કહીને સુલોચનાએ પોતાના ગળામાંનો સાચાં મોતિનો કોલર કાઢી બાલિકા "ના, બ્હેન બા! ના. બ્હેન બા!" કરતી રહી અને પ્રસન્નચિત્તે પહેરાવી દીધો. એ પહેરીને શીવી એની મા પાસે ગઇ. એ જોતાંજ માએ તેને પૂછ્યું. તેના જવાબમાં શીવીએ બનેલી વાત કહી સંભળાવી. માતા એને લઇને સુલોચના પાસે પહોંચી અને શીવીના ગળામાંથી કાડવા લાગી. સુલોચનાએ એ કાડવા ન દીધો અને સમ ખવરાવી તેને તેમ કરતાં રોકી. શીવીની મા લાચાર બની ગઇ: તેણે કહ્યું: "બાપ! અમને જાડાં મજૂર માણસને આ ન શોભે!" એ પ્રમાણે વાતચિત ચાલતી હતી એટલામાં શીવીનો બાપ આવી પહોંચ્યો. આ રકઝકનું કારણ પૂછતાં તેની સ્ત્રીએ સમજણ પાડી. એ સાંભળીને ખેડૂતે હાથ જોડીને આજીજી કરી. તેણે કહ્યું: "જા બેટા જા! તું મ્હારી દીકરી જેવી!

મ્હારાથી એ લેવાય! મ્હારે મરવું ન પડે? અમ ગરીબને કંઈ આપવા ન મળે અને લેવાનું! નારે, બાપા! ના."

ગરીબ છતાં અમીર સ્વભાવના આ ખેડુત કુટુંબની ખાનદાની અને વિવેકવિચારે સુલોચનાને મંત્રમુગ્ધવત્ બનાવી દીધી. તેણે પગે લાગીને પ્રાર્થનાપૂર્વક: "મ્હોટી બ્હેન ન્હાની બ્હેનને ન આપે કે ભા!" કહીને સમાધાન કર્યું. ખેડુતના આત્માને આથી મહા કષ્ટ થયું, પણ કંઈ ન વળવાથી "જા ભા જા" કહીને ચાલ્યો ગયો.

આજ બે દિવસથી સુલોચનાના આત્માને ચેન નથી: તેને દુઃસ્વપ્ન આવે છે. ક્ષણે ક્ષણે તેનું ડાબું અંગ ફરક્યા કરે છે. તેનો આત્મા અંદરથી બળ્યા કરે છે. એને થાય છે કે: કહો ન કહો પણ ઘર આગળ કંઈક ભયંકર પ્રસંગ ઉપસ્થિત થયો હોવો જોઈએ. જ્યારે સુલોચના એકની બે ન થઈ અને રાત દિવસ કલ્પાંત કરવા લાગી ત્યારે નિરૂપાયવશ થઇ ખેડુતે તેને જવાની અનુમતિ આપી. સુલોચનાએ તેમને સંતોષવાને માટે પોતાનાથી બને એટલાં વાનાં કર્યાં. પોતાને કદિ ન ભૂલવા માટે અને જે વાત્સલ્ય ભાવે આશ્રય આપી જીવાડી એવો ભાવ હમેશાં રાખવા આજીજી કરી. સુલોચનાને કંઈ લેવા કરવાનું કે: તૈયાર થવાનું ન્હોતું, એ એની મેળે તૈયાર થઇ ગઇ! સુલોચના ઝુંપડીની બ્હાર નિકળી ત્યાં આજુબાજુનાં બીજાં માણસો ત્યાં આગળ આવી પહોંચ્યાં, અને કિનારા સુધી વળાવા આવ્યાં. ભાઈ બ્હેન તો ક્યારનાં હોડી આગળ બધાંની રાહ જોતાં ઉભાં હતાં. ઝુંપડીની બ્હાર નિકળતાં ખેડુતે સુલોચનાના હાથમાં પાંચ રૂપિયા મૂકયા! જેણે આટલી સેવા કરી જીવાડી તેની ઇચ્છાને તાબે થયા વગર તેનો છૂટકોજ ન્હોતો એટલે તેણે તે ભાવપૂર્વક બોલ્યા ચાલ્યા વગર લઇ લીધા અને સહુ આંગણામાંથી હોડી આગળ

આવી પહોંચ્યાં. બાલિકાએ "બ્હેન બા આવો!" કહેતાં સુલોચનાએ હોડીમાં સ્થાન લીધું. સાથે ખેડુત અને તેની પત્ની પણ બેઠાં. ભાઇ બ્હેને હોડી હંકારી અને સામે કિનારે આવી પહોંચ્યાં. ત્યાંથી શહેરમાં આવી સુલોચનાએ એક ગાડી ભાડે કરી લીધી. બધાંય એમાં બેસી સ્ટેશન તરફ રવાના થયાં. ગાડી સ્ટેશનપર આવી પહોંચી, અને સર્વ ઉતરી પડ્યાં. ગાડી આવવાને કલાકેકની વાર હતી. સહુ એક સ્થળે બેઠાં. સુલોચના જેવી યુવાન રૂપવતી અને લક્ષ્મીવાન યુવતીને આ ખેડુત કુટુંબની સાથે છૂટથી સ્નેહપૂર્વક વાતો કરતી જોઇ આજુ-બાજુનાં માંણસો મહા આશ્ચર્ય પામવા લાગ્યાં. પાસે બેઠેલાં એક યુવક-યુવતીએ પૂછ્યું: બ્હેન! ક્યાંથી આવો છો અને આ કોણ છે?" સુલોચનાએ કહ્યું: ભાઇ! હું અહીંથીજ આવું છું. આ મ્હારાં પૂર્વનાં માત-પિતા છે. અને "તમે કોણ છો અને ક્યાં જાઓ છો ભાઇ?" સુલોચનાના જવાબથી આશ્ચર્ય પામી તેણે કહ્યું: "બ્હેન! અમે વાણીઆ છીએ, કંઇ દુઃખની વાત કરવા જેવી નથી. મહા મુસિબતે બે દિવસની રજા લીધી છે. મુંબાઈ જવું છે."

સુલોચનાએ આશ્ચર્યવશ થઇને પૂછ્યું: "ભાઈ! એવું તે શું ખાસ કામ છે? કોઇ સગુંસબંધી માંદુ હશે?"

"ના, ના બ્હેન! શું કહીએ? અમદાવાદના એક શેઠને ત્યાં મ્હારા સસરા પાંચપચીસ વર્ષથી મુનિમ છે. શેઠના દિકરાએ કોઇ એક વંઠેલ સ્ત્રી સાથે મુંબાઈ જતાં એની પોતાની સ્ત્રીને કોણ જાણે શું કર્યું તેનું ઠેકાણું નથી! એમને માથે ખુનનુ ત્હોમત આવ્યું છે, અને તેના જામીન થઇને મ્હારા સસરાએ એને છોડાવ્યો ત્યાં ધર્મ કરતાં ધાડ થઇ છે. એ અકરમી મ્હૅાતની બીકે કોણ જાણે ક્યાં નાસી ગયો છે તેનો પત્તો નથી, હવે કાલ તેનો છેવટનો ચૂકાદો છે, ઈશ્વર જે કરે તે ખરૂં.

આ તેથી અમે બન્ને મળવા જઈએ છીએ."

સુલોચનાએ ગંભિરપણે યુવકની તમામ હકિકત સાંભળી લીધી. વાત સાંભળતી વખતે તેના મ્હોં પર અવનવા ફેરફાર થતા ગયા, છતાં બિચારાં ચિન્તાગ્રસ્ત યુવક-યુવતીને તેની કંઇ ગમ પડી નહિ. યુવતીએ રોઇ રોઇને આંખો સુજાડી દીધી છે. એ જોઇને સુલોચનાએ એને આશ્વાસન આપ્યું. તેણે કહ્યું: બ્હેન! ઇશ્વર ઉપર ભરોસો રાખો. એ જરૂર તમારા પિતાનું રક્ષણ કરશે. તમારા પિતા નિર્દોષ છે: કેવળ માલિકની ખાતરજ તેમણે પોતાનું શું થશે તેની પરવાહ કર્યા વગર કર્તવ્ય પાલન કર્યું છે! એમને ધન્ય છે! મ્હારો આત્મા કહે છે કે: એમને ઉની આંચ નહિ આવે. આથી તો ઉલટી તેમની પ્રતિષ્ઠા વધી છે. ધન્ય છે! બ્હેન! એ તમારા પિતા થાય કે?" યુવતીએ વળી ડસકાં લેતાં કહ્યું: "હા બ્હેન."

સુલોચનાને થયું: ભગવાને કેવી દયા કરી છે? આણી વખતે હું ન્યાયાલયમાં હાજર થઇ, નિર્દોષને બચાવી શકીશ. અત્યારે તો તેણે જાણે કંઇજ જાણતી નથી એમ મૌનજ રાખ્યું. યુવતીએ પૂછ્યું: "બ્હેન મેં તમને કંઇક જોયાં છે. તમારે ક્યાં જવું છે? સુલોચનાએ મનથી ગોઠવીને જવાબ આપ્યો: "મ્હારે પણ મુંબાઇજ જવું છે."

આ પ્રમાણે વાતચિત ચાલતી હતી ત્યાં ગાડી આવવાનો સમય થયો. યુવક ટિકિટો લેવા જતો હતો તેને સુલોચનાએ પણ પૈસા આપી એક ટિકિટ વધારે લાવવા કહ્યું.

સુલોચનાએ શાંતાના સ્હામું જોઇને પૂછ્યું: "બ્હેન! તું અને ભાઇ મ્હારે ત્યાં આવશો કે?" શાંતા જવાબ આપે તે પહેલાં ભાઇએ કહ્યું: "બ્હેન બા! તમારૂં ઘર ક્યાં? અમે આવીશું હોં."

સુલોચનાએ તેના કાનમાં કહ્યું: "ભાઇ! મ્હારૂં ઘર તો અમદાવાદ

છે. હું તમને અત્યારને અહીં આવીને તેડી જઇશ પછી !"

"તો તો ઠીક:" કહીને છોકરાએ મન વાળ્યું.

સુલોચનાએ પોતાની ટચલી આંગળી પરથી એક હીરાની વિંટી કાઢી, "ભાઇ ! લાવ જોઇએ ત્હારો હાથ" કહી ખેડૂત અને તેની સ્ત્રી "ના. આપો ના" કહેતાં રહ્યાંને વિંટી પહેરાવી દીધી. એટલામાં ગાડી આવી પહોંચી. ટિકિટો પણ આવી ગઇ, એ લઇને બધાં ઉઠીને ઉભાં થયાં અને ચાલવા માંડ્યું. શીવી અને તેનો ભાઇ તો ડૂસકે ડૂસકે રોવા લાગ્યાં. ખેડૂત અને તેની સ્ત્રીની આંખમાં પણ પાણી ભરાયાં. બન્નેએ વ્હાલપૂર્વક સુલોચનાને માથે હાથ ફેરવી વિદાય કરી. યુવક-યુવતીની સાથે સુલોચના પણ બેસી ગઇ. એટલામાં ગાડી ઉપડવાની વિસલ થઇ. આંસુભરી આંખે સુલોચનાએ બારીમાંથી મ્હોં બહાર કાઢી, સ્નેહભરી આંખે જોઇ રહેલાં ખેડૂત સ્ત્રી-પુરૂષને માથું નમાવી બેહાથ જોડી પ્રણામ કર્યા. અંતરની આશિષ આપતાં એ સ્ત્રી-પુરૂષ અભય બતાવી "બ્હેન ! જણાવજે, આવજે, હોંશિયાર રહેજે" કહેતાં રહ્યાં અને ગાડી ઉપડી. ગાડી નજરે પડી ત્યાં સુધી ખેડૂતકુટુંબ આંખો તાણતુ રહ્યું અને આખર નિરાશ થઇ ત્યાંથી ઘર ભણી વળ્યાં.

એક પછી એક સ્ટેશન આવતું ગયું. સુલોચનાના આશ્વાસનમાં કોણ જાણે કેવું અમૃત હતું કે: આ ઉદ્વિગ્ન યુવક-યુવતીના અંતરનો કેટલો ભાર તેના સમાગમ પછી ઓછો થઇ ગયો. તેની વિવેક અને વિનય ભરી વાણી અને ગંભિર મુખાકૃતિથી યુવક-યુવતી અંજાઇ ગયાં. સરખે સરખા સરલ સ્વભાવના સંસ્કારી આત્માઓ મળે ત્યાં સમયને જતાં વાર શી ગાડી પાલઘડ સ્ટેશને આવી પહોંચી. યુવકે કહ્યું: "બ્હેન આટલી મોડી રાત્રે એકલાં ક્યાં જશો ? જો હરકત

નહોય તો કૃપાકરી અત્યારે અમારે ત્યાંજ ચાલજો. તમે કહેશો તો હું સવારે તમને તમે કહેશો તે ઠેકાંણે મૂકવા આવીશ! તમારા સમાગમથી અમારા ચિન્તાતુર આત્માને મહા શાન્તિ વળશે–તમારો એટલો ઉપકાર થશે!

સુલોચના મનથી સમજી કે: મૂળમાં તો તેમના દુઃખનું કારણ હું છું. એટલી પણ મ્હારે હાથે જો તેમની સેવા થાય તો એથી બીજાું કયું રૂડું છે? અને વધારામાં બીજાું પ્રાયુંક જાણવાનું મળશે; એમ ધારી: "સુલોચનાએ તેમની સાથે જવાને કબુલ કર્યું." આથી ઉભય પતિ–પત્નીને અતિ આનંદ થયો. કોઇની પાસે એવો વધારે કે ખાસ વજનદાર સરસામાન ન્હોતો એટલે એતો તૈયારજ હતાં. ગ્રાન્ટરોડનું સ્ટેશન આવી પહોંચ્યું અને ત્રણે ઉતરી પ્લેટફૉર્મ પરથી બ્હાર નિકળ્યાં.

"યુવક આમતેમ ડાફેરાં મારતો હતો અને યુવતીએ પૂછ્યું: કેમ કંઇ ન્હાના ભાઇ જણાતા નથી? એટલામાં એક વિસેક વર્ષનો યુવક "મ્હોટા ભાઇ આવી પહોંચ્યા?" કહી સ્હામો આવતો કે ઉભો રહ્યો. તેણે મ્હોટા ભાઇના હાથમાંનું પાકિટ લઇ લીધું. અને એક વિક્ટોરિઆ ભાડે કરી ચારે જણ સ્વસ્થાને પહોંચી ગયાં.

જરીક બેઠા પછી ન્હાના ભાઇએ ખાવા કરવાની વાત કરતાં ભાભીએ અગીઆરશનો ઉપવાસ છે, એમ જણાવ્યું એટલે ઠીક ત્યારે તમે બધાં બેસો હું અમણે આવું છું કહી તેણે બજારમાંથી ફરાળ વગેરે લઇ આવી ભાભીને સોંપી દીધું. ચારે જણે ફરાળ કરી લીધું. પછી શાન્તિથી બેસી વાતચિત કરવા લાગ્યાં. મ્હોટા ભાઇએ ન્હાના ભાઇને સુલોચનાનો પોતે જાણતો હતો તેટલો પરિચય કરાવી અતિશય વખાણ કર્યા બાદ પ્રશ્ન કર્યો: "કેમ કંઇ સુંદરલાલનો

પત્તો મળ્યો?"

"અરે! એ પક્કા ઉઠાઉગીરનો તે એમ પત્તો ખાય? પણ એ તે એવા કેવા કે: પોતે ભાઈનાં લક્ષણ જાણતા છતાં તેના જામિન થયા! હવે ભગવાન જાણે શું પરિણામ આવશે! અરે! કંઈ એવી તે મુનિમગિરિ થતી હશે?"

"શું કાલ ચૉક્કસ જજમેન્ટ અપાશે?"

"હા હા ચોક્કસ."

વચમાં ભાભીએ પૂછ્યું: "ન્હાના ભાઈ! ત્યારે તેનું કેમ થશે? મ્હને એકવાર મ્હારા બાપુજીને મેળવો તો ખરા. આપણે અહીં આવ્યાં એને બદલે પહેલાં ત્યાં એમની કને ગયાં હોત તો પણ ઠીક થાત!"

ન્હાના ભાઈએ કહ્યું: "કેમ થશે એ શું કહી શકાય? એ કંઈ આપણું ઘર છે? ગમે તેમ પણ એમના મ્હોટા શેઠ તો બિચારા પગ વાળીને બેસતા નથી! એમને માટે પૈસાનાં પાણી કરી લાગવગો અને કેટલીએ ખુશામદો કરી એમને માટે પોતાથી બનતું કરે છે. એમને કંઈ એની ઓછી ચિન્તા હશે? મેં તો સાંભળ્યું છે કે: એમને માટે તો જે સજા થાય તે મ્હોટા શેઠે પોતે સહન કરવાને ખુશીથી કબૂલ્યું છે."

સુલોચના હૈયું મહા કઠણ રાખી ઉપરની વાત સાંભળી રહી છે. તેના અંતરમાં આ પળે જે વેદના થાય છે તે તો તેનું હૈયું ચીરી જોવાથીજ તેની પાકી ખાત્રી થાય! તો પણ હિમ્મત રાખીને તેણે કહ્યું: "બ્હેન! ઇશ્વરને માથે એ બધી ચીન્તા નાંખી દ્યો, તો જરૂર તે તમારા પિતાને આ ભયંકર આફતમાંથી મુક્ત કરશે. તમારા પિતાની સ્વામિભક્તિ અને નિમકહલાલીની તો અવધિજ કહેવાય! જેને

મ્હને કોર્ટમાં લઈ જશો તો હું ધર્મસાક્ષિએ કહું છું કે: તેમને જે સજા થશે તે હસતે મ્હોંએ હું સહન કરીશ! તમે લેશ ન ગભરાશો! તમારા પિતાના પ્રાણ અને પ્રતિષ્ઠા પ્રભુ સંભાળશે! શેઠ એમનો ધર્મ બજાવે એ ખુશી થવા જેવું છે નહિ તો કંઇ શેઠનો શેઠ–શ્રીહરિ ગયો છે કે બ્હેન? એ જરૂર તમારા પિતાનું રક્ષણ કરશે.

સુલોચનાની સદ્‌ભાવભરી પવિત્ર વાણી સાંભળીને સર્વ ઠંડાં થઇ ગયાં. અને મહા આશ્ચર્ય પણ લાગ્યું પર દુઃખે દુઃખી થવાની તેની ભાવના–હિમ્મત જોઇને ત્રણેજણ વાહ વાહ કહી ઉઠયાં. સુલોચનાનું આશ્વાસન અને પ્રભુપર વિશ્વાસ રાખી સર્વ મુગાં રહ્યાં અને મધ્યરાત્રિનો સમય થવાથી સહુએ શયન કર્યું. વાંચક! નિર્દોષને મારવાના વૃથા પ્રયાસ કરનારા દુરાત્માઓના મૃત્યુઘંટ પહેલાં વાગે છે. એની કંઇ ખાત્રી થાય છે? સુલોચનાનું જે રસ્તે સંરક્ષણ અને ઉદ્ધાર થયો એ ઉપરથી મારનાર કરતાં જીવાડનાર સમર્થ છે એમ જણાય છે? અને તેથીજ કબુલ કરવું પડે છે કે:– "જેને રામ રાખે રે, તેને કોણ મારી શકે?"

અષ્ટાદશ પરિચ્છેદ

માખીમારનો મ્હેમાન.

પવિત્રી મુક્ત થઇ એથી સુરેન્દ્રને એક બાજુની નિરાંત થઈ. પરન્તુ રતિકાન્તને પરલોક પહોંચતા કરવાની મહાચિન્તા તો હજી ઉભીજ હતી. તેણે પ્રમોદરાય અને સન્મુખરાયને ઘરની અને પવિત્રીની સંભાળ રાખવાનું કહી, પોતે એ દિવસમાં પાછા ફરવાનું જણાવી રતિસુન્દરીએ લખેલા કાગળના પરિણામે કરેલા સંકલ્પની

સિદ્ધિને અર્થે એજ સાંજરે પોતે મેઈલમાં અમદાવાદ ઉપડી ગયો.

મદનગૌરી બિચારી ઘેર બેઠી બેઠી, પવિત્રીના છુટવાના સમાચારની રાહ જોતી કંઇ કંઇ વલોપાત કરતી હતી, અને તેમાંય રવિવારનો દિવસ એટલે આજ તો બધી ટપાલ પણ એકજ વખત અને તે પણ બપોરે બાર ઉપર એક વાગે આવશે એમ વિચાર કરતી ટપાલવાળાનાં નખ્ખોદ કાઢતી. ચુલા ઉપર દાળનું આધણ મૂકતી હતી; ત્યાં ઘડીઆળમાં બરાબર નવના ટકોરા થયા: અને સુરેન્દ્રએ "કેમ બા!" કહીને ઘરમાં પગ મૂક્યો. મદનગૌરી તો સુરેન્દ્રને અકસ્માત આવ્યો જાણી કંઇ કંઇ તર્કવિતર્ક કરવા લાગી: સુરેન્દ્રને સહજ બુટની દોરી છોડતાં વિલંબ થયો એટલે "આવ ભાઇ!" કહીને એ સ્હામી ગઇ અને પૂછ્યું: "ભાઇ! બધુંએ જવા દઇને કહેને કે: પવિત્રીનું કેમ થયું?"

સુરેન્દ્રએ કહ્યું: સૌ સારાં વાનાં થયાં. ત્હારી પવિત્રી તો એ મઝા કરે. ત્હારે એ બાબત ગભરાવું નહિ. એતો હોય, એમાં થઇ શું ગયું?

"ભાઇ! પણ ઘડીક નિરાંતે બેસીને મ્હને બધી વાતચિત તો કર્ય કે કેમ થયું?" મદનગૌરીએ કહ્યું.

"બા! જો મ્હારે આજે એક ઘણું અગત્યનું કામ છે, અને હજી તો હું બે દિવસ રહેવાનો છું: એટલે નિરાંતે બધી વાત કરીશ. તું ત્હારા જીવને ધરપત રાખજે સમજી? પણ મ્હને જરીક કહે તો ખરી કે: "પેલા રતિકાન્તના શા સમાચાર છે?"

"અરે રામ રામ! બિચારો આજ મરે કે કાલ મરે એવી દશા છે. ઇશ્વર બચાવે ત્યારે!" અબોટિયું પહેરતાં પહેરતાં મદનગૌરીએ કહી નાંખ્યું.

"અરે! મૂકયને નકામા ત્હારા ટાવલાવેડા. મુંવા મરશે તો ત્હારા

આપનું એમાં શું જવાનું છે? હું તો કહું છું સાળો અત્યારે કેમ નથી મરતો. લે તું ત્હારી મેળે ખાઈ લેજે, હું મ્હારા કામકાજથી પરવારીને આવીશ એટલે ખાઈ લઈશ સમજી?" કહીને સુરેન્દ્ર રસ્તે પડ્યો.

રસ્તે જતાં સગાં સબંધી ઓળખાણપિછાણવાળાં અનેક જણે ભાવે કભાવે પવિત્રીના સમાચાર પૂછ્યા તેમને જવાબ આપતો સુરેન્દ્ર ઉતાવળે પગે ડૉ. માખીમારને ત્યાં પહોંચ્યો. સુરેન્દ્રને જોઈને દાકતરે "પધારો સાહેબ! તમારીજ રાહ જોતો હતો કેમ કંઈ આજ મેઇલ લેઇટ છે?"

સુરેન્દ્રએ એક ખુરશીપર સ્થાન લઈને હસતાં હસતાં જવાબ આપ્યો: "હાજી! મેઇલ દસેક મિનિટ મોડો હતો, પણ ઘેર જઈને આવ્યો એટલે વાર થાયજને કેમ? આપને મ્હારો કાગળ તો મળ્યોજ હશે? એતો મ્હેં લખ્યું એટલે હું આવ્યા વગર ન રહું: કાગળ ન આવ્યો હોત તો પણ આપનો મ્હને પૂરો ભરોસો હતો. પણ મ્હેં કહ્યું એક બાજુની નિરાંત થઈ-પવિત્રી છૂટી-તો લાવને બે દિવસ જઈ આવું કહીને આવ્યો. "કેમ કહો પેલાના શા સમાચાર છે? ક્યાં સુધી આવ્યું છે?"

"સમાચાર શા? કંઈ તમારૂં કામ કર્યા વગર છૂટકો છે? તમે જાણો છો કે: આ જીંદગીમાં માત્ર તમારી શરમની ખાતરજ અને એક વખત મ્હોંથી હા કહેવાઈ ગઈ એટલે બોલ્યું ફેરવવું એ લાયક માણસનું ભૂષણ નહિ સમજી તમારૂં કામ માથે લીધું છે. સમજ્યા? પણ સ્વાર્થ સર્યા પછી વૈદ વેરી એવું ન બને કારણ આપણા જુના સબંધ ન બગડે?" કહી દાકતરે અધિરા છતાં વૈદ વખાને વકીલના સ્વભાવ પ્રમાણે નામનો ઇશારો કરી દીધો. એટલે સુરેન્દ્ર તુર્ત સમજી ગયો અને "હરિ હરિ કરો, દાકતર સાહેબ! એ શું બોલ્યા? આને

એક દિવસનું કામ છે. આપણો સબંધ જેવા તેવો છે ?" કહીને ગજવામાંથી પાકિટ કાડીને તેમાંથી બસો રૂપિઆની નોટ કાડી ટેબલ પર મૂકી દીધી. એ તરત્ હાથમાં લઇને ટેબલમાં મૂકતાં કહ્યું: "જુવો, ભાઇ સાહેબ ! એ તો નથી કહ્યું કે: आहारे व्यवहारे च त्यक्तलज्जा सुखी भवेत् કેમ ખરૂંને ?" હમણાં એનો ન્હાનો ભાઇ દવા લેવા આવશે. મ્હેં એમને કહેલુંજ છે કે: આ દવાથી આરામ નહિ જણાય તો હું જાતે આવી તપાસી જઇને શોમવારે દવા ફેરવી નાંખીશ અને તેમ છતાં અમણું આવશે એટલે ફરી સૂચના કરીશું કે: "માજી ! તો કહેજો કે: આવતી કાલ દાક્તર સાહેબે કહ્યું છે કે: દવા ફેરવીશું." આ પ્રમાણે વસ્તુ સંકલના ગોઠવાતી હતી ત્યાં રતિકાન્તનો ન્હાનો ભાઇ આવી પહોંચ્યો. દાક્તરે તેને પૂછ્યું: "કેમ ભાઇ ! મ્હોટા ભાઇની શી હકિકત છે ?" તેણે કહ્યું: "તબિયત તો છે એમની એમ છે. ગભરામણ પુષ્કળ છે. અશક્તિનો પાર નથી. બાએ કહ્યું છે કે: બને તો આજ સાંજ સુધીમાં એક આંટો ખાઇ જજો."

"અત્યારે તો હું તમને ચાલુ દવા આપું છું તે લઇ જાઓ, અને કાલે સહવારે હું આવીને જોઇને દવા ફેરવવી પડશે તો ફેરવીશ. મ્હારે આજ તો બીજા એક બે પેશન્ટને જોવા જવું છે અને બીજાં કેટલાંક અગત્યનાં કામ છે એટલે આવી શકું એમ નથી. બાને કહેજો કે : જરાકે ફીકર ન રાખે, હાં ભાઇ !" કહીને દાક્તરે એને દવા આપીને વિદાય કર્યો.

"ભલે કદાચ આકું અવળું કરવું પડશે તો ચાલને બે મહિના સુધી તો એકલા બેઠા બેઠા માંખ્યો તો નહિ મારવી પડે ? આવા વખતમાં બસો રૂપિયા ક્યાં પાકે છે ? સાળા મ્હોટા મ્હોટા દાક્તરો ખાલી બેઠા બેઠા બગાસાં ખાય છે ત્યાં માખીમારને રમતમાં બસો

મળી ગયા એ શું ખોટું છે ? બેશક વિશ્વાસઘાત અને મનુષ્ય હત્યા તો ખરાજ, પરન્તુ આ જમાનામાં એવાં કાળાં ધોળાં કર્યા વગર કોણ રાતી દમડી આપી જાય એમ છે, એતો જે અડફટે ચઢ્યો એનો વખત જોઇને વિમો ઉતારે જ છૂટકો. શિકાર હાથમાંથી ગયા પછી ફાંફાંજ મારવાં પડે." આ પ્રમાણે વિચાર કરતાં કરતાં દાક્તર સાહેબની દૃષ્ટિ સુરેન્દ્ર ઉપર પડી. તેના મનમાં થયું કે: હું તો વિચારમાં પડી ગયોને સુરેન્દ્ર એમને એમ બેસી રહ્યો! એના મનમાં શું થશે? એટલે તેણે પોતે જરીક ટટાર થઇને કહ્યું: "કેમ સાહેબ! બોલો! હવે શો હુકમ છે? કાલ આ વખતે તો પાછા પધારશોને એટલે બીજી કંઈ જાણવા જેવી હકિકત હશે તો કહીશ. એતો કાલ અત્યારે તો જેવી જોઇએ એવી બધી વ્યવસ્થા થઈ ચૂકી હશે. અને પછી ચોવિસ કલાક પછી છોને ગમે તે થાય, તમારેને મ્હારે ક્યાં સ્નાન કે સૂતક આવે એમ છે?" એમ વાત ચાલતી હતી ત્યાં બારના ટકોરા થયા એટલે "ઓહો! એટલી વારમાં બાર વાગ્યા?" કહીને દાક્તર સાહેબ ખુરસી પરથી ઉઠીને ઉભા થયા અને કપડાં ચડાવી દીધાં. એટલે સુરેન્દ્ર પણ મનથી નિરાંત થઇ સમજી ઉઠીને ઉભો થયો. દવાખાનું બંધ કરી બન્ને સાહેબજી કરી ત્યાંથી છૂટા પડ્યા.

સુરેન્દ્ર પ્રસન્ન ચિત્તે ઘેર ગયો. નાસ્તિકના સરદારે રોટલા સ્નાન કરીનેજ ખાઈ લીધું. બાદ મદનગૌરીએ પણ ખાઇ એંઠવાડ અબોટ કરી લીધા બાદ નિરાંતે માતા પુત્રએ સાંજ સુધી બેઠાં બેઠાં આખા ગામનું પુરાણ ઉકેલી નાંખ્યું. પછી મદનગૌરી ઉઠીને ઘર કામમાં ગુંથાઇ અને "બા! જરીક આટલામાં ફરી કરીને આવું છું કહીને સુરેન્દ્ર બહાર ઉપડ્યો.

એકોનવિંશત્ પરિચ્છેદ.

શ્રૂતિનો આદેશ શિરસાવંદ્ય!

યથાર્થ સાધુપ્રકૃતિનાં મનુષ્યો સંસારમાં જવલ્લેજ જોવામાં આવે છે. સર્વ ભુત માત્રની સાથે જેને સ્નેહ ભાવ છે, જેનો જગતમાં દુષ્મનજ નથી, એવી માન્યતાવાળાં માણસો–સાધુ જનોને તો દેવજ કહેવા ઘટે. ઉપકાર ઉપર અપકાર કરનારને વિદ્વાનોએ રાક્ષસ કહ્યા છે, ઉપકાર ઉપર ઉપકાર કરનારને જ્ઞાનિ જનોએ સાચા મનુષ્ય કહ્યા છે, અને અપકાર ઉપર ઉપકાર કરનાર આત્માઓને યથાર્થ સાધુ–દેવ જેવા ગણી ગુણી જનોએ તેમને વંદન કર્યાં છે- તેમનાં ઓવારણાં લીધાં છે!

પ્રિતમનો પક્ષ લઇને રતિકાન્ત અને પવિત્રીના પ્રેમ પ્રસંગમાં જ્યાંત્યાં આડખિલ રૂપ થઇ વચ્ચે ડખલ કરનાર કાન્તને રતિકાન્ત તરફથી કંઇ ઓછું સહન કરવું પડયું નથી. એ હમેશાં રતિકાન્તની દાઢમાંજ રહ્યો છે: પરન્તુ પ્રાણાન્તેય સન્માર્ગને ત્યાગી અવળે માર્ગે ન વળનાર કાન્તનું એ કંઇજ અનિષ્ટ કરી શકયો નથી. તેની ખાત્રી છે કે: સન્માર્ગે જનાર નિર્દોષ માણસનું બૂરૂં કરવાની સ્વયં પરમાત્મામાં શક્તિ નથી તો પામર મનુષ્ય કોણ? આ પ્રમાણે જે ઇશ્વરનો ભય ન રાખે તે નેકિના રાહપર જતાં, ક્ષુદ્ર–મર્ણથી નાશ પામનાર જીવોનો કેમ ભય રાખે? જેના હૃદયમાં પાપ નથી તેને ભય કેવો? તેથીજ કહ્યું છે કે: પવિત્ર–વિવેકી માણસો મૃત્યુનો પણ ભય રાખતા નથી. ગમેતેમ પણ ઉચ્ચ અગર નિચ સંકલ્પ કરવાનો મનુષ્ય

પ્રાણીને હક્ક છે. એ હક્કનો અમલ કરી ઉંચ અગર નિચ સંકલ્પથી મનુષ્ય માનો કેઃ તેની પોતાની ઇચ્છાથીજ ઉંચ અગર નિચ બની શકે છે; આ એક વાત થઇ પરન્તુ બીજી બાજુ વિચાર કરતાં જણાય છે કેઃ સંકલ્પ કરવાથી કંઇ વળતું નથી. એ સંકલ્પને સિદ્ધ કરવા તે પરમાત્માના હાથમાં છે. ક્ષુદ્ર મનુષ્યોની ઇચ્છાનુસાર સંસારમાં જો એમ થએ જતું હોય તો પછી ઇશ્વરને કોણ માનશે? ઇશ્વરી શક્તિને ભૂલી જનારા એવા બેલગામ જીવોને માટે પ્રભુએ તેમની લગામ સ્વયં પોતાના હાથમાંજ રાખી છે. આથીજ વિવિધ સંકલ્પ કરી આખર માણસ હાથ હેઠા નાખે છે અને એ હાથ હેઠા પડ્યા પછીજ તે ઇશ્વરનું અસ્તિત્વ સ્વીકારી તેનું શરણ લે છેઃ સઘળી ચિન્તાઓ અને તમામ બોજો તેને માથે નાંખી પોતે નિર્ભય-મુક્ત થાય છે. અહમ્ભાવ એ હું પણ વેગળું કર્યા વગર નિર્ભય-મુક્ત નથી થવાતું. તેથીજ સંતશ્રેષ્ઠ ભક્તકવિનરસિંહદાસે એવા અહમ્ભાવમાં છકી ગયેલા મ્હોતને અને ખુદ પરમાત્માને ભૂલી ગયેલા અભાગીઆ આગિયા જેવા હુંપણામાં મરી જતા આત્માઓના હિતને અર્થે કહ્યું છે કેઃ ભાઇ!

હું કરૂં હું કરૂં એજ અજ્ઞાનતા,
　　શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પરે,
　　યોગી યોગેશ્વરા કોઇક જાણે.
નિપજે નરથી તો કોઇ ના રહે દુખી,
　　શત્રુ મારીને સહુ મિત્ર રાખે;
રાયને રંક કોઇ દ્રષ્ટે આવે નહિ,
　　ભવન પર ભવન પર છત્ર દાખે;

ઋતુ લતા પત્ર ફળફુલ આપે યથા
　　માનવિ મૂર્ખ મન વ્યર્થ શોચે,
જેહના ભાગ્યમાં જેહને જે લખ્યું
　　તેહને તે સમે તેજ પહોંચે;
સુખ સંસારી મિથ્યા કરી માનજો
　　કૃષ્ણ વિના બીજું સર્વ કાચું,
જુગલ કર જોડી નરસૈયો એમ કહે
　　જન્મ પ્રતિજન્મ હરિનેજ યાચું.

"ભૂલજાના" એ મંત્રનો નિરંતર પાઠ કરનાર કાન્ત, રતિકાન્તના અપકારભૂલી ગયો. શય્યા પર પડી જે વખતે એ સાચા હૃદયથી પ્રિયતમા-રતિસુન્દરીની જપ માળ જપે છે તે વખતે તેણે રતિકાન્તને તેની પ્રિયતમાનો સાક્ષાત્કાર-સંયોગ કરાવી આપવાનો પોતાનો ધર્મ માન્યો-તેમાં અક્ષય પુણ્ય માન્યું. રતિકાન્ત અને તેની માતાએ પાર વગરની આજીજીઓ કરેલી, પરન્તુ પ્રથમ પૂર્ણ વિચાર કરીને કાર્ય કરનાર કાન્ત "આજ જઉં?" "કાલ જઉં?" પણ જઇને શું કહેવું? વગેરે સંકલ્પ વિકલ્પ કરતાં કરતાં એમને એમ કેટલાક દિવસ નિકળી ગયા. હવે તો રતિકાન્ત રતિસુન્દરીના યાદ કરતો ક્ષણે ક્ષણે અશ્રુ વેરે છે. પાર વગરની અશક્તિએ તેને જીવન મરણના સંધિયોગમાં મૂકી દીધો છે. એવે વખતે આજ જઉં કે કાલ જઉંના કાન્ત અખાડા કરતો હતો ત્યાં તેને એક પત્ર મળ્યો. પત્રમાં લખ્યું હતું કે:-

Urgent　　　　મુંબાઇ શનિવાર તા... -

"સુરેન્દ્રના ષડયંત્રના પરિણામે માખિમાર દાક્તરને હાથે શનિવારના સ્હવારે રતિકાન્તના જીવનનો અંત આવશે. ગફલતનું પરિણામ

એજ આવશે કેઃ જાણવા છતાં તેનો બચાવ કરવાનો તમારો ધર્મ ચૂક્યા, તેથી આ લોકમાં મનુષ્યહત્યાનું કાળું કલંક તમને ચોંટશે; પરલોકમાં તો પ્રભુ જાણે!"

પત્ર વાંચીને કાન્તનો આત્મા ફફડી ગયો. તેને થયું. મનુષ્ય શું નથી કરતો? પણ શા સારૂ? કેટલું જીવવાને માટે? ભાઈ! સુરેન્દ્ર! તને શું કહું? તું અમર છે? તું ત્હારા કુટુંબની પવિત્રતા જાળવવાને બદલે આ અધર્મ કાર્ય કરવા પ્રેરાયો!

કાન્તે વિચારમાળાના મણકા ફેરવવાની વાત વેગળી કરી. હવે તો કોઈ પણ પ્રકારે આજને આજ રતિસુન્દરીને મળી તેને સમજાવવી જોઈએ. મ્હારી ખાત્રી છે કેઃ એ ડાહી અને સુશિલ છે, એ ચોક્કસ આવશે. અને તેના હાથેજ તેના પતિનો ઉદ્ધાર થશે! તેને પક્કી ખાત્રી થઈ ચૂકી છે કેઃ પત્રમાં લખેલ અક્ષરે અક્ષર સત્ય હોવા જોઈએ. કાગળમાં લખનારનું નામ ન મળે! તારીખનો પણ પત્તો ન મળે! માત્ર પોસ્ટના સીક્કા પરથી એણે બધો નિર્ણય કરી લીધો. અક્ષર ઉપરથી એ પત્ર પ્રિતમના લખેલોજ હોવો જોઈએ એમ પણ તેણે ચોક્કસ માની લીધું. તેને થયું કેઃ કહો ના કહો પણ પ્રિતમ રતિકાન્તના બચાવનો આવો પત્ર લખે નહિ. અને લખ્યો છે તો આ બધા તોફાનને લીધે, પવિત્રી તરફ ઓછીવત્તી વક્રદૃષ્ટિ કદાચ થઈ હોય એમ બને. ચાલો, એ બધું એની મેળે જણાશે, પણ આજ આળસ કરવાનો સમય નથી માની કાન્ત કપડાંલત્તાં પહેરી તૈયાર થયો. અધૂરામાં પૂરૂં એક મહેમાનને સ્ટેશન ઉપર વળાવવા જતાં સ્ટેશનના કોમ્પાઉન્ડમાંથી આગળ વધતા સુરેન્દ્ર ઉપર તેની દૃષ્ટિ પડી ગયેલી એ વખતે એને એમ થયેલું ખરૂં કેઃ પ્રમોદરાય વગેરે પવિત્રીના છૂટકારા માટે મુંબાઈ ગયા છે. તેમના કંઇ સમાચાર નથી

ને આ ભાઈ સાહેબ અહીં ક્યાંથી !" એવા વિચાર કરતો કરતો એ એની મેળે ચાલતો થએલો. પરન્તુ આ કાગળ હાથમાં આવતાં તેને પક્કી ખાત્રી થઇ કે: એ પત્રમાં લખવા મુજબ એ ચાટને માટેજ સરકારની સ્વારી આવી હશે. આ પ્રમાણે સત્યાસત્યનો પક્કો નિર્ણય કરી, કાન્ત પ્રભુનું નામ લઇને ઘરની બ્હાર નિકળી પડ્યો. રતિ-કાન્તના બચાવને માટે અને પૈસાના લોભી દાક્તર માખીમારને પણ તેના કર્મનું ફળ અપાવવાની ઇચ્છાથી કાન્તે સાંજ સુધીમાં પોતાનાથી જેટલી બને તેટલી તે સબંધી વ્યવસ્થા કરી નાખી, બરાબર રાતના આઠ વાગે થાકયોપાકયો ઘેર આવ્યો.

ઘરનાં સૌ કોઇ કાન્તના આવ્યાની રાહ જોઇ રહ્યાં હતાં. તેના આવ્યા પછી સૌ સાથે મળીને જમવા બેઠાં. સંયુક્ત કુટુંબનાં સુખ સંસારમાં જેમણે અનુભવ્યાં છે તેમનેજ ખબર પડે કે: બાળ બચ્ચાં સાથે ન્હાનાં મ્હોટાં એક સાથે આનંદવિનોદ કરતાં જમવાનો લ્હાવ એ કેવો અદ્વિતીય લ્હાવ છે ? પરન્તુ આજ તો વાત બગડી ગઈ ! રસોઇઆએ બિચારાએ અતિશય કાળજી પૂર્વક રસોયાં કરેલાં પણ ભોગજોગે કોઈ દિવસ નહિ ને આજ તેમાં બિલકુલ મીઠું નાંખવુંજ ભૂલી ગયો ! ભગવત્ પ્રસાદ, ભગવતી, શાન્તિપ્રસાદ વગેરે ખાવાનાં રસિયાંનો પિત્તો તો સાતમે આસમાને ચઢી ગયો. તેમણે તો રસોઇ-યાને બિચારાને ઉધડોજ લીધો. રસોઇયો બિચારો શિયાવિયા થઇ ગયો, તેને થયું કે: મૂઇ આ નોકરી. પણ તેને ખાત્રી હતી કે: આવાં સંસ્કારી અને સદ્‌ભાવ વાળાં માણસો અને તેમાંય લક્ષ્મી–કાન્ત જેવાં શેઠ શેઠાણી બીજે ભાગ્યેજ મળવાનાં છે. આટલું થયું છતાં લક્ષ્મી કે કાન્ત બેમાંથી એકેના મ્હોંમાંથી ચું કે ચાં સરખું થયું નથી. આથી રસોઇયો ગમ ખાઇને બેસી રહ્યો. "ભઇબાબ ! ઉતાવળમાં

આજ એમ થઇ ગયું હશે.' કહી મૂંગો રહ્યો. એતો સહુ એમ એમની મેળે મોળાં ખાધાં કે: ઉપર મીઠું લીધું પણ ઉઠી ઉઠીને ચપોચપ ઉભાં થઇ ગયાં. બાદ નોકરચાકર ખાઇ–પરવારીને ઘેર પહોંચતા થયા.

ક્ષાંકેક આડી અવળી નવાજુની વાતો કરી સહુ સહુની મેળે પોતપોતાના શયન ખંડમાં ગયાં. લક્ષ્મીએ પારણામાંથી ઢીંગલી જેવી બચુને કાઢી કાન્તના ખોળામાં નાંખીને પૂછ્યું ! "કેમ આજ તો કંઈ જરીકે પગ વાળીને બેઠાએ નથી ! એટલું બધું ક્યાં ફરી આવ્યા ? અઠવાડીએ એક દહાડો રવિવારનો મળે તેમાંય જીવને જંપ નહિ એ શું ?"

"જુવો ! બહાર ગયો તો પવિત્રી છૂટી થયાના સમાચાર પણ લાવ્યો. આજ તો ક્લબમાં જવાનું પણ ન બન્યુંને ? પણ આજે પેલો બપોરનો પત્ર આવ્યો છે તે તો તમે જાણોજ છોને ?"

"હા હા, પણ જુવોને–હવે શું થશે ?"

"એમાં શું થવાનું હતું ? એનો હું આખો દહાડો રખડીને મ્હારાથી બને એટલી બધીય જાળ પાથરી આવ્યો છું. એતો જે શળી કરે એજ શળીએ ચડવાના. આપણે આપણું બનતું કરવાનું. એમાં આપણો શો સ્વાર્થ છે. આપણો મનુષ્ય તરીકેનો ધર્મ બજાવવાનો છે. પછી જેવું એનું પ્રારબ્ધ. હજી તો એક કામ અધૂરૂં છે."

"હેં ! શું કહો છો ? હવે રાત્રે જઇને શું કામ છે ? એનો થશે જે થવાનું હશે તે. પણ જુવો રતિકાન્તે પણ ક્યાં તમારૂં બાકી રાખ્યું છે ?"

"તો પછી મ્હારે પણ એના જેવા થવું ? પછી મ્હારામાં ને એનામાં ફેર શો ?" અત્યારે એની સ્થિતિ જોઈ છે ? દુશ્મનને પણ

દયા આવે એવી વખત છે. આપણાથી કોઈનું શું જરીકે બને એવું છે? જ્યાં સુધી શરીરમાં તાકાત છે ત્યાં સુધી કોઈનો ફેરો આંટો ખવાશે. પછી આ કાયાથી કંઈ થવાનું નથી. નથી કહ્યું કે:

છે જીંદગી ટુંકી અને ધનધામ પ્રભુના ખેલ છે,
આજે કંઈ કાલે કંઈ પલટાય એ સહુ સ્હેલ છે;
પરકાજ વિભૂતિ સાધુની એ મંત્ર દિલ જપતો રહે.
તુજ હાથ સત્તા ત્યાં સુધી ઉપકાર કર શ્રુતિ કહે.

રતિકાન્તને આ વખતે જે સ્હાય કરીશું તે જીંદગી સુધી નહિ ભૂલે. અને રતિસુન્દરી! એવી સ્ત્રિઓ સંસારમાં થોડી છે. એનો પેલો કાગળ એક દિવસ પ્રિતમની આંખ ઉઘાડી નાંખશે. એ એનો ઓછો ઉપકાર છે? "સ્હાય તે થાય પણ આજ તો ઉપકાર કર! એ શ્રુતિ ભગવતીનો આદેશ શિરસાટે સ્વીકાર્યો છે."

"લ્યો, હું જઈ આવું. મ્હારાં આવાં કાર્યથી તો તમારે ખુશી થવું જોઈએ. તમે એની લેશ પણ ચિન્તા ન રાખશો. મ્હારા આ પવિત્ર નિઃસ્વાર્થ-ધર્મ કાર્યમાં મ્હને યશ મળે એવી પ્રભુને પ્રાર્થના કરો! દયા આવતી હોય તો આશિર્વાદ આપો! આ સાંભળી લક્ષ્મી શરમાઈ ગઈ-તેણે નીચું જોઈ લીધું; પણ તેના આત્માને આનંદ થયો. તેણે કહ્યું, "પ્રાર્થનાય કરી અને આશિષ પણ આપી!" અને કલાકેકમાં આવવાનું કહી કાન્ત ચાલતો થયો. જતાં જતાં લક્ષ્મીએ કહ્યું: "જોજો, છત્રી ભૂલી ન જતા-આ વરસાદ પાછો લઈ બેઠો!"

કાન્તના ગયા પછી લક્ષ્મી કેટલીએ વાર સુધી એમને એમ વિચાર કરતી રહી. "ઇશ્વરે કેવું કાળજું બનાવ્યું છે! કોઈનું એક જરીક દુઃખ આંખે જોવાતું નથી! માથાનો ભાડનાર હોય, એ એની

મેળે ક્યારે લાગ આવે અને ખબર લઈ નાંખું. એવું કહેનારની એ સોડમાં જઈને ભરાતાં વાર નહિ! એવાના વળી બેવાર ધક્કા ખાય–એનું કામ પહેલું કરે! અને મ્હારા વ્હાલા એવાએ પાછા બધું ભૂલી જઈને દુષ્મન મટીને દોસ્ત થાય! એ તે કેવું? જે રતિકાન્ત છાંયડો ન્હોતો જોતો, અને જ્યાં હોય ત્યાં બદનામ કરવાને અરે! વખત આવે હાડકાં ખોખરાં કરવા–કરાવવાને ઘાટ શોધ્યા કરતો હતો તે રતિકાન્તને માટે આજે પગ વાળી બેસતા નથી! તેનું શું થશે એવી ચિન્તાનો પાર નહિ! નહિ તો આટલી અંધારી રાતે દસ વાગે વરસાદમાં અથડાવા કોણ જાય? પછી જેને આંખ હોય તે તો સમજેને? જાણે રતિકાન્ત પણ આજ તો કેટલી હાથ જોડીને આજીજી ઉપર આજીજી કરે છે. તેનો ન્હાનો ભાઈ અને ડોસી પણ બિચારાં જાણે કે: એતે શી વાત! નહિ કોઈની જોડ ઉંચે સાદે બોલવું કે: નહિ આવી ખટપટ, એમની મેળે નોકરી ને એ અને આવાં આવાં કામકાજ! કોઈએ ગાળ દીધી, તો કહે કે: ઠીક થયું. કોઈએ વખાણ કર્યાં તો કહે કે: ભલે ઉપકાર થયો, એતો એની લાયકી છે. કોઈ કહેશે કે: મારીશ, તો કહેશે કે: એકલું મારીશ તો અધૂરૂં રહેશે: ભલા માણસ મારીને પછી સાથે સાથે બાળી આવજે એટલે તને અને મને પૂરી ટાઢક થશે! કોઈ કહે કે: મૂરખ છે તો પોતે કહેશે બિચારો ડાહ્યો કે: મુરખનો સરદાર ન કહ્યો!" કાન્તના ગુણનું આ પ્રમાણે કિર્તન કરતાં કરતાં લક્ષ્મીની આંખમાં હર્ષાશ્રુ આવી ગયાં. તેણે એ આંસુ ભરી આંખે પ્રભુ–પ્રાર્થના કરી: "હે જગદિશ ધર્મ કર્મ સંયોગે પુનર્જન્મ થાય તો આજ પતિ મને મેળવી આપજો. પૂર્વનાં ઓછાંવત્તાં એ પુણ્ય વગર આવાં ઘરબાર અને આવા ભરથારની પ્રાપ્તિ ક્યાંથી સંભવે?" આવા અનેક પ્રકારના કાન્તના

ગુણ-જ્ઞાનની બલિહારી ગાતી. અને એવા પવિત્ર સંસ્કારી પતિ-સેવાની પ્રાપ્તિથી પોતાની જાતને મહા ભાગ્યશાળી લેખતી સ્નેહઘેલી લક્ષ્મીના અંતરમાં અપૂર્વ શાન્તિ પસરી ગઇ. તેનો સંતૂષ્ઠ આત્મા કોઇ અલૌકિક શિતળતા અનુભવવા લાગ્યો. તેના વદનકમળ પર પ્રફુલ્લતા છવાઇ રહી. પતિમંદિરમાં વિરાજેલી લક્ષ્મી પોતાના મનથી ખરેખર વૈકુંઠમાં બેઠી બેઠી નાથની રાહ જોતી રહી હોય એવો સ્વર્ગીય આનંદ અનુભવવા લાગી.

વાંચક! કાન્ત જેવો સરલ-સંસ્કારી પતિ અને લક્ષ્મી જેવી પવિત્ર-પતિપ્રાણા પ્રસન્નવદના ધર્મપત્ની હોય તો ત્યાં સ્વર્ગીય આનંદ હોય એમાં નવાઇ શી? ત્યાં દેવતાઓનાં પૂણ્ય પગલાં અને દિવ્ય આશિર્વાદ હોયજ. નથી કહ્યું કેઃ—

જે સદનમાંહી સુન્દરિઓ સર્વદા પૂજાય છે,
ત્યાં સ્વયંભુનો સર્વદા અવિચળ નિવાસ મનાય છે.
વાહવાહ! પ્રસન્ન રહે દેવતા જ્યાં સન્માન પામે સુન્દરી!

વિંશ પરિચ્છેદ.

ધર્મનો જય.

कान्तं वक्ति कपोतिका कुलतया नाथांतकालोऽधुना ।
व्याधोधोधृत चाप सज्जित शरः श्येनः परिभ्रामति ॥
इत्थं सत्य हिना सदष्ट इषुणा श्येनोपि तेना हत—
स्तूर्णं तौ तु यमालयं प्रतिगतौ दैवि विचित्रा गतिः ॥ प्र.श॥

વૃક્ષે બેઠું હતું કો યુગલ પ્રણયી પંખિ કેરૂં પ્રતેથી,
પત્ની કહે હે પિયુજી! અધું કર તિર છે પારધી એ ઉભો તહીં,
ક્યાંથી હા! નાથ! માથે શિરપર વળી આ એ સિંચાણો કહે ત્યાં–
શર ચોંટ્યું બાજને જઇ વિષધર વળગ્યો વ્યાધને એ વિધિ ક્યાં?

શ્રાવણ માસ ચાલે છે. આજ સાત સાત દિવસથી મેઘરાજાએ સપ્તાહ માંડી છે. શુકપુરાણીએ પરિક્ષિત રાજાને જે સપ્તાહ સંભળાવેલી એ સપ્તાહ શ્રાવણમાં અકલ્યાણનો અણુમાત્ર ભય ન્હોતો: મેઘરાજાએ જે સપ્તાહ માંડી તેથી તો લોકો ત્રાસી ગયા. ઉલટી લાભને બદલે હાની થવાની જ્યાં ત્યાંથી બૂમો સંભળાવા લાગી, પણ મેઘરાજાને આ સપ્તાહ કરવાનું કંઇ કારણ? તેમને પણ કદાચ કંઈક મહત્વાકાંક્ષા વળગી હશે! બરાબર છે. શૌનક આદિ ૠષિઓને સપ્તાહ શ્રવણ કરાવનાર મહાજ્ઞાતા શુકપુરાણીને લોકોએ શુકદેવ કહ્યા! અમને લાગે છે કે: મેઘરાજને હવે એ રાજપદ કરતાં દેવપદ પ્રાપ્ત કરવાની લગની લાગી હશે! સંસારી જીવોની માફક મેઘરાજ આવા માન-અકરામના ભૂખ્યા હડકાયા થયા એ શું? સ્વ. કવિ દલપતરામને પૂછે તો ખબર પડે કે: એવાં ખાલી વાછડા વગરનાં પૂંછડાંથી શું દળદર ફીટે?

મેઘરાજના મગજમાં ખાલી પૂંછડાંનું માહાત્મ્ય ઉતર્યું જણાય છે! આજ મેઘરાજ પારાયણમાંથી પરવારશે એમ લાગે છે. જુવો! આ વાદળ વિખરાવા લાગ્યાં. આકાશના મધ્ય ભાગમાં પેલો ઓછો ઉજેશ જણાય છે? જુવો! હવે લોકોના જીવમાં જીવ આવવા લાગ્યો. નિર્માલ્ય-નિસ્તેજ જણાતાં પ્રાણી માત્રના વદન પર હવ કેવું વિલક્ષણ તેજ જણાય છે? જુવો જુવો! ભગવાન સૂર્યનારાયણ આસ્તે આસ્તે આકાશના ગર્ભમાંથી કેવાં ડોકિયાં કરી રહ્યા છે? પ્રચંડ

મેઘ ગર્જન અને મુશળધાર વૃષ્ટિને લીધે બીકનાં માર્યાં માતાની સોડમાં લપાઇ રહેલાં કુમળાં બાળકો ખુશી થતાં કેવાં આમતેમ દોડાદોડી કરી રહ્યાં છે? માનવ-પશુ-પંખિ સર્વ જીવમાત્રના વદન પર પ્રફુલ્લતા-નવચેતનની અલૌકિક છટા જણાઇ રહી છે. ધન્ય! સૂર્ય દેવ! ધન્ય! ધન્ય! પ્રકૃતિ દેવી! ધન્ય!

વળી પાછું આ શું? સાંજ પડતા પડતામાં તો મેઘરાજે પુનઃ પોત પ્રકાશ્યું. વરસાદ શરૂ થયો. ભયંકર ગર્જના અને વિજળીના ચમકારા આંખને આંજી નાંખવા લાગ્યા. આવા દિવસોમાં બિચારા ગરિબોનાજ ભોગ હોય છે. સૂવા બેસવાના સાંસા-ઘર બેસવાના કાળજામાં ધબકારા થાય ત્યાં ખાવાનુંએ ક્યાંથી ભાવે? શ્રીમંતોની તો વાતજ ન્યારી! એમને તો વરસાદ આવે છે કે કેમ એનીએ ભાગ્યેજ ખબર રહે છે, ખબર હોય તોય કંઇ ફીકર-ચિન્તા છે? ઉલટા ભોગ-વિલાસમાંજ રચ્યા-પચ્યા રહે-શું કરવા પાછું વળીને જુવે?

અંધારી રાત અને તેમાંય પાછો ખૂબ વરસાદ અંધારેલો પછી પૂછવુંજ શું? એક રાજમહાલય જેવા આલિશાન મકાનનો ત્રીજો માળ બેહુલો નજરે તરે છે. જાણે કાચમ્હેલજ જોઇ લ્યો? વિજળીની રોશની આંખને અજબ રીતે ખેંચે છે, ત્યાં ખંડના મધ્ય ભાગમાં વિજળીનો પંખો વળી ઔર મઝા આપી રહ્યો છે. પાર વગરની સુખ-સાહેબી છતાં આજ અમે એ સ્થાનમાં એક યુવતીને તેની સ્હામે જમીન પર બેઠેલી, એક સેવિકાને સમયવિચારને વળાવી, ન્હાનાં મ્હોટાંનો ભેદ ભૂલી જઇ ઉપરની અકળામણ સમજાવતી રહી છે. તેણે કહ્યું: "અલી! પેલા નથુરામે નથી કહ્યું એવીજ આજ તો મ્હારી અવસ્થા થઇ રહી છે"

"કેમ બ્હેન? શું કહ્યું છે?"

"લે, સાંભળ!"

પવન વજીર ઘણા દાદુર સિપાહી સાથ,
પાવસ મુસાહિબ પયોદ તંબુ તાણીને;
ઘન રૂપી સુભટોમાં થઈ રહ્યા ગાઢ શબ્દ,
ચપળા નિશાન ઇન્દ્ર ધનુ ધનુ ધારીને;
મયુર સવાર બક પંક્તિ હુવાલદાર,
કોકિલા બંદિ ઉચ્ચારે વીરરસ વાણીને;
પતિ વિના દેખી રતિનાથ આવ્યો સૈન્ય લઇ,
વિરહી વામાઓ મારી સૂનાં ઘર જાણીને;

પતિ વિયોગની મહા વ્યથા મૂગે મ્હોડે સહન કરતી. અને સમય આવે આ પ્રમાણે સખીઓની પાસે અંતરના ઉભરા ઠાલવતી આ યૌવનાને વાંચકો ઓળખી ચૂક્યા હશે. આ એજ પતિ સુખથી પ્રારબ્ધયોગે વેગળી થએલી રતિસુન્દરી, વિરહ વ્યથા સહન કરતી કાળ નિર્ગમન કરી રહી છે. અમને નથી સમજણ પડતી કે: પતિનો પાર વગરનો ત્રાસ અનુભવવા છતાં આવી અક્કલ વગરની યૌવનાઓ પુનઃ શા સારૂ એ બધું ભૂલી જઇ પતિ અને પતિનીજ ઝંખના કર્યા કરતી હશે! એતો ખરીજ કહેવત છે કે: "મ્હોત આવે ત્યારેજ શ્રો વાઘરી વાડે જાય!"

પતિએ લાત મારીને ફેંકી દીધેલી—મ્હોતના પંજામાંથી ઉગરી ગયેલી, પૂર્ણ આયુષ્યબળવાળી રતિસુન્દરીએ કેટલાક વખત સુધી તો રતિકાન્તનું નામજ મૂકી દીધું, એટલુંજ નહિ, પણ તેનો જીંદગીમાં ખપજ નથી એ પ્રમાણે મન ફાવે એવા કાગળ પત્રો ફાવે ત્યાં લખી તેને હેરાન કરવાના સઘળા પ્રયાસો પોતે કરી ચૂકી

પરન્તુ જ્યારથી રતિસુન્દરીના કાને રતિકાન્તની ગંભિર-જીવલેણ માંદગીની વાત આવી છે, ત્યારથી તેના આત્માને ચેન નથી. તેને તો ઘણું થાય છે કે: એક વખત તેમને નજરે જોઇ આવું તો ખરીજ, પણ બીજીજ પળે એને વિચાર આવે છે કે: નથીને રતિકાન્તે તિરસ્કારી કાઢી તો મ્હારી શી દશા—જ્યાંત્યાં શું કહેવાશે કે: "રાંડ શાં વ્હાલ વહી જતાં હતાં તે ત્યાં ટળી?" આ પ્રમાણે દિવસ વિતાવતી, પતિની તંદુરસ્તીની વિગતવાર ખબરો મેળવતી રતિસુન્દરી, જે વખતે જગતનું ભાન ભૂલી જઇ ક્ષણભરને માટે વિરહ વ્યાકુલ થઇ રહી, પતિમિલનનો તડફડાટ વ્યક્ત કરી રહી છે, એજ વખતે નિસરણી-માંથી કોઇનાં પગલાંનો અવાજ આવ્યો. દાસી બેઠી હતી ત્યાંથી ઉઠીને વેગળી ગઇ. રતિસુન્દરી બરાબર સ્વસ્થ થઇને બેઠી ત્યાં પહેરાવાળા ભૈયાએ આવીને ખબર આપી કે: "બ્હેન સાહેબ! "કોઇ કાન્ત કરકે જુવાન આદમી આપસે મિલનેકુ આયા હે."

રતિસુન્દરીને કાન્તનું નામ સાંભળતાં અતિ આનંદ થયો. આટલી રાતે એ ક્યાંથી? કેમ આવ્યા હશે? એવા વિચાર કરતી કપડાં ઠીક-ઠાક કરી રતિસુન્દરી બેઠી હતી ત્યાંથી ઉઠીને ઉભી ઉભી કાન્તની રાહ જોવા લાગી, ત્યાં સાત્વિક નિર્મળ હાસ્ય ભરી દૃષ્ટિ ફેંકતો કાન્ત એ સ્થાનમાં આવી પહોંચ્યો. રતિસુન્દરીએ આવો ભાઇ! કહીને ખંડના મધ્ય ભાગમાં પડેલી એક આરામચેર પર બેસવા કહ્યું અને પોતે એક ટેબલને અઢેલીને ઉભી રહી. કાન્તે પૂછ્યું: "કેમ બ્હેન! શરીર તો સારૂં છેને?" "હા ભાઇ! તમે અને ઘરનાં બધાં મજામાં છો?" કહી રતિસુન્દરીએ પૂરો વિવેક દાખવ્યો, પછી કહ્યું: "કેમ ભાઇ! આટલી રાતે આવા વરસાદમા કંઇ?"

"તમને શું કહું?"

"કેમ ભાઇ! કહો કહો, કંઈ માઠા સમાચાર છે?"

"ના ના, બ્હેન! ગભરાશો નહિ. મંદવાડ તો તમે જાણોજ છોને?"

"હા ભાઈ! પણ આજકાલ તો મંદવાડ વધારે છે એમ સાંભળ્યું છે, પણ હું શું કરૂં? ભગવાને જે ધાર્યું હશે તે થશે."

"બ્હેન! એવું કંઇજ નથી. સુખ–દુઃખ એતો દેહના ધર્મ છે. મંદવાડ તો બધાંયને આવે એમાં થઇ શું ગયું? વ્યર્થ નિશાસા શા સારૂ મૂકો છો? તમારૂં સૌભાગ્યબળ છે તો પ્રભુ સૌ સારાં વાનાં કરશે. સમજ્યાં?"

"ભાઈ! પણ મ્હારે તો અહીં રહે રહે ઝૂરવાનુંજ સરજાયું છેને? આવી વખતે હું શા કામમાં આવી?"

રતિસુન્દરીના ઉપરના શબ્દો સાંભળીને કાન્ત પ્રસન્ન થયો, એ પ્રભુનો પાડ માનવા લાગ્યો. તેને થયું કે: પ્રભુ કરશે તો મ્હારા આવ્યાનું સાર્થક થશે. તેણે કહ્યું: "બ્હેન! તમે જો કહો તો તમારે માટે પતિ–સેવા સરજાઇ છે. જે કામ તમારે હાથે થવાનું પ્રભુએ નિર્માણ કર્યું છે એ કામ તો બીજું કોઈ કરી શકે એમ નથી. પણ તમે કરશો?"

"કાન્ત ભાઇ! તમે તે આ શું કહો છો? એમણે ગમેતેમ કર્યું: પણ એ કોણ? એ ન હોય તો આ દેહની કંઇ કિમ્મત? ભાઇ! હું ગરીબનાએ સ્હામું પરમાત્મા નહિ જુવે? શું ઇશ્વરને મ્હારી દયા નહિ આવે?"

"બ્હેન! ભગવાન તો દયામય છે. એને જરૂર તમારી દયા આવશે. એની પ્રેરણાથીજ હું આજ અત્યારે આ એકાન્ત સ્થાનમાં તમારી સ્હામે આવીને બેઠો છું."

"ભાઈ! કહો કહો ત્યારે હું શું કરૂં? તમે કહો તેમ કરવા

ખુશી છું.”

“તો વિલંબ ન કરો, અને મ્હારી આગળ થાઓ !

રતિસુન્દરીની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. તેણે કહ્યું: ભાઇ ! હું તમને મ્હારા ધર્મના ભાઇ સમજું છું. મને જે હોય તે સત્ય કહેજો, શું એમને આરામ થશે ? મ્હારાં સાસુએ તેડાવી છે કે: તેમણે પોતાની ઇચ્છાથી ?”

“બ્હેન ! હું સત્ય કહું છું. તમારી પવિત્રતા અને પુણ્ય આગળ આવશે. એ જો આ એક વખત પથારીમાંથી ઉઠે તો અવશ્ય તમારા સઘળા મનોર્થ સિદ્ધ થશે. તમને દેવીની માફક પૂજશે. હું પણ તમને ધર્મની બ્હેન સમજું છું. મ્હારી ખાત્રી છે કે: પરમાત્મા તમારૂં સૌભાગ્ય અખંડ રાખશે. બ્હેનના કલ્યાણની કામના એજ ભાઇનો ધર્મ! તમારા કલ્યાણનો માર્ગ તમને બતાવી હું પક્કી ખાત્રી કરાવી આપીશ, પછી ?

“ધન્ય ! ભલાભાઇ ! મ્હારા જેવી દુ:ખી અબળાઓના આશિ-ર્વાદથી પરમાત્મા તમારૂં મંગળ કરશે. કહો જોઇએ વારૂ ? શેની ખાત્રી–કેવી ખાત્રી ? તો તો હું જન્મોજન્મ પર્યંત તમારો ઉપકાર નહિ ભૂલું.”

“પણ જોજો, મ્હારા આવ્યાનું સાર્થક રાખજો. તમારા ભાવિ જીવનની જોખમદારી હું માથે લઉં પછી ? તમને શું કહું ? બ્હેન ! હવે એ ભૂતકાળના દિવસો યાદ કરી પૂર્ણ પસ્તાય છે. તમને દીધેલા કષ્ટ માટે આવા માંદગીના સમયે તે અત્યંત દુ:ખી થાય છે. તેમણે કરેલા અપરાધની તે વારંવાર ક્ષમા ચ્હાય છે. એતો કહે છે કે: શું એ નિર્દોષ સ્ત્રી હવે આ નર્કાગારમાં આવી આ નર્કકુણ્ડમાં ગોથાં ખાતા અભાગી જીવને તેમાંથી બ્હાર કાડશે ? ઉદ્ધાર કરશે ?

પતિ તરીકે સત્કારશે કે ? બળતા હૃદયને શાન્ત–શિતળ કરશે ? ખરે-ખર, તે અત્યારે દીન–કંગાલ બની જઈ પળે પળે પોતે કરેલાં પાપ-કર્મનો સર્વની સમક્ષ અત્યંત પશ્ચાત્તાપ કરે છે.”

કાન્તના ઉપરોક્ત ચાતૂર્ય ભર્યા શબ્દોએ રતિસુન્દરીને પલાળી નાંખી. બનેલી સર્વ બીના તે આ પળે ભૂલી ગઈ ? તેનું પ્રેમાળ હૃદય પતિદર્શનને માટે વ્યાકૂળ થઈ ઉઠ્યું. તેને થઇ આવ્યું કે: તેમના આવા કઠણ વખતે મ્હારેજ અભાગિનીએ વગર તેડાએ જઈ પતિ–સેવા કરવા જોઈતી હતી. એવા અંતરાત્માને ઠપકો આપતી રતિસુન્દરીને પતિને માટે અત્યંત મમતા અને પ્રીતિ ઉપજી. તે પોતાની જાતને ભાગ્યશાળી લેખવા લાગી. તેનું હૃદય ભરાઇ આવ્યું અને તે પાલવ વતી આંખો દબાવી આંસુ લ્હોતી રહી. વચ્ચે કાન્તે કહ્યું: બ્હેન ! ખાલી વિલંબ થાય છે. આવું ગાંડપણ શા કામનું ? હવે તો મારે શોક–સંતાપ વેગળા કરી દઈ, ત્યાં આવી પતિ સેવાનો પવિત્ર લ્હાવ લેવા જોઈએ. તમારી સત્ય–કર્તવ્ય–નિષ્ઠા અને સ્વામિ-ભક્તિની તેના હૃદય પર સચોટ છાપ પાડવી જોઇએ. આ તો તમને ઇશ્વરે સુન્દર તક આપી છે. આ વખતે તમે તેનો અંગીકાર કરશો તો તે તમારો જન્મોજન્મનો ઋણી થશે. તમને પ્રાણથી અધીક ગણી તમને ચ્હાશે–માન આપશે. જુઓ, સાંભળો ! એમ ઢીલાં થએ કામ નહિ નભે. તમે પવિત્રીના ભાઈ સુરેન્દ્ર ઉપર કંઇ નોટ બીડી હતી કે ? જો એ વાત સત્ય હોય તો ચાલો વાર ન કરતાં. તે આજેજ સ્હવારે મેહેલમાં આવ્યો છે. તેણે કરેલી સર્વ ગોઠવણ મ્હારા કાને આવી છે. તમારે કાબેલ રહેવાનું છે નહિ તો સત્યાનાશ વળી જશે.”

“ભાઈ ! હા હા નોટ તો મ્હેં બીડી હતી. પણ તેનું કેમ છે ? હાય હાય એ શું કરવા અહીં આવ્યો છે. કહો, જલ્દી કહો.”

જો, તમારા સાસરાના ખાસ માનીતા પેલા મારિમાર દાક્તરને સાધી રૂ. ૨૦૦] આપી કાલ ન્હાણું ન્હાતાં રતિકાન્તને વિષ આપવાનો ઘાટ રચ્યો છે, તમે એ પૈસાના લાલચુને તો ઓળખો છો ને? જુઓ, ઉતાવળ કરો, નહિ તો બધી બાજી પલટાઇ જશે. હવે પછી દર્દીને જે દવા અપાય તે દર્દીના પેટમાં ન જાય તેની સંભાળ રાખજો. ડોસીથી એમાંનું કંઈ ન બને એટલે મ્હેં એ સબંધી એમને જાણજ નથી કરી. જાઓ બ્હેન! પ્રભુનું નામ લઇને કપડાં પહેરી લ્યો.

રતિસુન્દરીના કાળજામાં ફફડાટ વછૂટ્યો. હાય હવે શું થશે? હું શું કરીશ? એવા સંકલ્પ વિકલ્પ કરતી રતિસુન્દરી માત-પિતાને સામાન્ય સૂચના કરી, તેઓ ના ના કરતાં રહ્યાંને જોત જોતામાં કપડાં પહેરીને આવીને ઉભી રહી. સાથે સાથે તેની પેલી વિશ્વાસુ દાસી પણ હાથમાં ફાનસ લઇને તૈયાર થઇ ગઈ. એટલે આકૂળ-વ્યાકૂળ બનેલી રતિસુન્દરીએ "ભાઇ ઉઠો" કહેતાં "ચાલો બ્હેન" કહી કાન્તે બેઠા હતા ત્યાંથી ઉઠીને मंगलं भगवान् विष्णुः કહેતાં ચાલવા માંડ્યું.

સુમારે દસ સાડાદસનો અમલ થયો હશે- વરસાદ પણ કંઇક જંપ્યો છે, તો પણ વિજળીના ચમકારા આંખને આંજી નાંખે છે. તમરાં દેડકાં આદિ જીવ જન્તુના અવાજથી રાત્રિ સજીવ જણાય છે. વરસાદ ધીમો પડ્યો છતાં રસ્તામાં પાણી ઘૂંટણ સુધી આવે છે. વહેતા પાણીનો પ્રવાહ કંઇક પાંદડાંને-કાગળીઆંને-દોરડાંને એવા એવા કચરો લાવી જનારાંને પગે વિંટાળી મહા હેરાન કરે છે. આવે વખતે ભયાનક રાત્રિના ભિષણ અંધકારને ભેદી પરમાત્માનું નામ લેતી રતિસુન્દરી કાન્તની પાછળ પાછળ ચાલી જાય છે. લાંબા સમયે આજ રતિસુન્દરી સાસરે આવી પહોંચી અને સ્હવારે મળ-

વાનું કહી રતિસુન્દરીને ઘરમાં વિદાય કરી કાન્ત પોતાને ઘેર ચાલતો થયો

આ તરફ રતિસુન્દરી પણ પતિ સમિપ જતી કે ઉપસ્થિત થઇ. સાસુએ "આવો બેટા" કહીને સ્નેહભરી વાણીથી કુળવધુને આદરમાન આપ્યું. પતિને જોતાંજ, પોતાના ઉપર ગુજારેલો જુલમ વિસરી જઈ અબળા સાસુની પાછળ બેસી જઇ અવિરત અશ્રુપાત કરવા લાગી. સાસુએ પણ રડતાં રડતાં આ સમયે તો રતિસુન્દરીને માથે હાથ ફેરવી કંઇક આશ્વાસન આપ્યું, ત્યાં તો ઉભય–સાસુ વહુના સ્નેહોદ્ગારે માંદા ઉપર જાદુઇ અસર કરી. પાસુ-વાળી પડેલા જીવે જે આશાએ ઉંચી દૃષ્ટિ કરી, તેની તે આશા ફળીભૂત થઇ. પતિ–પત્નીનાં ચતુર્નયનનું સમ્મિલન થયું. રતિકાન્તે પોતાની ઉચ્છૃંખલ વૃત્તિના પરિણામે પત્ની પર ગુજારેલું ઘાતકીપણું પત્નીએ કરેલો સદ્બોધ વગેરે અનેક વાતો એને યાદ આવી, તેણે તેને દુઃખી બનાવી દીધો. અશક્ત છતાં ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો; અને એ દ્વારા પોતાની કૃતજ્ઞતા પ્રકટ કરવા લાગ્યો. પત્નીએ બેઘડી દુનિયાની મનાતી લાજ અને મર્યાદાને અળગી કરી તેની પાસે જવાનું ઈષ્ટ ધાર્યું અને આશ્વાસન ભર્યા શાન્તિપૂર્ણ વચન રૂપી સુધારસધારામાં સ્નાન કરાવવાનો યત્ન આરંભ્યો. જે કામ ભલભલા દાક્તરો વૈદ્યો અને હકિમોથી નથી થઇ શક્યું તે કામ બાહોશ યુવતીએ હાથમાં લીધું.

પતિ–સેવા કરતાં કરતાં પ્રભાત થયું. લગભગ સાત સાડાસાતના સુમારે દાક્તર માખિમારની સ્વારી આવી પહોંચી. મરવા પડેલાને સુધરેલા જમાનાનો માર મારી અધમુવા કરવાની જાણે માખિમારને આદત પડી હોય તેમ આમ ફરો, તેમ ફરો, ઉંચા થાઓ, નીચા

થાઓ, એવી એવી કહણ કવાયતો કરાવી રતિકાન્તને વધારે અશક્ત કરી મૂક્યો.

એ બધુંએ ખરૂં પણ આજ કંઇ માખિમારનો જીવ વશ નથી લાગતો. ચતુર રતિસુન્દરી ક્ષણે ક્ષણે તેના વદન પર થતા ફેરફાર ઉપરથી ચેતી ગઈ કે: કહો ના કહો પણ વાત ખોટી નહિ. એ તિક્ષણ નજરે માખિમારના સ્હામું જોઈ રહી છે. દાક્તરને પણ થાય છે કે: મ્હેં મૂર્ખાએ વળી ક્યાં હા ભણી! અને આજ વળી આ ડાક્કણ અહીં ક્યાંથી? હવે રૂપિયા બસો રોકડા મુંબાઈ-ગરા ગજવામાં મૂક્યા છે એટલે કામ કર્યા વગર ચાલે પણ કેમ? એને ઘણુંય થયું કે: મ્હારે તે કેટલા કાળ કાઢવા છે. પણ અંતરમાં વિરાજેલા આત્મારામની વિરૂદ્ધ થઈ ન છૂટકે એ નરપિશાચે રતિકાન્તાના સ્હામું જોઈ "ઓહો! શેઠાણી આવ્યાં કે? કહી સહજ ખુશામદીયા અવાજે કહ્યું: "ત્યારે જરીક પેલો કાચનો મેઝરગ્લાસ પડ્યો એ લાવોને? રતિસુન્દરીએ ગ્લાસ લાવીને આગળ મુકી દીધો અને પોતે કોરાણે ઉભી રહી. માખિમારે દવાઓની બેગમાંથી એક શીશી કાઢી તેમાંથી એક બે ત્રણ એમ ગણતાં ગણતાં લગભગ દસેક ટીપાં નાંખ્યાં. રતિકાન્તા તે ક્યાં અભણ હતી? એણે દૂર રહે રહે તાકીને શીશીપરનું લેબલ વાંચી લીધું. હાય હાય! એ તો slow Poison–સ્લોપોઇઝન એવો પોતાના મનથી નિશ્ચય કરી નાંખ્યો. એ ઉપરાંત બીજું દશગણું પાણી અને બીજી કેટલીક દવાઓ મેળવી દાક્તરે ડોઝ તૈયાર કરી "શેઠ સાહેબ! લ્યો જરીક ટટાર થઇને પી જશો?" કહ્યું એટલે મહા મ્હરાણે રતિકાન્ત પથારીમાં બેઠો થયો. વચ્ચે ડોસીને પણ જાણે પ્રભુ બોલાવતા હોય તેમ તેમણે પૂછ્યું: "દાક્તર! રોજ અમણેની રાતા રંગની દવા આપો છો એનાથી ઠીક જણાય છે, આજ

વળી કેમ કંઇ બદલી જણાય છે? જાણે નર્યું એકલું પાણી!"

માખિમારે અટ્ટમ સટ્ટમ સમજાવી દર્દીના બરડે હાથ મુકી દવા તેના હાથમાં આપી. રતિકાન્ત હમેશની માફક દવા જોઇને મ્હોં કટાણું કરી દવા મ્હોંએ માંડવા જાય છે ત્યાં રતિસુન્દરીએ "હાં હાં" કરતાં આગળ ધપીને રતિકાન્તના હાથમાંથી પ્યાલો ઝુંટવી લઇ લીધો, અને કબાટમાં મૂકી તાળુ મારી દીધું. કાન્તે અગાઉથી સૂચવ્યા છતાં રતિસુન્દરીને પ્યાલો ખુંચવી લેવાની હિમ્મત ન આવી, પરન્તુ ઘડીક પછી પતિરાજનો ઘાટ ઘડાઇ જશે એ વિચાર આવતાં કોણ જાણે અદૃષ્યસત્તાએ કોમળાંગીના શરીરમાં અદૃષ્ય રીતે કેવી અજબ રીતે નૈતિક બળનો સંચાર કર્યો અને તેના આવ્યાનું સાર્થક્ય થયું!

અણધાર્યો આ બનાવ જોઇને માખિમાર હૅબક ખાઇ ગયો! તે ચેતી ગયો કે: અવશ્ય આડું વેતરાયું! તેને થયું કે: પૂર્વજન્મનું વેર વાળવા શયતાન સુરેન્દ્રએજ આ કાવત્રું રચી મ્હનેજ ફસાવવાની પ્રપંચ જાળ પાથરી લાગે છે. તો પણ તેણે ગંભીર મુખમુદ્રાએ ઠબકાના રૂપમાં કહ્યું: "શેઠાણી! તમે તે આ કેવી છોકરમત કરો છો? કંઇ જીવ ઠેકાણે છે કે નથી? ચાલો ચાલો, મ્હારે વાર થાય છે."

રતિસુન્દરી એમ કંઇ દમ ખાય એવી ન્હોતી, કારણ છોકરી શ્રીમંતની હતીને? તો પણ મહા મુસિબતે તેડી આણેલી વહુને આમ કડક શબ્દો કહેતાં અટકાવીને વૃદ્ધાએ કહ્યું: "કમ, એવી કેવી દવા છે એ?"

રતિસુન્દરી જવાબ આપે તે પહેલાં માખિમારે કહ્યું: 'હવે મ્હારે શું કરવું? એમાં એ શું સમજે? તમને વિશ્વાસ ન હોય તો બીજાની દવા કરો બાપુ! પછી? પણ આ તોફાન શા કામનાં? માજી! અમને પણ કંકુનાજ વ્હાલા છે ને? મ્હેં તો મ્હારા દિકરા

જેવા સમજી કંઇ કરતાં વ્હેલો આરામ થાય છે સમજી આજે કેવી કીમતિ દવા આપી છે, પણ માજી...

માખિમાર આગળ બોલે તે પહેલાં તો રતિસુન્સુરી આંખમાંથી ક્રોધાગ્નિ વરસાવતાં ગર્જી ઉઠીઃ "નફ્ટ ચંડાળ! ત્હારી પાપ પ્રવૃત્તિ ત્હારા મ્હોં પરથી ક્યાં છૂપાય છે? અભાગીયા! દવા બદલી છે? એતે દવા છે કેઃ હળાહળ ઝેર? અનાથ વિધવાઓની સાત સાત પેઢિઓનું સત્યાનાશ વાળનાર કસાઇ–યમના ભાઈ! આટલી અવસ્થાએ નાશવંત લક્ષ્મીની તુચ્છ લાલસામાં લપટાઇ આખર આવાં ઘોર કૃત્ય કરવાની તને કેમ બુદ્ધિ સૂઝી? શું ત્હારે પણ એક દિવસ નથી મરવું? કેમ, કુતરા! કેમ ભસતો નથી? કહે કહે, દવા છે કેઃ કંઇ બીજું?"

ઝેર સાંભળ્યું એટલે તો ડોસીનો પણ જીવ ફફડી ગયો. તેમણે પણ બૂમરાણ મચાવતાં ગાળોનો વરસાદ વરસાવવા માંડ્યોઃ "મેર્ય હરામખોર! પકડાવી દ્યો મ્હારા પિટ્યાને" કહેતાં ડોસી લાંબા હાથ કરી કરીને માખિમારના મ્હોંપર હાથના ગોદા મારવા મચી ગયાં. માખિમાર વચ્ચે ઘણુંય સમજાવવા–વાત ઠેકાણે લાવવા મથે પણ નગારામાં તતૂડીને સાંભળે કોણ? ડોસીની ધીરજ ખૂટી ગઈ! હાય હાય! શું થાત? કહેતાં ડોસી રડતાં રડતાં રતિકાન્તને ભેટી સૌ વરસનો થજે દિકરા! કહી તેના શરીરે હાથ ફેરવવા લાગ્યાં.

હવે વિલંબ કર્યા વગર કોઇ નથી તો રસ્તો પકડવો, નહિ તો પૂરી કમબખ્તિ સમજી, જાઓ જાઓ, મ્હારા ભાઈ! મ્હેરાં બુદ્ધિજ છેવટે કરીને મ્હારી આટલા દિવસની મહેનતને માથે પાણી ફેરવ્યું ને? તમે જાણો! કહી માખિમાર ઉભો થયોઃ પણ નિસરણીમાં પગ મૂકતાંજ નીચેથી અવાજ આવ્યોઃ કોણ? અને એજ ઘડીએ સી–આઈ–ડી પોલીસ આવીને ખડી થઈ. જેટલાં ત્યાં હાજર હતાં એ તમામની

ખપ પૂરતી જુબાની લેવામાં આવી. વધારામાં રતિકાન્તાએ કબાટમાંથી પેલો દવાનો ગ્લાસ કાઢી લાવીને પોલીસને સ્વાધીન કર્યો. માખિમારે વચ્ચે વચ્ચે પોતાની નિર્દોષતા અને માનહાનિને માટે ઘણી વાતો કહી, પણ આ પ્યાલો આપ્યા પછી તો ઠંડો થઇ ગયો! એટલો નસિબદાર કે: ભોળી રતિસુન્દરીની ભલામણથી પોલિસે તેને શૃંખલાબંધન ન કર્યું અને સાવચેતીથી તેને વચ્ચે રાખી સરકારી દૂતોએ ત્યાંથી રસ્તો માપ્યો.

સુરેન્દ્રનું આગમન અને પેલો નનામો કાગળ મળવાપરથી ચેતી જઈ સી-આઈ-ડી ઑફીસરને મળી ઘટતો બંદોબસ્ત કરવા આગલે દિવસે રાત સુધી ધક્કાપક્કી ખાઇને કાન્તે બધી ગોઠવણ કરી હતી, પછી શું જોઇએ? અને સી-આઇ-ડી વાળા દાદાગુરૂ તો ફલાણાને વાછૂટ થઇ અને ફલાણાને બંધકાપ થયો એવી ખબરો જયાં ત્યાંથી મેળવવા તસ્દીજ રહ્યા હોય છે, એટલે આજ પણ તેઓ ખૂબીથી આવીને બધા રંગ વિગતવાર નોંધતા જોઇ રહ્યા હતા: અને જોતાં જોતાં કાન્તની બુદ્ધિ ચાતુર્યનાં સાથે સાથે વખાણ પણ કરતા હતા.

પતિભક્તિપરાયણ સાધ્વી સ્ત્રિઓના નસિબમાં વૈધવ્યનું મહા કષ્ટ નથી લખાયું હોતું એ વાત આજે સત્ય કરી! રતિકાન્તાના સૌભાગ્યબળે રતિકાન્ત મ્હોતના પંજામાંથી ઉગરી ગયો. વિધિનું વિધાન આવુંજ વિચિત્ર રહે છે-સાથે સમજવામાં આવે તો પવિત્ર પણ રહે છે! આવાં આવાં કારણોને લીધેજ વિવિધ વૈચિત્ર્યથી ભરેલી મહાદેવી-વિધાતાની અદ્ભુત લીલાનાં સહુ કોઇ આશ્ચર્યવશ થઇ વખાણ કરે છે, અને આ પ્રમાણે ભગવાન ધર્મનો જય સાબિત કરી આપે છે.

એકવિંશ પરિચ્છેદ

અવિનાશિની આશિષ !

સુલોચનાનું સ્મરણ અને પાપના પશ્ચાત્તાપના પરિણામે ચારેક પત્ર લખી સુરેન્દ્રના મકાન પરથી અદ્રશ્ય થએલા ભીલમાલક સુંદરલાલે પોતાના પિતાના પર લખેલો પત્ર જે પ્રિતમ પોતે જાતે જઈને પોસ્ટમાં નાંખી આવ્યો હતો એ કાગળ છેક ત્રીજે દિવસે એટલે જે વખતે સુલોચનાનો તો પત્તોજ ન મળે એની મહા ચિન્તામાં આખુ કુટુંબ કલ્પાંત કરી રહ્યું હતું, સાથે સાથે મુનિમ અને સુન્દરલાલની રકઝકના પરિણામે અણીના વખતે હાજર થઇ તોફાનનો અંત આણ્યો તે સમયથી તક શોધીને પવિત્રીને મુક્ત કરાવવા ચાલતા થયેલા સુંદરલાલનો પણ ત્રણ ત્રણ દિવસથી પત્તો ન મળવાથી સૌવધારે વ્યાકૂળ બની ગયાં હતાં—આખા કુટુંબમાં શોકકળ થઇ રહી હતી એવે વખતે ટપાલમાંથી સુન્દરલાલના હસ્તાક્ષરનો એક પત્ર મુનિમે આવીને આગળ ધર્યો. શેઠ એ અક્ષરને પારખી શક્યા અને તેમણે કવર ફાડીને અંદરનો પત્ર વાંચવા માંડ્યો.

પૂજ્ય તિર્થસ્વરૂપ પિતાશ્રી ! તા....

નિર્ભાગી સુંદરના સાચા હૃદયના સાષ્ટાંગ દંડવત્ સ્વીકારશો.

વિ. આપને શું લખું ? મધ્ય રાત્રિએ આપના ચરણ શરણનો ત્યાગ કરી, હું પાપવાંચ્છનાથી ભરેલો પાપિણીપવિત્રીના ભાઇ સુરેન્દ્રને ત્યાં પહોંચ્યો. પવિત્રીને મુક્ત કરાવવા પાંચસો આપની સમ્મતિ વગર આપ્યા ! પ્રાતઃકાળ થતાં સુરેન્દ્ર તેનો બાપ વગેરે

પવિત્રીને મુક્ત કરાવવા ગયા. હું ત્યાં એકલો વિચારે ચઢ્યો, ત્યાં આપની સર્વમંગલા-કૂલવધુનું સ્મર્ણ થયું. એ નિર્દોષ પવિત્ર મૂર્તિ મ્હારી આંખ સ્હામે આવી ઉભી રહી, એજ વખતે મ્હારૂં કાળજું કંપી ઉઠ્યું. મ્હારી આંખ ઉઘડી. મનથી તેની ક્ષમા માગી લીધી, અને તક જોઇ તેનુંજ પુણ્યસ્મરણ કરતો ચાલી નિકળ્યો છું. મ્હેંજ પાપાત્માએ પેલી દુર્મુખ સ્ત્રીના પ્યારની ખાતર એ નિરપરાધિનીને મહાકાળરાત્રિએ ભગવતી નર્મદાના મધ્ય ભાગમાં ફેંકી દીધી છે. હુંજ દોષિત છું. પવિત્રી? નિર્દોષ છે. એ કૂલિન બ્રાહ્મણકન્યાની આપ રક્ષા કરશો ! તેનો ઇન્સાફ પ્રભુને સોંપશો ! વયોવૃદ્ધ આપણા કુટુંબના પરમ હિતૈષિ મુનિમને મ્હારા સાષ્ટાંગ સાથે મ્હારી ક્ષમા યાચના સંભળાવશો ! ન્યાયાલયના છેવટના ચૂકાદાના દિવસની રાહ જોતો રહીશ, અને વગર હરકતે એ પળે ગમે ત્યાંથી આવીને હાજર થઇશ એની મુનિમને ખાત્રી આપજો. મ્હોતથી નહિ પણ પ્રભુના મારથી બ્હીને ઇશ્વર જે માર્ગે લઇ ગયો એ માર્ગે ગયો છું. મ્હારો આત્મા કહે છે કે: આ લોકમાં નહિ તો પરલોકમાં પણ તમારી સૌભાગ્યની કૂલભૂષણ-કૂલવધુને મળીશ, અને તેની ક્ષમા માગી આત્માને ચિરતૃપ્ત કરીશ. દયા ! ક્ષમા !

આપનો હતભાગી કુલકંટક
નામધારી-સુન્દર.

પત્ર વાંચી શેઠનું કાળજું ફફડી ઉઠ્યું. સુલોચનાની આશા છોડી દીધી. તે સાથે સુન્દરના ગૃહત્યાગે પણ શેઠને હતાશ કરી મૂક્યા. એકનોએક પુત્ર અને અવસ્થામાં આ બધા સંસ્કાર એ યાદ આવતાં ઘણી હિમ્મત રાખવા છતાં શેઠની આંખમાં જળજળીઆં ભરાઇ ગયાં. મુનિમે પત્ર સાંભળીને છેવટ છેવટ પણ સુન્દર શેઠ કેટલે

આવ્યા જાણી એમને અનેક ધન્યવાદ આપ્યા. તેમને પણ લાગી આવ્યું. તેમણે વૃદ્ધ શેઠને બે શબ્દો કહી પ્રભુ સૌ સારૂં કરશે. એ તે કયાં જાય એમ છે, ગમે ત્યાંથી લાવીને હાજર કરીશ. કહી સાંત્વન આપ્યું. શેઠે એક વિસ્તૃત પત્ર લખાવી ઘેર સમાચાર જણાવ્યા. શેઠના કુટુંબ ઉપર એક પછી એક નવી નવી આફતો આવવા લાગી. કોઇ એમની દયા ખાવા લાગ્યાં. કોઇ કર્મફળ માનવા લાગ્યા. એ પ્રમાણે દુનિયાં મનફાવે એવા ગપ્પા ઉડાવવા લાગી. શેઠે સુન્દરનો પત્તો મેળવી આપનારને રૂ. ૫૦૦૦ ઈનામ આપવામાં આવશે. સુલોચનાની ભાળ લાવી આપનારને રૂ. ૧૦૦૦૦ આપવામાં આવશે, એવી એવી જાહેર નોટિસો વર્તમાનપત્રોમાં છપાવી: એને લગભગ બે અઠવાડીયાં થવા આવ્યાં પણ કંઇજ ખબર ન મળી. મુનિમને થયું કે: સુલોચનાનુ તો થયું થવાનું હતું તે પણ મ્હેં વળી કોણ જાણે ક્યાંથી બે શબ્દો એમના લાભના સમજીને કહ્યા ને સુંદર શેઠ પણ મ્હારે તો મ્હોં બતાવવા જેવું ન રાખ્યું! મુનિમે કલ્પાંત કરતાં શેઠને કહ્યું: “શેઠ સાહેબ! મ્હેં તો મ્હારા પુત્ર જેવા સમજીને કબટારૂપે બે અક્ષર કહ્યા–મ્હને શી ખબર કે: તેનું આવું પરિણામ આવશે?

શેઠ મુનિમને સમજાવી એવું મનમાં લેશ પણ ઓછું ન આણવા જણાવ્યું. અને કહ્યું: “જુવો એ લખે છે એ ઉપરથી લાગે છે કે: ગમે તે પ્રકારે છેવટને દિવસે–ચૂકાદા વખતે ગમે ત્યાંથી આવીને કૉર્ટમાં હાજર થશે. તમે ચિન્તા ન રાખશો.”

“તો પછી આવેલા આપણે કયાં છટકવા દઇએ એમ છીએ? શેઠ સાહેબ! આપનું લુણ ખાધું છે તો નહિંને કદાચિત્ જાતે સજા ભોગવવાનો વારો આવે, તોપણ શું થયું? ભાઇસાહેબ આવી ચડે અને તેઓ મુક્ત થતાં જો મ્હને સજા થની હોય તો હું ખુશીથી

કબૂલ કરીશ." મુનિમે વાણીદ્વારા વફાદારી બતાવી.

આજ પૂરા આઠ દિવસથી સુંદર–પવિત્રીનો ચકચાર ભર્યો કેસ ચાલે છે. સંખ્યાબંધ માણસો એ કેસ સાંભળવા કૉર્ટને આંગણે ઉતરી પડે છે. સહુ પરિણામની રાહ જોઇ રહ્યા છે. અમુક દિવસે છેવટનો નિર્ણય આપવાનું કરી ચૂક્યું.

પવિત્રી અને સુંદરલાલના કેઇસનો આજ ચૂકાદો આપવાનો છે. આજ સ્હવારના છ વાગ્યાના વૃદ્ધ શેઠ અને મુનિમ. મોટરમાં દોડ-દોડી કરી પારવગરની ખટપટ કરી રહ્યા છે. મુંબાઇના જાણીતા બેરિસ્ટરોને રોકી, શેઠે પારવગરના પૈસા વેરવા માંડ્યા છે. બનતો પ્રયાસ કરી બન્ને બરાબર સાડા આઠે થાક્યા પાક્યા મકાન પર આવ્યા. "જુવો! આપણે તો બન્યો એટલો બધો પુરૂષાર્થ કર્યો, પણ પરિણામ પ્રભુને હાથ છે. ઇશ્વર જે દહાડા બતાવે એ જોયા વગર છૂટકો?" કહી શેઠે એક નિઃશ્વાસ નાંખ્યો.

"શેઠ સાહેબ! આપ જરી પણ ઓછું ન લાવશો. સુન્દરશેઠ આવે કે ન આવે તેની મ્હને લેશ ચિન્તા નથી. હું તો ઇચ્છું છું કેઃ પ્રભુ કરેને એ ન આવે તો જ ઠીક. નથીને પરિણામ વિપરિત આવે તો પણ તેની મ્હને શી ચિન્તા છે? એ સબંધમાં આપને હું કહું તે કરતાં આપ કયાં ઓછું કરો તેમ છે?" મુનિમે ગર્ભિત વાત કરી.

"મુનિમ! તમે શું કહો છો? આજથી આ મુંબાઇ ખાતેની મ્હારી બે મીલોમાં તમારૂં બબ્બે આનીનું કમિશન બાંધી આપું છું. તમે ગમે ત્યાં હો તોપણ વર્ષ આખરે કાળે પડતું કમિશન તમારે ખાતે જમે કરી તમારા કુટુંબને જણાવી, તેમને કોઇ વાતે ઓછું આવવા નહિ દઉં." કહી શેઠે મુનિમના ત્યાગની ઘટતી કદર કરી તેમને સંતોષ આપ્યો.

એજ વખતે એક યુવક-યુવતીએ એ સ્થાનમાં પ્રવેશ કર્યો. યુવકને જોતાંજ મુનિમે " આવો આવો, પધારો કિરતનલાલ ! આવ કીર્તિબેન ! તું આવી પહોંચી કે ? કહી મુનિમે તેમને ઉચિત સ્થાને બેસાડી શેઠસાહેબને પોતાના જમાઈ અને પુત્રીની પિછાન કરાવી. શેઠ પ્રસન્ન થયા. તેમણે કહ્યું: "ક્યારનાં આવ્યાં છે–ક્યાં ઉતર્યાં છે ?"

" એમના ન્હાનાભાઈ અહીં ડૉક્ટરનો અભ્યાસ કરે છે એ સ્ટેશન પર ગયા હશે એટલે બન્ને ત્યાં ગયાં હશે." મુનિમે સમજાવ્યું.

" અરે ! પણ આપણી આ પેઢી મૂકી બીજે જવાની જરૂર હોય કે ? કેવાં ગાંડાં નર્યાં ! હવે રહો એટલા દિવસ અહીંજ રહેવાનું રાખજો, સમજ્યાને ભાઈ !" કહી શેઠે વિવેક કર્યો.

" શેઠ સાહેબ ! આપનુંજ ખાઇએ છીએને ? આપની ક્યાં ઓછી કૃપા છે ? અહીં રહીએ તોપણ ક્યાં હરકત છે ? ઉપકાર થયો." કિરતનલાલે આભાર માન્યો.

બાદ કિરતનલાલે અને પિતાપુત્રી ત્રણેએ સાથે સાથે સ્થાન લઈ અનેક પ્રકારની વાતચિત કરી. કીર્તિએ આકૂળતાથી કહ્યું: "બાપુજી ! કેમ થશે ?" તેમણે કહ્યું: " બેટા ! શ્રીહરિ સૌ સારૂં કરશે. ભગવાન કરશે તો વાળ વાંકો નહિ થાય. ન્હાના શેઠનો પત્તો નથી પણ કાગળ છે કે: હું ચૂકાદાની વખતે ગમે ત્યાંથી આવીને હાજર થઈશ. અને નથીને બનવાકાળ હોય ને અવળું પડે તો શી હરકત છે ! પોતાના માલિકને માટે ભોગવવું છે ને ? કેવા કદરદાન છે ? બાર મહિને વીસથી પચાસ હજારની આવક કરી આપી–અહીંની બન્ને મીલોમાં બબ્બે આની કમિશન નાંખી આપ્યું !" કહો કિરતનલાલ આવા શેઠને માટે જે કરીએ તે ઓછુંજને ? પણ અહીંજ આવવું હતું, નકામાં ત્યાં શું કરવા ગયાં ?

કિરતનલાલે કહ્યું: કંઈ હરકત નહિ. ઇશ્વર દયાળુ છે. પોતાના માલિકને માટે સહન કરવું પડે એ ઉજળો દીવસ ક્યાંથી ! ઓછી કદર કરી છે ! આવા તો વિરલાજ હોય છે. કેવો ભાવ ! કેવો વિવેક ! મુરબ્બી ! આવવાનો તો અહીંજ વિચાર હતો; પણ સાથે ભરૂચથી એક સાક્ષાત લક્ષ્મી જેવી સુશિલ બાઇનો સમાગમ થયો, અને એ પણ અમારા આગ્રહને લીધે સાથે આવ્યાં એટલે અમે બધાં ત્યાં ગયાં. શું એની વાણી અને વિનય ! વાહ વાહ "વચ્ચે કીર્તિએ કહ્યું: બાપુજી એમણેજ અમને ધીરજ આપી—સમજાવ્યાં અને થાય છે કે: મેં ક્યાંક જોયાં છે, પણ ઓહોહોહો શું તેજ ને શું ગંભિરતા !"

એટલામાં ઘડિઆળમાં દસના ટકોરા થયા. કિરતનલાલે જહને પોતે કૉર્ટમાં આવવાનું કહી રજા લીધી. "શું થશે" એ વિચાર આવતાં કીર્તિની આંખ ભીની થઇ. તેણે: "બાપુજી ! જાઉં છું" કહી સજળ નેત્રે ચાલવા માંડ્યું.

બાદ શેઠજી અને મુનિમે જમી લીધું. અને મોટર તૈયાર રાખવાની સૂચના કરી. બરાબર અગીઆરના ટકોરા થતાં જે સાથે લેવું કરવું હતું તે લઇ કરી ગણપતિનું નામ લઇ બન્ને મોટરમાં બેસી ગયા. કૉમ્પાઉન્ડમાંથી મોટર બહાર નિકળતાંજ સ્હામેથી એક હાસ્યભરિત્ વદને ચાલ્યા આવતા એક તેજોમય બાલયોગીની ઝાંખી થઇ ! શેઠજીએ ભક્તિભાવ પૂર્વક વંદન કર્યાં અને મોટર થોભાવી. બાલયોગીએ અભય બનાવી આશિષ આપી કહ્યું: "ફીકર મત કરો, સબ અચ્છા હો જાયગા, **અવિનાશી**કા યાદ કરના ! દાદાજીકા ભજન કરના" કહી બાલ્યચેષ્ટા કરતા બાળયોગી ચાલતા થયા. ઉભયજણે માથું નમાવી વંદન કર્યાં. અને ઉંચી દૃષ્ટિ કરી પણ

બાલયોગી ક્યાં! આશ્ચર્યવશ શેઠ અને મુનિમ બાલયોગીના આદેશ મુજબ અંતરમાં जय! अविनाशिनो जय! એજપ કરતા દાદાજીને મનથી માથું નમાવતા-પુનઃ પુનઃ વંદન કરતા કૉર્ટમાં પહોંચ્યા.

દ્વાવિંશ પરિચ્છેદ

ન્યાય મંદિરે!

પૂરા પંદર દિવસે લાંબી ચૂંથણી પછી આજ સુંદર પવિત્રીના કેઇસનું છેવટ આવશે. આજ લાગલાગટ પંદર દિવસથી નિયમિત ચાલુ રહેલા અને અવનવા ભેદ-ભરમોથી લોકોનું મન આકર્ષી રહેલા આ કેઇસનો ચુકાદો આપવાનો હોવાથી સ્હવારના દસ વાગતાના લોકો એક પછી એક કૉર્ટના દ્વારમાં આવે જાય છે. અગીઆર થતામાં તો લોકોની ભારે ઠઠ જામી ગઈ. ઘડિઆળમાં બરાબર બારનો ટકોરો થતાં પ્રારંભમાંજ આ કેઇસ નિકળ્યો. સર્વત્ર શાન્તિ પસરી રહી હતી, ત્યાં કોર્ટનું કાર્ય શરૂ થાય તે અગાઉ એક બેલિફ એક કવર લાવીને કલાર્કના હાથમાં મૂકી દીધું. કલાર્કે નામદાર સરકારનું અને તેમાંય પર્સનલ લખેલું હોવાથી પોતે ન ફોડતાં તે જજ સાહેબની સ્હામે ઉભા થઇને મૂકી દીધું. "શું છે?" કહીને નામદાર જજે આશ્ચર્યવશ થઈ એ કવર ફોડી વાંચવા માંડ્યું:-

નામદાર કોર્ટની હજૂરમાં તા... ૧૯...

વિ. સમાજ જેને માટે અધીરો થઈ રહ્યો છે એવા આજના પ્રથમજ શરૂ કરવા ધારેલા અગત્યના કેઇસનો પ્રમુખ ગુન્હેગાર જેને

નામદાર કોર્ટે જીવ બચાવવા છટકી ગયેલો માની લીધું છે, જેને શોધી આપવાને માટે જાહેર ઇનામો અને બીજી અનેક લાલચો આપવામાં આવી છે, એ નામદાર કૉર્ટનો અપરાધી અને પરમાત્માનો કૃપાપાત્ર સુન્દર આજ **ન્યાયમંદિરે** આવીને ઉભો છે. મજકુર કેસમાં જેને જેને તહોમતદાર ગણવામાં આવ્યા છે અને જે જે નિર્દોષ આત્માઓના પ્રાણ અને પ્રતિષ્ઠા જોખમમાં છે તે તમામ, જો આપ માની શકો તો, સાવ નિર્દોષ છે. એ તમામ ગુન્હાઓનો કર્તા હું છું, અને એનો ભોક્તા થવાની મ્હારી પ્રબળ ઉમેદ છે. સુલોચનાનું મ્હોત નિપજાવવામાં પવિત્રીએ કંઈજ ભાગ નથી લીધો એ હું સાફ સાફ જણાવું છું. કેવળ મ્હારીજ મનોવૃત્તિએ તેમ કરવા મ્હને પ્રેર્યો અને એ કાર્ય મ્હેં જાતેજ કર્યું છે. ગુન્હાના સબંધમાં નામદાર કૉર્ટ મ્હને જે કંઈ પૂછવા માગતી હોય તે સર્વ મ્હારે કબૂલ છે. તેને અંગે જે કંઇ સજા કરવામાં આવે તે સ્વીકારવાને આ લેખથી હું બંધાઉં છું. તે સાથે એક પણ નિર્દોષ જીવને હાની કે માનહાની ન થાય તેની કાળજી રાખવા નામદાર સરકારને આથી હું વિનવું છું. આ વગર બીજું કહેવા પૂછવાનું આપ માંડી વાળશો અને આજ્ઞા થએથી આપનો અંતિમ્ આદેશ શિરસાવંદ્ય કરવા હૂકમ કરશો તે વખતે આવીને આપ નામદારની હજૂરમાં ઉભા રહેવામાં હું મ્હોટું માન સમજીશ.

આપ નામદાર સરકારનો
તાબેદાર અને ગુન્હેગાર
"સુન્દર."

પત્ર વાંચીને નામદાર જજે "સુન્દરલાલને હાજર કરવા હૂકમ કર્યો. સિપાઈએ "સુન્દરલાલ હાજર હે" "સુન્દરલાલ હાજર હે" "સુન્દરલાલ હાજર હે" કહીને ત્રણ વખત હાંક મારી એજ સમયે

એક "દુર્બળ કાય, દીન જેવો, શરીર પર કેવળ એક મેલું પહેરણ અને ઘુંટણ સુધીનું પંચીઉં પહેરેલો તેજસ્વી યુવાન ગંભિરતાથી પરન્તુ તેટલીજ નિર્ભયતાથી આવીને એ સ્થાનમાં મસ્તિષ્ક નમાવીને ઉભો રહ્યો. નીચી નજરે ઉભા રહેલા એ યુવકને જોઇ સહુ કોઇ સ્તબ્ધ થઇ ગયાં. નથી એ કોઇના સ્હામું જોતો કે: નથી રજ હાલતો! નામદાર જડજની આજ્ઞા થતાં ક્લાર્કે સુન્દરલાલ સ્હામે દૃષ્ટિ કરી પૂછ્યું: "ભાઇ! તમારૂં નામ!"

સુંદરલાલે તરતજ કહ્યું: "મ્હારૂં નામ સુન્દરલાલ, બાપનું નામ જગમોહનદાસ, જાતે વણીક, ઉમ્મર વરસ સત્તાવીસ, રહેવાસી રાજનગરના, ધંધો કંઇજ નહિ. હું ઇશ્વર માથે રાખીને કહું છું કે: મજકુર કેઇસનો ગુન્હેગાર હું સુંદરલાલ છું અને તેને અંગે જે કંઇ સજા થાય તે ભોગવવાને આજ આવીને નામદાર સરકારની હજુરમાં હું ઉભો છું. આ મ્હેં કહ્યું અને પત્રમાં લખ્યું છે એ વગર એ સબંધમાં બીજી કોઇ વાત હું કહી શકું એમ નથી તેમ કહેવા પણ ઇચ્છતો નથી." એટલું કહીને સુન્દરલાલે મૌન ધારણ કર્યું. તેને પ્રશ્નો પૂછવામાં આવ્યા પણ તે કેવળ મૂંગો રહ્યો. એજ પળે સહુની અજાયબી વચ્ચે એક બીજું કવર લાવીને સિપાહીએ ક્લાર્કના હાથમાં મૂક્યું. ક્લાર્કે એ કવર પણ સમજીને નામદાર જડજની સ્હામે મૂક્યું. જડજે વધારે આશ્ચર્ય પામતાં એ કવર પણ હાથમાં લઇ ફાડીને તેમાંનો પત્ર વાંચવો શરૂ કર્યો:—

વ્હાલા ભાઇ—સાહેબ!

શું લખવું અને કેમ લખવું એની મ્હારા જેવી અજ્ઞાન અબળાને ક્યાંથી ગમ હોય? પરન્તુ હું જે લખવા—કહેવા ઇચ્છું છું એ એજ છે કે: આ કમનસિબ બનાવની કારણભૂત સુલોચના પ્રભુની દયાથી હજી હયાત છે. તેના મ્હોતની તર્કટી કલ્પનાઓથી

નાહક હેરાન થતા નિર્દોષ આત્માઓને તમારે હાથે નેક ન્યાય અપાવવાના ઇરાદાથી, તેમને મુક્ત કરાવવાની આતુરતાથી, મ્હારા પાત અને પિતાના કૂળના યશ–ગૌરવને સહજ વેગળાં કરી આ પળે **ન્યાયમંદિરે** આવીને ખડી થઇ છું. ફળ મળ્યું હોય તો તે પણ મ્હારાં કર્મનું છે એ હું કબૂલ કરી લઉં છું એટલે નિરર્થક નિર્દોષ ન માર્યા જાય તેની કાળજી રાખવા એક ભગિની ભાવે આપને પ્રાર્થના કરૂં છું, અને આ કેઇસને અંગે સંડોવાયલા સર્વ જણની આપના ચર્ણમાં મિક્ષાન્દેહિ પુકારતી સલામતી માગી લઉં છું.

આપની ધર્મ ભગિની
સુલોચના.

પત્ર વાંચીને નામદાર જજ્જ સુલોચના જેવી સાધ્વી ધર્મભગિનીને જોવા મહા આતુર થઇ ગયા. તેમણે પોતાનું પદ અને ગંભિરતા--કડકાઇ અળગી કરી પોતાના પરસનલ કલાર્કને કહ્યું: મી. મણિલાલ ! જાઓ અને તમે જાતે તપાસ કરીને ઘણાજ માન પૂર્વક “સુલોચના” નામક બાઇને અહીં બોલાવી લાવો. જીંદગીનો આ એક અદ્વિતીય અનુભવ છે. કહી નામદાર જજ્જે એ કાગળ હતો તેમનો તેમ કવરમાં મૂકી દીધો, અને મી. મણિલાલ આશ્ચર્ય પામતા સુલોચનાની તપાસ કરવા ગયા.

આજના વિલક્ષણ બનાવથી લોકો હેરત પામી ગયા છે. એક ભેદ ભરમોથી ભરપુર નાટક ભજવાતું હોય એવું થઇ રહ્યું છે. લોકો સુલોચનાને જોવાની ખાતર આંખો તાકતા દરવાજા સ્હામે જોઇ રહ્યા છે. કંઇક અંદર અંદર વાતો કરે છે કે: “અરે આતે જીવતી સુલોચના કે: મરીને ભુત થઇને આવી છે!” આ પ્રમાણે મન ફાવતી અટકળો બાંધતા સહુ તિક્ષ્ણ દ્રષ્ટિ ફેંકી રહ્યા છે. એજ વખતે લાજ

અને મર્યાદાથી નમી ગએલી પ્રેમ અને પવિત્રતાની મૂર્તિરૂપ ક્ષમા અને દયાની દેવી જેવી ગંભિર મુખાકૃતિવાળી જેનાં નયન નિચાં ઢળી ગયાં છે એવી આર્યરમણીમણિ ધીમે ધીમે એ સ્થાનમાં આવીને ઉપસ્થિત થઈ. તેના આવતાની સાથે નામદાર જજ્જે ખુરસી પરથી ઉભા થઈ "પધારો બ્હેન!" કહી માન આપ્યું તેની સાથે કોર્ટમાં બેઠેલા તમામ જણ ઉભા થઇ ગયા. નામદાર જજ્જે સુલોચનાને યોગ્ય સ્થાન લેવા આગ્રહ કર્યો પણ સુલોચનાતો મર્યાદાપૂર્વક એક સ્થળે એની મેળે ઉભીજ રહી.

સહુના હૃદયમાં અજબ આનંદ આનંદ થઇ રહ્યો. મનુષ્યની ધારણા તે કેવળ ધારણાજ રહી અને અપૂર્વ સંયોગો આવીને ઉપસ્થિત થયા. લગભગ દસ મિનિટ સુધી એ સ્થાનમાં શાન્તિ પસરી રહી. દસ મિનિટ બાદ એ અપૂર્વ શાન્તિનો ભંગ કરતાં જજ્જે પોતાનું ભાષણ શરૂ કર્યું:—

"હું ઇશ્વરનો મ્હોટો પાડ માનું છું કે: આજે એણે મ્હને એક મહાન યશ આપ્યો છે. મ્હારી જીંદગીમાં આવા અલૌકિક પ્રસંગ મ્હેં કદિ અનુભવ્યો નથી અને અનુભવીશ કે કેમ એનો મ્હને શક છે. સુંદરલાલ જેમને નામદાર કૉર્ટ જીવ બચાવવા નાસી છૂટેલા ધારતી હતી તે તેમને પોતાને હાથે ગુન્હાનો સાફ દિલથી એકરાર કરતા અણધાર્યા સંયોગો વચ્ચે આવીને આપણી સ્હામે ઉભા રહ્યા છે, તે સાથે આખા કેઇસમાં અજબ પ્રકારનો ફેરફાર કરી નાંખતાં એક માનવન્તાં હિન્દુ સ્ત્રી આપણી સ્હામે નિર્દોષનો બચાવ કરવાની ઇચ્છાથી આવી પહોંચ્યાં છે. તેમણે કોર્ટને કઢંગી સ્થિતિમાંથી સર્વાશે મુક્ત કરી છે. તે ખાતે કોર્ટ તેમનો આભાર માને છે. પવિત્રી, જીવન

અને મરણના ભયંકર વિપ્લવમાં હતી, એજ પ્રમાણે મી. સુંદરલાલની પેઢીના મુનિમ પણ ઘણીજ ન કહી શકાય એવી સ્થિતિમાં હતા તેમણે પ્રભુનો પાડ માનવો જોઇએ. મી. પ્રિતમ, મી. સુરેન્દ્ર વગેરે ત્હોમતદારોમાં પ્રિતમ કંઇક ઓછો જવાબદાર છે, જ્યારે મી. સુરેન્દ્ર નાસી જવાથી તેની જોખમદારી બેવડી થઇ છે. આ કેઇસમાં સુરેન્દ્રનો હાથ ગર્ભિત પણ જબ્બર જણાય છે, તેથી નામદાર કૉર્ટ તેના વગર બીજા તમામને આ કેઇસમાંથી મુક્ત કરે છે, અને તે મુક્તિ ખાસ કરીને સુલોચનાના અસ્તિત્વ અને તેની વિનતિને આભારી છે. આ કેઇસમાં નામદાર કૉર્ટ પોતાની સ્વતંત્ર સત્તાનો ઉપયોગ કરે છે એ ભૂલવું જોઇતું નથી. એ ઉપરાંત સી. આઇ. ડી. ઇન્સપેક્ટર મી. સીતારામરાવ જેમણે ઘણીજ કુશળતાથી આ કેઇસ પકડી તેને અંગે નામદાર કૉર્ટને સમયે સમયે જે કિમતિ સહાય કરી છે, તે બદલ નામદાર કૉર્ટ તેમને અને તેમના સાગીર્દોને ધન્યવાદ આપે છે, અને તેની ખાસ નોંધ લે છે. છેવટમાં જે વિકટ સંયોગોમાંથી પસાર થઇ શ્રીમતિ સુલોચના આજ આપણી સ્હામે ઉભાં છે તેનો સંક્ષિપ હેવાલ આપણ સર્વને તેઓ જણાવશે એમ નામદાર કૉર્ટ ઉમેદ રાખે છે.”

નામદાર કોર્ટની આજ્ઞા મુજબ શ્રીમતિ સુલોચના પોતાની આપવિતિ કહી સંભળાવે છે. બાદ નામદાર જડ્જ લગભગ અઢી-એકના સુમાર થવાથી ચેમ્બરમાં ચાલ્યા જાય છે, અને સહુ મન ફાવતા તર્કવિતર્ક કરતા વેરાય છે. બીજી બાજુ સુંદરલાલના પિતા મુનિમ વગેરે આપ્તજન હર્ષ ભર્યા સુન્દરની પાસે જાય છે. સુંદરલાલ પોતાના પિતા અને મુનિમના ચર્ણમાં પડે છે, ત્યાં આગળ આવી સુલોચના સર્વ વડિલ વર્ગને વંદન કરે છે. અને કોર્ટમાંથી નિકળી ઘર તરફ વિદાય થાય છે.

બીજી બાજુ આ કેઇસમાં સંડોવાયેલા પ્રિતમ, પ્રમોદરાય, સન્મુખરાય, પાર્વતિશંકર આ સહુના તાળવે ચોંટેલા જીવ શુભ પરિણામથી ઠેકાણે આવ્યા. સુલોચનાએ કોર્ટમાં આપવિતિ કહી તેમાં પવિત્રીનો જે વૃતાંન્ત રજુ કર્યો તેથી જીવન પર્યંત તેનો સ્વીકાર ન કરવાને ત્યાં ને ત્યાં તેણે પક્કો નિશ્ચય કરી લીધો. પવિત્રી તો ઉન્માદિની છે. તેના જીવનું ભાન નથી, વસ્ત્રનું ઠેકાંણુ નથી. પ્રમોદરાય અને સન્મુખરાય બે બાજુથી બાંવડાં પકડી દોરી જાય છે. "હા હા, મ્હેં મારી છે, હજી તો અમે કંઇકને મારીને મોજ કરીશું" એવા કંઈ કંઇ લવારા કરે છે. તેને પણ ભાડાની ગાડીમાં ઘાલી ઘેર લાવ્યા. જરા જીવને નિરાંત વળી એટલે પ્રમોદરાય પાર્વતિશંકર અને સન્મુખરાયે હાથોહાથ રસોઇ પકાવી. જે તે ઠાકઠીક કરીને સાંજના મેઇલમાંજ તેમણે અમદાવાદ ઉપડી જવાનો નિર્ણય કર્યો. આજ સહુના જીવમાં જીવ આવ્યા. શ્રદ્ધાળુ પાર્વતિશંકરે સાંજ પડી એટલે દસશેર દુધ લઇને ભૂલેશ્વર મહાદેવને ચડાવીને માન્યતા પૂરી કરી, અને ઘેર આવ્યા. પ્રિતમે પણ અસ્વસ્થ ચિત્ત હોવાથી થોડા દિવસ ઘર આગળ જઇ આવવાનું દુરસ્ત ધાર્યું પરન્તુ પવિત્રીને સાથે લેવાથી પાર્વતિશંકરે ઘણોજ આગ્રહ કર્યો પણ તેણે માંડી વાળ્યું. સમય થયો એટલે પ્રમોદરાય વગેરે ઘેરથી નિકળી ગાડી પર પહોંચ્યા.

એજ પ્રમાણે જગમોહનદાસ શેઠ પણ મુનિમને જે તે વ્યવસ્થા કરવાનું ભળાવી ઘર આગળ વલોપાત કરતાં વ્હાલેશ્રીઓની ખાતર વાર કર્યા વગર સુંદરલાલ અને સુલોચના સહિત મેઇલમાં અમદાવાદ તરફ રવાના થઇ ગયા.

ત્રયોવિંશ પરિચ્છેદ

નસિબના મેળ!

शैले शैले न माणिक्यं मौक्तिकं न गजे गजे ।
साधवो नहि सर्वत्र चंदनं न वने वने ॥

પ્રત્યેક ગજના મસ્તકે મોતિ કંઈ હોતાં નથી,
કંઈ સર્વ વનમાં કોઈએ ચંદન તરૂ જોયાં નથી
જ્યાંત્યાં જગતમાં સાધુજન પ્રારબ્ધ વિણ જડતા નથી,
મણિ સર્વ ગિરિમાં ઘૂમતાં હાથે કદિ ચડતા નથી.

વિચિક્ષણ–બુદ્ધિપ્રધાન આચાર્યશ્રેષ્ઠ ચાણક્ય મહારાજે યથાર્થજ કહ્યું છે કેઃ હાથી તો જગતમાં ઘણા જોઇએ છીએ પણ મહા મોઘાં મોતી કંઇ એ પ્રત્યેક હાથીના મસ્તિષ્કમાં નથી હોતાં, તેમ જંગલોનો આ પૃથ્વી ઉપર પાર નથી પરન્તુ કંઇ એ દરેક જંગલમાં સૌગંધ ભર્યાં ચંદન વૃક્ષ હોય છે એમ નથી– કોઇએ જોયાં નથી, એજ પ્રમાણે સંસારમાં મનુષ્ય સંખ્યા તો ઘણી છે પણ જયાં નજર કરીએ તો નસિબ વગર સાધુ–સજ્જનોની પ્રાપ્તિ નથી થતી. અને તદનુસાર અવનિ પટ પર પહાડ પર્વતની ખોટ નથી, તો પણ એ પ્રત્યેક ગિરિમાંથી મહા મૂલ્ય મણિ હાથ નથી આવતા.

મરણ પથારીએ પડેલા રતિકાન્તની એ માંદગી, તેની નિર્ધનતા અને તેની નિઃસહાયતા જોઇ લક્ષ્મીનો હડકાયો પામર દાક્તર માખિમાર મ્હોતને ભૂલી જઇ કેવળ બસો રૂપિઆ જેવી નજીવી રકમની ખાતર તેના ઉપર વિષ પ્રયોગ અજમાવી તેને મારવા તત્પર

થયો, પરન્તુ જેનું કોઇ નથી તેનો અંતકાળનો બેલી ઇશ્વર ગયો છે? સત્ય છેઃ—

જીસકો રક્ષપાલ ગોપાલ ધણી ઇસકો બલભદ્ર કહા ડરરે?

રતિકાન્તનું રક્ષણ કરવાને ભગવાન કાન્તના હૃદયમાં આવી વસ્યા. રતિકાન્તની વૃદ્ધ માતાની સૂચના મુજબ અંધારી રાતે રતિકાન્તાને તેડવા ગયો. મર્ણ પર્યંત પતિ અને પતિમંદિર જોઇતાં નથી એવો દ્રઢ નિશ્ચય કરી બેઠેલી રતિસુન્દરી પોતે કરેલા નિશ્ચયને વેગળો ફેંકી કાન્તની સાથે પતિમંદિરે પહોંચી ગઈ એ ભગવાનની ઇચ્છા વગર કે? એજ ભગવાને અશક્ય ને શક્ય બનાવી રતિસુન્દરીને કેવળ નિમિત્ત બનાવી અસહાય રતિકાન્તની તેને હાથે રક્ષા કરાવી! દાક્તર માખિમારની પાપવાસના પ્રકટ થઇ, રતિકાન્ત મ્હોતના પંજામાંથી ઉગરી ગયો અને, મૂર્ખનો સરદાર દાક્તર માખિમાર સીધો માનો કેઃ ગાયકવાડની હવેલીએ પહોંચતો થયો. એ સિદ્ધાન્ત છે કેઃ નિર્દોષને શૂળ કરવા જનાર દૂરાત્માઓ એક દિવસ પોતાનાં દુષ્કર્મથીજ પોતાને હાથે શૂળી પર ચડશેજ ચડશે એમાં મિનમેખ નથી! અભિમાનનો અજ્ઞાનનો સાગર જ્યારે ઉલટે છે ત્યારે બધું ઉલટું—ઉંધુંજ જણાય છે. બહિર દૃષ્ટિએ જોતાં બધું ઉજળું જણાય છે–નથી સમજાતું કેઃ એ તો છે કેવળઃ–**માયા પ્રાબલ્યઃ**! નથી કહ્યું કેઃ—

ઉજળું એ સહુ દુધ આજ અભિમાને દેખાશે,
જ્યારે પડશે કાળ ઝપાટો ત્યારે સમજાશે,
ફુલણજી ફુલોમા ઝાઝા, ફુલ્યું ફુલ આખર કરમાશે–ખરીજાશે.

લાગલાગટ દસ દિવસ સુધી દાક્તર માખિમારનો કેઇસ ચાલ્યો. માખિમારના દવાખાનાની મફતની ખુરસિઓ ભાંગનારા મિત્રોમાંથી

એક પણ તેમને કૉર્ટના દરવાજે મ્હોં બતાવવા પણ ન આવ્યો ! તેમને જામીન પર છૂટા કરાવવાની પણ કોઇએ તસ્દી ન લીધી ! મૂળ પરગામનાં અને આધેડ ગરિબ ગાય જેવી બૈરી તેનું મ્હોં કોને આવે ? વગર વૈતરે એક દસ દિવસમાં તો દાકતર સાહેબ લેવાઈ ગયા. એક એકથી ચડે એવા અજબ પૂરાવા અને કડકમાં કડક મેજીસ્ટ્રેટ પછી પૂછવુંજ શું ? દાકતર માખિમારને પુરાં બે વર્ષની સખ્ત કેદની સજા થઈ.

રતિકાન્તને રામશરણ કરવા જતાં અવળુ વેતરાયુ સમજી સુરેન્દ્ર આખો દિવસ ઘરમાં છૂપાઈ મધ્ય રાત્રે ઉભી પૂંછડીએ કોણ જાણે ક્યાં ચાલ્યો ગયો. તેણે ધાર્યું કે: નથીને ભોગજોગે એ નિર્ભાગી માખિમાર વચ્ચે મારૂં નામ લેશે તો મ્હારા પણ પુરા ભોગજ મળશે અને એમજ થયું. માખિમારને થયું કે: હરામીએ પૂર્વજન્મનું વેર લેવાના ઇરાદાથીજ મ્હારી પાસે આ કાર્ય કરાવી—ઉપરથી પોલિસમાં ખબર આપી પોતે રસ્તે પડ્યો છે અને મ્હોં પણ બતાવતો નથી, એટલે આખર એક દિવસ સુરેન્દ્ર નામના એક માણસના ખાસ દબાણથી મ્હેં એ કામ હાથમાં લીધું હતું, અને તેના પુરાવા તરીકે સુરેન્દ્રએ એ સબંધમાં મુંબાઇથી લખેલો કાગળ કૉર્ટમાં રજુ કર્યો. આથી દાકતર માખિમારને કંઇ ફાયદો ન થયો પણ સુરેન્દ્ર ઉપર વૉરંટ છૂટયું. પણ સુરેન્દ્ર ક્યાં ? એ ઉસ્તાદ તો કોણ જાણે ક્યાં રસ્તે પડી ગયો. અમદાવાદના જાણીતા ડિટેકટિવ દેવેન્દ્રએ ઘણી તપાસ કરી પણ તેની ભાળ ન મળી. મદનગૌરીને પણ કૉર્ટનાં પગથિયાં ચડવાં પડ્યાં પણ તેણે તો " હું શું જાણું " એ વગર બીજો જવાબજ ન આપ્યો.

મુંબાઈ અને અમદાવાદ એમ બન્ને સ્થળે બન્ને કૉર્ટોમાં સુરેન્દ્ર

ઉપરનો કેસ કાયમ રહ્યો અને ગવર્નમેન્ટ તરફથી તેની બાતમી મેળવવાને માટે સી. આઇ. ડી. ખાતાએ પણ યોગ્ય તપાસ કરવા જ્યાં ત્યાં ખાનગી સૂચનાઓ કરી દીધી, પણ ઝપાટામાં આવે ત્યારેને ?

સુરેન્દ્ર કંઈ એવો સાધુ ન્હોતો કે: કૉર્ટની સન્મુખ આવી પોતે કરેલા ગુન્હાનો એકરાર કરે. અને કરે તો બાકીએ શું રહે ? એ તે કંઇ સુન્દર જોયો, અવળે માર્ગે વળ્યા છતાં સુન્દર એ ખાનદાનનું ફરજંદ હતો. અને એજ પ્રમાણે અમદાવાદ અને મુંબાઇની કોર્ટો તો એકજ પરન્તુ તેના અધિષ્ઠાતા ન્યાયાધિશનો કંઇ મેળ હોય કે ? સ્વતંત્ર સત્તા વાપરી મુંબઇ કૉર્ટના મુખ્ય પુરૂષે યશ પ્રાપ્ત કર્યો, અને અમદાવાદમાં ? એજ પ્રમાણે રતિસુન્દરી આદર્શ સ્ત્રીરત્ન તો ખરૂંજ પરન્તુ સુલોચનાની તો બલિહારીજ ! એને સામાન્ય રત્ન કહેવાથી ન વળે—એને તો કેવળઃ—દયાની દેવીજ કહેવી ઘટે ! ન્યાયદેવીના દરબારમાં એણેજ નમુનેદાર દષ્ય રજુ કરી નિર્મળ યશ પ્રાપ્ત કર્યો. રતિસુન્દરીએ માત્ર પોતે પોતાનો બચાવજ કર્યો. આત્મહિત સાધ્યું. દાક્તર માખિમારને બચાવવાનો તેને ખ્યાલ પણ ન આવ્યો ! પણ કયાંથી આવે ? રતિસુન્દરી અને સુલોચનામાં એટલોજ ફેર ! અને તેથીજ માનવું પડે છે કે:— સુંદર—સુલોચના અને મોહમયીની ન્યાયકચેરીના ન્યાયાધિકારી જેવા—

જ્યાં ત્યાં જગતમાં સાધુજન પ્રારબ્ધ વિણ જડતા નથી.

ચતુર્વિંશ પરિચ્છેદ

પુનઃ ભાગ્યોદય.

इन्द्रियाण्येव तत्सर्वं यत्स्वर्गनरकावुभौ ।
निगृहीतविसृष्टानि स्वर्गाय नरकाय वा ॥

ભાવાર્થઃ—સ્વર્ગ અને નર્ક એ કેવળ ઇન્દ્રિયોજ છે અર્થાત્ તેનું વશિકરણુજ સ્વર્ગ અને પરાજીતપણું એ પ્રત્યક્ષ નર્ક છે.

પરમાત્માની કૃપાથી કહો કેઃ પછી રતિસુન્દરીના સૌભાગ્ય બળથી તેની ઉત્તમ પ્રકારની સેવા સુશ્રૂષા વડે રતિકાન્તને થોડાક સમયમાં સંપૂર્ણ આરામ થઈ ગયો. પતિને પાણીનો લોટો ભરી આપવો પડે એ પણ જેને કઠિન થઇ પડે એવી રતિસુન્દરી એ પોતાની પૂર્વની વિલાસિતા, સ્વચ્છંદતા અને ઉગ્રતાને અળગી કરી પ્રાણની માયા કોરાણે મૂકીને પતિની જે સેવા–સારવાર કરી તેથી ન્યાતજાતમાં પોળ મહોલ્લામાં તેનાં વખાણ થવા લાગ્યાં, જ્યાં ત્યાં તેનાં ઉદાહરણ અપાવા લાગ્યાં. પતિની સાચી ભીડને વખતે કાન્તે પોતાને તેડી આણીને પતિ-સેવા ઉદ્ધારનો જે અલભ્ય લાભ આપ્યો તેણે કરેલી સૂચના પ્રમાણે અમલ કરવાથી પતિનો જીવ બચ્યો જેથી તે કાન્તને પોતાના માના જણ્યા ભાઈ કરતાં વધારે વ્હાલા લાગી. પ્રસંગે પ્રસંગે કાન્ત, પતિ સેવાનાં, પતિને પ્રસન્ન કરવાનાં જે જે સાધનો–વચનો સંભળાવે તેનો પોતે શ્રદ્ધા–મમતા પૂર્વક અમલ કરવા લાગી. જેને પરિણામે રતિકાન્તને ક્ષણે ક્ષણે એમ થવા લાગ્યું કેઃ હું તે સ્વર્ગમાં છું કેઃ આ દુનિયાંમાં! પત્નીની સેવાના મહા ઋણમાં

દબાએલો રતિકાન્ત હવે પૂર્વનો રતિકાન્ત નથી રહ્યો. તેના હમેશના રાજસી-તામસી વેષ અને આવેશને ઠેકાણે આજ કેવળ તેના મ્હોં ઉપર નિર્મળ સાત્વિકતાનું અમૃત વરસી રહ્યું છે. લોકો કહે છે કે: રતિકાન્તે ખરેખર પુનર્જન્મ પ્રાપ્ત કર્યો છે. એવા પુનર્જન્મ તો ઘણાંકે પ્રાપ્ત કર્યા-ઘણાંએ મરતાં જીવ્યાં પણ પ્રકૃતિ-સ્વભાવનું આવું અલૌકિક પરિવર્તન તો ક્યાંય જોવામાં નથી આવ્યું ! તેના મ્હોં પર વિકારનું નામ ન મળે! તેના આંગણે આવનાર મૂષ્ટિ અન્ન વગર પાછું જાય તો રતિકાન્તના આત્માને કંઈ કંઇ થઇ જાય ! રસ્તામાં જતાં આવતાં અનાથ દીન-દુઃખિને જોતાં રતિકાન્તનું હૃદય દ્રવિ જાય ! ખિસ્સામાં પૈસો હોય ત્યાં સુધી રતિકાન્ત પાત્રને દાન કરતાં ન ચૂકે ! દેવ-દર્શન, સત્સમાગમ, તિર્થ-યાત્રા એ રતિકાન્તની આજની વિલાસિતા કહો કે: શૉખ કહો પણ જે કહો તે એ છે ! રતિકાન્તને જોઇ આજ તેના જુના મિત્રો તેની ચક્કરમાં ગણત્રી કરવા લાગ્યા છે !

એક મંગલ પ્રભાતે રતિકાન્ત સેવા-પૂજામાં બેઠો હતો ત્યાં રતિસુન્દરી હમેશના નિયમ મુજબ આવી પહોંચી. રતિસુન્દરીએ એક કટોરીમાં પતિનું ચર્ણોદક લીધું, અને ઘડીક સ્હામે બેઠી. રતિસુન્દરીએ તક જોઇને પ્રશ્ન કર્યો: "ત્યારે, તમે પુનઃ આપણી પેઢી શરૂ કરવાનો વિચાર કરતા હતા તેનું કેમ કર્યું? હવે તો પ્રભુના દયાથી જેવો જોઇએ એવો આરામ થયો છે, કેમ નહિ?"

રતિસુન્દરીનો પ્રશ્ન સાંભળીને રતિકાન્ત વિચારમાં પડી ગયો, તેના મ્હોં પર સહજ ઉદાસિનતા છવાઈ ગઇ. તેને થયું કે: જો હજી પણ હું મ્હારા મનોવિચાર આ સૌભાગ્યવતી-સુલક્ષણી સ્ત્રીથી છૂપાવું તો મ્હારા જેવા નિર્ભાગી કોણ? પણ હું કહીશ એજ ઘડીએ એ ગમે તે રીતે તેનો રસ્તો કરશે. અને તેના દાગિના કાડી આપતાં

પણ વિલંબ નહિ કરે: પણ શું એ એમ કરે? તેને એમ ન થાય કે: મ્હારાં ઍરિંગ ઑળખ્યાં એનો વિશ્વાસ શો? અરેરે! એ એરિંગે તો મ્હને જે બતાવ્યું તે બતાવ્યું. હું શું મ્હોં લઇને આ ભાગ્યવતી સ્ત્રીને મ્હોં બતાવું છું? મ્હારાથી એની પાસે માગણી થાય ખરી? વિચાર તો ઘણોએ કરૂં છું પણ કંઇ પૈસા વગર પેઢિઓ કઢાય છે? આ પ્રમાણે પોતાના મન સાથે વિચાર કરતો હતો, મ્હોં ઉતરી ગયું હતું એ જોઇને રતિસુન્દરીએ કહ્યું: કેમ કંઇ ઉંડા વિચારમાં પડી ગયા? હું તો અમસ્તી કહૂં છું. તમારી તબિયત બરાબર સારી ન થાય ત્યાં સુધી એમાંનું કંઈજ કરવાની મ્હારી ઇચ્છા નથી."

"ના ના, મ્હારી તબીયત તો હવે સંપૂર્ણ સુધરી ગઇ છે, પણ જુવો, તમારાથી હવે હું લેશ છૂપું રાખવા ઇચ્છતો નથી. કંઇ પૈસા વગર પેઢિઓ નિકળે છે? ભગવાનની દયાથી બધુંય ચાલે તો ખરૂંજ પણ શરૂવાતમાં દસ-વિસ હજાર પાસે જોઇએ તેનું કેમ? કંઇ ઘર વેચવા જવાય છે? કંઇ નહિ, એ તો બે દિવસ પછી પણ કોઇ હરિનોલાલ મળી રહેશે: છેવટે ભાગીદાર તો મળશે! રતિકાન્તે મનની વાત જરીએ જરી કહી દીધી.

"ભલે, જુવો, ત્યારે જે થાય તે. પ્રભુ પર વિશ્વાસ રાખો. એ એની મેળે બધું કરી લેશે. ન બનવાનું બન્યું, જીવતદાન આપ્યું તે શું નહિ આપે? જુવો, આવીને ઉલટી પિડા કરી ખરી?" કહીને રતિસુન્દરીએ ચાલવા માંડયું.

"ના ના, એમાં પિડા શેની?" કહી રતિકાન્ત ઇશ્વરોપાસનામાં જોડાયો. એજ વખતે કોઇએ હાંક મારી: "બેટા રતિકાન્ત!" રતિકાન્તે માળા ફેરવવી બંધ રાખી આંખ ઉઘાડી ચારે બાજુ દૃષ્ટિ ફેરવી પણ કોઇ જણાયું નહિ. "હશે કોઈ" ધારી તે ફરી આંખ મિંચવા

જતો હતો ત્યાં પુનઃ અવાજ આવ્યો: "લે! બેટા! આમ આવ." તરતજ ભગવાનને નમસ્કાર કરી, માળા ગૌમુખિમાં મૂકી બેઠો હતો ત્યાંથી ઉભો થયો, અને ચૉકમાં આવી ઓરડા તરફ દ્રષ્ટિ કરી તો તેણે જોયું કે: આખા ઓરડામાં કોઇ અલૌકિક પ્રકાશ પ્રસરી રહ્યો છે. રતિકાન્ત ગભરાયો, કે તરતજ: "બેટા! ગભરાઇશ નહિ, આમ તો આવ!" ફરી એક વાર શબ્દ થયો. રતિકાન્ત તરતજ "જય હરિ" "જય હરિ" કરતો હિમ્મત રાખી ઓરડામાં ગયો. ત્યાં તેણે જોયું કે: એક ખુણામાં સ્ફટિક સદ્દશ દેહ ધારી એક તેજોમય મૂર્તિ હાસ્ય ભરિત્ વદને તેને અભય બતાવતી ઉભી રહી છે. રતિકાન્તે ભય પામ્યો છતાં તેને ભક્તિ-ભાવપૂર્વક સાષ્ટાંગ કર્યા અને હાથ જોડી સ્હામો ઉભો રહ્યો."

દિવ્યદેહધારી વ્યક્તિએ કહ્યું: "બેટા! આ એજ બ્રાહ્મણ જેને તું ત્હારો સાચો શત્રુ ધારતો હતો તે. સાંભળ, ત્હારી તપશ્ચર્યા પૂર્ણ થઇ છે, ત્હારાં કષ્ટનો હવે અંત આવ્યો છે. જેને માટે તું ત્હારા સર્વ પ્રયાસ કરી ચૂક્યો, તેનો તું હવે આજથી અધીકારી થાય છે. જો, યાદ રાખજે: "વિષયોમાંથી ઇન્દ્રિયોની આસક્તિ છોડી ત્હેં કેવળ ધર્મ-ભક્તિ અને દાન પૂણ્યનો જે માર્ગ લીધો છે તેનાજ પરિણામે હું ત્હારા પર પ્રસન્ન થયો છું. આ જે કંઇ આપું છું તેમાંથી અડધો ભાગ દાન-ધર્મ ખાતે કાડી બાકીનો અડધો તું સુખેથી ભોગવજે. એક શિવાલય બંધાવી મ્હારી સ્મૃતિ રાખજે. ભગવાન ભૂતનાથની ત્યાં સ્થાપના કરજે. લે, જે સમ્પત્તિને માટ બબ્બે માથોડાં ખોદાવી ત્હેં બે મનુષ્યોનો ભોગ આપ્યો "એ સમ્પત્તિ આજ સ્વચ્છાથી ત્હારી નજર સ્હામે આવીને ઉપસ્થિત થઇ છે. જો, લે બેટા! ભોગવ અને સુખી થા!" કહી એ મૂર્તિ એ સ્થાનમાંથી અદ્રષ્ય થઇ.

રતિકાન્તના આશ્ચર્ય અને આનંદનો પાર ન રહ્યો. બ્રાહ્મણ મૂર્તિ અદ્રષ્ય થતાં રતિકાન્ત ખેદ પામ્યો. તેને થયું: એ વેદપાઠી પરમ કાન્તિયુક્ત તપોનિષ્ઠ મૂર્તિનાં મ્હેં મન ભરીને દર્શન પણ ન કર્યાં! સુન્દરીને પણ સાક્ષાત્કાર ન થયો! એ અદ્રષ્ય મૂર્તિને વંદન કરતો રતિકાન્ત બ્હાર આવી રસોડામાંથી રતિસુન્દરીને ઓરડામાં તેડી ગયો. પુનઃ એ દિવ્યદેહધારી તેજ પૂંજ મૂર્તિ પ્રત્યક્ષ થઇ. રતિકાન્તે પુનઃ સાષ્ટાંગ કર્યાં. તેની સાથે હિમ્મત રાખી સાધ્વી રતિસુન્દરી પણ ચરણમાં પડી. ભયાકૂળરતિસુન્દરીની સ્હામે દ્રષ્ટિ કરી એ દિવ્યદેહધારી વ્યક્તિએ કહ્યું: "બેટી! ત્હારી સાધુતા–સચ્ચરિત્રતાએ ત્હારા પતિનું પ્રારબ્ધ ફેરવ્યું છે. લે, જો, આ અઢળક લક્ષ્મી અને આજ એક પુત્ર પણ તને આપું છું. તે લઇને સુખી થા!" કહેતાની સાથે કંઇક તેજ રતિસુન્દરીના શરીરમાં વિરમી ગયું, અને મૂર્તિ અદ્રષ્ય થઇ. એક પછી એક એવા સાત ચરૂ જોઇને પતિ–પત્ની મહા આશ્ચર્ય પામ્યાં. આજ રતિકાન્તનું પ્રારબ્ધ ફરી ગયું. ઉભય દંપતિ લેશ પણ આવેશ વગર "પ્રભુની ઇચ્છા" માની તેનું સ્મરણ કરતાં મૂગાં મૂગાં પોતાના કાર્યમાં પ્રવૃત્ત થયાં.

દેવદર્શને ગયેલાં વૃદ્ધ શેઠાણી રતિકાન્તની માતા આવી પહોંચ્યાં. રતિકાન્તે પાઠ–પૂજામાંથી નિવૃત્ત થઈ જનેતાને આજનો અજબ ચમત્કાર કહી સંભળાવ્યો. માતાએ "દિકરા ભોગવો અને સુખી થાઓ!" કહીને મનથી ભગવાનનું સ્મરણ કરી તેને માથું નમાવ્યું.

યથાર્થ પરિવર્તન તે આનું નામ. અથાક સમાતિનો ભોક્તા થવા છતાં રતિકાન્ત હવે વધારે નમ્ર જણાય છે, જાણે કંઇજ નથી. રતિકાન્તે બીજીજ સ્હવારથી બજારમાં જઇને એક દૂકાન ભાડે

રાખી પોતાના પિતાના નામથી ચાલતી બંધ પડેલી પેઢી પુનઃ શરૂ કરી: આથી લોકોના આશ્ચર્યનો પાર ન રહ્યો. લેવડદેવડમાં, બોલવા ચાલવામાં રતિકાન્તનો શુદ્ધ પ્રમાણિક વ્યવહાર જોઇને તમામ વ્યાપારિઓ તેની વાહ વાહ બોલવા લાગ્યા. દિવસ ઉપર દિવસ જવા માંડ્યા અને રતિકાન્તની શાખ જે રાખમાં મળી ગઇ હતી તે લાખ નહિ પણ દસલાખની અંકાણી! જ્યાં સત્ય-દયા-દાન ધર્મ, અને પવિત્રતા એકઠાં થાય છે, જ્યાં પ્રમાણિકતા અને નીતિ-વિવેક પૂર્વક સંસારનાં સઘળાં કાર્ય થાય છે ત્યાં પ્રારંભ ગમેતેવા હોય પણ તેનાં પરિણામ આવાંજ મંગળ હોય છે.

રતિકાન્તને ત્યાં ભગવત્ કૃપાથી ફરી એકવાર બ્રહ્મભોજન, અતિથિ સત્કાર, દાન પૂણ્ય અને લક્ષ્મીની છોળો ઉછળવા લાગી. ભગવાનનાં ભજન પૂજન વ્રત ઉદ્યાપન અને એવાંજ પવિત્ર-પરમાર્થિક કાર્યો થવા લાગ્યાં. રતિકાન્ત અને રતિસુન્દરીએ ઉભયે-સાથે મળીને જાણે ગૃહમંદિરમાં ધર્મયજ્ઞ માંડ્યો ન હોય એવું થઇ રહ્યું. રતિકાન્તે એક પછી એક પોતાના તમામ જુના નોકર આશ્રિતો જે તેને એક દિવસ નિમકહરામ નિવડ્યા તેને પણ ગમે તેમ પણ મ્હારા પોતાના ગણીને બોલાવી લીધા અને તેમની જુની જગ્યાઓ તેમને ભળાવી દીધી.

રતિકાન્તે હળવે હળવે શાન્તિથી શહેર બ્હાર લગભગ પચીસેક વિઘાં જમીન લઇ તેમાં એક ભવ્ય શિવાલય બંધાવ્યું. અને ઘણાજ ઠાઠમાઠથી ભગવાનભૂતનાથની તેમાં પ્રાણ-પ્રતિષ્ઠા કરી. તેના ખર્ચ વગેરેને માટે એક ઇલાયદિ રકમ કાઢી તેના વ્યાજમાંથી તેનું ખર્ચ થાય એવી વ્યવસ્થા પણ સાથે સાથે કરી નાંખી.

દૈવની ગતિ વિચિત્ર છે. સુખ પછી દુઃખ ડોકીયાં કરતું જ

રહે છે. એકાએક એક રાત્રે રતિકાન્તના ન્હાના ભાઇને કોલેરા થયો. સૌએ બચવાની આશા મૂકી એટલે રતિકાન્તે તેને રોતી આંખે એક લાખ રૂપિઆ પુન્યમાં ખર્ચવા કહ્યું. પુરૂષાર્થ પાણીમાં ગયા અને જવાન પંદર વર્ષનો યુવાન પંચતત્વ પામ્યો. રતિકાન્તને માથે દુઃખના સાગર ઉલટ્યો હોય એમ તેને લાગ્યું. તેણે બોલ્યા ચાલ્યા વગર શોક દુઃખને વેગળાં કરી મૂગે મ્હોડે તેની સ્મૃતિ ખાતર એક લાખ નહિ પણ તેથી એ વધારે રકમોની સખાવતો કરી, ભાઇનું નામ અમર કર્યું. વખત જતાં બધુંય વિસારે પડે છે. અને માયાવી જીવ મરેલાને ભૂલી જીવતાની જંજાળમાં પડે છે. આ સંસારની ઘટનાજ એવી છે. એક દિવસ પ્રસંગ નિકળતાં રતિસુન્દરીએ કહ્યું: "નાથ! આ સ્વર્ગીય મિલન અને આ સ્વર્ગસુખનો અનુભવ કરીએ છીએ એ કોના પ્રતાપ એ કંઇ વિચાર થાય છે વારૂ?"

"કેમ નહિ? આવો તમને વિચારજ કેમ આવ્યો? લોકો કહે છે કે: નાથ વિણ બિગડી કોણ સુધારે" પણ આપણે તો એમજ કહેવું ઘટે કે: આટલા દિવસ તું ક્યાં ગયો હતો? અમારે તો "કાન્ત વિણ બિગડી કોણ સુધારે?" અરે! ક્યહારનો પ્રભુના દરબારમાં પહોંચી ગયો હોત. એવા નિઃસ્વાર્થભાવ વાળા મનુષ્યો આ સંસારમાં ઘણા થોડા છે. એ એકલાજ નહિ પણ મ્હને અનુભવ છે ત્યાં સુધી તેમની ગૃહલક્ષ્મી એ લક્ષ્મી નામ પ્રમાણે સાક્ષાત પ્રસન્ન વદના લક્ષ્મીજ છે. કાન્તને ત્યાં તો ખરેખર વૈકુંઠજ ઉતર્યું છે હો. કહી રતિકાન્તે હૃદય ખોલ્યું.

"પણ એમ લૂખાં વખાણથી શું વળે? એતો તમે તો કહો છો પણ મ્હેં તો એમના આનંદ જોયા છે. હજી આપણને તો એનાં સ્વપ્ન પણ નથી. એમનો ઉપકાર તો ન વળે, પણ જેટલા જોઇએ

એટલા તમે તેમને ચ્હાતા નથી.

"દેવી! જ્યાં જ્યાં મ્હારી આવી તમને ભૂલ જણાતી હોય ત્યાં ત્યાં મ્હને સમજાવો. કહો, શું કરૂં?" રતિકાન્તે પ્રશ્ન કર્યો,

"લ્યો, તમેજ કુલ મુખ્ત્યાર છો, પ્રભુની દયા છે, પછી હું શું કહું? તમે ધારો તે કરી શકો છો. સુન્દરીએ પતિને માથેજ નાંખ્યું.

રતિકાન્ત કાન્તના ઉપકારને ભૂલ્યો નથી. કાન્તને એક દિવસ ન જોયા હોય તો તેના આત્માને ચેન ન વળે, અને કાન્ત પણ રતિકાન્તને ઘેર કે પેઢી પર ગમે ત્યાં એક વખત મળેજ પરન્તુ રતિકાન્તના મનથી કેઃ કાન્તના અનંત ઉપકારને કવી રીતે વાળવો? એ વિચારમાંને વિચારમાં તેનો નિર્ણય પોતે કરી શકતો ન્હોતો: ત્યાં રતિસુન્દરીએ રસ્તો કરી આપ્યો. રતિકાન્તે કહ્યું: "સુન્દરી! તમે જો સમ્મત થાઓ તો કહું!"

"મ્હારી સમ્મતિ? કહોને, મ્હેં તો આપને કહ્યુંજ તો?" રતિસુન્દરીએ જવાબ આપ્યો.

જુઓ, ત્યારે રતિકાન્ત જેવા પ્રમાણિક અને વિશ્વાસુ માણસો ક્યાંથી મળે. જો તેમને પેઢીમાં નાંખીએ તો આપણે એ બાજુ જોવુંજ મટે. મ્હારો વિચાર છે કેઃ એ નામના ત્યાં બેસીજ રહે ને તેમને અડધો ભાગ આપવો. કહો, હવે પ્રસન્ન થયાં? પણ તમે જાણો છો? એ એમ કબૂલ કરે એમ નથી. એમના ઉપર પણ પ્રભુની દયા છે. એ તમને ક્યાં ખબર નથી? ભલે, એમને સમજાવવા એ તમારૂં કામ. કબૂલ કરાવવું તમારે માથે. એ તો એમનાં બ્હેનનું કહ્યું તરતજ માનશે. વાહ, ધન્ય છે! કાન્ત! પ્રભુ તમારૂં કલ્યાણ કરશે. સુન્દરી! કાન્તના તો આપણે પગ ધોઇને નિત્ય પીવા જોઈએ. કહી

રતિકાન્તને કાન્તનો ઉપકાર યાદ આવ્યો, તેને સ્નેહાશ્રુ આવી ગયાં.

"હા હા, એ મ્હારે માથે. હું સમજાવીશ. હરકત શી છે? હું કહીશ કેઃ તમારૂં કહ્યું માની હું અહીં આવી છું તો તમારે મ્હારૂં કહ્યું માનવુંજ પડશે, એટલે એ ના નહિ કહે. એતો હું પહેલાં વચનથી બાંધી પછીજ બધી વાત કરીશ." કહી રતિસુન્દરીએ એ બાબતની નિરાંત વળાવી.

આજ પણ રાત પડી એટલે હમેશની પેઠે "કેમ બ્હેન છો કે? શેઠ સાહેબ ક્યાં ગયા? કહેતા કે કાન્ત ઘરમાં આવ્યા. આ વખતે રતિકાન્ત સાયંપ્રાર્થનામાં હતા. એટલે રતિસુન્દરીએ આવો ભાઈ! કહીને કાન્તને દિવાનખાનામાં લઈ ગઈ. રતિસુન્દરીને ખૂબિથી વાત કહીને પોતે જે કહે તે કબૂલ કરવાને પ્રતિજ્ઞા લેવરાવ્યા પછી પોતે બપોરના થએલી વાતચિત કાન્તને અથથી ઇતિ સુધી સંભળાવી દીધી. કાન્તને ઘણો ખેદ થયો. તેણે કહ્યું: "બ્હેન! ઉપકારનો બદલો આમાં આવી જાય છે, આથી શું વધારે છે?" ઉપકારનો બદલો તમારા બન્નેના પવિત્ર પ્રેમ કરતાં બીજું કંઇ મ્હારે ન જોઇએ. મ્હેં મ્હારો ધર્મ બજાવ્યો એનો ઉપકાર કેવો? તમને આવા વિચારજ કેમ આવ્યા? મ્હેં આજ ખોટું સાહસ કર્યું કેઃ વગર વિચારે તમને કબૂલાત આપી. આતો ઉલટો તમે મને પરાધીન બનાવી સેવા-કાર્યમાંથી વેગળો કર્યો. હરિ! હરિ!

"ભાઇ! તમે આમ મ્હને લાચાર ન કરો! લ્યો મ્હારી ભૂલ થઈ. હું તમને કહું છું કેઃ પેઢીમાં ફક્ત તમારૂં નામજ નાંખશે. તમે પેઢી પર જશો નહિ. હું તો એજ ઇચ્છું છું કેઃ તમે મ્હારી પેઠે મ્હારા જેવાં અનેક દીન-દુઃખીની મદદે જઇ તેમને સુખી કરી તેમના આશિર્વાદ લેતા રહો! તમારા ઉપકારનો બદલો તમને પામર માણસ

ક્યાંથી આપશે ?" કહી રતિસુન્દરીએ શરતમાંથી મુક્ત કર્યા.

એજ વખતે રતિકાન્ત ત્યાં આવી પહોંચ્યા. રતિસુન્દરીએ સઘળી વાતચિત કહી સંભળાવી. રતિકાન્તને એથી સંતોષ થયો. તેણે કહ્યું: કાન્તભાઇ! તમારી કૃપાથીજ આજ આ અમે સ્વર્ગસુખ ભોગવી રહ્યાં છીએ હોં!"

કાન્ત: "શેઠ! તમે પ્રભુની કૃપાથીજ આજે સ્વર્ગસુખ ભોગવી રહ્યા છો. પ્રભુને યાદ કર્યા તેનુંજ એ પરિણામ છે. જ્યાં પ્રભુ છે ત્ય લક્ષ્મી છે: જ્યાં વિષ્ણુ અને લક્ષ્મી બે છે ત્યાં સ્વર્ગ છે. પણ તમારે આજ જમવાં કરવાં નથી ?"

"ના ભાઈ! આજ તો એકાદશી છેને એટલે ફક્ત સવારે અમે ત્રણે જણે ફક્ત અચ્છેર અચ્છેર દૂધ પીધું છે. જમવા કરવાનો વિચાર નથી." રતિસુન્દરીએ કહ્યું.

કાન્તે આશ્ચર્ય પ્રકટ કરતાં કહ્યું: "શું કહો છો ? બિલકુલ ફલાહારજ કરવો નથી ? ધન્ય છે! જુવો બ્હેન ! ઉપવાસથી ઇન્દ્રિય નિગ્રહ થાય છે. એવા સંયમથી વૃત્તિ સાત્વિક થાય છે. સત્વગુણપ્રધાન મનુષ્યો પ્રભુનું ભજન–સ્મરણ સરળતાથી કરી શકે છે. જ્યાં પ્રભુ ભજન થતું હોય ત્યાં પ્રભુનો વાસ હોય છે. ભગવાનેજ કહ્યું છે કે: "જ્યાં મ્હારૂં ભજન થાય છે ત્યાં હું રહું છું" એટલે એ રીતે પણ જ્યાં પ્રભુ ત્યાં લક્ષ્મીજી–વૈભવ હોયજ! જ્યાં ભગવાન અને એમનાં મહા શક્તિ લક્ષ્મીનો નિવાસ છે એને સ્વર્ગ નહિ તો બીજું શું કહેવું ? ખરેખર તમે સ્વર્ગ સુખ ભોગવો છો! એ તમારી તપશ્ચર્યાનું ફળ છે. જ્યાં સુધી તમારી એ તપશ્ચર્યા છે ત્યાં સુધી તમે સ્વર્ગમાં રહેશો. મ્હારો આશિર્વાદ છે કે: તમે અને સહુ સ્વર્ગ સુખ ભોગવો! જ્યાં ઇન્દ્રિય લાલસાવાળાં પામર સ્ત્રી–પુરૂષો હોય છે ત્યાં નર્ક છે.

જ્યાં સત્વગુણપ્રધાન દિવ્ય-પવિત્ર પ્રેમ વાળાં પ્રભુપ્રેમિ આદર્શ દંપતી છે ત્યાં સ્વર્ગ છે. બ્હેન! હવે હું રજા લઉં છું. કહી કાન્ત ઉભા થયા. વચ્ચે રતિકાન્તાએ કહ્યું: કાન્તભાઇ! તમે નિયમિત આવવા કૃપા કરતા રહો, તમે આવો છો ત્યારે સ્વર્ગથીય ચડતું એવું અપવર્ગ પણ તમારી સાથે લેતા આવો છો. એ બધું તમારામાં ભર્યું છે. આમ ઉપકાર ઉપર ઉપકાર કરતાજ રહો, હોં સાંભળ્યુંને?

"માફ કરો શેઠસાહેબ! ગજા વગરનો ભાર શું કરવા ભરો છો? ભાઇ સાહેબ! ઠીક, જય હરિ!" કહી હસતાં હસતાં કાન્ત ચાલતા થયા. પાછળ અમૃતભરી દ્રષ્ટિ ફેંકી દંપતીએ કહ્યું:- "ધન્ય! કાન્ત!"

પંચવિંશ પરિચ્છેદ

સાધ્વી સુલોચના

વા

કલ્યાણુને પંથે!

उत्पन्नपरितापस्य बुद्धिर्भवति यादृशी ।
तादृशि यदि पूर्वस्यात्कस्यनस्यात्फलोदयः ॥

ભાવાર્થ:-અપાર દુઃખનો સાગર ઉલટ્યા પછી માણુસની બુદ્ધિ જેવી (પવિત્ર) થાય છે એવીજ જો કદિ પ્રથમથીજ ઉપજે તો કોના પ્રારબ્ધનો ઉદય ન થાય-કોનું કલ્યાણ ન થાય?

પૂર્વજોના પૂણ્ય પ્રભાવથી અને વૈષ્ણવકુલતિલક પરમ ભાગવત્ શેઠ જગમોહનદાસના ધર્મ-ભક્તિ બળથી કાળના મ્હોંમાંથી સુલોચના ઉગરી ગઇ. અને આ પવિત્ર કુટુંબના યશ ગૌરવને ભગવાને લેશ ઝાંખપ લાગવા ન દીધી. જ્યાં ઇશ્વરની દયા હોય છે ત્યાં આવુંજ બને છે. ગમે તેમ પણ સુન્દરલાલને શિખામણ વળી ગઇ. સુંદરલાલનું પ્રથમનું વિભવી જીવન બદલાઇ ગયું. હવે તે કોઇ પણ કાર્યમાં વિચાર કર્યા વગર એક પણ ડગલું આગળ ભરતા નથી. પહેલાં પોતાની ઇચ્છા એજ સૌની ઇચ્છા એમ માનતા તે આજ સહુની અનુમતિ મેળવી તેમની ઇચ્છા એ પોતાની ઇચ્છા માની કાર્ય કરતા થયા. સાક્ષાત નવદેવીની માફક સુલોચનાની પ્રેમપૂજા કરવા લાગ્યા. સુલોચના આગળ ઉંચે શબ્દે બોલવાનું તે સાહસ નથી કરી શકતા. તેમને ઘણું થાય છે કેઃ હું શું મ્હોં લઇને આ જીવન ધારણ કરી રહ્યોછું? હું શું જોઈને સુલોચનાને મ્હોં બતાવું છું? કલંકિત્ જીવનથી કંટાળી મ્હોતને માગતો સરકારને આંગણે ગયો પણ મ્હોત વેગળું ગયું અને આ પ્રમાણે પુનઃ પાછું સંસારની નજરે ચડવું રહ્યું! લોકો આંગળિઓ કરે તે ભાગ્યમાં સહન કરવીજ રહી! આ પ્રમાણે વિચાર કરતા મૂઢની માફક બેઠા હતા; ત્યાં સુલોચનાએ પ્રવેશ કર્યો અને કહ્યું: "કેમ નાથ! વળી પાછા શા વિચાર કરો છો?"

સુલોચનાને આવતાજ સુંદરલાલ સ્વસ્થ થયા. તેમણે કહ્યું: "ના ના, તમે તો નકામાં મ્હારો જીવ ખાઓ છો. વિચાર શા? એતો ઠીક છે."

"આપ હવે આ બધી નિવૃત્તિ મૂકી દઈ પિતાજીને માથેથી બધી પિડા ઓછી કરોને? જુઓ, આટલી અવસ્થાએ એમને આ બધી

જંજાળ શી ? સંસારનાં કાર્ય કરવા છતાં પવિત્ર સાધુ જીવન ગાળી શકાય ત્યારેજ મહત્તા ગણાય. આપ આજથીજ શ્રીગણેશ કરો અને પિતાજીને નિવૃત્ત કરો !"

સુલોચના આ પ્રમાણે હમેશાં સમયે સમયે નિરાશ હૃદયને આશાવાદી ધૈર્ય અને હિમ્મતવાન કરવાને પ્રબળ યત્ન કર્યા કરે છે, પણ તેમનો આત્મા માનતો નથી. આજ તો સુલોચનાએ ખૂબજ કહ્યું એટલે સુંદરલાલ સમજી ગયા. તેમણે આવતીકાલથી સઘળું કાર્ય પુનઃ માથે લેવા અને પિતાને આરામ આપવાનું માથે લીધું. એથી સુલોચનાને સંતોષ થયો.

કબૂલાત મુજબ બીજા દિવસથી સુંદરલાલે સઘળો કાર્યભાર ઉઠાવી લીધો, અને પૂર્વવત્ તમામ વ્યવસ્થા પોતે કરવા લાગ્યા. સુંદરલાલના સ્વભાવમાં અતિશય ફેરફાર થઇ જવાથી ઘરનાં તેમજ આધીન જનો જે તેમને ઉન્મત્ત અને રાક્ષસિ પ્રકૃતિના જાણી તેમને દૂરથીજ નમસ્કાર કરતા હતા તે તેમને જોઇ આનંદ પામવા લાગ્યા, અને ભાવથી કાર્ય કરવા લાગ્યા. મીલોમાં પેઢિઓમાં ન્યાતમાં જાતમાં હવે તેમનું વજન પડવા લાગ્યું. ભૂતકાળને ભૂલી સહુ તેમને હવે અગાઉ કરતાં સવિશેષ માનની દૃષ્ટિએ જોવા લાગ્યા. સુંદરલાલની હવે એક વજનદાર અને નિપૂણ કાર્યકરતા તરીકે ગણના થવા લાગી. રાત અને દિવસના ચોવિસ કલાકમાંથી ભાગ્યેજ શાન્તિથી પૂરા ૭ કલાક સુખે આરામ લેવાનું બને ! પાર વગરની પ્રવૃત્તિ વધી ગઇ ! ઘાટ જોઇને પિતાએ બધી પીડા પુત્રને માથે નાંખી છતાં ચપળતાથી સુંદરલાલ વિવેકપૂર્વક કાર્ય કરે જાય છે.

આજ રવિવારનો દિવસ છે. જમીપરવારી સુંદરલાલ દિવાનખાનાના મધ્ય ભાગમાં પડેલા એક કોચ પર પડ્યા પડ્યા, સ્વામી

રામતિર્થના સદ્ઉપદેશનું શાન્તિપૂર્વક અવલોકન કરી રહ્યા છે, ત્યાં સુલોચનાએ આવીને કહ્યું: "ચાલો! આજ તો જીવને નિરાંત છે કેમ?"

"હા દેવી! ઠીક કર્યું. ત્હમે મ્હારી બધી આળસ ઉડાડી દીધી. કહો પણ તેમાં તમે શી લ્હાણ કાડી. તમારી સાથે નિરાંતે બેઘડી વાત કરવાની તો અવકાશ નથી મળતી!" રતિકાન્તે જવાબ આપ્યો.

"નથી મળતી, છતાં નાથ! તમારા જીવને તો આનંદ છેને? પ્રવૃત્તિમય જીવન સંસારી જનોને માટે મ્હોટા ઔષધરૂપ છે. છે હવે આળસનું નામ? નકામા વિચાર શમણામાં એ આવે છે?" સુલોચનાએ કહ્યું.

"ઘડીભર શાન્તિ પ્રસરી રહી. સુલોચના ઉંડા વિચારમાં પડી ગઇ. એ જોઇને સુંદરલાલે કહ્યું: કેમ કંઇ સાંભળી આવ્યું? કંઇ ઉંડા વિચારમાં પડ્યાં જણાઓ છો? દેવી!

"હા પ્રભુ! ઉંડા તો ખરાજ પણ એટલાજ અગત્યના વિચારમાં હતી. આજ ઠીક યોગ મળ્યો! એ વિચાર જો આપને પસંદ પડે તો પ્રભુ આપણું અવશ્ય કલ્યાણ-મંગળ કરશે. નાથ! શું કહું? ક્હેતાં ક્હેતાં સુલોચનાની આંખમાં પાણી ભરાઈ આવ્યાં. એ જોઇને સુંદરલાલ લાચાર થઇ ગયા તેમને થયું વળી પાછું શું થયું? મ્હારાથી જાણે અજાણે અપરાધ તો નથી થયો? તેમણે કહ્યું: "કેમ પ્રિયતમા! આજ આમ કેમ?"

આજ સુલોચનાએ શુભયોગ જોઇને સુંદરલાલને પોતાનો કેવી રીતે બચાવ થયો, કોણે રક્ષણ કર્યું. વગેરે અથથી ઇતિ સુધી વિસ્તાર પૂર્વક કહી સંભળાવ્યું. સુંદરલાલ એ સાંભળીને સ્તબ્ધ બની ગયા, તેમણે કહ્યું: "ધન્ય છે! ચાલો મ્હને એ પવિત્ર સ્થાન બતાવશો?" એ

પવિત્ર જનો જેમણે ત્હમારૂં પુત્રીવત્ પાલન કર્યું એમનાં મ્હને દર્શન કરાવશો? તેમના મહારૂણુથી મુક્ત થવાનો મ્હને કોઇ માર્ગ જડે તો તે પણ દેખાડશો! જેમણે પોતાના પ્રાણ પાથરીને તમારૂં જતન કર્યું અને મ્હને તમારૂં પુનર્મિલન કરાવી આપ્યું તેમને હું શું આપીને સંતોષિ શકું? તમામ કાર્ય જવાદો અને કાલ સ્હવારેજ આપણે બન્ને અને બને તો પૂજ્ય માત-પિતાને પણ સાથે લઇ એ પવિત્ર ધામની યાત્રા કરી આવીએ!

આ પ્રમાણે નિશ્ચય કરી સુંદરલાલે બધી વાત પોતાનાં માતુશ્રીને જણાવી દીધી. તે પ્રસન્ન થયાં અને જવાનો પક્કો નિશ્ચય થયો. બીજીજ સ્હવારે સુંદરલાલ સુલોચના અને વૃદ્ધ માતા-પિતા સહિત માતેશ્વરી નર્મદાજીની યાત્રા કરવા ચાલ્યાં ગયાં. નર્મદા સ્નાન કરી, પવિત્ર થઇ, આ ચારે યાત્રાળુઓ એક મછવો ભાડે કરી સ્હામે કાંઠે જવા ઉપડ્યાં. ખારવાને ઘણુંએ થયું કેઃ "આવાં ભાગ્યશાળી મ્હોટાં માણસ આમ ક્યાં જતાં હશે. એ કહે છે ત્યાં તો બેચાર ખેડુતનાં ઝુંપડાં છે. ત્યાં એમનું કોણ સગુંવ્હાલું હશે? હેંઅને આપણે શું? આપણને તો આજ આખા દિવસની રોજી મળી ગઇ" એમ વિચારીને એણે એની મેળે નાવ હંકારે રાખ્યું.

વાંચક! જે પવિત્ર ખેડુત દંપતી અને તેનાં બાળકોએ સુલોચનાની મનઃ પ્રાણ પૂર્વક સેવા-ચાકરી કરી હતી જેમને લીધે સુલોચના પુનર્જન્મ પામી એ દીન-રાંક જેવા આત્માઓને શું ખબર કે આજ એક કોટ્યાધિપતિનું કુટુંબ તેમનાં દર્શને આવે છે! તેમની પર્ણકુટિમાં પાવન થવા આવે છે! તેમનાં દુઃખ-દારિદ્રયને દેશવટો આપવા આવે છે!

જોત જોતામાં હોડી કિનારે આવી પહોંચી. સહુ સાચવીને

એક પછી એક ઉતરીને આગળ ચાલવા લાગ્યાં. સહુની આગળ સુલોચના ચાલવા લાગી, કારણ બીજાં અજાણ હતાં. આ વખતે ખેડુત ખેતરમાં કોસ હાંકી રહ્યો હતો અને તેની સ્ત્રી ઘરના આંગણામાં એક સ્થળે છાંણનાં છાંણાં થાપવાને માટે છાંણના ગોળા બનાવતી હતી. ભીખી અને તેનો ભાઇ ઘેંશ અને રોટલો ખાતાં ખાતાં ખોઇયામાં નાંખેલા એક ધાવણા બાળકને પોતાની ન્હાની બેનને હિંચોળતાં હતાં અને અંદર અંદર લડાઝમડી કરતાં હતાં. "જા ! મ્હારે નથી ખાવું" કહી ભીખી "એ માડી ! જોને ભાઇ" હાંક મારે છે, ત્યાં ખેડુતણે નજર ઉંચી કરી, ત્યાં ભીખી ભીખીને ઠેકાંણે રહી અને સ્હામેથી ચાલ્યાં આવતાં ચાર જણને જોઇ એ કામ પડતું મૂકી ઉભી થઇ. શરૂવાતમાં તો વિચારમાં પડી ગઇ, પરન્તુ સુલોચનાને જોતાંજ એના આનંદનો પાર ન રહ્યો ! તેણે ત્યાં રહે રહે પોતાના પતિને હાંક મારીઃ "એ, આમ આવો ! મ્હેમાંન આવે છે" એ સાંભળીને ખેડુતઃ અમણે આવુંજ છું તો, કહીને કોસ કાલવીને ઘર આગળ આવ્યો તે પહેલાં તો તેની સ્ત્રી મ્હેમાનને સ્હામે લેવા ગઇ. એને એમ ન થયું કેઃ મ્હારાં લુગડાં કેવાં છે ! એણે વિચાર ન કર્યો કેઃ મ્હારા હાથ ગંધાતા-છાણવાળા છે ! એને સમજ ન પડી કેઃ આતો ઉજળાં માણસ છે અને મ્હારી ઝુંપડીમાં એંડવાડ-કચરો અને ગાભાની ગોદડીઓ પડી છે તે તો જરીક ઠીક કરૂં ! એમને લાવીને બેસાડીશ ક્યાં ? પણ તેનેએ આ બધા ઉપરના આડંબરની આજ સુધી ગંધે નથી આવી ! પ્રકૃત પ્રેમ જ્યાં હોય છે, ત્યાં આ બધાં સાધનો ધૂળ ફાંકે છે. સાચા પ્રેમીને સત્કારની ઉલટમાં એ કરવાનું ભાનજ નથી રહેતું, એને એ વિચારજ નથી આવતા. એતો સઘળું ભાન ભૂલીને પોતાની પ્રિયતમ વસ્તુને શી રીતે સત્વરમાં સત્વર મળું-દોડું કે ઉડું આમ

અનુભવે છે ત્યાં શી વાત કરવી? ખેડુતણ એકદમ દોડતી સ્હામે ગઇ, સુલોચનાને જોઇને તેણે દૂરથી બૂમ મારી: "બ્હેન બા! બેટા આવી કે?" સુલોચનાને પણ એ પળે જનેતાના પ્રેમભર્યા શબ્દોની ઝાંખી થઇ. જેમ વિદુરને ત્યાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર ગયા હતા, વિદુરની સ્ત્રી નગ્ન સ્નાન કરતી હતી, તેણે પૂછ્યું: કોણ? અવાજ આવ્યો: એતો હું વિદુરનો દાસ–કૃષ્ણ છું! દેવી! દ્વાર ઉઘાડો!"

બસ, કૃષ્ણ નામ સાંભળતાં વિદુરપત્નીને ભાન ન રહ્યું કે: હું કેવા વેષમાં છું! ઇશ્વર આંગણે આવ્યા છે, ત્યાં તેના દર્શનમાં કૃષ્ણમય બની ગઇ–પોતે પોતાને ભૂલી ગઇ અને દ્વાર ઉઘાડી સ્હામે ઉભી રહી! ભગવાને અભય કર બતાવી, પ્રસન્ન થઇ મહા મોંઘા મહાપદની તેને અધિકારિણી બનાવી!

નિર્મલ ભાવવાળી આ ખેડૂતણનું પણ એમજ બન્યું. તેને આંખમાં ઉમળકાનાં આંસુ આવી ગયાં. હું શ્રીમંત છું, આ કંગાલ છે એવું એને ન થયું. એ માર્ગમાંજ ખેડૂતણને ગળે વળગી પડી. બન્ને માતા–પુત્રીના પવિત્ર મિલનની માફક એક બીજાને વળગી વિયોગનાં આંસુ સારવા લાગ્યાં. આંખો લૂછતાં ખેડૂતણે "ચાલો બ્હેન બા!" કહીને ખેડૂતણ આગળ ચાલી. આ બધુ જોઇને સુંદરલાલ સ્તબ્ધ થયો! જગમોહન જડની માફક આ સ્વર્ગીય દ્રષ્ય જોઇ રહ્યા! અને વૃદ્ધ શેઠાણીથી વાહવાહ! કહેવાઇ ગયું. તેમની આંખમાં પણ પાણી ભરાઇ આવ્યાં. આંગણામાં આવતાંજ ખેડુતે સુલોચનાને જોઈ: "આવો, બેટા! આવી મ્હારા બાપલા! અમે ગરીબ માણસ તને ક્યાં ખોળીએ? ભા! તું શે વિસારે પડે? કહેતાં ગળગળો થઈ ગયો. એટલામાં ઘરમાંથી બીખા અને તેનો ભાઇ "બ્હેન બા! આવ્યાં કે?" કહેતાં એંઠા હાથે આવીને વિંટાઇ વળ્યાં. સુલોચનાએ "હા બ્હેન

આવો, હા ભાઈ" કહી તેમને માથે હાથ ફેરવ્યા. બાળકને શી ખબર કે: આજ મૂર્તિમંત મહાદેવી તેમનાં દુઃખ–દારિદ્રયનો અંત આણવાને તેમની પાસે આવી છે. ધન્ય છે! સાચી શ્રીમંતાઇ તે આનુંજ નામ! ગરીબને જોઇને જેમને સુગ આવે છે એવા શ્રીમંતોને જોઇને અનંત ઐશ્વર્યનો અધિષ્ઠાતા–અનંત બ્રહ્માંડનો અધિશ્વર પણ તેમને જોઇને સુગ લાવશે–તેમનાં નિષ્ઠુર મ્હોં સ્હામે જોવામાં પાપ અને પોતાની પ્રતિષ્ઠાને હાની માનશેજ માનશે. કેમ નહિ? એની શ્રીમંતાઇ આગળ આ પામર માનવ જાત કોણ? આ તત્વ એ અભિમાની આત્માઓને કોણ સમજાવે? ન સમજે તો હરિ ઇચ્છા! જેવું ભાગ્ય.

ખેડુતણે પવનની માફક ફરી વળી બધું સાફસુફ કરી નાંખ્યું. અને ખેડુતે બે ત્રણ ખાટલા લાવીને આંગણામાં ઢાળી તેના ઉપર ધાબળા પાથરી સહુને બેસવા કહ્યું. એક બીજાંએ કુશળવર્તમાન પૂછ્યા. સુલોચનાએ એકબીજાને એકબીજાની ઓળખાણ કરાવી. સહુ પ્રસન્ન થયાં. ખેડુત આજ પોતાનું અહોભાગ્ય માનવા લાગ્યો. વયોવૃદ્ધ જગમોહનદાસે આ ગરીબ કુટુંબનો આભાર માન્યો. વૃદ્ધ શેઠાણીએ પણ એમનાં ખૂબ વખાણ કર્યા. તેનો એટલીજ નમ્રતાથી ખેડુતદંપતીએ "હાય હાય! એ શું બોલ્યાં મા–બાપ એતો અમારી દીકરી છે! એમાં શું કર્યું છે! કોનું કર્યું છે! અમારો પૂર્વનો રૂણાનુબંધ તે આવી મળ્યાં, નહિ તો બાપુ અમે ગરીબ નિર્ધન આદમી ક્યાં અને તમે ભાગ્યશાળીના પગની રજે અમારે આંગણે ક્યાંથી?" કહી ખેડુતે જવાબ વાળ્યો.

સારીરીતે વાતચિત કરી નિવૃત થયા પછી ખેડુત દંપતી કામકાજમાં રોકાયાં ત્યાં પડોશમાં જેમ જેમ ખબર પડતી ગઇ

તેમ તેમ સ્ત્રી પુરૂષો આવી આવીને સુલોચનાને "આવ્યાં કે મા? સારાં તો છો? ભલે છો મા!" કહી ચાલવા માંડ્યાં. આવું સાત્વિક પવિત્ર વાતાવરણ જોઇને સુંદરલાલને બાગ-બંગલાનો ઠાઠમાઠ આની આગળ તદ્દન-નકામો જણાવા લાગ્યો. સાચું પવિત્ર-સુખી જીવન આનુંજ નામ એની એને પ્રકટ પ્રતિતિ થઇ. તે અરસપરસ વાતો-ચિતો કરતાં રહ્યાં અને ખેડુતણે ખાવાનું થયાની સૂચના કરી. જરી પણ આનાકાની વગર સહુ તૈયાર થયાં. ઝુંપડીમાં જઇને બધાં પાથરેલાં કેળનાં પાંદડાં ઉપર બેસી ગયાં. ખાખરાનાં લીલાં પાંદડાનાં પતરાળાં પડીયા આગળ ગોઠવી દીધા. બબ્બે જાડા રોટલા અને ઉપર લચકો લચકો ઘી અને પડીયામાં દુધ ભર્યું. મનભાવતાં મિષ્ટાન્નમાં જે સ્વાદ ન્હોતો જણાતો એવો સ્વાદ આ રંકની ઝુંપડીમાંના રોટલા અને દુધમાં ભગવાને મૂકયો હોય એમ થયું. સારી રીતે તૃપ્ત થઈ એક બીજાના સ્હામું જોઇ આનંદથી હરખાતાં જમી ઉઠીને પાછાં બ્હાર આવ્યાં. અને ગરીબની અતિથિ સેવાનાં ઓવારણાં લેવા લાગ્યાં. શ્રીમંતાના તામસી મિનારાઓમાં આવો અપૂર્વ અતિથિ સત્કાર ક્યાંથી હોય! એમના આંગણામાં પેસતાં અજાણ્યાના પગ થથરે ત્યાં એવા થથરતા પગવાળાને બારણામાં કોણ પગ મૂકવા દે? અને ન મૂકવા દે તો પછી-જ્યાં અતિથિ સત્કાર ન થાય એવા શ્રીમંતોના આવાસોને શી ઉપમા આપવી? કવિ સજ્જને સાચુંજ કહ્યું છે કેઃ—

જે ઘર ભવ્ય છતાં મહીં દિવ્ય જનો તણો નાહીં નિવાસ રહ્યો છે,
જે ઘર આંગણ માગણ આવી વૃથા શ્રમ વેઠી નિરાશ થયો છે;
જે ઘરમાં સત્કાર અતિથિ તણો ન થએ વળી પાછો ગયો છે,
તે ઘરનો ભપકો વૈભવ કવિઓએ સ્મશાન સમાન કહ્યો છે.

અવકાશના અભાવે, અનિચ્છા છતાં આ ખેડુત કુટુંબના અત્યા-

અહને લીધે બે દિવસ રોકાઇ, શ્રીમંતકુટુંબ ત્યાંથી ચાલતું થયું. પાછાં ક્યારે પધારશોના જવાબમાં વર્ષમાં એકવાર આવવાનું સુંદરલાલે વચન આપી તેમને સંતોષ્યાં, તેથી તેમના આત્માને ધીરજ વળી. સુલોચનાના આત્માને તો પિયરથી સાસરે જવા જેટલું કષ્ટ થયું. નિઃસ્વાર્થ–પવિત્ર પ્રેમના વાતાવરણમાંથી વિખૂટાં પડવું હમેશાં વસમું થઇ પડે છે એ કોણ નથી જાણતું?

પિતાની સહાનુભૂતિથી સુંદરલાલે ઘેર આવીને પોતાના બે વિશ્વાસુ માણસોને, સુલોચનાની સેવા અને સંરક્ષણ થયું હતું એ સ્થાનમાં એની સ્મૃતિ તરીકે એક નમુનેદાર સેવાશ્રમ બંધાવવાને માટે સૂચના કરી દીધી; ને સાથે સાથે ખેડુત કુટુંબને રહેવા માટે એક સારૂં મકાન અને ખેતી કરે કે ન કરે, પણ તેઓ જીવનપર્યંત સુખે પોતાનો નિર્વાહ કરી શકે એવી ગોઠવણ કરી આપી: અને એ રીતે એમના ઉપકારનો ઓછોવત્તો બદલો આપ્યો.

ખેડુત કુટુંબ ઉપર ભગવાનની દયા થઇ. તેમની ઝુંપડીને ઠેકાણે સુંદર વિશાળ મકાન થયું. તે સાથે જાતજાતનું રાચરચીલું અને આવશ્યક સામગ્રીથી પૂર્ણ થયું. બીજી બાજુ એક લાખ રૂપિઆના ખર્ચે એક જબરજસ્ત સેવાશ્રમ પણ ત્યાં તૈયાર થયો. શ્રીકૃષ્ણ પ્રિત્યર્થે વૈષ્ણવ ગૃહસ્થે બંધાવેલા આ સેવાશ્રમનુ નામ "શ્રીગોપાલકૃષ્ણ–સેવાશ્રમ" રાખવામાં આવ્યું. તેના નિભાવને માટે રૂપિયા ચાર લાખની રકમ સુંદરલાલે ઇલાયદી મૂકી દીધી.

સુંદરલાલની આ સખાવતે તેમને અમર બનાવી દીધા. જ્યાં ત્યાં તેમનાં યશોગાન ગવાવા લાગ્યાં. આથી પ્રસન્ન થઇ સુંદરલાલે સ્થળે સ્થળે જ્યાં જ્યાં સુપાત્ર સંસ્થાઓ સાંભળી ત્યાં ત્યાં મુક્ત

હસ્તે ગુપ્ત મદદો પહોંચાડવા માંડી અને એ પુણ્ય પ્રભાવથી વ્યાપાર રોજગાર પણ કોઇ અજબજ ચાલવા માંડ્યા. સુંદરલાલની અમદાવાદના એક પ્રતિષ્ટિત કોટ્યાધિપતિમાં ગણના થવા લાગી. આટલું છતાં સુલોચના અને સુંદરલાલ દયા–ધર્મને વળગી રહ્યાં. અભિમાનને છાંયે ન ગયાં.

ગમે તેમ પણ પાછળથી પણ સુંદરલાલને જે સદ્બુદ્ધિ ઉપજી તે પ્રભુની દયા વગર કેમ બને, સુલોચના જેવી સાધ્વી–પતિભક્તિ પરાયણ રમણી મળી એજ તેનું અહોભાગ્ય! તેના તમામ યશ–ગૌરવનું માન એ મહાદેવીને છે. અથાક સંકટ–ત્રાસ વેઠીને પણ તેણે પતિસેવા કર્યા કરી, તોજ જીવન સાફલ્ય થયું–પતિએ તેની પતિસેવા–પૂજાનો બદલો વાળી આપ્યો–તેને અમર કરી! આવી ભાગ્યવતી રમણીઓ જ્યાં હોય ત્યાં સદૈવ સુખ–શાંતિ અને પરમ કલ્યાણ જ પ્રવર્ત્તાવે છે! પ્રભુના ત્યાં આશિર્વાદ ઉતરે છે! માત્ર આજ કરવાનું કામ માનવપ્રાણી કાલ ઉપર મુલતવી ન રાખતાં વિવેક પૂર્વક ચેતીને ચાલે તો આ સંસારના કેટલા ભય–ક્લેષ ઓછા થઇ જાય! ભક્ત કવિ પણ બિચારો તેથીજ કહી ગયો છે કે:

જો મતિ પિછે ઉપજે સો મતિ આગે હોય,
ચલા જાય વૈકુંઠમેં પિછા ન પકડે કોય.

ષટ્ત્રિંશ પરિચ્છેદ

ભગવાનને ભરોસે

વા

પાછા એકના એક.

शोकारातिपरित्राणप्रीतिविश्रंभकारणम् ।
केन सृष्टमिदं रत्नं मित्रमित्यक्षर द्वयम् ॥

પોતાના ઘર અને ગજાનો વિચાર કર્યા વગર મ્હોટા ભાઇનો જીવ લઇ નાંખી પ્રિતમ એલ. એલ. બીનો અભ્યાસ કરવા મુંબાઇ ગયો. ત્યાં ગયા બાદ સુરેન્દ્રએ તેને આડું અવળું ભેરવી તેની પાસે ધક્કાપક્કી ખાઇ કોઇ પણ પ્રકારે પવિત્રીને સંઘરવાનું કબુલ કરાવ્યું. એ સંબંધમાં ઘરનાંની સમ્મતિ માગતાં દરેક જણે સાફ ના કહેવા છતાં સાથે સાથે સુંદરલાલે પત્ર દ્વારા જે મ્હોટી આશાઓ આપેલી એટલે તેનો અંદરનો ભેદ સમજ્યા વગર પવિત્રી કોઇ પણ સંયોગોમાં પોતાની પાસે રાખવી એવો એણે દૃઢ સંકલ્પ કર્યો અને ઘેર પણ પોતાનો એ મક્કમ વિચાર જણાવી દીધો. અધુરામાં પૂરૂં પવિત્રી પાસે હોય તો તેના ઉપર બને તેટલી કાળજી અને દાબ પણ રખાય અને સુંદરલાલ ઉપર એહસાન ચડે તો ભાગ્ય દશા ફરી જાય એ બધો વિચાર કરી કંઇ કંઇ સુખસ્વપ્ન જોતો પવિત્રીના શુભ આવાગમન અને સુંદરલાલના સ્નેહ સમાગમને માટે અત્યંત આતુર થઇ રહ્યો. દિવસ આવી પહોંચ્યો અને મુંબાઇના ગ્રાન્ટરોડ સ્ટેશન પર પવિત્રી અને સુંદરલાલ આવ્યાં. પણ પરિણામ નહિ ધારેલું

આવ્યું. જે જોયું તે ઉપરથી તેની આશાઓ ધૂળમાં મળી ગઇ. તેને ધીમે ધીમે થવા લાગ્યું કે: હૅાલામાંથી ચ્હૂલામાં પડ્યા જેવું થાય છે. આ પવિત્રી શું નહિ કરે? એ વિચારે તેના તમામ વિચાર બદલી નાંખ્યા. તે સાથે સુંદરલાલે પ્રિતમ ઉપર લખેલો છેવટનો કાગળ વાંચીને તો તેના હોશ કોશ ઉડી ગયા. અને તેણે માની લીધું કે: ખરેખર એ કમજાત સ્ત્રી મ્હને હતો ન હતો કરતાં ન ચૂકે, એટલે એ કરતાં તો એનું ગમેતેમ થાય પણ आत्मानं प्रथमं रक्षेत् दारैरपि धनैरपि એ ન્યાયે મ્હારે મ્હારૂં સાચવવું એજ ઇષ્ટ માન્યું. પવિત્રી નજર કેદ થઇ, બનમિનપર છૂટી, કૉર્ટમાં કેઇસ ચાલ્યો અને આ નહિ ધારેલો ઉપદ્રવ ઉપસ્થિત થયો, પ્રિતમે તો સ્હામું પણ ન જોયું અને મનની મનમાં રહેવાથી અનેક પ્રકારના તર્ક વિતર્કને લીધે પવિત્રીનું ચિત્ત ચકડોળે ચડયું—તેને ઉન્માદ થયો. ગમેતેમ પણ પૂર્ણ નસિબદાર કે: શૂળીનું વિઘ્ન સૉયથી પતી ગયું. પવિત્રીને લઇને તેના પિતા અમદાવાદ પહોંચી ગયા. ત્યાં તેની યથેષ્ટ સારવાર થવાથી દિવસ જતાં આરામ ઉપર વાત આવી. જેમ જેમ તેનું ચિત્ત સ્વસ્થ થતું ગયું તેમ તેમ તેને આગળ પાછળની બધી યાદ આવવા લાગી. પોતે જે જે નીતિભ્રષ્ટ અને વિવેકશૂન્ય કાર્યો કર્યા અને તેને પરિણામે જે દુર્ઘટ અવસ્થા ભોગવી એ બધા વિચાર યાદ આવતાં તેનો આત્મા કંપી ઉઠયો. તેને થયું કે: કેટલા જીવનને માટે આ બધાં કાર્યો મેં કર્યા! ઇશ્વરે સ્હામું ન જોયું હોત તો ફાંસીને માંચડે ચડત તો પિતાના અને પતિના કૂળની કંઇ બાકી રહેત? તેને ઘણું થયું કે: કોઇ પણ પ્રકારે આત્મહત્યા કરી આ પાપિ દેહનો અંત આણવો—જીવન વિસર્જન કરવું પણ સાતે ભવ એવા જાય એનું કેમ? પવિત્રીનાં જ્ઞાનચક્ષુ ઉઘડ્યાં. તે ઉમરા બ્હાર પગ નથી

મૂકતી. જગતને શું મ્હોં બતાવું એમ સમજે છે. તેનાં તમામ પાપ-કર્મો તેની નજર સ્હામે આવી આવીને તેને મહા ત્રાસ આપે છે—તેને જીવતી બાળી નાંખે છે. તેને નથી ગમતું ખાવાનું કે: નથી તે કોઇની સાથે મન મૂકીને બોલતી! જ્યારે જુવો ત્યારે જડ-મૂઢ જેવી! કંઇક કેટલીકવાર સુધી તો પાપનું પ્રાયશ્ચિત કરતી હોય તેમ કલાકોના કલાકો સુધી ચોધાર અશ્રુપાત કર્યાં કરે છે! તેનાં એ આંસુની આજ કોને દયા આવે?

બીજી બાજુ પ્રિતમ પણ ઘરનાંને અળખો થયો અને જગત્માં પણ જ્યાં હોય ત્યાં લોકો જેમ ફાવે તેમ કહેવા લાગ્યાં. અભ્યાસ અભ્યાસને ઠેકાણે રહ્યો. ઘેરથી પાર્વતિશંકર બિચારો મહા કષ્ટે માસિક પચીસ રૂપિયા મોકલે છે, પણ એનો હિસાબ શો? પેઢી ઉપર ખાવા જતાં પણ તેને કષ્ટ થાય છે. "લોકો શું કહેશે, શું ધારતા હશે! દુરાચરણી સ્ત્રીનો ભરથાર જગતમાં જીવે તોયે શું અને મરે ત્હોયે શું! એક સાચો મિત્ર મનની અકળામણ જેની આગળ વ્યક્ત કરવા જેવો હતો તે પણ પ્રારબ્ધયોગે અવળો થઇ બેઠો—ગુમાવ્યો! ઠીક, જીવાય ત્યાં સુધી જીવવું નહિ તો સમુદ્રમાં પડી આત્મહત્યા કરવી પણ હવે ઘેર શું મ્હોં લઇને જવું."

આવા આવા તરંગે ચડેલો પ્રિતમ દિવસ જતાં સૂકાઇને સાલ જેવો થઈ ગયો. મહા મુસિબતે હાથે રાંધી ખાય, જેમતેમ નભાવે, ધર્માદા દવાખાનામાં દવા લેવા જાય ત્યાં દાક્તરે કન્ઝમ્પશનના ફર્સ્ટ-સ્ટેજનો ભય બતાવ્યો, એટલે તો પ્રિતમ છેકજ હતાશ થઈ ગયો. એજ અરસામાં સિંહસ્થનું વર્ષ હોવાથી કાન્ત તેના આખા કુટુંબ સહિત નાશિક ત્ર્યંબકની યાત્રા કરી પાછા ફરતાં મુંબાઇ રોકાયા. એક દિવસ સોમવારના સ્હવારમાં નવેક વાગે ભુલેશ્વરનાં દર્શન કરવા જતાં

એકાએક લક્ષ્મીની દ્રષ્ટિ પ્રિતમ પર પડી. એને જોઇને એણે કાન્તને ઇશારતથી પ્રિતમને હાથમાં લાકડી સહિત ટેકવતો ટેકવતો હાડપિંજર જેવા બતાવ્યો. એને જોતાં કાન્તના કાળજામાં કંઇ કંઈ થયું. તેને ઘણું થયું કેઃ તેની પાસે જઇ તેના કુશળ વર્તમાન પૂછું; પણ બીજીજ ક્ષણે તેને થયું કેઃ કદાચ હું બોલાવું છતાં તે ન બોલે અને રસ્તા વચ્ચે મ્હારો તિરસ્કાર કરી ન કહેવાનું કહે તો સર્વના મનને શું થાય! ઠીક, "હજી તો બે ચાર દિવસ રહેવું છે એટલે વિચાર કરીને જેમ ઠીક લાગશે તેમ કરીશું" એ રીતે આ પળે તો મનના કલેષને મનમાં રાખી તેને જવા દઇ પોતે પોતાની મેળે પોતાના રસ્તે પડયો. કોણ કહે કેઃ એના આત્માને કેટલું કષ્ટ થયું હશે?

પ્રિતમ બિચારાને એના જીવની પડી હોય, મહા પ્હરાણે ડગલાં ભરી ઘેર જતો હોય ત્યાં શું કરવા આડું અવળું જુવે! દુઃખી જીવોની હમેશાં એવીજ અવસ્થા હોય છે. એ બધી ચાલાકી અને ચપળતા સુખ અને શાન્તિમાંજ હોય છે. પ્રિતમ પણ બિચારો ઠચૂક ઠચૂક કરતો ઘર ભેગો થયો.

મુકામ પર આવીને કાન્તે પોતાનાં માત-પિતાને પ્રિતમના હાલ હવાલથી વાકેફ કર્યા. તેમને પણ થયું કેઃ ગમે તેમ પણ છોકરાનો દોસ્તદાર અને ન્યાતનું છોકરૂં એટલે એને ઘડી મળી આવી ખબર અંતર પૂછી આવીશું. જમી પરવારી બેઘડી આરામ લઇ કાન્ત કપડાં પહેરીને તૈયાર થયો. ભગવત્પ્રસાદે કહ્યુંઃ "ભાઇ! કયાં જાય છે?" "આ જરીક પ્રિતમને ...ળી આવીને આવું છું" કહી કાન્ત ચાલવા માંડતો હતો ત્યાં ભગવત્પ્રસાદે કહ્યુંઃ "ચાલ ત્યારે, ભાઇ! હું પણ સાથે આવું છું" કહી કપડાં પહેરવા માંડ્યા, એટલે તો ભગવતી અને લક્ષ્મી બન્ને પણ "ત્યારે અમે એકલાં શું કરવા ઘરમાં ગોંધાઇ રહીએ" કહી

તેમણે પણ પાછળ ચાલવા માંડયું.

એક વિક્ટોરીયા ભાડે કરી કાન્ત વગેરે પ્રિતમને ત્યાં પહોંચ્યાં. પ્રિતમને તાવ ચઢ્યો હતો. દવા લાઈ આવી ખીચડી કરીને જે ભાગ્યું તે બે કોળીયા ખાઇને ટાઢ ચડવાથી એ બિચારો પથારીમાં પડ્યો પડ્યો "ઓય ઓયરે! ઓ બાપરે!" કરતો હતો. જેમ જેમ ટાઢ ઓછી થતી ગઇ તેમ તેમ તાવ ભરાવા માંડ્યો. આંખમાંથી ગરમ ગરમ પાણી નિકળવા માંડ્યાં. હે રામ! હે હરિ! કહી સંસારમાં સૌ સુખનાં સંગી છે, આવી વખતે કોણ કામમાં આવે?" એવો મનથી વિચાર કરી એણે એક દીર્ઘ નિઃશ્વાસ મૂક્યો, એજ વખતે કાન્ત બધા લશ્કર સહિત ત્યાં આવી પહોંચ્યો. મ્હોડે માથે ઓઢીને પ્રિતમ એની મેળે પડી રહ્યો હતો, ત્યાં કાન્તે પાસે આવીને કહ્યું: "ભાઈ! પ્રિતમરાય! એકાએક પૂર્ણ પરિચિત અવાજ કાનમાં અથડાતાં તેને થયું: આ કાન્તનો અવાજ ક્યાંથી! અહીં એ ક્યાંથી! વિચાર કરતાં તેણે મ્હોડા ઉપરથી કપડું કાઢી નાંખ્યું. કાન્ત, ભગવતપ્રસાદ, ભગવતી, લક્ષ્મી, ન્હાની બચુ વગેરેને જોઇને પ્રિતમ આભો બની ગયો. "પધારો! પધારો!" કહી ઓશરાણે બેઠો થયો. "તમે તમારે સુઇ રહો ભાઇ" કહી ભગવતપ્રસાદ વગેરે બેઠાં. ભગવતપ્રસાદે તેના મ્હોં સ્હામે જોઇ દિલગિર થઇ પૂછ્યું: "ક્યારની આ સ્થિતિ થઇ છે? આવી તબિયતમાં અહીં એકલા રહેવાય?" પ્રિતમરાય તેનો જવાબ ન આપી શક્યો. તેને કંઇ કંઇ સાંભળી આવ્યું. તે લમણે હાથ મૂકી ધ્રુસકે ધ્રુસકે રોવા માંડ્યો. સહુએ ઘટતી ધીરજ આપી: "એતો હોય, કાલ મટી જશે, શરીર તો બગડે, એમાં થઇ શું ગયું, પણ એવું હોય તો ઘર ક્યાં ગયું છે? ભાઇ! ચાલો, અમારી સાથે ઘેર ચાલો!" કહી ભગવતપ્રસાદે સાન્તવન આપ્યું. પણ પ્રિતમે તેનો કંઇજ જવાબ

ન આપ્યો. બાદ સ્વસ્થ થઈ પ્રિતમે સર્વના કુશળ સમાચાર પૂછ્યા. બાદ લાંબા વખત સુધી સામાન્ય વાતચિત ચાલી. લાંબા દિવસે પોતાનાં એક દિવસનાં આત્મિય જનોના મેળાપથી પ્રિતમના હૃદયનો કેટલોય ભાર આજે ઓછો થયો! તેનું અડધું દુઃખ ઓછું થયું એમ તેને લાગ્યું. પ્રિતમે પૂછ્યું: "અમણે તો કાકા રહેશોને?" "ના ભાઈ ના, આજ રાતનાજ જવાનો વિચાર છે, શરીર સાચવજે, ભાઈ! આરામ ન થાય તો આપણે ઘેર સારા, ઘરનાંના જીવ પણ ઉંચા રહે, સમજ્યો ભાઇ! લ્યો જઇએ છીએ કહી બધાં ઉભાં થયાં. "ભાઈ! જઉં છું, જો રહીશ તો આવીશ" કહી કાન્તે પિતાની પાછળ ચાલવા માંડયું. પ્રિતમ લાચાર મુખે તેના સ્હામે જોઈ રહ્યો. તેણે કંઈજ જવાબ ન આપ્યો. તેની આંખમાં જળજળીયાં ભરાઇ ગયાં એ જોઇને કાન્તને પણ ઓછું આવી ગયું. ગમે તેમ પણ એક વખતના એક બીજાને પ્રાણથીય વધારે વ્હાલા મિત્રો પ્રારબ્ધયોગે મનમાં કંઇક વિક્ષેપ થવાથી છૂટા થયા, ઉપરની બોલચાલ બંધ થઇ પણ હૃદય ખેંચાયા વગર રહે? આ પળે તો પાછાં ઘરનાં કંઈ કંઇ ધારશે અને કહેશે વિચારી કાન્ત જોયું ન જોયું કરી ચાલતો થયો.

સહુના ગયા પછી પ્રિતમ પાછો પથારીમાં પડયો અને સાથે સાથે વિચાર તરંગે ચડ્યો. આતો એક વખતનો મિત્ર હતો, નહિ તો પણ દાનો દુષ્મન કયાંથી? નહિ તો એમને મ્હારી શી પડી હતી? બિચારાંને કંઇથી ખબર પડી હશે તે કેવાં જોવા આવ્યાં! એથી મ્હારા આત્માને કેટલી શાન્તિ થઈ! મ્હારૂં પ્રારબ્ધ એવું, નહિ તો એમે દુર્બુદ્ધિ ઉપજે ખરી? એમાં એમનો શો વાંક? એ રાંડે તો મ્હારો અણી વખતનો આવો મિત્ર તે પણ તેના લક્ષણે કરીને વેગળો કરાવ્યો, નહિ તો આવી વખતે મ્હારી પાસેથી ખસે ખરો? જે

જરીક માથું દુઃખતાં પાસેથી ઉઠે નહિ તે આવી નિરાધાર અવસ્થામાં નિષ્ઠૂરની માફક મને આમ તરછોડીને ચાલતો થાય ? એમાં એ પણ શું કરે, અને કોઈ શું કરે ? જે નિર્માણ થયું તે ભોગવ્યા વગર છૂટકો ? એને પણ મનથી તો ઘણું એ થતું હશે કે: થતાં થઇ ગયું પણ હવે કેમ થાય ? મ્હારાથી બોલાવાય કેવી રીતે ? કંઈ પણ હશે તો ખરૂંજ, નહિ તો બોલ્યા ચાલ્યા વગર એમ જાય ખરો ? એના આવવાથી મ્હારા હૃદયનો કેટલો ભાર ઓછો થયો ! મ્હાય તેવો ત્હોયે મ્હારો બાલમિત્ર ! મ્હેં મૂર્ખાએ વળી એને શું ને શું લખી નાંખ્યું છે, છતાંય એટલો ભલો કે: મ્હારી પાસે માન–પ્રતિષ્ઠાની પરવાહ કર્યા વગર મ્હારે ત્યાં આવ્યો! કાન્ત ! મ્હને ક્ષમા આપજે ! તું નિર્દોષ છે ! ત્હારા જેવા પવિત્ર–સચ્ચરિત્ર માણસને ચલિત્–ભ્રષ્ટ કર્યો ત્યારે એ રંડા કેવી ? ભલભલા મહારથિઓ કામાંધ બનીને ધર્મ–કર્તવ્યથી ભ્રષ્ટ થયા તો તું કોણ ? "અરેરે ! એવો એવો પણ મ્હારી આ સ્થિતિમાં મને કેટલો આશ્વાસન રૂપ થાત ? બીજાઓને હું શું કરી શકયો ? ત્યારે શું એ મ્હારો મિત્ર એટલે મ્હારે એને આજીવનને માટે ત્યજી દેવો ? મ્હેં તેને ઓછો ઠપકો આપ્યો છે ? ઓછું લખ્યું છે ? બીજો હોય તો એને મ્હારી શી પડી છે ? મ્હારા સ્હામું જુવે ? કહેશે કે: છોને મરતો અભાગિઓ ! આમ વિચાર કરતો પ્રિતમ હતાશ થઇને સૂઇ ગયો.

બે દિવસ રોકાઇને ભગવતપ્રસાદ બધાંને લઇને અમદાવાદ પહોંચી ગયા. સ્ટેશન ઉપર ભગવતપ્રસાદ ભગવતી અને લક્ષ્મીએ ઘણીએ રગજક કરી પણ કાન્ત બેચાર દિવસમાં આવીશ કહીને રોકાઈ ગયો. બધાં સારી રીતે સમજી ગયાં કે: ભાઈબંધ માંદો છે તે બે દિવસ સારવાર કરવા રહ્યા હશે ! પણ એને ભલા માણસને કયાં ગમ

છે કે: એ પ્રિતમે એનુંએ ક્યાં બાકી રાખ્યું છે? વચ્ચે લક્ષ્મીએ કહ્યું: અરે! એમ ભોળપણુમાંને ભોળપણુમાંજ બધું બગડ્યુંને? અરે! કાનના કિડાએ ખરી પડે એવો કાગળ લખ્યો તો એજ પ્રિતમે, પણુ છે જાણે કંઈ! તે દહાડે તો કેટલા ઉકળી ગયા હતા! બધુંય ખરૂં પણુ હા, જેને ગુણુ હોય તેના દાસ થઇએ, પણુ કંઇ આવું તે હતું હશે! એમ બધાંય કહેતાં રહ્યાં અને કાન્તે પોતાનું ધાર્યું કર્યું. કાન્તે ઇશારતથી: "તું હવે છાનીમાની બેશ" કહી સહુની નજર ચૂકાવી "કબાટમાંથી પેલું ટપાલના અગત્યના કાગળનું બંડલ ઘેર જઇને તરત પોસ્ટથી મોકલી આપજો" એટલું કહી નાખ્યું. ટ્રેઇન ઉપડી અને કાન્ત પાછો મુકામ પર ગયો.

આમને આમ બે દિવસ નિકળી ગયા. નવરા બેઠા સગાં સબંધી જેમને જેમને મળવાનું હતું તેમને કાન્તે મળી લીધું. તેને ઘણુંએ થયું કે: "લાવ્યને મળી આવું, તેની બનતી સારવાર કરૂં" પણુ બીજીજ પળે વિચાર આવ્યો કે: ના, એમ કાચુ કાપવું એ ઠીક નહિ. એના આત્માને મ્હારી નિર્દોષતા–પવિત્રતાની પૂર્ણુ ખાત્રી ન આપી શકાય તો એવા ત્યાં જવાથી ફાયદો શો? એતો ટપાલ આવી એટલે તો પછી રાજા છું. એ કાગળો જોતાની સાથે એ ઠંડોગાર થઇ જશે, એ પૂરો પસ્તાશે, એને જીવવું ભારે પડશે. પછીજ હું મ્હારો ધર્મ અદા કરીશ. એજ અણી વખતે પ્રભુએ મ્હને મોકલ્યો છે. મ્હારી પવિત્રતાની તેને પૂર્ણુ ખાત્રી થાય તોજ હું તેની સેવાને માટે લાયક ગણાઉં, તોજ મ્હારી સેવા તેને ગમે, નહિ તો મ્હારી સેવા કરતાં તો તેને મરવું વધારે વ્હાલું લાગે. કેમ નહિ? પોતાની ધર્મપત્ની ઉપર નિચ–દ્રષ્ટિ કરનાર મિત્ર હોય તો પણુ શું? એતો અધિક ગુન્હેગાર થયો–એના જેવો દુષ્મન બીજો એકે ન ગણાય! એણે મ્હને દોષિત

સમજ્યો ! મ્હારી ખાત્રી છે કેઃ પ્રભુ મ્હને આખરેજ નિર્દોષ ઠરાવશે. એવા વિચાર કરતો તે "સાળા આજ ત્રણ દિવસ થયા ને કેમ કંઈ જણાતું નથી" એવા વિચાર ઉપર વિચાર કરતો હતો ત્યાં બપોરની ટપાલમાં તેને એક પત્રનું પાર્સલ મળી ગયું. તેમાંથી તેણે પ્રથમ તો સાવિત્રીએ કાન્તને જે કાગળ લખ્યો હતો તે તેના હસ્તાક્ષરનો જે અંગળાએ પોલકામાંથી કાઢી લાવીને લક્ષ્મીને આપ્યો હતો તે, અને એવાજ બીજા એક બે ઉપયોગી, તેને નિર્દોષ પૂરવાર કરે એવા કાગળો કાઢીને પોતાના ખિસ્સામાં મૂકી દીધા.

કાન્ત શકન જોઇને પ્રિતમને ત્યાં પહોંચ્યો. આજ પ્રિતમ પથારીમાં તકીએ અઢેલીને બેઠો બેઠો સાંજ વર્તમાનનાં પાનાં ઉથલાવતો હતો. કાન્તને આવતો જોઇને પ્રિતમે સાંજને વેગળું ફેંક્યું, અને "આવો ભાઇ" કહીને આવકાર આપ્યો. છતાં એ આવકાર અંતરનો નહોતો, એની એવા બોલવા ઉપરથી કાન્તના આત્માને ખાત્રી થઇ. તેને થયું કેઃ અમણાંજ ત્હારૂં ભૂત કાઢું છું, એમ મનથી કહી "હા ભાઇ!" જવાબ આપી એક સ્થળે બેઠો. પ્રિતમે કહ્યુંઃ "ભાઇ ! મ્હેં તો ધાર્યું તમે બધાં ગયાં હશો. આજ એકલાજ કેમ આવ્યા ? બધાંને લાવવાં હતાંને ? મ્હને જરીક આનંદ થાત !"

"એ બધાં તો એજ દિવસે ગયાં, અને હું માત્ર બે દિવસ રહીને જવાનું કહીને રહ્યો. કામનો અતિશય બોજો છતાં તમને આનંદ આપવાજ રહ્યો છું. તમારી જે સ્થિતિ જોઇ એણે મ્હને ન જવા દીધો. ભાઇ ! આ એજ કાન્ત છે, બીજો નહિ. તમારી ભ્રાન્તિ ટાળવાને માટેજ આજ આવ્યો છું, સમજો કેઃ તમારી ભૂલ સુધારવા !

પ્રિતમ સાંભળી રહ્યો. થોડીકવાર મૌન ધારણ કરી મનમાં અનેક પ્રકારના તર્કવિતર્ક કરી તેણે એક નિઃશ્વાસ મૂકીને કહ્યુંઃ

"ભાઇ! મ્હારી ભ્રાન્તિ તો ટળશે ટળવાની હશે તો, પણ હું તો હવે ટળવાજ બેઠો છું. એ જુવોછો ને? તમે શું કરો? મ્હારા આરબ્ધનો દોષ, ભાઈ! મ્હને થાય છે કેઃ હું કેમ જીવી રહ્યો છું! કાન્ત! આ દુનિયાં ઉપર મ્હારો એ પૂર્વનો કાન્ત હોય તો મ્હારે બીજું શું જોઇએ? મ્હને મરતાં એ દુઃખ ન થાય! હવે તો આ નિર્ભાગીને માટે સુખે મરવાનું પણ મોંઘું થઈ પડ્યું છે. શું કહું—કોને કહું? પ્રભુએ જે બતાવ્યું તે જોયું અને બતાવશે તે જોઇશ" કહીને પ્રિતમ અશ્રુપાત કરવા લાગ્યો. તે તકીયે રૂમાલ મૂકીને આંસુ ઢાળવા લાગ્યો. એ જોઇને કાન્તનું કાળજુ ઉથલી જવા લાગ્યું. તેને થયું કેઃ એનો વાંક નથી, એણે મ્હને ઘરમાંથી નિકળતો જોયો અને પવિત્રી અને સુરેન્દ્રએ ષડયંત્ર રચી જેટલું કરવું હતું એટલું કર્યું, પછી એ બિચારો શું કરે? તેણે કહ્યુંઃ ભાઇ! જરી આંખ ઉઘાડીને જુવો તો જણાય કેઃ આ તમારો એજ સાચો સેવક કાન્તજ છે; બીજો નથી. તમે કહો તે સાંભળવા તૈયાર છું. ન કહો તો પણ બધું સમજી શકું છું. "લ્યો! જુવો, આ એજ છે કેઃ બદલાયો છે, તેનો ઘટતો પૂરાવો" કહીને કાન્તે મંગળાએ લક્ષ્મીને આપેલો કાગળ ઉઘાડીને તેની સ્હામે મૂકી દીધો, અને તે ઉપરાંત તેણે અથથી ઇતિ પર્યંત સઘળો વૃતાન્ત પ્રિતમને જણાવી દીધો. પ્રિતમે પડે પડે એ બધું મૂગે મ્હોડે સાંભળ્યા કર્યું. તેનાં આંતર ચક્ષુ ઉઘડ્યાં. તેને થયું કેઃ કદાચ આમ પણ હોય, એમ કેમ ન બને?" તેણે રૂમાલવતી મ્હોં લોહીને સહજ સ્વસ્થ થઈ, પડેલા કાગળ ઉપર દ્રષ્ટિ ફેરવી. કાગળ વાંચતાની સાથે પ્રિતમના કાળજામાં કંઇક થવા માંડ્યું. તેની ભૂલ તેને દિવા-જેવી જણાઈ ઉપરાંત કાન્તે અનેક રીતે તેને સમજ પાડીને કહ્યુંઃ 'ભાઇ! હજી પણ જો ત્હને ત્હારા આ કાન્ત પર વ્હેમ અને રોષ

રહેતો હોય તો તો પ્રારબ્ધ! કહી કાન્તે આંખોએ રૂમાલ દબાવી દીધો. ક્ષમા કરજો ભાઇ! કહી તેના પગે હાથ અડકાડી કાન્ત ઉભો થવા જતો હતો ત્યાં પ્રિતમ તેના ગળે વળગી પડયો. બન્ને મિત્રોએ આ પ્રમાણે અશ્રુદ્વારા એક બીજાના અંતરમાં એકઠો થયેલો મેલ ધોઈ નાંખ્યો. બન્નેનાં હૃદય સાફ સ્ફટિક જેવાં થયાં. તરતજ નિઃશ્વાસ ઉપર નિઃશ્વાસ મૂકતા પ્રિતમને ટાઢ ચડી અને તેણે પથારીમાં પડતું નાંખ્યું. કાન્તે, બનુસ ચોફાળ રજાઇ વગેરે તેના ઉપર નાંખી તેને ખૂબ દબાવ્યો. દસ પંદર મિનિટ પછી ટાઢ ઉતરી ગઈ અને તાવ ભરાયો. આજ કંઇક વધારે શ્રમ પહોંચવાથી તાવ પણ વધારે આવ્યો અને સાથે સાથે પ્રિતમ આડું અવળું બકવા લાગ્યો. એ જોઇને કાન્ત ગભરાયો. તે તરતજ માથે ટોપી મૂકીને કહ્યા કારવ્યા વગર બહાર ગયો, અને પાંચ મિનિટમાં તો એક દાક્તરને બોલાવીને હાજર થયો. દાક્તરે બરાબર તપાસીને કંઈ હરકત નથી જણાવ્યું. તાવ માથે ચડવાથી બરફ ઘસવાની અને જે દવા આપું તે નિયમસર પિવરાવવાની સૂચના કરી તેણે ચાલવા માંડયું. કાન્તે ખીસ્સામાંથી ચાર રૂપિઆ વીઝીટ ફી આપીને પોતે સાથે દવા લેવા ગયો.

દવા બરફ વગેરે લાવીને કાન્તે તેની સારવાર શરૂ કરી. તેણે કહ્યું: "ભગવાન કેવો દયાળુ છે! એના આવા વખતે મ્હારે અહીં આવવું થયું અને એક બીજાના હૃદયનું સમાધાન થયું, એતો ભગવાન કરશે તો એની મેળે થોડા દિવસમાં આરામ થઇ જશે. કાન્તે બધું ભૂલી જઇ પ્રિતમની પ્રાણની પેઠે સેવા કરવા માંડી.

કાન્તની મમતા ભરી સેવા–સુશ્રુષાથી દિવસે દિવસે પ્રિતમને આરામ થતો ગયો. હમેશાં એક બીજાના પવિત્ર–શુદ્ધ વિચારથી પુનઃ આપ લે થવા માંડી. એક બીજાના હૃદયનાં સમાધાન થયાં.

એક બીજાએ એક બીજાની ક્ષમા માગી અને જે થયું તેમાં પરમાત્માનો સદ્‌હેતુ માની આજ પુનઃ પાછા પૂર્વના હતા એવા સાચા સ્નેહી બની રહ્યા.

શુભ દિવસ જોઇને થોડો વખત હવા ફેર કરવાના બ્હાને કાન્ત પ્રિતમને લઇને અમદાવાદ ચાલતો થયો. પ્રિતમ અને કાન્તનો પુનઃ પૂર્વવત્ સ્નેહસબંધ જોઇને પાર્વતિશંકરને પૂર્ણ સંતોષ થયો. પ્રિતમના સખ્ત મંદવાડ અને કાન્તે કરેલી સેવા શુશ્રૂષાની તેમને ખબર પડી ત્યારે તો પાર્વતિશંકર અને તેમનાં પત્ની પ્રેમપૂર્વક ઉપકાર માનવા લાગ્યાં, અને સાથે મળી સહુ આનંદમાં દિવસ ગાળવા લાગ્યાં.

સગાંસબંધીનો અત્યાગ્રહ અને પોતાની પણ ઇચ્છા ઘરડી થવાથી પ્રિતમે પુનઃ મુંબાઇ જવાનું માંડી વાળ્યું. અને કમિસ્નરની ઑફીસમાં રૂપિઆ પુણોસોના પગારથી જોડાયો. પૈસા અને પદ્વિ બે આવ્યાં એટલે પ્રિતમને બદલે જયાંત્યાં પ્રિતમરાય કહેવાવા લાગ્યા. મ્હોં ઉપર પણ નૂર આવ્યાં. પવિત્રીને લીધે પડેલી હલકાઇ કયાંય ગઇ અને જ્યારે લોકોએ પવિત્રીને ન રાખવાની અને ફરી લગ્ન કરવાની વાત જાણી ત્યારે માગાં પર માગાં આવવા લાગ્યાં.

આજ પ્રિતમને મહિને સવાસો પગાર મળે છે. જ્ઞાતિના એક કૂળવાન ગૃહસ્થની રૂપસુંદર સુશિક્ષિત કન્યા સાથે તેણે બીજી વખત લગ્ન કર્યાં. પ્રિતમના જીવનનું આ પ્રકારે અજબ પરિવર્તન થયું. એ બધું કાન્તના સ્નેહસમાગમને આભારી છે, એવું સહુ કોઇ મુક્ત કંઠે કબૂલ કરવા લાગ્યાં.

એક દિવસ રસ્તે જતાં પવિત્રીએ કાન્તના ચર્ણમાં પડી, અપરાધની ક્ષમા માગી. પ્રિતમના પુનઃ લગ્નથી તેણે સંતોષ બતાવ્યો. માત્ર એક પરજ્ઞાતિની કે ગમેતેવી એક નોકરડી ગણીને પણ પોતાને ઘરમાં

સ્થાન આપવા ઘટતી સેવા અને દર્શનથી બાકીનું આયુષ્ય પૂર્ણ કરવાનો લાભ અપાવવા-એટલો ઉપકાર કરવા તેણે કાન્તને આજીજી કરી. કાન્તે તેને અભય આપી, ઘટતું કરવા કબુલાત આપી. જેનાં તમામ કાર્ય ભગવાનને ભરોસે થાય છે તેમને માન અપમાનના ઝગડા નથી હોતા. પવિત્રીએ પોતાને માટે જે જે કર્યું તે ન ગણકારતાં પવિત્રી હવે ઠેકાણે આવી છે અને પતિની-પતિના કુટુંબની એક અદનામાં અદના દાસ-દાસી તરીકે સેવા કરવાની તે સાચા હૃદયથી ઉમેદવાર બની છે, એ વગર એને બીજી એકે લાલસા નથી, એવી જ્યારે કાન્તને ખાત્રી થઇ ત્યારે તેણે એજ ભગવાનને ભરોસે પ્રિતમને કાને પવિત્રીના લાભના બે શબ્દો નાંખવાનું કબૂલી એટલું સાહસ કર્યું. કાન્તના સાધુહૃદયના આથી વધારે પૂરાવાની પ્રિતમને ક્યાંથી જરૂર જણાય? તેણે કહ્યું: "અરે! જેણે તમારી પ્રતિષ્ઠાને માથે પાણી ફેરવ્યું, જેણે આપણા ઉભયની વચ્ચે પ્રચંડ અગ્નિ સળગાવ્યો, અરે! જેણે કંઇ કંઇ કર્યું તેને માટે તમે મ્હને આ શું કહો છો?" એના જવાબમાં "એણે કહ્યું: હું જે કહું છું તે એજ કે: જો મ્હારી સેવાનો બદલો મ્હને મળતો હોય તો એ પવિત્રીને તમારા ઘરમાં ઘટતું સ્થાન આપો! તમારી પત્ની નહિ, પણ તમારી એક આશ્રિતા ગણીને તેને સંગ્રહો!" પોતાની અને ઘરનાં સર્વની અનિચ્છા છતાં પ્રિતમે કાન્તના વચનની ખાતર મિત્ર-ધર્મની ખાતર પવિત્રીને સંગ્રહવાનું કબૂલ કર્યું. લોકોને મન ફાવે તેમ કહેવાનું મળ્યું, પણ કાન્તતો કહે છે કે: "ભગવાને જે કર્યું તે સારૂં કર્યું. હમેશાં ભગવાનને ભરોસે કાર્ય કરનાર અનંત કાળે સુખી થાય છે. અમે એક હતા અને દયામયની મહાન દયાથી અમે આજ પણ મિત્ર છીએ પાછા એકનાએક છીએ."

સપ્તવિંશ પરિચ્છેદ

લક્ષ્મી—કાન્ત.

આ સંસારમાં મોટી વાતો કરનારાં મનુષ્યનો તોટો નથી. મોટી વાતો કરનારાંને વાતોમાંથી ન્હાનાં કાર્ય કરવાનો પણ અવકાશ નથી મળતો, કારણ વાતોમાંથી પરવારે ત્યારેને! જેઓ મૂગે મ્હોડે કાર્ય કરનારા છે તેમને નકામી વાતો કરવાનું નથી પરવડતું. તેઓ બોલ્યા ચાલ્યા વગર પોતાનાથી બને એટલી પોતાના અધિકાર અને શક્તિ મુજબ સત્કાર્ય—પરોપકાર કરેજ જાય છે, અને જે થયું તેથી પ્રભુનો મ્હોટો પાડ માની સંતોષ પામે છે. આવા સાચા સેવાભાવવાળા મનુષ્યોને સેવાની બાબતમાં જાહેરખબરો છપાવવાની ફુરસદ નથી હોતી; એતો સેવા કરીને બતાવે છે. બોલવું જૂદું અને ચાલવું જૂદું એ સાધુહૃદયને નથી આવડતું. આવડે તો પણ તેને તેમ કરવું નથી પાલવતું. એવા શાન્તચિત્તે સંસારની સેવા કરે જનાર માણસોને નિન્દા—સ્તુતિ જરીકે સ્વકાર્યથી ચળાવી શકતાં નથી. એક પ્રભુના ભયવગર મર્ણથી નાશ પામનાર ક્ષુદ્ર—પામર જીવોનો ભય ન રાખતાં તે પોતાના સેવા—ક્ષેત્રમાં નિર્ભયરીતે વિચરે છે. એના કાર્યનો પ્રારંભ ગમેતેવો હોય પણ તેનાં પરિણામ સર્વાંશે પરમ મંગલ હોય છે એમાં જરાય શક નથી. પવિત્ર સંકલ્પની પાછળ પ્રભુનો વરદ હસ્ત છેજ. સંસારનાં કોઇ કાર્ય તેની જાણ બ્હાર નથી, એમ સમજીને એજ પ્રભુની પરમ મંગલ આ સૃષ્ટિમાં વસતાં પ્રાણિ માત્રની પોતાનાથી બને તેટલી યથાશક્તિ નિઃસ્વાર્થભાવે સેવા કરી જીવન—સાફલ્ય કરતાં કાન્તે લોકોપવાદનો લેશ પણ ભય રાખ્યા વગર

પોતાના સ્વધર્મની મર્યાદામાં રહી કાર્ય કરે કર્યો. તેના કાર્યના પ્રારંભને જોનારા નિર્ભાગી આત્માઓ તેજ દ્વેશથી તેની નિન્દા અને મન ફાવે તેમ બકતાં વિચાર ન કરે તો પણ તે તરફ લેશ પણ કાળજી રાખ્યા વગર કાન્ત તેના અંત સુધી મંડ્યા રહી તેના શુભ પરિણામને પામી સંતોષ માનતો. તેની ખાત્રી છે કેઃ જ્યાં સુધી હું સન્માર્ગનો ત્યાગ નહિ કરૂં, જ્યાં સુધી નીતિ-ધર્મ અને વિવેક વિચારને નહિ ત્યજું, તેમ જ્યાં સુધી અનંતશક્તિસમ્પન્ન શ્રીહરિની મ્હારા ઉપર દયા છે ત્યાં સુધી મ્હારાં તમામ કાર્યનું પરિણામ ઉજળુંજ છે-મ્હારૂં કલ્યાણજ છે, એ ઉદ્દેશપૂર્વક કાન્તે આજ પર્યંત પોતાનાં તમામ કાર્ય કરી, તેમાં ઓછો વત્તો યશ પ્રાપ્ત કર્યો છે. છતાં તેનો તેને ગર્વ નથી, અને ત્યાં સુધીજ તેનું કલ્યાણ છે. એક દિવસ એક જણે એને કહ્યું કેઃ "ફલાણો તો તમને મારવાનો છે" એ સાંભળીને તેને હસવું આવ્યું. તેણે કહ્યું: "જો એમજ હોય તો એનાથી ઉજળું બીજું શું? મ્હોતને ભૂલી ગયેલાં જે અમર હોય તે અમે મ્હોતને સાથે લઈને જન્મેલાંને વ્હેલાં મોડાં મારે એ તો વિવાહ જેવી વાત! પણ એથી મ્હને સતોષ નહિ થાય! સાથે સાથે મારીને બંધુભાવે બાળવાની જોખમદારી પણ એ વ્હોરીલે તો એથી વધારે સંતોષ થશે! કેટલું આશ્ચર્ય! પોતાનો ભરોસો નથી તે પારકાને મારવા જાય છે! મ્હોતને વરી ચૂકેલાં એવાંજ મરેલાંને મારવા લલચાય છે! તેઓ કેમ ભૂલી જાય છે કેઃ "મારનાર કરતાં જીવાડનાર હમેશાં સમર્થ છે." વૃથા વાણીનો વ્યય કરી પામર જીવો મનુષ્યના અને પરમાત્માના પ્રકટ અપરાધી બને છે! આના જેવી અજ્ઞાનતા-પામરતા બીજી કયી હોય?" કાન્તનો આવો નિર્ભય અને બોધપ્રદ જવાબ સાંભળીને પેલાએ માથું નમાવ્યું અને કહ્યું: ધન્ય!

"વળી પાછા તમે નકામી ઉપાધિઓમાં શું કરવા જાણી જોઇને પડો છો? નિરાંતે બિચારો પ્રભુની દયાથી સુખે જંપીને બેઠો છે ત્યાં વળી લફરૂં વળગાડો છો? એકવાર પવિત્રીએ પાઘડી બંધાવી અને બીજીવાર પાછા આ શું?"

આજ કાન્તે પ્રસન્ન થતાં ઘેર આવીને વાળુપાણી કરી લીધાં. કામકાજથી પરવારીને લક્ષ્મી પણ કાન્તની પાસે જઇને બેઠી. કાન્તે પવિત્રીને સંઘરવા પ્રિતમને આગ્રહ કર્યો અને તેણે કબૂલ કર્યું એ બધી વાત તેણે લક્ષ્મીને કહી, એ સાંભળીને લક્ષ્મીએ ઉપર પ્રમાણે જવાબ આપ્યો. કાન્તે લેશ પણ આવેશ વગર "એમાં બિચારી એ શું સમજે" એમ મનથી મન વાળીને કહ્યું: "પ્રિયતમે! નથીને અવળું પરિણામ આવ્યું તો તેથી મ્હને ક્યાં માન અપમાનનો ભય છે? ઇશ્વર પ્રિત્યર્થે, કેવળ સેવા-ધર્મની ખાતર કાર્ય કરનારને ભય શો? મ્હને લાગ્યું કે: પવિત્રીએ તેનાં સર્વ પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું છે, અને પતિ સહવાસ તો નહિ પણ પતિનાં દર્શન અને અલગ રહીને પણ પતિ અને તેના કુટુંબની સેવા કરી અવશેષ જીવન વિતાડવા એ ખુશી છે તો તેને ગમેતેવી આશ્રિત કે ચાકરડી ગણીને પણ તેને ઘરમાં સ્થાન કેમ ન આપવું? શું એ સ્ત્રી ગમે ત્યાં વંઠેલીની માફક ફાવે ત્યાં ભટકાયા કરત તેના કરતાં તેની સ્વેચ્છાથી આટલુંય બંધન સ્વીકારે છે એ શું ખોટું છે? અરે! એમ કહો કે: પ્રિતમ આટલો ભાગશાળી કે: એને વગર પૈસાની વૈતરણ મળી! તમે તેને જોઇ છે? હું તો કહું છું કે: એ લાંબો કાળ કાડવાનીજ નથી. દુઃખ સમુદ્રમાં ડૂબેલી પવિત્રીના આશિર્વાદથી મ્હારૂં કલ્યાણ થશે! પ્રભુ પતિતોદ્ધારક છે. પવિત્રી ઉપર પ્રભુની દયા થઇ, તેણે મ્હને નિમિત્ત બનાવી તેનો ઉદ્ધાર કરાવ્યો! હું કોણ? આજ હું કોઇનાં આંસુ ન લૂછું તો કાલ મ્હને

કોણ છાનો રાખશે ! કર્તવ્ય સમજીને મન વાણી અને આ શરીરથી કોઈનું જેટલું શુભ થાય તેટલું કરે જવું-કર્યું એજ અન્તે પામવાનું છે."

જમે કરાવ્યા હશે કાંકરા તો મણી નથી મળનાર,
જમે મણી તો વિશ્વધણીથી ટાળ્યા નહિ ટળનાર,
સુખ-દુઃખ કર્મના વ્યવહાર !

"નાથ! ક્ષમા કરજો, આટલો કાળ આપની સાથે વિતાવ્યો છતાં આપના પવિત્ર હૃદયને હું પૂર્ણ રીતે નથી ઓળખી શકી. હું આપને આપના ધર્મ-કર્મને સંપૂર્ણ ઓળખતી ક્યારે થઇશ? કોણ જાણે કાલ શું થશે? આપ નિરંતર આવોજ પવિત્ર ઉપદેશ મ્હને આપતા રહો! આપનાં દર્શન, વચન-શ્રવણ અને ચરણનું શરણ આઠે પહોર પ્રાપ્ત થાય એ વગર મ્હારી એકે ઇચ્છા નથી. આપને સલાહ અને શિખામણ આપવાનું મ્હારૂં શું ગજું ? એવી કૃપા કરો કે: મ્હારા એ હું પણાનો નાશ થાય અને આપણાં મન, વાણી અને કર્મની પૂર્ણરૂપે એકતા થાય, જેથી કહેવા અને પૂછવાનુંજ મટી જાય ! સાચી વાત છે, પવિત્રી પાપપંકમાં ડૂબી હતી તેનો પ્રભુએ-એ અનંત દયામયે હાથ ઝાલી ઉદ્ધાર કર્યો. કોઇનો પ્રભુ ગયો છે ? લક્ષ્મી પતિહૃદયને સમજી વચન ઉચ્ચારતી રહી.

"વલ્લભે! જે પ્રભુને સંભાળે છે તેની પાસેથી પ્રભુ ખસ્યો નથી અને ખસતો પણ નથી. જેનો પ્રભુ ગયો-રૂઠયો તેને માટે પછી કહેવાનુંજ શું રહ્યું. પ્રભુ જેનો ત્યાગ કરે છે તેને કોઇ તારી શકનાર નથી. સાંભળો! રાવણનો વધ કરવા જતાં સમુદ્રમાં વાનરોએ રામ નામનો ઉચ્ચાર કરી પત્થર તરાવ્યા-તેની પાળ બાંધી. એ પ્રસંગે એ આશ્ચર્ય જોઇને ભગવાન રામચંદ્રજીને થયું: લાવને; એકાદ પત્થર હું તો નાંખી જોઉં ! શ્રીરામચંદ્રજીએ એક પત્થર ઉંચકી, પાણીમાં

ફેંક્યો, એ પત્થર ન તર્યો–એ ડૂબી ગયો! સાચેજ, જેને સ્વયં ભગવાન હાથમાંથી મૂકી–ફેંકી દે તેને કોણ તારી શકે–એ ક્યાંથી તરે? એતો ડૂબેજ ડૂબે! તમે એ પ્રભુ-દર્શનનાં પ્યાસી થાઓ! મ્હારાં વચન શ્રવણ કરતાં, પ્રભુની શ્રીમુખની વાણી–પ્રભુની પ્રત્યક્ષ મૂર્તિ સ્વરૂપ શ્રીગીતાનાં અભ્યાસી થાઓ! મ્હારાં ચરણ-શરણમાં શું છે? આવો! આપણે બન્ને સાથે મળી એ ત્રૈલોક્ય સુંદર ભગવાનના શ્રીચરણમાં લક્ષ રાખી એના ચરણ શરણના અધિકારી થઇએ! જુવો! એ પારણામાં પોઢેલી આપણી બચુને જુવો! કેવું મનોહર સ્વરૂપ છે? આવું અને આથી પણ અધિક સ્વરૂપ બનાવનાર ભગવાન કેવો સુંદર હશે! સાચાં પ્રેમી તો જીવમાત્રમાં પ્રભુની સુંદરતાનાં–પ્રભુનાં દર્શન કરે છે. કુટુંબની, સમાજની દેશની બને તેટલી સેવા કરો. એ સેવા પ્રભુને પહોંચે છે. આત્મા કહે છે કેઃ આ શુભ કાર્ય છે તો તેના પરિણામનો બોજો તેને માથે નાંખી મૂક્ત થઈ કાર્ય કરો! શુભમાંથી શુભજ હોય! બાવળમાંથી કાંટા અને આંબામાંથી કેરીજ હોય, એમાં શંકા શી?

આ પ્રમાણે લક્ષ્મી-કાન્ત એક બીજાના હૃદયને ઉકેલી રહ્યાં હતાં ત્યાં પારણામાંથી બચુ જાગી ઉઠી. લક્ષ્મીએ પારણામાંથી બચુને બ્હાર કાઢી એટલે બચુ દડબડ દડબડ કરતી જઇને કાન્તના ખોળામાં બેઠી, અને ત્યાંથી ઉઠતી ફઃ જઇને પડી લક્ષ્મીના ખોળામાં! બચુ માથું ખંજવાળવા લાગી એટલે લક્ષ્મીએ પણ માથે હાથ ફેરવવા માંડ્યો, અને વાતનું વ્હેણ બદલાયું. તેણે હસીને કહ્યુંઃ “હવે તો બચુ બ્હેનને ભાગ આવશે! જુવો એના માથામાં!”

“એ ક્યાં મનુષ્યના હાથની વાત છે? પ્રભુની દયા હોય તો બધુંય થાય!” કાન્તે કહ્યું.

“જુવોને, છોકરામાંને એનામાં શું ફેર છે! ભગવાનને ઘેર પાશેર માટીનીજ ખોટ પડીને? લક્ષ્મીએ સ્ત્રીહૃદયનો પરિચય આપ્યો.

"ગાંડપણુ કેઃ બીજું કંઇ? ભગવાનને ઘેર ખોટ છે કેઃ પ્રારબ્ધની? એ બધુંએ એની દયામાં આવી જાય છે, અને એની દયા મેળવવી હોય તો અંતઃકરણને પવિત્ર કરી આજથી—આ પળથીજ યથાશક્તિ સેવા-ધર્મ આચરતાં થઇ જાઓ! સાંભળો, લક્ષ્મી-સ્વરૂપા રતિસુન્દરીની સેવા કરી તો ભગવાને લક્ષ્મી આપી છે. પ્રિતમ-પ્રિયતમ પ્રભુની સેવાનું ફળ પણુ તમે ઇચ્છો એ પ્રમાણે પ્રભુ આપી રહેશે.

"ભગવાન પુત્ર આપે તો તો સારૂંજતો!" એવું મનથી કહેતી, પતિના છેવટના વાક્યથી પ્રસન્ન થતી લક્ષ્મીએ આંખ મીંચી પુત્ર પ્રાપ્તિ અર્થે પ્રભુ-પ્રાર્થના કરી!" ગમે તેમ પણુ સ્ત્રીહૃદય છે! પુરૂષ કરતાં સ્ત્રિઓને હમેશાં પુત્રની લાલસા વધારે હોય છે. ભગવાનને ઘેર કોઇ વસ્તુની ખોટ નથી. માણુસ સાચા હૃદયથી શુદ્ધ બુદ્ધિથી માગતાં ભૂલે છે! અધિકારીના મનોર્થ સિદ્ધ ન થાય તો પ્રભુને અંતર્યામિન્ —વિશ્વંભર કોણુ કહે? તેથીજ કોઇ પણુ વસ્તુની પ્રાપ્તિની ઇચ્છા થાય તે પહેલાં અધિકાર પ્રાપ્ત કરવો જોઇએ. પણુ યાદ રાખજો કેઃ મનુષ્યની સાથે શરત ન થાય તો પ્રભુની સાથે શરત કેમ બંધાય? તેની ભક્તિ કરો! અવશ્ય ફળ મળશે. પ્રાણી માત્રમાં એનું અસ્તિત્વ સમજી સદ્ભાવ પૂર્વક તેમની સેવા કરો! અવશ્ય કલ્યાણ થશે-મનોર્થ સિદ્ધ થશે! આવો! વાંચક બંધુ ભગિની! આપણે પણુ પ્રાર્થના કરો કેઃ સાચા સેવા-ભાવવાળાં આદર્શ દંપતિ લક્ષ્મી-કાન્તના અભિષ્ટ મનોર્થ સિદ્ધ થાય! પ્રાણી માત્રના સત્સંકલ્પ સિદ્ધ થાય! ભૂતમાત્રનું કલ્યાણુ-મંગળ થાય! કહો, સહુ સાથે મળીને કહોઃ—

सर्वत्र सुखिनऽसन्तु सर्वेसन्तु निरामयाः ।
सर्वे भद्राणि पस्यन्तु माकश्चित् दुःखमाप्नुयात् ॥
॥ ॐशान्ति शान्ति शान्तिः ॥

—:: ઉપસંહાર ::—

વાંચક: બન્ધુ–બ્હેન !

રતિકાન્તે વિષયવિષ અને અમૃતવલ્લિસ્વરૂપ પતિપ્રાણા રતિસુન્દરીના શુદ્ધ સ્નેહઅમૃતનું પાન કર્યું. અમૃત એ અમૃત અને વિષ તે પ્રાણહારક વિષ એની એને આખરે સાચી પ્રતિતિ થઈ. તે સન્માર્ગે આવ્યા. નીતિ–ધર્મ અને વિવેક પ્રાણાન્તેય ન ચૂકવાં એવો દૃઢ નિશ્ચય કર્યો, એને પરિણામે પૈસો અને પ્રતિષ્ઠા ઉભયની તેને પુનઃ પ્રાપ્તિ થઈ. પ્રારબ્ધયોગે ન્હાના ભાઈને વળાવ્યો, પરન્તુ તેણે તેની પવિત્ર યાદની ખાતર લાખો રૂપિયાની સખાવત કરી–તેની પાછળ અઢળક પુણ્ય–દાન કર્યાં, અને લોકોએ મુક્ત કણ્ઠે તેની એ સખાવતોની પ્રસંશા કરી. કાન્તના ઉપકારને પણ તે કેમ ભૂલે ? તેણે પોતાની પેઢીમાં કાન્તાની અનિચ્છા છતાં ઉપકારના યત્કિંચિત બદલારૂપે તેનો જેવોતેવો નહિ પણ આઠ આની ભાગ નાંખી આપ્યો ! રતિકાન્ત આજ એક પુત્ર અને એક પુત્રીનો પિતા છે. સંપત્તિ અને સંતતિનો–સોનું અને સુગંધ બેનો અપૂર્વ યોગ થવાથી આજ રતિકાન્ત સ્વર્ગસુખનો અનુભવ કરે છે. રતિકાન્તનો જે વખતે મધ્યાહ્નસૂર્ય ગણાવા લાગ્યો એ વખતે તેનાં વૃદ્ધ જનેતાએ આ ફાનિ દુનિયાનો ત્યાગ કર્યો. લોકો ડોસીને નસિબદાર લેખવા લાગ્યાં. રતિકાન્તે માતુશ્રીની પાછળ પણ લખલૂંટ લક્ષ્મી વાપરી, તેમની પાછળ પણ પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે દાન–પૂણ્ય કર્યાં અને તેમને ઉજવ્યાં ! તપ હોય ત્યાં સુધી આપણે એમને સ્વર્ગસુખ ભોગવતાં અમિની આંખ ઠાળી જોયા કરો !

એક દિવસનો ભાયાભોળુ પ્રિતમ આજ મ્હોટો ઑફીસર ગણાય

છે! થોડાજ સમયમાં સેકન્ડક્લાસ મેજીસ્ટ્રેટ થશે. પણ એ બધા પ્રતાપ કોના એ એ નથી ભૂલ્યો. કાન્તનું વચન એ પ્રભુનું વચન ગણી તે હજી પણ માન્ય કરે છે, તેનું કહ્યું માની તેણે પુનઃ લગ્ન કર્યું, છતાં પવિત્રીનો સત્કાર કર્યો! પવિત્રી મૂગે મ્હોડે એક દાસીની માફક તેના ઘરનું તમામ વૈતરૂં કરી માત્ર પેટ ભરે છે; છતાં તેને સંતોષ છે. આખા કુટુંબની સેવા કરીને પવિત્રી કૃતકૃત્ય થાય છે. લોકો પવિત્રીને ધન્ય! કહેવા લાગ્યાં. પ્રિતમને પણ વાહવાહ! કહેવા લાગ્યાં. આજ પ્રિતમ ત્રણ સંતાનનો ભાગ્યશાળી પિતા થયો છે–બે પુત્ર અને એક પુત્રી. પવિત્રીએ જનેતાની માફક આ ત્રણે બાળકોને ઉછેર્યાં. પતિના વંશનો વિસ્તાર થયો એ એના મનને જેવી તેવી વાત નથી. એ પોતાના મનથી મ્હારાં છોકરાં, મ્હારૂં ઘર અને મ્હારો વર માની આનંદમાં રહે છે. જીવનપર્યંત પિયર ન જવાનો તેણે દ્રઢ સંકલ્પ કર્યો છે. છ મહિને તો પિયેરની પોળનું બારણું નથી જોતી. એ અને એનું ઘર! એણે આખા ઘરનાંને કામ કરીને કામણ કર્યું છે. પાર્વતિશંકર અને સમજુવહુ–એમને સંતાન ન મળે! પાર્વતિશંકર, પોતાને નથી પણ ભાઇને છે જાણી મન વાળે છે. સમજુની આંખમાં કોક વખત શનિશ્ચર ભરાય છે છતાં સમજુ નામ પ્રમાણે સમજુજ છેને! સાધુપ્રકૃતિના પાર્વતિશંકરના સાધુ સ્વભાવનુંજ આ બધું છે જાણી પ્રિતમ સદા જ્યેષ્ઠબન્ધુને આધીન રહે છે. પૈસો અને અધિકાર બન્ને પ્રાપ્ત થવા છતાં પ્રિતમને અભિમાન નથી. એ અભિમાન નથી ત્યાં સુધીજ તેનું કલ્યાણ છે, એ વગર આપણે બીજું શું કહીએ?

સેવા–ધર્મી કાન્તે સેવાનેજ પોતાના જીવનનું પ્રમુખ લક્ષ્ય માન્યું, તે પ્રમાણે આચરી બતાવ્યું, અને અનેકના આશિર્વાદ લીધા. રતિકાન્તની પેઢી ખાતેથી વર્ષેદહાડે હજારો રૂપિયા ભાગીદારીના આવવા

લાગ્યો, તેમ તેમ તે તેનો ઉપયોગ પરોપકારાર્થે કરવા લાગ્યો. જેમ જેમ પરોપકાર થતો ગયો તેમ તેમ લક્ષ્મી બમણી વધતી ગઇ. લક્ષ્મી વધી તેમ તેમ ખાનાર-પીનાર પણ વધ્યાં. આજ લક્ષ્મી-કાન્ત બે પુત્ર અને બે પુત્રીઓનાં ભાગ્યશાળી જનક-જનની છે. કાન્તના ન્હાના ભાઈ શાન્તિપ્રસાદને પણ પુત્ર-પુત્રી આદિ છે. ભગવત્-પ્રસાદે અવસ્થાને લીધે ઘરનો જમીન-જાગિરનો વહિવટ કાન્તને સોંપી પોતે ઇશ્વર ભજન-તિર્થયાત્રામાં મન પ્રોવ્યું. કાન્તે પોતાની આવકનો દશાંશભાગ ધાર્મિક સાહિત્યના પ્રચાર અર્થે ખર્ચવા માંડ્યો, જેને પરિણામે ગુર્જર સાહિત્યમાં અનેક સારાં સારાં ધાર્મિક પુસ્તકો પ્રકટ થવા લાગ્યાં. કેટલાંક વિનામૂલ્યે, કેટલાંક નામની કિમ્મતે એ પ્રમાણે ધર્મ-જ્ઞાન પ્રચાર કરવા માંડ્યો. પાઠશાળા, દવાખાનાં અને સ્કોલરશિપો કાઢી સ્વજ્ઞાતિમાં વિદ્યા-જ્ઞાન પ્રચાર કરવા માંડયો. આ પ્રમાણે કાન્તનો જીવનસુવાસ સર્વત્ર ફેલાઇ રહ્યો. સુસંસ્કારી પુત્ર-પુત્રીના પરિવાર સહિત લક્ષ્મી-કાન્ત પારમાર્થિક જીવન ગાળતાં સ્વજીવનને ધન્ય કહેવરાવવા લાગ્યાં. આવાં પરમાર્થિ-પવિત્ર દંપતી દેશના-સમાજના ભૂષણ રૂપ છે. વર્તમાન ભારતને એવાંજ આદર્શ પ્રભુ-પ્રેમી, સેવા-ધર્મી દંપતીનીજ જરૂર છે. ધન્ય છે.

પ્રમોદરાય અને મદનગૌરીને માથે ઝાડ ઉગવાનાં બાકી રહ્યાં. મ્હોટો દિકરો ગજેન્દ્ર, ઘર પણ ન જોવા પામ્યો અને રતલામમાં રામ-શરણ થયો ! પવિત્રીનું શું થયું એ કંઇ અજાણ્યું નથી. સુરેન્દ્ર જીવતો છે કે મરી ગયો તેના સમાચાર ન મળે ! પાપનો ભાર વધી જવાથી એક દિવસ ઘરબાર સળગી ગયાં. આજ તેઓ શેરીએ શેરીએ ભીખ માગે છે. તેમના અંતરાત્મા સાક્ષિ પૂરે છે કેઃ ઘરમાંથી નીતિ અને ધર્મ વિદાય થયાં તેનાંજ આ ફળ ભોગવીએ છીએ. પ્રારબ્ધયોગે

કોઇ પરોપકારી ગૃહસ્થે રહેવાજોગ ઘર તૈયાર કરાવી આપ્યું અને વાર્ષિક અમુક ખાનાખર્ચજોગ રકમ નનામી પહોંચતી કરવી શરૂ કરી. બાકીનું આયુષ્ય આ પ્રમાણે પૂરૂં કરી અન્તે થોડા થોડા આંતરે આ સંસારમાંથી સદાને માટે અંતર્ધાન થયાં. આખર વખતે અને ક્રમને પવિત્રીએ માત-પિતાની ચાકરી કરી અને મરી ગયા બાદ લૌકિક ક્રિયા કારજ કરીને પાછળથી જે કંઇ હતું તેનું પુણ્ય-દાન કરી નાંખ્યું. મદનગૌરીના દુષ્ટ સ્વભાવ અને દુષ્કર્મનું ફળ પ્રમોદરાયે પણ ભોગવ્યું. એમણે જગતમાં કર્મફળ છે એ પોતાના જીવનપરથી જગતને પ્રત્યક્ષ બતાવ્યું. સમજે તેનુંજ કલ્યાણ!

શેઠ જગમોહનદાસ જગતમાંથી આજ અદ્રષ્ય થયા છે. સુંદરલાલ અને સુલોચના કુશળતા પૂર્વક વિકટ સંસારભાર શાન્તચિત્તે વહન કરે છે. સુંદરલાલ પ્રત્યેક સ્થળે સારા સારા માણસોના હાથમાં વ્યવસ્થા સોંપી પોતે સાધુ જીવન ગાળે છે. અથાક સમ્પત્તિનો માલિક છતાં સત્સંગ પ્રભુભજન તિર્થયાત્રા કરી કલ્યાણ-સાધન કરે છે. સુંદરલાલને સંતતિમાં માત્ર એકજ પુત્રી છે! ભગવાનની માયાજ એવી છે. ઉમરલાયક થતાં પુત્રીનાં લગ્ન કરી જમાઇને ઘેર રાખી લીધો છે. આ બધું છતાં સુંદરલાલ સુલોચનાના આશ્રયદાતા પાલક માત-પિતા પેલા ખેડુત અને તેના કુટુંબને ભૂલ્યા નથી. તેઓ પણ પૈસેટકે સુખી જીવન ગાળે છે. એ સ્થાનમાં તો અપૂર્વ શોભા વિસ્તરી રહી છે. આજ ત્યાં એક જબરજસ્ત સેવાશ્રમ ચાલી રહ્યો છે. એ સેવાશ્રમમાંથી સારા સારા ગ્રેજ્યુએટો બહાર પડ્યા છે. સારા સારા શાસ્ત્રિઓ અને ઉત્તમ વૈદ્યો નિકળી આવ્યા છે. કંઇક અપંગ અને અનાથ, વિવિધ હુન્નર ઉદ્યોગનું જ્ઞાન મેળવી સેવાશ્રમની સાર્થકતા સમાજને બતાવી રહ્યા છે. આજ લાખો રૂપિયાની મદદ સેવાશ્રમને વગર માગે મળે જાય

છે. એ બધું આ સેવાશ્રમમાં કામ કરતા વિદ્વાન પ્રતિષ્ઠાવાળા સેવાધર્મી –ત્યાગવૃત્તિવાળા કાર્યકરતાઓનેજ આભારી છે. નિરક્ષર દાંભિક પામર વિષયી ભાન વગર જ્યાં ત્યાં ભટકતા એશઆરામી કાર્યકર્તાઓ આવાં આશ્રમોમાં ન જોઇએ એ લક્ષ્યમાં રાખી વ્યવસ્થાપકમંડળ કાર્ય કરે છે અને તેનેજ પરિણામે આ એકજ સેવાશ્રમ આખા ગુજરાતનું ધ્યાન ખેંચી રહ્યો છે. વર્ષમાં એકવાર સુંદરલાલ અને સુલોચના ઉભય પતિ–પત્ની એ સ્વર્ગીય સ્થાનનાં દર્શન કરી જીવન પવિત્ર કરે છે. સુંદરલાલ અને સુલોચનાના જીવનપરથી શ્રીમંતો ઘણો સાર લઇ શકે એમ છે. અમારા દેશના બીજા શ્રીમંતો આવાં સેવાશ્રમ–બ્રહ્મચર્યાશ્રમ કાડી આ દીન ભારતના અભ્યુત્થાનમાં ઘટતો ફાળો આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે એવી અમારી પ્રભુ પ્રાર્થના છે.

દાક્તર માખિમાર અઢી વર્ષની સજા ભોગવી ઘેર આવવા ન પામ્યો. બે વર્ષ થતામાં તો તેને જેલમાં જીવલેણ મેલેરીયસ તાવ લાગુ પડ્યો. તેના કુટુંબિઓએ ઘણી ખટપટ કરી પણ લોકો કહે છે કેઃ સરકારને દયા ન આવી તે નજ આવી. એવા દયાળુ રહેવું એ સરકારને નજ પાલવે એ દેખીતી વાત છે. અને એમણે તો એવી દયાનો ઇજારો આ દેશનેજ આપ્યો છે અને વફાદારીપૂર્વક આ દેશવાસિઓ તેનો પૂર્ણ રીતે છૂટથી લાભ ઉઠાવી રહ્યા છે એ સૌભાગ્ય કે દુર્ભાગ્ય એનો નિર્ણય કાળ કરશે. આજે માખિમારને જેલમાં જીવન સમાપ્તિ કરે વર્ષો થઇ ગયાં છે. પાપિપેટની ખાતર પાપાચરણ કરનાર બેવકૂફ માણસો આવી રીતે હેરાન થઈ પોતે પણ વગર મ્હોતે મરે છે તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. પૈસાના લોભી લાલચુ વૈદ્ય અને દાક્તરોએ આ માખિમારને નજર સ્હામે રાખવાનો છે. इति ॐ शान्तिः

સમાપ્ત

અંગ્રેજીરાજનો ઉષઃકાળ

અથવા

પિંડારાઓનો દૌરદમામ

(એક રોમાંચકારી ધાર્મિક–ઐતિહાસિક નવલકથા)

લેખક–પ્રકાશકઃ રણછોડલાલ હરિલાલ ભટ્ટ

વ્યવસ્થાપકઃ "કર્મવીર" અમદાવાદ.

અંગ્રેજ સરકારના રાજ્ય પહેલાં ચાંચીયા, લુંટારા અને પિંડારાઓનું ભારતવર્ષમાં કેટલું જોર હતું, મોગલ પેશ્વાઇના અસ્ત સમયે ભારતવર્ષમાં કેવી અવ્યવસ્થા થઇ હતી, પિંડારાઓ કેવા કેવા યુક્તિ પ્રપંચ કરી વન જંગલ અને ગિરિ ગુફામાં તેમજ નિર્જન ખેતરોમાંનિવાસ કરી ધનમદમાં ફાટી ગએલી પ્રજાનું ધન અને જાન–માલ કેવી આશ્ચર્યકારક રીતે હરણ કરી લેતા હતા તથા તેમનું જોર નરમ પાડવા–તેમને નિર્મૂળ કરવા ઇસ્ટ ઇન્ડિયા કંપનીના ગવર્નર જનરલ લૉર્ડ બેન્ટિક વગેરેએ ચતુર–પરદુઃખભંજન હિંદુ અમલદારોની સહાયથી તેમને કેવી રીતે જેર કર્યા તેનું વીર–કરૂણારસીક વર્ણન આ નવલકથામાં લખવામાં આવ્યું છે. પૃષ્ઠ આશરે ૩૭૫.

મળવાનું ઠેકાણુંઃ—

આજેજ નામ નોંધાવો. રણછોડલાલ હરિલાલ ભટ્ટ.

રાયપુર, બાઉઆની પોળ–અમદાવાદ.

દાન કરવાનાં સુપાત્ર સ્થાન

૧ હિન્દુ અનાથાશ્રમઃ-નિવડેલી સંસ્થા છે. નડીઆદ--
(ગુજરાત).

૨ શ્રીગોપાલકૃષ્ણસનાતનબ્રહ્મચર્યાશ્રમઃ-લોકપ્રિય છે.
સિદ્ધપુર-(ગુજરાત).

૩ શ્રીભૃગુપુરઋષિનિવાસઃ-જાણીતું છે. ભરૂચ.

૪ શ્રીતાપિઋષિકૂળ-બ્રહ્મચર્યાશ્રમઃ-અપૂર્વ સંસ્થા છે. સુરત.

૫ મહિપતરામ રૂપરામ અનાથાશ્રમઃ- ઉત્તમ છે. અમદાવાદ.

૬ બ્હેરા મુંગાની શાળાઃ-એક નમુનેદાર સંસ્થા છે. અમદાવાદ.

૭ શ્રીચારૂત્તરબ્રહ્મચર્યાશ્રમઃ-એના સંસ્થાપક અને પોષક શ્રીશારદાપિઠાધિશ્વર શંકરાચાર્ય શ્રીમદ્રાજરાજેશ્વરાશ્રમ સ્વયં પોતે છે. મુ. ચકલાશી. સ્ટેશન બોરીઆવી.
બી બી.સી. આઇ. રેલ્વે.

૮ શ્રીહરદ્વારઋષિકુળઃ-તેના કાર્યથી મશહૂર છે. એને ન ભૂલશો.

૯ કાઠીયાવાડ હિન્દુ અનાથાશ્રમઃ-જૂનું છે. (કાઠીઆવાડ).

૧૦ શ્રીપાટણ બાલાશ્રમઃ-ઘણાં વર્ષોથી છે. પાટણ. (ગુજરાત)

૧૧ અંધ ઉદ્યોગ ગૃહઃ-મુંબાઈ.

૧૨ વહેલાલ સેવાશ્રમઃ-પોસ્ટ વહેલાલ એ. પી. રેલ્વે.

૧૩ શ્રીનર્મદા વેદપાઠશાળાઃ-માતેશ્વરી નર્મદાના સમર્થ ભક્ત શ્રીમાન્ રૂદ્રદત્તજી સંસ્થાપિત આ સંસ્થાને સનાતન વેદધર્માભિમાની સજ્જનોએ પોતાનો ઉદાર હાથ લંબાવી યથાશક્તિ આર્થિક સહાય કરવાની ખાસ અગત્ય છે.

દાતાઓને! પત્રવ્યવહાર કરી સંતોષ મેળવી અવશ્ય હાથ લંબાવશો. કલ્યાણ થશે.